કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરચક્ષ (જખ), દેવપર (યક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: સંપર્ક :-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-


ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૧૫ જૂલાઇ, ૨૦૨૬ બુધવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

◆અંક નંબર : ૦૪૯◆વર્ષ : 33 ◆પાના - ૧૪ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ અષાઢ સુદ - ૧ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૬૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# ભારત - બ્રિટન વચ્ચે ઐતિહાસિક વેપાર કરાર લાગુ



**૯૯ ટકા નિકાસ પર ટેક્સ ઝીરોઃ વ્યાપાર સમજુતીથી ખેડૂતો, શ્રમિકો, સ્જીસ્ઈ નિકાસકારો અને સેવાક્ષેત્રોને જબરદસ્ત લાભ મળશે : રેડીમેડ ગાર્મેન્ટ, ટેક્સટાઇલ, ફૂટવેર, અનાજ, ફળ, માછલી, સી-ફૂડ ઉદ્યોગોને થશે ફાયદો**

નવી દિલ્હી : ભારત અને બ્રિટન વચ્ચે વ્યાપક આર્થિક અને વ્યાપાર સમજુતી લાગુ થવાની સાથે બન્ને દેશોના વ્યાપારિક સંબંધોમાં નવો તબકકો શરૂ થયો છે. આ વ્યવસ્થા અંતર્ગત મોટા ભાગની ભારતીય નિકાસને બ્રિટીશ બજારમાં ચાર્જ-મુક્ત પહોંચ મળશે. જ્યારે બ્રિટનથી આવતા અનેક ઉત્પાદનો પર આયાત ચાર્જ તબકકાવાર રીતે ઘટશે. આથી ઉદ્યોગ, કૃષિ, સેવાક્ષેત્ર, એમએસએમઈ અને વ્યાવસાયિકોને નવી તક મળવાની આશા છે.ભારત અને બ્રિટન વચ્ચે વ્યાપક આર્થિક તેમજ વ્યાપાર સમજુતી (સીઈટીએ) આજથી લાગુ થઈ ગઈ છે, જેને છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતના સૌથી મોટા મુક્ત વ્યાપાર સમજુતીમાંનો એક માનવામાં આવે છે.

પહેલીવાર બ્રિટનની કંપનીઓને ભારત સરકારની

અનુસંધાન પાના નં.૪ પર

### શું થઇ શકે છે સસ્તુ
● સેલ્મન માછલી ● લેમ્બ (ઘેટાનું માંસ)● મશીનરી● ઈલેક્ટ્રોનિક ઉત્પાદન ● ચોકલેટ ●સોફ્ટ ડ્રીંક્સ●કોસ્મેટિક્સ, સાબુ ●પરફ્યુમ● શેવિંગ ક્રીમ ● નેલ પોલીશ

### શું છે સીઇટીએ ?
સીઈટીએ અંતર્ગત ભારત અને બ્રિટન સેંકડો ઉત્પાદો પર ચાર્જ ઓછો કરશે કે સમાપ્ત કરશે. આ ઉપરાંત ડિજિટલ વ્યાપાર, સરકારી ખરીદી, એમએસએમઈ, રોકાણ, બૌદ્ધિક સંપત્તિ, શ્રમ, પર્યાવરણ અને સેવાક્ષેત્રો સાથે જોડાયેલા નિયમોને પણ સરળ બનાવાયા છે. સમજુતીમાં કુલ ૩૦ અધ્યાય સામેલ છે .

### સકોચ વ્હીસ્કીના ભાવ ઘટશે
સ્કોચ વ્હીસ્કી સહિત અનેક પ્રીમીયમ વિદેશી શરાબો પર પણ આયાત ચાર્જમાં ઘટાડો થશે. સ્કોચ વ્હીસ્કી પર હાલ ૧૫૦ ટકા ચાર્જ પહેલા તબકકામાં ૭૫ ટકા અને ૧૦ વર્ષમાં ઘટીને ૪૦ ટકા રહી જશે.

### સંવેદનશીલ ઉત્પાદન સમજુતીથી બહાર
ભારતે સફરજન, અખરોટ કેટલાક બીજ, સોનાની ઈંટ અને સ્માર્ટ ફોન જેવા સંવેદનશીલ ઉત્પાદનો પર કોઈ રાહત નથી આપી, જ્યારે બ્રિટને પણ ચોખા, ખાંડ, કેટલાક માંસ ઉત્પાદનોને સમજુતીના ક્ષેત્રની બહાર રાખ્યા છે.

### આઇટી કંપનીઓને મોટી રાહત
સમજુતી સાથે લાગુ થયેલ ડબલ કન્ટ્રીબ્યુશન કન્વેન્શન અંતર્ગત ભારતથી બ્રિટન જનારા કર્મચારીઓ અને તેમને નિયુક્તિ આપનારાઓને પાંચ વર્ષ સુધી બ્રિટનમાં સોશિયલ સિક્યોરિટી યોગદાન નહીં આપવું પડે.

### ક્યાં ઉદ્યોગોને ફાયદો?
રેડીમેડ ગાર્મેન્ટ અને ટેક્સટાઈલ, ફૂટવેર, કાર્પેટ ઉદ્યોગ, પ્રોસેસ્ડ ફૂડ, અનાજ, ફળ અને શાકભાજી, મસાલા, માછલી અને સી-ફૂડ ઉત્પાદન, માંસ અને પ્રોસેસ્ડ ફૂડ, ઓટોમોબાઈલ તેમજ ઓટો પાર્ટસ, મશીનરી, ઈલેક્ટ્રોનિક્સ, સિરામીક, ગ્લાસ, સીમેન્ટ તેમજ સ્ટોન ઉત્પાદનને ફાયદો થશે.

## રાજ્યમાં અતિવૃષ્ટિના નુકસાનીના અંદાજ અંગે કેબિનેટ બેઠકમાં મંથન

ગાંધીનગર : રાજ્યમાં તાજેતરમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને સુરત શહેર જિલ્લામાં પડેલા અતિ ભારે વરસાદના કારણે ખેડૂતોને, વેપારીઓને તેમજ કાચા પાકા મકાનો ને થયેલા નુકસાની અંગે આજે કેબિનેટ બેઠકમાં ચર્ચા વિચારણા કરીને અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત થયેલા ખેડૂતો તેમજ વેપારીઓને સહાય આપવા માટે વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને સહાય પેકેજ અંગે નિર્ણય લેવાયુ છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે કેબિનેટ ની બેઠક મળી હતી જેમાં રાજ્યમાં તાજેતરમાં કેટલાક જિલ્લાઓમાં પડેલા અતિ ભારે વરસાદના કારણે થયેલ નુકસાની અંગેના સર્વે અહેવાલ ઉપર વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવશે તેમજ કયા કયા વિસ્તારોમાં ખેડૂતોના પાક ને નુકશાન છે કયા જિલ્લાઓમાં કયા શહેર તાલુકામાં ભારે વરસાદના કારણે વેપારીઓની માલમિલકતને કેટલું નુકસાન થયું છે કાચા પાકા મકાનોને કઈ પ્રકારનું કેટલું નુકશાન થયું છે તે અંગેના નુકસાની અંગેના અહેવાલ ઉપર વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવશે આ ઉપરાંત રાજ્યના જે જિલ્લાઓમાં કે તાલુકાઓમાં વરસાદ જ નથી થયો તેવા તાલુકાઓમાં આગામી દિવસોમાં જો વરસાદ ન થાય તો અછત જાહેર કરવી કે કેમ તેમજ આ તાલુકાઓમાં પશુઓ માટેના ઘાસચારા તેમજ પીવાના પાણીની ઉપલબ્ધતા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને આ અંગેના મહત્વના નિર્ણયો કેબિનેટ બેઠકમાં લેવાયુ છે. આ ઉપરાંત રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ વરસાદ સામે અત્યાર સુધીમાં માત્ર ૨૪ ટકા જેટલો જ વરસાદ પડ્યો છે. જો આગામી દિવસોમાં વરસાદ ન આવે તો રાજ્યના કયા કયા જિલ્લાઓમાં પીવાના પાણીની તેમજ સિંચાઈના પાણી માટેની કેટલી જરૂરિયાત ઊભી થશે અને તે માટે રાજ્યમાં નાના મોટા જળાશયોમાં પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે

અનુસંધાન પાના નં.૪ પર

## ૨૦૨૭ વિધાનસભા ચૂંટણીના રોડમેપ માટે કાલે પ્રદેશ ભાજપની મહત્વની બેઠક

ગાંધીનગરઃ ગુજરાતમાં આગામી ૨૦૨૭ મા યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓ માટે ગુજરાત ભાજપ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે જેના ભાગરૂપે આવતીકાલે પ્રદેશ ભાજપ કમલમ કાર્યાલય ખાતે કેન્દ્રના ગૃહ અને સહકારીતા મંત્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં પ્રદેશના હોદ્દેદારોની એક મહત્વની બેઠક મળનારી છે. જેમાં આગામી ૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણી માટેનો રોડ મેપ તૈયાર કરી દેવામાં આવશે. ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતમાં આગામી વર્ષ ૨૦૨૭ માં વિધાનસભાની ચૂંટણીઓ યોજાનાર છે. આગામી વિધાનસભા ચૂંટણી માટે ગુજરાત ભાજપ દ્વારા અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે જેના ભાગરૂપે સંગઠનનાત્મક કાર્યક્રમો પણ શરૂ કરી દેવામાં આવ્યા છે. કેન્દ્રના ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહ ગુજરાતના પ્રવાસે આજે સાંજે આવશે. આવતીકાલે સવારે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ અમદાવાદમાં ભગવાન જગન્નાથજીના મંદિરે મંગળા આરતીમાં ઉપસ્થિત રહી દર્શન કરશે. આવતીકાલે બપોર બાદ પ્રદેશ ભાજપ કમલમ કાર્યાલય ખાતે પ્રદેશના આગેવાનોની એક મહત્વની બેઠક કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં મળનારી છે આ બેઠકમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવી તેમજ પ્રદેશના હોદ્દેદારો ઉપસ્થિત રહેનાર છે. આ ઉપરાંત પ્રદેશ ભાજપના કેટલાક સિનિયર નેતાઓ પણ ઉપસ્થિત રહેશે. ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે કમલમ કાર્યાલય ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ની ઉપસ્થિતિમાં મળનારી આ મહત્વની બેઠકમાં આગામી ૨૦૨૭ માં યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓની તૈયારી માટે પ્રદેશના નેતાઓને માર્ગદર્શન આપવામાં આવશે અને રાજયમાં કઈ

અનુસંધાન પાના નં.૪ પર

## હે દાદા રાજયનું કલ્યાણ કરજો : સીએમ

**ભૂપેન્દ્ર પટેલે આજે પોતાના જન્મદિવસ અવસરે અડાલજ ત્રિમંદિર ખાતે દાદા ભગવાન મંદિરમાં દર્શન-અર્ચન કરીને દિવસના કાર્યોનો પ્રારંભ કર્યો**





ગાંધીનગરઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે પોતાના જન્મદિવસ અવસરે વહેલી સવારે અડાલજ ત્રિમંદિર ખાતે દાદા ભગવાન મંદિરમાં દર્શન-અર્ચન કરીને દિવસના કાર્યોનો પ્રારંભ કર્યો હતો.મુખ્યમંત્રી એ ત્રિમંદિર પરિસરમાં પૂજ્ય દાદા ભગવાન, પૂજ્ય નીરૂમાંની સમાધિ પર શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા અને દેવી-દેવતાઓના દર્શન તેમજ શિવ મંદિરમાં જલાભિષેક કર્યો હતો.મુખ્યમંત્રી એ જન્મદિવસ અવસરે રાજ્યના સૌના સ્વાસ્થ્ય, સુખાકારી, સમૃદ્ધિ

અનુસંધાન પાના નં.૪ પર

## સુરતમાં આતંકી ફફડાટ : પોસ્ટ - પાસપોર્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**સાઈનાઈડ ગેસ ભરેલા બોમ્બ વિસ્ફોટનો ઉલ્લેખ કરાતા સુરક્ષા એજન્સીઓ એલર્ટ, કચેરીઓ ખાલી કરાવી બોમ્બ સ્કવોડ દ્વારા સઘન સર્ચ ઓપરેશન**

સુરત : ડાયમંડ સિટી સુરતમાં ફરી એકવાર બોમ્બ બ્લાસ્ટની ધમકી મળતા સમગ્ર વહીવટી તંત્ર અને સુરક્ષા એજન્સીઓમાં ભારે દોડધામ મચી ગઈ છે. સુરત શહેરની અલગ-અલગ મહત્વની સરકારી ઓફિસોને બોમ્બથી ઉડાવી દેવાનો એક ધમકીભર્યો ઈ-મેલ મળ્યો છે. આ મેલમાં નાનપુરા અને પીપલોદ સ્થિત મુખ્ય કચેરીઓ ઉપરાંત બારડોલીની પોસ્ટ ઓફિસ અને પાસપોર્ટ ઓફિસને પણ નિશાન બનાવવાની વાત કહેવામાં આવી છે. ધમકીના પગલે તમામ કચેરીઓ તાત્કાલિક ખાલી કરાવીને સુરક્ષા એજન્સીઓએ મોરચો સંભાળી લીધો છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ ધમકીભર્યા ઈ-મેલમાં અત્યંત ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે. ઈ-મેલ મોકલનારે કચેરીઓમાં 'સાઈનાઈડ ગેસ ભરેલા બોમ્બ' વડે વિસ્ફોટ કરવાનો ઉલ્લેખ કર્યો

અનુસંધાન પાના નં.૪ પર

## ૧૦૦% પેટ્રોલ મળશે પણ વધુ કિંમતે : ગડકરી

**ઈ૨૦ પેટ્રોલ સામે વધતા વિરોધ વચ્ચે કેન્દ્રીય મંત્રીનો સંકેત : વિશ્વના અનેક દેશો ઈથેનોલનો ઉપયોગ કરે છે : ભારતમાં પણ કોઈ સમસ્યા આવી નથી : બચાવ**

(એજન્સી દ્વારા) નવી દિલ્હીઃ દેશમાં સરકારે હવે તમામ પેટ્રોલપંપ પર ઈ-૨૦ પેટ્રોલ જ ઉપલબ્ધ બનાવતા તેની સામે સર્જાયેલા વિવાદમાં હવે યુ-ટર્ન આવ્યા છે. ભવિષ્યમાં શુદ્ધ પેટ્રોલ (ઈથોનલ મિશ્રણ વગરનું) મળશે જ નહી તેવા સંકેત વચ્ચે કેન્દ્રીય વાહન વ્યવહાર મંત્રી નિતીન ગડકરીએ એક મુલાકાતમાં કહ્યું કે, ૧૦૦% પેટ્રોલ પણ ઉપલબ્ધ રહેશે પણ તેના માટે વધુ કિંમત ચુકવવી પડશે.જો કે તેઓએ આ અંગે કહ્યું કે, જેઓ ૧૦૦% પેટ્રોલ ઈચ્છતા હોય તેઓને વિકલ્પ હશે. જો કે આ અંગે પેટ્રોલિયમ મંત્રાલય નિર્ણય કરશે.

અનુસંધાન પાના નં.૪ પર

## ફરી તૂટવાના આરે NCP-SP પાર્ટી! શું શરદ પવાર NDAમાં જોડાવાની તૈયારી કરી રહ્યા છે?




(એજન્સી દ્વારા) નવી દિલ્હીઃ સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી શરૂ થઈ રહ્યું છે. સૂત્રો અનુસાર, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ ચંદ્ર પવાર) આ ચોમાસુ સત્ર દરમિયાન કેન્દ્ર સરકારના બે સૌથી મહત્વપૂર્ણ બિલોના પક્ષમાં મતદાન કરી શકે છે. મહિલા અનામત બિલ અને પરિસીમન બિલના પક્ષમાં મતદાન કરી શકે છે તેવી શક્યતા છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ ચંદ્ર પવાર) પાસે કુલ આઠ લોકસભા સાંસદ છે. હાલમાં, શરદ પવારની પાર્ટી દ્ભદ્ભછનો ભાગ નથી. હકીકતમાં શરદ પવાર જૂથની અંદર એક જૂથ સરકારનો સાથ આપવાની માંગ કરી રહ્યું છે.મહારાષ્ટ્રના રાજકારણમાં અનુભવી નેતા શરદ પવારે તેમની રાજકીય કારકિર્દીમાં અનેક ઉતાર-ચઢાવનો સામનો કર્યો છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીમાં સૌથી મોટો ભાગલો ૨ જુલાઈ, ૨૦૨૩ના રોજ થયો હતો. જ્યારે તેમના ભત્રીજા અજિત પવારે બળવો કર્યો હતો. અજિત પવાર, પાર્ટીના મોટાભાગના ધારાસભ્યોને પોતાની સાથે લઈને મહારાષ્ટ્રમાં ભાજપ-શિવસેના સરકારમાં જોડાયા હતા. આ ભાગલા પછી, ચૂંટણી પંચે અજિત પવારના જૂથને વાસ્તવિક એનસીપી તરીકે માન્યતા આપી અને તેમને પાર્ટીનું નામ અને ચૂંટણી પ્રતીક (ઘડિયાળ) આપ્યું. આ પછી, શરદ પવારના નેતૃત્વ હેઠળના જૂથને એક નવી ઓળખ અપનાવવી પડી. જે હવે NCP-SP (રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી-શરદચંદ્ર પવાર) તરીકે ઓળખાય છે અને એક નવું ચૂંટણી ચિહ્ન તૂરાઈ વગાડતો માણસ આપવામાં આવ્યું.અગાઉ નવેમ્બર ૨૦૧૯માં, અજિત પવારે અચાનક સવારે દેવેન્દ્ર ફડણવીસ સાથે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધી હતી. જોકે, તે સમયે શરદ પવારે લગભગ ૮૦ કલાકમાં પરિસ્થિતિ સંભાળી લીધી હતી. વધુ પાછળ જઈએ તો, સોનિયા ગાંધીના વિદેશી મૂળના મુદ્દે કોંગ્રેસથી અલગ થયા પછી શરદ પવારે પોતે ૧૯૯૯માં દ્ગઝ્રની સ્થાપના કરી હતી. જો કે ૨૦૨૩માં થયેલા આ મોટા વિભાજનથી મૂળ NCP બે જૂથોમાં વિભાજીત થઈ ગયું. જેના પરિણામે શરદ પવારનો પક્ષ NCP-SP બન્યો. તે જ સમયે આ વર્ષે જાન્યુઆરી ૨૦૨૬માં અજિત પવારનું અચાનક વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું છે.

## ટેરિફ મામલે ટ્રમ્પની પીછેહઠઃ ભારત - ચીનને રાહત

**રશિયા પાસેથી ક્રુડ ખરીદવા પર હવે ભારત ઉપર ૫૦૦%ને બદલે ૧૦૦ ટકા ટેક્ષ લાગશેઃ ભારત ચીન પર ટેરિફ ૫૦૦થી ઘટી ૧૦૦ ટકા : રૂસ પાસેથી ક્રુડ ખરીદવાવાળા દેશો પર આકરા પ્રતિબંધો લગાવવાની અમેરિકી યોજનામાં ફેરફાર**

વોશીંગ્ટન : રશિયન તેલ ખરીદતા દેશો પર ૫૦૦ ટકા ટેરિફ લાદવાના પ્રસ્તાવો વચ્ચે, ભારત અને ચીન માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. અમેરિકામાં રજૂ કરાયેલા રશિયા પ્રતિબંધ બિલના સુધારેલા ડ્રાફટમાં પ્રસ્તાવિત મહત્તમ ટેરિફ ૫૦૦ ટકાથી ઘટાડીને ૧૦૦ ટકા કરવામાં આવ્યો છે. જો આ બિલ કાયદો બની જાય, તો ભારત જેવા મુખ્ય રશિયન તેલ આયાતકારોને પહેલા કરતા ઓછા આર્થિક દબાણનો સામનો કરવો પડી શકે છે.રોઈટર્સના અહેવાલ મુજબ, રશિયા પર પ્રતિબંધો લાદતા બિલમાં સુધારો કરવાનો યુએસનો પ્રસ્તાવ ભારત અને ચીન માટે આવકારદાયક રાહત છે. રિપબ્લિકન અને ડેમોક્રેટિક સેનેટરોએ મંગળવારે એક બિલ રજૂ કર્યું જે રશિયન તેલ અને ગેસ ખરીદતા દેશો પર મહત્તમ ટેરિફ ૧૦૦% સુધી ઘટાડે છે, જે અગાઉ પ્રસ્તાવિત ૫૦૦% વ્યાપક ટેરિફથી ઘટાડીને ૧૦૦% કરે છે. સુધારેલા બિલમાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને જો તેઓ યુએસ રાષ્ટ્રીય હિતમાં લાગે તો પ્રતિબંધો માફ કરવાની સત્તા પણ આપવામાં આવી છે.આ નવા નિયમ હેઠળ, જાપાન, ફ્રાન્સ, હંગેરી અને બેલ્જિયમ જેવા દેશોને યુએસ પ્રતિબંધોમાંથી મુક્તિ મળી શકે છે, જે તેમને તેમની ઊર્જા સુરક્ષા જાળવવામાં મદદ કરશે. આ બિલ રશિયાના અર્થતંત્રના સૌથી મોટાસ્ત્રોતને સીધા લક્ષ્ય બનાવે છે. તે રશિયાના શેડો ઓઈલ ટેક્રરોના કાફલા પર કડક પ્રતિબંધો લાદશે.

## ભગવાન જગન્નાથજીને સજ્યા 'સોનાવેશ', અલૌકિક શણગાર નિહાળવા ભક્તોનું ઘોડાપૂર



ગાંધીનગરઃ ઐતિહાસિક અને પવિત્ર રથયાત્રા પૂર્વે અમદાવાદના જમાલપુર સ્થિત નીજ મંદિરમાં આજે ભક્તિ અને દિવ્યતાનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો છે. અષાઢી બીજના પાવન પર્વે નગરચર્યાએ નીકળતા પહેલા આજે ભગવાન જગન્નાથજી, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજી ભક્તોને પરંપરાગત 'સોનાવેશ'માં દર્શન આપી રહ્યા છે. વર્ષમાં માત્ર એક જ વાર યોજાતા ભગવાનના આ અલૌકિક અને ભવ્ય સ્વરૂપને નિહાળવા માટે વહેલી સવારથી જ મંદિરમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું છે.ભગવાનના આ દિવ્ય શણગાર પૂર્વે મંદિરમાં ધાર્મિક વિધિઓ વિધાનપૂર્વક સંપન્ન કરવામાં આવી હતી. કડક સુરક્ષા વચ્ચે પ્રભુના કરોડો રૂપિયાના સુવર્ણ આભૂષણોને નીજ મંદિરમાં લાવવામાં આવ્યા હતા.

## જંતર-મંતર પહોંચ્યા શંકરસિંહ વાઘેલા




નવી દિલ્હી : ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ નવી દિલ્હીના જંતર-મંતરની મુલાકાત લઈને છેલ્લા ૧૮ દિવસથી આમરણ ઉપવાસ પર બેઠેલા સામાજિક કાર્યકર અને શિક્ષણવિદ્ સોનમ વાંગચુકના સ્વાસ્થ્ય અંગે પૂછપરછ કરી હતી. સોનમ વાંગચુક કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે શાંતિપૂર્ણ ઉપવાસ આંદોલન ચલાવી રહ્યા છે.શંકરસિંહ વાઘેલાએ પોતાના સોશિયલ મીડિયા પર જણાવ્યું કે તેઓ સોનમ વાંગચુકના શાંતિપૂર્ણ અને લોકશાહી આંદોલન પ્રત્યે આદર વ્યક્ત કરવા જંતર-મંતર પહોંચ્યા હતા.

## ખાદ્યતેલના ભાવમાં ફરીવાર ઝીંકાયો વધારો ઘરેલુ બજેટ પર વધશે ભાર

ગાંધીનગરઃ રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં ખાદ્યતેલના ભાવમાં ફરી એકવાર વધારો નોંધાતા સામાન્ય પરિવારોનું રસોડાનું બજેટ ખોરવાય તેવી સ્થિતિ ઊભી થઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી ખાદ્યતેલના ભાવમાં સતત વધઘટ જોવા મળી રહી હતી, પરંતુ હવે ફરી એકવાર ભાવમાં નોંધપાત્ર વધારો થતા ગ્રાહકોમાં ચિંતા વ્યાપી છે. વેપારીઓનું કહેવું છે કે સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય પરિબળોના કારણે બજારમાં આ તેજી જોવા મળી રહી છે.

## શીપ બિલ્ડીંગ સૌરાષ્ટ્રના આંગણે : પોરબંદરનું કુછડી બનશે ઉદ્યોગ હબ



ગાંધીનગરઃ જો તમો પોરબંદરના કુછડીને અહીના પૌરાણીક અને પુરાતત્વીય મહત્વ ધરાવતા ભગવાન ખીમેશ્વર મહાદેવના મંદિર તરીકે ઓળખતા હો કે પછી જેઓ પક્ષીપ્રેમી છે તે અહી આવતા વિદેશી પક્ષી યાયાવર નિહાળવા પહોંચતા હોય તો ભવિષ્યમાં આ નાનુ કૃષી આધારિત ગામ ટુંક સમયમાં જ ભારતના જહાજી ઉદ્યોગના નકશા પર સ્થાન મેળવી જશે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....

**અષાઢ સુદ-૧, તા.૧૫ જૂલાઇ, બુધવાર**

## મૃદુ-મક્કમ નેતૃત્વ અને કચ્છના હમદર્દ : 'દાદા' ભૂપેન્દ્ર પટેલને જન્મદિવસની સ્નેહભરી વધામણી



**સરળ પ્રતિભા અને નિર્ણયોમાં લોખંડી મક્કમતા : કચ્છ પ્રત્યેનો અતૂટ સ્નેહ અને વિકાસની ભેટ : ભૂકંપ બાદ વિકાસની નવી ગાથા લખી રહેલા કચ્છ જિલ્લા પ્રત્યે મુખ્યમંત્રી**

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો સ્નેહ જગજાહેર છે. કચ્છની ભૌગોલિક અને કુદરતી વિષમતાઓને તેઓ ખૂબ નજીકથી સમજે છે અને એટલે જ તેમના શાસનકાળ દરમિયાન કચ્છને અનેક ઐતિહાસિક ભેટ મળી છે**

ગુજરાતના મુખ્યમંત્રી અને જન-જનના લોકપ્રિય નેતા શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે પોતાનો જન્મદિવસ ઉજવી રહ્યા છે ત્યારે, સરહદી અને ખમીરવંતી ધરતી કચ્છ વતી તેમના પર અભિનંદન અને સ્નેહની અવિરત વર્ષા થઈ રહી છે. અત્યંત સાદગીપૂર્ણ જીવન, સરળ પ્રતિભા, સૌમ્ય ચહેરો અને સામાન્યમાં સામાન્ય માનવી સાથે પણ હળવી શૈલીમાં સંવાદ સાધવાની સહજતા એ 'દાદા' તરીકે જાણીતા આ નેતાની અસલી ઓળખ છે. તેમની આ લોકમુખી કાર્યશૈલીને કારણે જ તેઓ શાસક પક્ષથી લઈને વિપક્ષ અને આમ જનતા સુધી આદરપાત્ર બન્યા છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વ્યક્તિત્વની સૌથી મોટી ખાસિયત એ છે કે તેઓ 'બોલવામાં મૃદુ અને નિર્ણયોમાં મક્કમ' છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે કડક વહીવટ માટે નેતાનું તેજસ્વી અને આક્રમક હોવું જરૂરી છે, પરંતુ 'દાદા'એ પોતાના શાંત અને નમ્ર સ્વભાવ છતાં વહીવટી તંત્ર પર સચોટ પકડ મેળવીને આ ભ્રમણા તોડી નાખી છે. ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સ હોય કે રાજ્યના વિકાસ પ્રોજેક્ટ્સને ઝડપથી મંજૂરી આપવાની વાત હોય, તેમની ફાઇલ ક્લિયરન્સ સ્પીડ તેમની મક્કમ છબીની સાક્ષી પૂરે છે.ભૂકંપ બાદ વિકાસની નવી ગાથા લખી રહેલા કચ્છ જિલ્લા પ્રત્યે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો સ્નેહ જગજાહેર છે. કચ્છની ભૌગોલિક અને કુદરતી વિષમતાઓને તેઓ ખૂબ નજીકથી સમજે છે અને એટલે જ તેમના શાસનકાળ દરમિયાન કચ્છને અનેક ઐતિહાસિક ભેટ મળી છે. નર્મદાના નીર અને સિંચાઈ ક્રાંતિ: કચ્છના છેવાડાના વિસ્તારો અને રણકાંઠા સુધી નર્મદા નદીના પાણી પહોંચાડવા માટેની નહેરના કામોને અને વિતરણ વ્યવસ્થાને તેમણે વ્યક્તિગત રસ લઈને ગતિ આપી છે, જેનાથી કચ્છી માડુઓ માટે પીવાના પાણીની અને ખેડૂતો માટે સિંચાઈની ચિંતા કાયમ માટે હળવી થઈ છે. સરહદી પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે રણ સરહદ અને ધોળાવીરા (વર્લ્ડ હેરિટેજ સાઈટ) ને જોડતા પ્રવાસન માર્ગો અને હાઈવે પ્રોજેક્ટ્સને તેમના નેતૃત્વમાં ઝડપથી મંજૂર કરવામાં આવ્યા છે. રણોત્સવ અને કાળા ડુંગર જેવા પ્રવાસન સ્થળોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મોટો સુધારો થયો છે. વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક (ખાવડા) ના નિર્માણ માટે સિંગલ વિન્ડો ક્લિયરન્સ અને વહીવટી સરળતા આપીને દાદાએ કચ્છને વૈશ્વિક ગ્રીન એનર્જી મેપ પર અગ્રેસર બનાવ્યું છે.તાજેતરના વર્ષોમાં જ્યારે પણ વાવાઝોડું કે અતિવૃષ્ટિ જેવી કુદરતી આફતોએ કચ્છના કિનારે દસ્તક દીધી, ત્યારે મુખ્યમંત્રી ખુદ ગાંધીનગર કંટ્રોલ રૂમથી લઈને પ્રત્યક્ષ રીતે કચ્છના તંત્ર સાથે સતત સંપર્કમાં રહીને આપત્તિ સામે ઝીરો કેઝ્યુઅલ્ટીનું લક્ષ્ય હાંસલ કરાવ્યું હતું.કચ્છ માત્ર ખનીજો કે ઉદ્યોગોની ભૂમિ નથી, પરંતુ સ્નેહ અને સંવેદનાની ધરતી છે. કચ્છી પ્રજા જ્યારે પોતાને પ્રેમ કરનાર શાસકને જુએ છે, ત્યારે તેનો આદર બમણો થઈ જાય છે. 'દાદા' જ્યારે પણ કચ્છની મુલાકાતે આવે છે ત્યારે અહીંના લોકો સાથેનો તેમનો આત્મીય નાતો સ્પષ્ટ વર્તાય છે."""આજે તેમના જન્મોત્સવના આ મંગલ અવસરે, મા આશાપુરા પાસે પ્રાર્થના કરીએ કે ગુજરાતના આ લોકપ્રિય સારથીને દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને અવિરત કાર્યશક્તિ અર્પે, જેથી તેઓ ગુજરાતની વિકાસયાત્રાને નવી ઊંચાઈઓ પર લઈ જતા રહે."""આદરણીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ (દાદા) ને જન્મદિવસની અનંત શુભેચ્છાઓ!

# અષાઢી બીજ પૂર્વે કચ્છમાં જામ્યો મેઘાવી માહોલ

**સતત બીજા દિવસે અમીછાંટણાથી માર્ગો ભીંજાયા : ગઈકાલે રાત્રે ગાંધીધામ, નખત્રાણા અને ભુજમાં વરસાદી ઝાપટાં પડ્યા બાદ આજે સવારથી જ વાદળછાયું વાતાવરણ : પવનની ગતિ ધીમી પડતાં બફારામાં વધારો**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં મેઘરાજાના આગમનને લઈને સાનુકૂળ માહોલ સર્જાઈ રહ્યો છે. સરહદી જિલ્લામાં ગઈકાલે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. છેલ્લા પાંચ દિવસથી ફૂંકાઈ રહેલા તેજ પવનની ઝડપમાં ઘટાડો નોંધાતાંની સાથે જ રાત્રિના સમયે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વરસાદી ઝાપટાં વરસ્યાં હતાં. મોડી રાત્રે ગાંધીધામમાં ૪ મિલીમીટર, નખત્રાણામાં ૩ મિલીમીટર અને ભુજમાં ૧ મિલીમીટર જેટલો વરસાદ નોંધાયો હતો. કેટલાક વિસ્તારોમાં રાત્રિ દરમિયાન પડેલા જોરદાર વરસાદી ઝાપટાંને કારણે રસ્તાઓ પર પાણી વહી નીકળ્યા હતા, જેના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. રાત્રિના વરસાદ બાદ આજે સતત બીજા દિવસે પણ કચ્છના આકાશમાં કાળાડિબાંગ વાદળોનો જમાવડો જોવા મળ્યો હતો. આજે વહેલી સવારથી જ ભુજ શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારો જેવા કે માધાપર, ભુજોડી અને કુકમા સહિતના પંથકમાં ઝરમર સ્વરૂપે વરસાદે હાજરી પુરાવી હતી. જેને પગલે માર્ગો ભીના થઈ ગયા હતા. સવારથી જ આકાશમાં વાદળોની ફોજ વચ્ચે સૂર્યનારાયણની સંતાકૂકડીનો ખેલ જોવા મળ્યો હતો. હાલ જિલ્લામાં સર્જાયેલા અસહ્ય બફારા અને ઉકળાટભર્યા માહોલ વચ્ચે આગામી સમયમાં ભારે વરસાદ થાય તેવી પ્રબળ સંભાવનાઓ સેવાઈ રહી છે. આવતીકાલે કચ્છી માડુઓનું નવું વર્ષ એટલે કે પવિત્ર અષાઢી બીજનો તહેવાર છે. આ મંગલમય અવસર પૂર્વે જ કચ્છના આકાશમાં ચોમાસું માહોલ પાંગરતાં અને વાદળોની હેલી જોવા મળતાં સ્થાનિક લોકોમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. ચાલુ વર્ષે કચ્છમાં ચોમાસાનો પ્રારંભ ભલે થોડો વિલંબથી થયો હોય, પરંતુ મોડે મોડે પણ મેઘરાજા મન મૂકીને વરસશે અને ધરતીને લીલીછમ કરશે તેવી આશા સાથે ધરતીપુત્રો અત્યારથી જ મેઘરાજાને આવકારવા પ્રાર્થના કરી રહ્યા છે.

## ગાંધીધામ એ-ડિવિઝન પોલીસનો પ્રોહિબિશન પર પ્રહાર : ગળપાદરથી રૂ. ૨૩,૫૦૫નો વિદેશી દારૂ જપ્ત, એક આરોપી ઝડપાયો




ગાંધીધામ :પૂર્વ કચ્છના ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમે પ્રોહિબિશન વિરોધી અભિયાન હેઠળ સફળ કાર્યવાહી કરી છે. ખાનગી બાતમીના આધારે ગળપાદરના રાજવીનગર વિસ્તારમાં દરોડો પાડી જયેશભાઈ માલશીભાઈ સોલંકીને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી ૧૮૦ એમ.એલ.ના ૩૬ ક્વાર્ટર અને ૭૫૦ એમ.એલ.ની ૨૪ કંપની સીલબંધ વિદેશી દારૂની બોટલો મળી કુલ રૂ. ૨૩,૫૦૫નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપી સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## આદીપુર પોલીસની ત્વરિત કાર્યવાહી: હત્યાકાંડનો આરોપી ગણતરીના કલાકોમાં ઝડપાયો



ગાંધીધામ : પૂર્વ કચ્છના આદીપુર પોલીસ સ્ટેશને હત્યાના ગંભીર ગુનામાં ઝડપી કાર્યવાહી કરીને આરોપીને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યો છે. શિણાયથી અંજાર તરફ જતા ડમ્પિંગ સ્ટેશન નજીક પાણીના ખાડા પાસે બનેલા હત્યાના બનાવ બાદ પીઆઈ એમ. સી. વાળાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે હ્યુમન સોર્સિસ અને ઈન્ટેલિજન્સના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન વિજય રમેશભાઈ ભીલ (ઉ.વ. ૨૮), રહે. નવી સુંદરપુરી, ગાંધીધામ (મૂળ વતન કમોડી, થરાદ)ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સફળ કામગીરીમાં પીએસઆઈ આર.એમ. ડુવા સહિત આદીપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ જોડાયો હતો.

## મુંદરાના પોર્ટ રોડ પરથી રૂ.૨.૧૦ લાખના હેરોઈન સાથે પંજાબનો શખ્સ ઝડપાયો



ભુજ - કચ્છઉદય : પશ્ચિમ કચ્છ-ભુજ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા માદક પદાર્થોની ગેરકાયદે હેરાફેરી અને વેચાણ વિરુદ્ધ એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. એસઓજીની ટીમે બાતમીના આધારે મુંદરા શહેર વિસ્તારમાં આવેલા પોર્ટ રોડ પર ત્રિવેણી એકાર્ડ પાસેથી એક શખ્સને ૧૦.૫ ગ્રામ પ્રતિબંધિત માદક પદાર્થ હેરોઈન સાથે રંગેહાથ ઝડપી પાડ્યો છે. પકડાયેલા આરોપીની પૂછપરછ કરતા તેનું નામ સતનામસિંઘ જસપાલસિંઘ (ઉં.વ ૨૮) જાણવા મળ્યું છે, જે મૂળ પંજાબ રાજ્યના ફરીદકોટ જિલ્લાના કોતકપુરા ગામનો રહેવાસી છે. જપ્ત કરાયેલા હેરોઈનના આ જથ્થાની અંદાજિત કિંમત રૂપિયા ૨,૧૦,૦૦૦ જેટલી થાય છે.પોલીસે પકડાયેલા આરોપીની પાસેથી હેરોઈન ઉપરાંત અન્ય સામગ્રી પણ મેળવી છે. જેમાં રૂપિયા ૫,૦૦૦ની કિંમતનો એક મોબાઈલ ફોન, રૂપિયા ૧,૦૫૦ ની રોકડ રકમ તેમજ ડ્રગ્સની હેરાફેરી અને વેચાણમાં વજન કરવા માટે ઉપયોગમાં લેવાતો રૂપિયા ૨૦૦ નો એક ડિજિટલ વજન કાંટો સામેલ છે. આમ, પોલીસે આરોપી પાસેથી કુલ રૂપિયા ૨,૧૬,૨૫૦ નો મુદ્દામાલ કબ્જે કરીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. આ માલ પંજાબના લવપ્રિતસિંઘે આપ્યો હોવાનું સામે આવ્યું હતું.

આ સફળ ઓપરેશન એસઓજી ભુજના પીઆઇ એ.ડી. પરમાર અને પીએસઆઇ ટી.બી. રબારીના માર્ગદર્શન હેઠળ એએસઆઇ ચેતનસિંહ જાડેજા, રઝાકભાઈ સોતા સહિતના સ્ટાફ દ્વારા સંયુક્ત રીતે પાર પાડવામાં આવ્યું હતું.

## ભુજમાં કવીઓના ગેટ પાસેથી બાઈક ચોરાઈ

ભુજ - કચ્છઉદય : શહેરમાં પીજીવીસીએલ કચેરીની સામે નવનીત ભોજનાલય વાળી ગલીમાં કવીઓ જૈન સંઘના ગેટ પાસે રાખેલી બાઈક ચોરાઈ હોવાનું જાણવા મળ્યું હતું.

આ બાબતે ભુજમાં રહેતા દર્શ નીલેશભાઈ હાથીએ બી ડીવીઝનમાં નોધાવેલી ફરિયાદ મુજબ તેમની જી.જે.૧૨ બીબી ૩૧૯૩ નંબરની ૨૦ હજારની બાઈક ચોરાઈ ગઈ હતી. જે મામલે ગુનો દાખલ કરાવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

## આદિપુરમાથી બુલેટ મોટરસાયકલની ચોરી

આદિપુરઃ અહીંના વોર્ડ ૨/એ વિસ્તારમાં આવેલ એમ. ડી.બી.-૩૯/૪૦ ના પાર્કિંગમાંથી એક બુલેટ મોટરસાયકલની ચોરી થવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. પોલીસ મથકેથી મળતી વિગતો મુજબ, ગત તારીખ ૦૯/૦૬/૨૦૨૬ ના રાત્રિના ૧૧:૦૦ વાગ્યાથી તારીખ ૧૦/૦૬/૨૦૨૬ ના સવારના ૦૬:૩૦ વાગ્યાના અરસામાં કોઈ અજાણ્યો ચોર ઈસમ ફરિયાદી રાજેશ ગુલાબરાય જસનાનીની રૂ. ૧,૨૫,૦૦૦/- ની કિંમતની રોયલ ઈન્ફીલ્ડ કંપનીની બુલેટ (વર્ષ-૨૦ર્ષ્હદ્દીરિ૫, રજી. નંબર GJ-39-F-5600) ચોરી કરી નાસી છૂટ્યો હતો. આદિપુર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ પીએસઆઈ આર.એમ. ડુવાને સોંપી છે.

## ભચાઉ-લાકડીયા-ગાગોદરમાં પીધેલા પકડાયા

**લાકડીયામાં નશામાં ધૂત થઈ સ્વિફ્ટ કાર દોડાવતો ચાલક ઝબ્બે**

ભચાઉઃ ભચાઉ ટ્રાફિક શાખાના એ.એસ.આઈ. લખમસિંહ ફફલ અને તેમની ટીમે મામા દેવના મંદિર પાસેના રોડ પરથી નશાની હાલતમાં વાહન ચલાવતા એક ડ્રાઈવરને ઝડપી પાડ્યો છે. આરોપી દેવરાજ માધુજી ગુર્જર (રહે. અજમેર, રાજસ્થાન) પોતાના કબ્જાનું વિશાળ ટેઇલર (નંબર TN-37-BY-4788) ગેરકાયદેસર અને પાસ-પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં જાહેર રોડ પર ચલાવતા રંગેહાથ પકડાઈ ગયો હતો. પોલીસે આરોપી ડ્રાઈવરની ધરપકડ કરી મોટર વ્હીકલ એક્ટ અને પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે.બીજીતરફ લાકડીયામાં આરોપી પ્રવીણભાઈ જેસાભાઈ કોલી (રહે. રાજણસર, તા. ભચાઉ) પોતાની સ્વિફ્ટ કાર (નંબર GJ-03-CE-1164) પાસ-પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં બેદરકારી પૂર્વક ચલાવતા પકડાયો હતો. પોલીસે રૂ. ૫૦,૦૦૦/- ની કાર જપ્ત કરી આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. તો ગાગોદરની પોલીસ સ્ટેશનની ટીમ ગત રાત્રે પેટ્રોલિંગમાં હતી ત્યારે નવરંગ હોટેલ પાસે ગાગોદર ગામ તરફ આવતા રસ્તા પરથી એક બાઈક ચાલક નશાની હાલતમાં મળી આવ્યો હતો. રાપર તાલુકાના રામપરવાંઢ ગામનો રહેવાસી નાગજીભાઈ અણદાભાઈ મકવાણા (કોલી) નામનો શખ્સ પોતાની મોટરસાયકલ (નંબર GJ-12-BB-7888, કિંમત રૂ. ૨૦,૦૦૦/-) કાયદા વિરુદ્ધ કેફી પીણું પીધેલી હાલતમાં ચલાવતા પકડાઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધી બાઈક જપ્ત કરી છે

## કચ્છનોંધ

**ભુજોડીમાં નેત્ર નિદાન કેમ્પ**

● ભુજોડી ગામે ૧૬મી જુલાઈ ગુરૂવારે સવારે દશથી એક દરમિયાન રામદેવપીર મંદિર મધ્યે અંધજન મંડળ ભુજ દ્વારા ગાયત્રી પરિવાર નલિયાના સાથ સહકારથી આંખોના તમામ રોગો માટે ફ્રી તપાસ, નિદાન, સારવાર તથા ફ્રી ઓપરેશન કેમ્પ યોજાશે.

**મેકરણધામ ધ્રંગ ખાતે પાટકોરી**

● મેકરણધામ ધ્રંગ ખાતે કચ્છી નવુંવર્ષ અષાઢી બીજના પાટકોરીનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૬-૭ના મેકણ દાદા અખાડા ખાતે મેવાડ સુથાર સમાજ તથા સંત શ્રી કાંથડા દાદા સમિતિ દ્વારા અખાડાના મહંત શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર પરમ પૂજ્ય મુળજી રાજા કાપડી તથા અન્ય સંતોના સાનિધ્યમાં સવારે ૧૦:૩૦ કલાકે ધ્વજારોહણ, સાંજે ૪:૩૦ કલાકે સંતોનો સામૈયા તથા આશિર્વચન, ૫ કલાકે રાસ ગરબા, રાત્રે ૮:૩૦ કલાકે કોરીપાઠ દર્શન, ૯ કલાકે સમસ્ત ગ્રામ જમણ, ૯:૩૦ કલાકે સંતવાણી આયોજન કરેલ છે, જેથી ધર્મ પ્રેમીઓને હાજર રહેવા યાદીમાં જણાવાયું છે.

**કચ્છી નવા વર્ષની પૂર્વ સંધ્યાએ સ્નેહમિલન યોજાશે**

● ભુજની સંસ્કૃત પાઠશાળા ખાતે હાટકેશ સેવા મંડળ, અંબિકા મહિલા મંડળ, ગીતાજી કેન્દ્ર અને અંબિકા સિનિયર સિટીઝન દ્વારા તારીખ ૧૫/૭ ના સાંજે ૭ કલાકે અષાઢી બીજની પૂર્વ સંધ્યાએ કચ્છી નવા વર્ષ માટે સ્નેહમિલન સંસ્કૃત પાઠશાળા ભુજ ખાતે વત્સલાબેન શુક્લ અને જયશ્રીબેન હાથીના વડપણ હેઠળ યોજાશે. સર્વે સભ્યોની હાજરીમાં. તો સર્વે સભ્યોએ હાજરી આપવા આશિષ વૈદ્યે અનુરોધ કર્યો છે.

**ભુજ લોહાણા મહાજન**

● તા.૧૫-૭ને બુધવારના રોજ સુવર્ણપ્રાસના ટીપાં શેઠ નાનજી સુંદરજી સેજપાલ - ભીવંડીવાલા નવી લોહાણા મહાજનવાડી ખાતે સાંજે ૬ થી ૭:૩૦ સુધી આપવામાં આવશે. કાર્ડ ફરજિયાત લઈ આવવાનો રહેશે.

**કલાવૃંદ ક્લબ**

● કલાવૃંદ ક્લબની બેઠક ૧૬-૭ને ગુરૂવારના મળનારી હતી, પરંતુ કાર્નિવલના કાર્યક્રમના કારણે હવે રવિવાર તા.૧૯-૭ના સાંજે ૬ થી ૮ સુધી કારોબારી સભ્ય જી.આર. ગઢવીના નિવાસસ્થાને ૨, શિવમનગર, ઘર નં.૧૪, મધ્યમ, સરકારી એન્જિનિયરિંગ કોલેજ રોડ, કચ્છ ઓર્થોપેડીક હોસ્પિટલ પાછળ, ઉમા નગરની બાજુમાં મોલ્ટેરા ટાઈલ્સના ગોડાઉનની સામે.

## કચ્છમાં ચાંદીપુરા વાયરસ અંગે સાવચેતી અને તકેદારી માટે આરોગ્ય વિભાગ સતર્ક

ભુજ - કચ્છઉદય : ગુજરાત રાજ્યમાં ચાંદીપુરા વાયરસના નોંધાયેલા કેસોને ધ્યાનમાં રાખીને કચ્છ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લામાં સઘન સર્વેલન્સ, જનજાગૃતિ અને જરૂરી તકેદારીના પગલાં હાથ ધરવામાં આવ્યા છે. રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓને સતર્ક રહેવા તથા શંકાસ્પદ દર્દીઓની વહેલી ઓળખ, તાત્કાલિક સારવાર અને રિફરલ સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે. મુખ્ય જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીએ જણાવ્યું કે, ચાંદીપુરા વાયરસ મુખ્યત્વે ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં ગંભીર અસર કરી શકે છે. તેથી માતા-પિતાએ બાળકોને સંપૂર્ણ શરીર ઢંકાય તેવા કપડાં પહેરાવવા, મચ્છરદાનીનો ઉપયોગ કરાવવા, ઘર અને આસપાસ સ્વચ્છતા જાળવવા તથા રેતી માખી અને અન્ય જીવાતોથી બચવા ખાસ ધ્યાન રાખવું જોઈએ. આરોગ્ય વિભાગ દ્વારા તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુદાયિક આરોગ્ય કેન્દ્રો અને આયુષ્માન આરોગ્ય મંદિરોમાં તાવ અને એઈએસ જેવા લક્ષણો ધરાવતા દર્દીઓ પર વિશેષ નજર રાખવામાં આવી રહી છે. આશા, એએનએમ અને મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરો દ્વારા ગામડાંઓમાં ઘર-ઘર જઈ જનજાગૃતિ અને સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે. બાળકોને સંપૂર્ણ શરીર ઢંકાય તેવા કપડાં પહેરાવા, મચ્છરદાની અને જીવાતોથી બચવાના ઉપાયો અપનાવા, ઘર અને આસપાસ સ્વચ્છતા જાળવા, બાળકને અચાનક તાવ, ઉલ્ટી, ખેંચ, બેભાન થવું અથવા અસામાન્ય વર્તન જેવા લક્ષણો જણાય તો વિલંબ કર્યા વગર નજીકની સરકારી આરોગ્ય સંસ્થાનો સંપર્ક કરવા જણાવાયું છે. કચ્છ જિલ્લા આરોગ્ય વિભાગે અફવાઓથી દૂર રહી માત્ર આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવતી સત્તાવાર માહિતી પર વિશ્વાસ રાખવા અને તમામ નાગરિકોને સાવચેતીના પગલાંનું પાલન કરવા અનુરોધ કર્યો છે.

## અંજાર જી.આઈ.ડી.સી. ની ફેક્ટરીમાં શોર્ટ સર્કિટથી ભયાનક આગ, લાખોનું નુકસાન

અંજારઃ અંજાર જી.આઈ. ડી.સી. પ્લોટ નં. ૮૦-૯૧ માં આવેલી 'રીલેય પાર્ટીકલ પ્રાઈવેટ લીમીટેડ (શ્રી નવકાર ઈન્ડસ્ટ્રિઝ પાર્ક)' માં ગત તારીખ ૧૨/૦૭/૨૦૨૬ ના રોજ અચાનક ભયાનક આગ ફાટી નીકળી હતી. આગ અકસ્માત એટલો મોટો હતો કે ફેક્ટરીમાં રાખેલો લાકડાનો ભૂસો, લાકડા, ઈલેક્ટ્રિક મોટરો, મશીનરી અને ઈલેક્ટ્રિક લાઇન બળીને ખાખ થઈ ગયા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. ફેક્ટરીના સંચાલક મનીષ લક્ષ્મીચંદ રૂપચંદાણીએ અંજાર પોલીસ મથકે આ અંગે જાણવાજોગ નોંધ કરાવી છે.

## અંજારમાથી ૧૮ વર્ષની કિશોરી ગૂમ

અંજારઃ અંજારના મેઘપર કુંભારડી વિસ્તારમાં આવેલ આદિત્યનગર સોસાયટીમાંથી એક ૧૮ વર્ષ અને ૫ મહિનાની કિશોરી ગુમ થઈ છે. ભુમી નામની આ કિશોરી ગત તારીખ ૧૪/૦૭/૨૦૨૬ ના રોજ સવારના ભાગે ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગઈ હતી. ઘઉંવર્ણો વાન ધરાવતી ભુમીએ કાળા કલરનું પેન્ટ અને કાળા કલરનું ટી-શર્ટ પહેરેલ છે. પિતા રમેશભાઈને શંકા છે કે તેમની પુત્રી અંતરજાળના પવન સિજુ નામના યુવક સાથે ગઈ હોઈ શકે છે. પોલીસે ગુમનોંધના આધારે શોધખોળ શરૂ કરી છે.

## અંજારમાથી યુવતી લાપત્તા

અંજારઃ મેઘપર બોરીચી વિસ્તારમાં આવેલ સ્કાયવન સોસાયટીમાંથી ૨૦ વર્ષની યુવતી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા જવાની ઘટના સામે આવી છે. ગુમ થનાર દિવ્યાબેન ભરતભાઈ સોલંકી (ઉ.વ. ૨૦) ગત તારીખ ૦૮/૦૭/૨૦૨૬ ના રોજ બપોરના અરસામાં ઘરેથી નીકળ્યા બાદ પરત ફરી નથી. ઘઉંવર્ણો વાન અને મજબૂત બાંધો ધરાવતી દિવ્યાએ કાળા કલરનો પ્લાઝો અને ગુલાબી કલરનું ટી-શર્ટ પહેરેલ છે. સગા-સંબંધીઓમાં તપાસ કરવા છતાં કોઈ પતો ન મળતા માતા ગીતાબેને અંજાર પોલીસ મથકે ગુમનોંધ દાખલ કરાવી છે.

જ્યોતિષ કાર્યાલય
Regd. No. : 0016432 ૨૧ વર્ષનો અનુભવ
24x7 સચોટ સલાહ
3 પેઢીથી કામ, અમારે ત્યાંથી નિરાશ નહીં થવા એ જ મારી સિદ્ધિ, કામનો ચોક્કસ નિકાલ
છુટાછેડા, ધારેલાકામ, ફેમીલી-બિઝનેશ પ્રોબ્લેમ
લવ પ્રોબ્લેમ, વશીકરણ સ્પે.
વિઝા પ્રોબ્લેમ, સૌતન- સાસુનો ત્રાસ, જન્માક્ષર
શું સંતાન કહેવામાં નથી ?, સંતાન યોગ
પ્રેમલગ્ન • ધારેલી વ્યક્તિનું મિલન
ગુપ્તધનના અધુરા મુકેલા કામ પૂર્ણ કરવામાં આવશે
ફોનથી દ્વારા ઘેર બેઠા કામ
9712423531

**એચ.બી. વાઘેલા, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં, ડાભુંડા રોડ, રાપર-કચ્છ**

**જાહેર નોટીસ**

જન્મ નોંધણી અરજી રજિ નં.૨૮૩/૨૦૨૬

શ્રી મકવાણા સંજયભાઈ ગોવીંદભાઈ, રહે. મોડા, તા.રાપર-કચ્છ ......... અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, મોડા, તા.રાપર-કચ્છ. ......... સામાવાળા

[illegible]

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**

**જાહેર નોટીસ** [illegible]

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**

**જાહેર નોટીસ** [illegible]

**પ્રો. નં. : ૧૧૬૦/૨૦૨૬ જાહેર નોટીસ**

**નામદારશ્રી આઠમા અધીક ડિસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટ સમક્ષ, ગાંધીધામ-કચ્છ. (ના.શ્રી એલ.ડી.વાઘ સાહેબની કોર્ટ)**

દિવાની પરચુરણ અરજી: ૩૫/૨૦૨૫

[illegible]

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**

**જાહેર નોટીસ**

વિરૂધ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, મહાનગરપાલિકા, ગાંધીધામ-કચ્છ. ......... સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

[illegible]

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ગાંધીધામ કચ્છ.

તા. ૧૩/૦૭/૨૦૨૬

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**

**જાહેર નોટીસ**

વિરૂધ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, મહાનગરપાલિકા, ગાંધીધામ-કચ્છ. ......... સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**

સંદર્ભ :- શ્રી હીરાભાઈ સોમાભાઈ રબારી રહે. કૈલાશનગર, ગળપાદર, ગાંધીધામ-કચ્છની તા.૦૬/૦૬/૨૦૨૬ વાળી અરજી

[illegible]

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ગાંધીધામ કચ્છ.

તા. ૦૯/૦૭/૨૦૨૬

**એચ.બી. વાઘેલા, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં, ડાભુંડા રોડ, રાપર-કચ્છ**

**જાહેર નોટીસ**

જન્મ મરણ નોંધણી અધિકારી અને રજીસ્ટ્રારશ્રી(જન્મ-મરણ)રાપરનગરપાલિકા, રાપર,તા.રાપર-કચ્છ ......... સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

[illegible]

(એચ.બી. વાઘેલા) મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, રાપર-કચ્છ

તારીખઃ ૨૯/૦૬/૨૦૨૬

**જાહેર પ્રસીધ્ધીની નોટીસ**

**રાજકોટના મહે. ૧૧મા એડી. ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રી પી.જે.કાયસ્થ સાહેબની કોર્ટમાં મુ.રાજકોટ**

એમ.એ.સી.પી.નં.૮૮૪/૨૦૧૯
મુ.તા.૨૯/૦૭/૨૦૨૬

ગુજ. ભવાનભાઈ પ્રેમજીભાઈ મેરાના વારસો
(૧) રતનબેન ભવાનભાઈ મેરા વિ.૪
રહે.બધા પ્રભુનગર (મીતાણા), તા.ટંકારા, જી.મોરબી ......... અરજદાર

વિરૂધ્ધ

ટ્રક નં.જી.જે.૧૨ બી.ટી.૬૦૧૪ના માલીક
વિકાસ રમેશચંદ્ર પટણી
રહે.૨૯૭, લીલાશનગર, પશ્ચીમ ભુજ.
ગાંધીધામ, ભુજ, કચ્છ-૩૭૦૨૦૧ ......... સામાવાળા

[illegible] કોર્ટમાં એમ.એ.સી.પી.કેસ નં.૮૮૪/૨૦૧૯ તેમના વિદ્વાન વકીલશ્રી આર.આર.મહેતા દ્વારા દાખલ કરેલ છે જે અન્વયે તમો સામાવાળાને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છેકે સદરહુ કેસનો જવાબ આપવા સારૂ તમોએ અત્રેની કોર્ટમાં મુદત તારીખઃ-૨૯/૦૭/૨૦૨૬ના રોજ જાતે અથવા મુખત્યાર સાથે હાજર રહેશો. ગેરહાજર રહ્યે સદરહુ કામે કેસની કાર્યવાહી તમારી ગેરહાજરી બદલ ન્યાયીક હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટનોંધ લેશો.

આજરોજ તારીખ ૦૪, માહે જુલાઈ, ૨૦૨૬ના રોજ કોર્ટનું સીલ તથા સીક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર — (પી. કે. ગર્ગ) આસીસ્ટન્ટ
હુકમથી — (આર. પી. નારીગ્રા) સુપ્રિટેન્ડન્ટ

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યું. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પ્લેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

### છે ને અધિકારીઓની લાપરવાહી કે?

# ગાંધીધામનું સરકારી સર્કિટ હાઉસ બન્યું 'બિસ્માર ગૃહ': વીઆઈપી મહેમાનો અસુવિધાના ઓછાયા હેઠળ







જાળવણીના નામે મીંડુ :વર્ષોથી મેઈન્ટેનન્સના અભાવે સરકારી અતિથિગૃહની હાલત ખસ્તાહાલ; સોફા ફાટેલા, એસી-ટીવી બંધ અને બાથરૂમ જર્જરિત

**સિવિલ કામોનું સમયાંતરે જાળવતી-રીપેરીંગ કરવાની સુચનાઓ અપાયેલી જ છે, ફરીથી એક વખત ચોકકસથી સુચન કરીશું : શ્રી કલ્પેશ નાઈ(એક્ઝિક્યુટીવ એન્જીનીયર આર એન્ડ બી) : નવુ બનાવવા સંદર્ભેની દરખાસ્ત સરકાર તબક્કે મોકલી અપાઈ છે : શ્રી મિહરભાઈ(એસઓશ્રી)**

**ખાટલે મોટી ખોટ** : સર્કિટ હાઉસ ખખડધજ બની ગયુ છે, નવુ બનાવવાની દરખાસ્ત એક વર્ષથી પડતર પડી છે છતા પણ સ્થાનિકના કોઈ જ આગેવાનો કે પ્રતિનિધીઓના પેટનું પાણી રજુઆત મામલે હલતું નથી? અત્યારે તો બધાય મોઢું સીવીને બેઠા છે પણ જર્જરીત ભવનમાં કયારેક કોઈ દુર્ઘટના બનશે તો તેની જવાબદારી કોણ લેશે?

## ગાંધીધામની પ્રતિષ્ઠા ખરડાઈ: સ્થાનિકોમાં આક્રોશ

ગાંધીધામ : સરકારી પ્રોટોકોલ મુજબ ગાંધીધામ આવતા રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના અધિકારીઓને નાછૂટકે ખાનગી હોટલોનો આશરો લેવો પડે તેવી સ્થિતિ અહીં સર્જાઈ છે. સરકારી મહેમાનો માટે અત્યંત મહત્વનું ગણાતું આ વિશ્રામ ગૃહ આજે જાળવણીના અભાવે પોતાની મૂળ ઓળખ ગુમાવી ચૂક્યું છે.""શું માર્ગ અને મકાન વિભાગ કે જવાબદાર વહીવટીતંત્ર આ ખસ્તાહાલ બિલ્ડિંગનો કાયાકલ્પ કરવા માટે કોઈ ઠોસ પગલાં લેશે? કે પછી વીઆઈપી મહેમાનો આમ જ અસુવિધાઓ વચ્ચે અટવાતા રહેશે? તેવા વેધક સવાલો સ્થાનિક નાગરિકો અને જાગૃત વર્તુળો દ્વારા પૂછવામાં આવી રહ્યા છે.

ગાંધીધામ : ઔદ્યોગિક નગરી અને કચ્છના આર્થિક હબ ગણાતા ગાંધીધામ શહેરમાં આવેલું સરકારી વિશ્રામ ગૃહ (સર્કિટ હાઉસ/ગેસ્ટ હાઉસ) છેલ્લા ઘણા સમયથી તંત્રની ઘોર ઉપેક્ષા અને અણઘડ વહીવટનો ભોગ બન્યું છે. સરકારી ઉચ્ચ અધિકારીઓ, મંત્રીઓ, પદાધિકારીઓ અને વિવિધ વિભાગોના અધિકૃત મહાનુભાવોના ઉતારા માટે કરોડોના ખર્ચે બનેલું આ વિશ્રામ ગૃહ આજે યોગ્ય જાળવણી (મેઈન્ટેનન્સ) ના અભાવે ભારે બિસ્માર અને ખસ્તાહાલ સ્થિતિમાં ફેરવાઈ ગયું હોવાની વ્યાપક ચર્ચાઓ સ્થાનિક સ્તરે જાગી છે.

આ બાબતે આર એન્ડ બી વિભાગના એકઝકયુટીવ એન્જીનીયર શ્રી નાઈને પુછતા તેઓએ કહ્યુ હતુ કે, જર્જરીત છે, સિવિલ કામો રીપેરીંગ અને જાળવણી કરવાની વખતો વખત સુચનાઓ જવાબદારને અપાયેલી જ છે, ફરીથી ચોકકસથી સુચનાઓ આપી રીપેરીંગ કામ થાય તેની તકેદારી ચોકકસથી રાખવામા આવશે તેવુ જણાવાયું હતુ.

આ સંદર્ભે સર્કીટ હાઉસની જાળવણી સહિતની જવાબદારી સંભાળતા શ્રિ મીહીરભાઈની સાથે વાતચીત કરતા તેઓએ કહ્યુ હતુ કે, ભુકંપ પહેલાનું આ ભવન બનેલુ છે, ઘણુ જુનુ સ્ટ્રકચર છે, ભુકંપ વખતે પણ ક્ષતીગ્રસ્ત થયેલ હતુ જેનુ રીટ્રો ફીટીંગ કરવામા આવેલ છે, હવે આ સમગ્ર ભવન નવુ બનાવવા સંદર્ભેની વિધીવત દરખાસ્ત સરકાર તબક્કે મોકલી આપવામા આવી છે, એ કક્ષાએથી દરખાસ્ત મંજુર થાય તો આગળની કાર્યવાહી થઈ શકે તેમ છે. દરમ્યાન જ જે જરૂરી સમારકામ છે તે જિલ્લાકક્ષાએથી ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન સાથે જરૂરી રીપેરીંગ કામ હાલમાં ચાલુ જ છે.

### ઉનાળા-ચોમાસામાં એસી બંધ, ટીવી માત્ર શોભાના ગાંઠિયા!


ગાંધીધામ:વિશ્રામગૃહનીબદતરહાલતનીવિગતોચોંકાવનારી છે: **એર કન્ડિશનર બિનકાર્યક્ષમ**: રૂમોમાં લગાવેલા એસી યોગ્ય રીતે કામ ન કરતા હોવાથી ઉકળાટ વચ્ચે મહેમાનોને પરેશાન થવું પડે છે. **ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ ભંગાર હાલતમાં**: રૂમમાં રાખેલા ફ્રિજ ઠંડક આપવાનું ભૂલી ગયા છે અને મનોરંજન તેમજ સમાચાર માટે મુકાયેલા ટેલિવિઝન સેટ પણ બંધ હાલતમાં શોભાના ગાંઠિયા સમાન બન્યા છે. **બાથરૂમની દયનીય સ્થિતિ**: વીઆઈપી કક્ષાના બાથરૂમ અને શૌચાલયની સુવિધાઓ જર્જરિત થઈ ગઈ છે, જ્યાં નળ ટપકવા અને ગંદકીના સામ્રાજ્યને કારણે ભારે દુર્ગંધ ફેલાય છે.

### બજેટ ક્યાં વપરાયું?
## સુવિધાઓના નામે માત્ર 'મીંડું

ગાંધીધામ : સ્થાનિક સૂત્રો અને પ્રાપ્ત માહિતી અનુસાર, છેલ્લા ઘણા વર્ષોથી આ અતિથિગૃહના સમારકામ કે આધુનિકીકરણ પાછળ પૂરતું ધ્યાન આપવામાં આવ્યું નથી અથવા તો ફાળવવામાં આવેલું બજેટ કાગળ પર જ અદ્રશ્ય થઈ ગયું છે. વિશ્રામ ગૃહની અંદર પગ મૂકતાં જ તંત્રની લાપરવાહી ઉડીને આંખે વળગે છે. વીઆઈપી રૂમોમાં રાખવામાં આવેલા સોફા સેટ જૂના અને ક્ષતિગ્રસ્ત થઈ ગયા છે, જેના પર બેસવું પણ મહેમાનો માટે ક્ષોભજનક સાબિત થાય છે.

# કમિશનરે તાકીદની બેઠક બોલાવી : ગાંધીધામ મનપા તંત્ર હરકતમાં

**સફાઈ, આરોગ્ય સહિતની બાબતે અસરકારક પગલાં ભરવા સૂચના આપી**



ગાંધીધામ - કચ્છઉદય : કમિશનર બી.ડી.દવેરાની અધ્યક્ષતામા સંચારી રોગ મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નાયબ કમિશનર સંજય રામાનુજ, અલગ અલગ વિભાગના અધિકારીઓ, વિનોદ ગેલોતર, મુરૂભા જાડેજા, મેડીકલ ઓફિસર વગેરે હાજર રહ્યા હતા.

એમઓએચ ડો. દિનેશ સુતરીયા દ્વારા સંચારી રોગ અંગેની વિસ્તૃત સમજ અપાઈ હતી. કમિશનર શ્રી દવેરા દ્વારા પાણીજન્ય રોગચાળાની ચર્ચા કરવામાં આવી હતી. પીવાના પાણીનું ક્લોરીનેશન ટેસ્ટિંગ થાય અને ક્લોરીનેશન અને જરૂર પડે સુપર ક્લોરીનેશન કરવાની સૂચનાઓ અપાઈ હતી, જેથી ઝાડા - ઉલ્ટી, કમળો, મરડો, કોલેરા, ટાઈફોઈડ જેવા રોગોને અટકાવી શકાય. લીકેજીસ તાત્કાલિક રીપેરીંગ કરવા, પાણીના વાલ્વ હોય ત્યાં સાફ-સફાઈ અને વાલ્વ લીકેજ ન થાય તે જોવું, બરફના કારખાના, રેસ્ટોરન્ટ, હોટલ અને નાસ્તાની લારીઓ પર સ્વસ્છ પાણી, ફૂડની ગુણવત્તાની નિયમિત ચકાસણી, સ્ટાફની મેડીકલ તપાસ અને સ્વચ્છતાના ધોરણનું પાલન કરવા, રેપિડ રીન્સ્પોન્સ ટીમ બનાવવી, અલાયદી બેડ વ્યવસ્થા, તમામ ખાનગી ડોક્ટર અને લેબોરેટરી તમામ રોગોના નિદાનની જાણ કરવા જણાવ્યું હતું.

એસએઆરઈ અને આઈએલઆઈ કેસોનું મોનીટરીંગ કરવા અને જનજાગૃતિ ફેલાવવા જણાવાયું હતું. ચાંદીપુરા જે સેન્ડ ફલાયથી થાય છે. જે ઘરની અંદર પાકી કે કાચી દિવાલમા રહે છે. પશુઓના વાડા કે ખેતરના ખૂણા, માટીની દિવાલ અને લીંપણવાળા ઘરોની તિરાડમાં રહે છે. જે સામાન્ય માખી કરતાં ચાર ગણી નાની હોય છે.

મચ્છરની જેમ ઈંડા મૂકે છે. સામાન્ય રીતે ૦-૧૪ વર્ષના બાળકોમાં રોગ પ્રતિકારક શકિત ઓછી હોવાથી આ જોવા મળે છે. બાળકને સતત વધુ પડતો તાવ, ઝાડા, ઉલટી, ખેંચ આવવી, અર્ધ બેભાન કે બેભાન થવુ એ આ રોગના લક્ષણો છે. આ રોગના અટકાયતી પગલા તરીકે દિવાલની તિરાડ અને છિદ્રો પૂરવા, ઘરમાં હવા - ઉજાસ અને સૂર્યપ્રકાશ રહે તેવી વ્યવસ્થા કરવી, બાળકોને મચ્છરદાનીમાં સૂવડાવવા, બાળકો ખુલ્લા શરીરે ઘરની બહાર કે આંગણામાં ન રમે અને તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરવો અને આરોગ્ય વિભાગને જાણ કરવા જણાવાયું હતું.

# જિલ્લા કક્ષાની ચેસ સ્પર્ધામાં અંડર-૧૪ કેટેગરીમાં વિજેતા ખેલાડીઓ રાજ્ય કક્ષા માટે પસંદગી પામ્યા


અર્જીત મિશ્રા


હાર્દિક જોબનપુત્રા

ભુજ - કચ્છઉદય : ગુજરાત સરકાર દ્વારા ચેસની રમત પ્રત્યે વધુને વધુ જાગૃતિ આવે અને મહત્તમ વિદ્યાર્થીઓ આ રમત સાથે જોડાય તેવા ઉમદા હેતુથી કચ્છ જિલ્લા કક્ષાની ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૩ જુલાઈના માંડવી મધ્યે આવેલી એઈમ સ્કૂલ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં જુદી જુદી કેટેગરીઓમાં મોટી સંખ્યામાં ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સમગ્ર સ્પર્ધાનું સંચાલન આંતરરાષ્ટ્રીય નિયમો અનુસાર કરવામાં આવ્યું હતું, જેમાં અંડર-૧૪ કેટેગરીમાં આશરે ૧૦૦ જેટલા ખેલાડીઓએ પોતાનું કૌશલ્ય અજમાવ્યું હતું.

આ રસાકસીભરી સ્પર્ધામાં અર્જીત મિશ્રાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું, જ્યારે ભુજની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં અભ્યાસ કરતા ખેલાડી પ્રીત હાર્દિક જોબનપુત્રા એ ઉત્કૃષ્ટ પ્રદર્શન દાખવીને અંડર-૧૪ કેટેગરીમાં દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. આ ભવ્ય સફળતા મેળવ્યા બાદ બંને વિજેતા ખેલાડીઓ હવે રાજ્ય કક્ષાની ચેસ સ્પર્ધામાં કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવા માટે પસંદગી પામ્યા છે.

ઉલ્લેખનીય છે કે દ્વિતીય ક્રમે વિજેતા બનેલો પ્રીત જોબનપુત્રા સક્સેસ ચેસ એકેડમીના રાષ્ટ્રીય કોચ સંજય દાવડા પાસે તાલીમ મેળવી રહ્યો છે.

પ્રીત અગાઉ પણ તાલુકા તેમજ જિલ્લા કક્ષાની ઓપન કચ્છ ચેસ સ્પર્ધાઓમાં વિજેતા બની ચૂક્યો છે. પ્રીતની આ શાનદાર સિદ્ધિ બદલ તેના રાષ્ટ્રીય કોચ સંજય દાવડાએ તેને ખાસ અભિનંદન પાઠવ્યા છે. આ સમગ્ર ચેસ સ્પર્ધાનું સફળ આયોજન અને સંચાલન એઈમ સ્કૂલના રામદેવસિંહ તથા શાળાના સમગ્ર સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવીને કરવામાં આવ્યું હતું.

# ભુજ-કુકમામાં જુગાર રમતા ૧૪ જુગારી પકડાયા

ભુજ - કચ્છઉદય : ભુજ અને કુકમામાં જુગારના ત્રણ દરોડામાં ૧૪ જુગારી પકડાયા હતા. આ બાબતે એ ડીવીઝન પોલીસમાંથી મળતી વિગતો મુજબ શુભમ કે માર્ટની સામે જુગાર રમતા પાંચ ખેલીઓ પકડાયા હતા. જેમાં જગદીશ ગેલાભાઈ બારોટ, મંજુબેન ગેલાભાઈ બારોટ, પિંકી બાબુભાઈ પીત્રોડા, લીલાબેન સંજયભાઈ સરદાર, રેશ્માદે રવીનાદે પીત્રોડા પકડાયા હતા. રોકડા રૂા. ૩૩૬૦ કબજે કરાયા હતા. જયારે કુકમા ગામે બીએમસીબી કોલોની અંદર લીંબડાના ઝાડની નીચે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા દસ ખેલી પકડાયા હતા. જેમાં રાહુલ કેદારસિંહ કીશર, તેજપ્રતાપ રામદાની કેવટ, વિષ્ણુરામ શ્યામલાલ મેઘવાળ, અજય લક્ષ્મીનારાયણ તોમર, અજયકુમાર સુફલદાસ બૈરાગી, શૈલેષ મેહાભાઈ રાવળ, જોગબંધુ ભુરૂભાઈ મહંતો, કમલેશકુમાર રાજેન્દ્ર ઉઈકે, શરીફ અબ્દુલ રહેમાન શેખ, અરવિંદકુમાર શીવઉરાવને ઝડપી રોકડા રૂા. ૧૭,૧૦૦ અને ૪૫ હજારના ૯ મોબાઈલ કબજે કરી પધ્ધર પોલીસ દ્વારા ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# પધ્ધરમાં તાળા તોડી ઘરમાંથી ૬.૮૯ લાખની ચોરી કરાઈ

**પરિવાર છત પર સુવા ગયો ત્યારે બનાવ બન્યો**

ભુજ - કચ્છઉદય : તાલુકાના પધ્ધર ગામે પરિવાર ઘરને તાળા મારી છત પર સુવા ગયો ત્યારે તસ્કરોએ તાળા તોડી તિજોરીમાંથી દાગીના અને રોકડ ઉઠાવી ૬.૮૯ લાખની ચોરી કરતા પરિવારની ઉંઘ હરામ થઈ છે.

આ બાબતે પધ્ધર પોલીસમાંથી મળતી વિગતો મુજબ ફરીયાદી માલધારી નારાણભાઈ વીભાભાઈ રબારીના જણાવ્યા મુજબ રબારીવાસમાં આવેલા તેમના મકાનમાં આ બનાવ બન્યો હતો. કોઈ ઈસમો દ્વારા ઘરના તાળા તોડી પ્રવેશ કરી મકાનમાંથી તિજોરી અને ડબ્બાનો લોક તોડી સોના - ચાંદીના દાગીના અને રોકડા મળી કુલ્લ ૬,૮૯,૦૦૦ ની ચોરી કરવામાં આવી હતી. તસ્કરો સોનાનો હાર, બંગળી, વીટી, કેડો, પોચી, ઓમ સહિતનો મુદ્દામાલ ઉઠાવી ગયા હતા.

આ બનાવથી ચકચાર ફેલાઈ હતી. પધ્ધર પોલીસે ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

**એચ.બી.વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ. જન્મ નોંધણી અરજી રજિ. નં.૩૪૧/૨૦૨૬
**જાહેર નોટીસ**
શ્રી ગોવીંદ જગા કોલી, રહે.સેલારી, તા.રાપર-કચ્છ. ....અરજદાર
વિરૂધ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, સેલારી, તા.રાપર-કચ્છ. .... સામાવાળા
**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી ગોવીંદ જગા કોલી, રહે.સેલારી, તા.રાપર વાળાએ તા.૦૩/૦૬/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્રી ચંદ્રીકાબેન ગોવીંદભાઈ કોલીનો જન્મ મોજે-સેલારી, તા.રાપર-કચ્છ મુકામે તા. ૦૧/૦૬/૨૦૦૮ના રોજ થયેલ છે, પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજે સેલારી, તા.રાપર-કચ્છના વર્ષ ૨૦૦૮ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહુ જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં. ૩૪૧/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહીં થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.
તા. ૨૯/૦૬/૨૦૨૬ (કોર્ટનો સિક્કો) (એચ.બી.વાઘેલા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપર-કચ્છ

**એચ.બી.વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ. જન્મ નોંધણી અરજી રજિ. નં.૩૦૬/૨૦૨૬
**જાહેર નોટીસ**
શ્રી ગોવીભાઈ જગા કોલી, રહે.સેલારી, તા.રાપર-કચ્છ. ....અરજદાર
વિરૂધ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, સેલારી, તા.રાપર-કચ્છ. .... સામાવાળા
**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી ગોવીભાઈ જગા કોલી, રહે.સેલારી, તા.રાપર વાળાએ તા.૦૩/૦૬/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્રી પુજાબેન ગોવીંદ કોલીનો જન્મ મોજે-સેલારી, તા.રાપર-કચ્છ મુકામે તા. ૦૫/૦૬/૨૦૦૬ના રોજ થયેલ છે, પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજે સેલારી, તા.રાપર-કચ્છના વર્ષ ૨૦૦૬ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહુ જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં. ૩૦૬/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહીં થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.
તા. ૨૯/૦૬/૨૦૨૬ (કોર્ટનો સિક્કો) (એચ.બી.વાઘેલા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપર-કચ્છ

**એચ.બી.વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ. મરણ નોંધણી અરજી રજિ. નં.૮૬/૨૦૨૬
**જાહેર નોટીસ**
શ્રી કુંભાભાઈ ખાનાભાઈ સુથાર, રે.કીડીયાનગર, તા.રાપર-કચ્છ. ....અરજદાર
વિરૂધ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, કીડીયાનગર, તા.રાપર-કચ્છ. .... સામાવાળા
**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી કુંભાભાઈ ખાનાભાઈ સુથાર, રે.કીડીયાનગર, તા.રાપર-કચ્છ વાળા એ તા.૦૬/૦૧/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પિતા ખાનાભાઈ લાખાભાઈ સુતારનું અવસાન મોજે-કીડીયાનગર, તા.રાપર-કચ્છ મુકામે તા. ૦૧/૦૬/૨૦૦૦ના રોજ થયેલ છે, પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે મરણ અંગેની નોંધણી મોજે કીડીયાનગર, તા.રાપર-કચ્છના વર્ષ ૨૦૦૦ના મરણ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહુ મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી મરણ નોંધણી અરજી રજીસ્ટર નં. ૮૬/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર મરણ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.
તા.૦૯/૦૬/૨૦૨૬ (કોર્ટનો સિક્કો) (એચ.બી.વાઘેલા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપર-કચ્છ

**એચ.બી.વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ. મરણ નોંધણી અરજી રજિ. નં.૮૪/૨૦૨૬
**જાહેર નોટીસ**
શ્રી દાનાભાઈ માનસંગભાઈ સુથાર, રે.કીડીયાનગર, તા.રાપર-કચ્છ. ....અરજદાર
વિરૂધ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, કીડીયાનગર, તા.રાપર-કચ્છ. .... સામાવાળા
**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી દાનાભાઈ માનસંગભાઈ સુથાર, રે.કીડીયાનગર વાળા એ તા.૦૬/૦૧/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના દાદી રૂડાબાઈ લાખાભાઈ સુતારનું અવસાન મોજે-કીડીયાનગર, તા.રાપર-કચ્છ મુકામે તા. ૦૧/૦૬/૧૯૭૩ના રોજ થયેલ છે, પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે મરણ અંગેની નોંધણી મોજે કીડીયાનગર, તા.રાપર-કચ્છના વર્ષ ૧૯૭૩ના મરણ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહુ મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી મરણ નોંધણી અરજી રજીસ્ટર નં. ૮૪/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર મરણ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહીં થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.
તા.૦૯/૦૬/૨૦૨૬ (કોર્ટનો સિક્કો) (એચ.બી.વાઘેલા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપર-કચ્છ

**એચ.બી.વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ. મરણ નોંધણી અરજી રજિ. નં.૮૨/૨૦૨૬
**જાહેર નોટીસ**
શ્રી દાનાભાઈ માનસંગભાઈ સુથાર, રે.કીડીયાનગર, તા.રાપર-કચ્છ. ....અરજદાર
વિરૂધ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, કીડીયાનગર, તા.રાપર-કચ્છ. .... સામાવાળા
**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી દાનાભાઈ માનસંગભાઈ સુથાર, રે.કીડીયાનગર, તા.રાપર-કચ્છ વાળા એ તા.૦૬/૦૧/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પિતા માનસંગભાઈ લાખાભાઈ સુતારનું અવસાન મોજે-કીડીયાનગર, તા.રાપર-કચ્છ મુકામે તા. ૦૧/૦૬/૧૯૯૪ના રોજ થયેલ છે, પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે મરણ અંગેની નોંધણી મોજે કીડીયાનગર, તા.રાપર-કચ્છના વર્ષ ૧૯૯૪ના મરણ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહુ મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી મરણ નોંધણી અરજી રજીસ્ટર નં. ૮૨/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર મરણ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.
તા.૦૯/૦૬/૨૦૨૬ (કોર્ટનો સિક્કો) (એચ.બી.વાઘેલા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપર-કચ્છ

**(એમ.ડી.માળી) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, ભુજ-ગ્રામ્યની કોર્ટ સમક્ષ**
એકોર્ડ હોસ્પિટલ સામે, તાલુકા સેવા સદન, મુંદરા રોડ, ભુજ-કચ્છ.
**જાહેર નોટીસ** નં. જન્મ-મરણ નોંધણી કેસ રજી નંબર ૨૬૧/૨૦૨૬
(૧) શ્રી રાણાજી નારાણજી જાડેજા, રહે.લોરીયા, તા.ભુજ-કચ્છ.
વિરૂધ્ધ
(૧) રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને તલાટી સહમંત્રીશ્રી, લોરીયા ગ્રામ પંચાયત, તા.ભુજ-કચ્છ
**વિષય : જન્મ-મરણ નોંધણી (સુધારા) અધિનિયમ ૨૦૨૩ ની કલમ ૧૩ (૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી રાણાજી નારાણજી જાડેજા, રહે.લોરીયા, તા.ભુજ-કચ્છની તા.૦૧/૦૭/૨૦૨૬ વાળી અરજીથી તેઓના માતા નામે સ્વ.ચંપાબા નારાણજી જાડેજાનું તા. ૦૩/૦૫/૧૯૭૫ના રોજ મોજે - લોરીયા, તા.ભુજ-કચ્છ મધ્યે તેઓના નિવાસસ્થાને મરણ થયેલ. પરંતુ શરતચુક તથા કાયદાની અજ્ઞાનતાના કારણે મરણ નોંધણી લોરીયા ગ્રામ પંચાયત, તા.ભુજ-કચ્છના વર્ષ ૧૯૭૫ના મરણ રજીસ્ટરે કરાવવાનું રહી ગયેલ હોવાનું જણાવી, મરણ નોંધણી કરવાનો હુકમ થવા અરજી કરેલ છે. જે અરજી અત્રેની કચેરીના જન્મ-મરણ નોંધણી રજી. નં. ૨૬૧/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સદર મરણ નોંધણી કરાવવા બાબતે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો નોટીસ પ્રસિધ્ધ થયાના દિન-૩૦માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આ કેસ અંગે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.
તા. ૦૬/૦૭/૨૦૨૬ (એમ.ડી.માળી) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ભુજ-ગ્રામ્ય (ઈ.ચા.)

**એચ.બી.વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ. જન્મ નોંધણી અરજી રજિ. નં.૩૪૬/૨૦૨૬
**જાહેર નોટીસ**
શ્રી ગોમીબેન અખાભાઈ ચૌધરી, રહે.હમીરપર મોટી, તા.રાપર-કચ્છ. ....અરજદાર
વિરૂધ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, હમીરપર મોટી, તા.રાપર-કચ્છ. .... સામાવાળા
**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી ગોમીબેન અખાભાઈ ચૌધરી, રહે.હમીરપર મોટી, તા.રાપર વાળાએ તા.૦૩/૦૬/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્રી દેવીબેન અખઈભાઈ ચૌધરીનો જન્મ મોજે-હમીરપર મોટી, તા.રાપર-કચ્છ મુકામે તા. ૦૧/૦૬/૧૯૭૯ના રોજ થયેલ છે, પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજે હમીરપર મોટી, તા.રાપર-કચ્છના વર્ષ ૧૯૭૯ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહુ જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં. ૩૪૬/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહીં થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.
તા. ૨૯/૦૬/૨૦૨૬ (કોર્ટનો સિક્કો) (એચ.બી.વાઘેલા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપર-કચ્છ

**એચ.બી.વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ. મરણ નોંધણી અરજી રજિ. નં.૮૫/૨૦૨૬
**જાહેર નોટીસ**
શ્રી દાનાભાઈ માનસંગભાઈ સુથાર, રે.કીડીયાનગર, તા.રાપર-કચ્છ. ....અરજદાર
વિરૂધ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, કીડીયાનગર, તા.રાપર-કચ્છ. .... સામાવાળા
**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી દાનાભાઈ માનસંગભાઈ સુથાર, રે.કીડીયાનગર વાળા એ તા.૦૬/૦૧/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના મોટા બાપા હરીભાઈ લાખાભાઈ સુતારનું અવસાન મોજે-કીડીયાનગર, તા.રાપર-કચ્છ મુકામે તા. ૦૧/૦૬/૧૯૯૮ના રોજ થયેલ છે, પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે મરણ અંગેની નોંધણી મોજે કીડીયાનગર, તા.રાપર-કચ્છના વર્ષ ૧૯૯૮ના મરણ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહુ મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી મરણ નોંધણી અરજી રજીસ્ટર નં. ૮૫/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર મરણ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહીં થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.
તા.૦૯/૦૬/૨૦૨૬ (કોર્ટનો સિક્કો) (એચ.બી.વાઘેલા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપર-કચ્છ

**એચ.બી.વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ. મરણ નોંધણી અરજી રજિ. નં.૮૩/૨૦૨૬
**જાહેર નોટીસ**
શ્રી દાનાભાઈ માનસંગભાઈ સુથાર, રે.કીડીયાનગર, તા.રાપર-કચ્છ. ....અરજદાર
વિરૂધ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, કીડીયાનગર, તા.રાપર-કચ્છ. .... સામાવાળા
**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી દાનાભાઈ માનસંગભાઈ સુથાર, રે.કીડીયાનગર, તા.રાપર-કચ્છ વાળા એ તા.૦૬/૦૧/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના મોટા બાપા ભવાનભાઈ લાખાભાઈ સુતારનું અવસાન મોજે-કીડીયાનગર, તા.રાપર-કચ્છ મુકામે તા. ૦૧/૦૬/૧૯૯૭ના રોજ થયેલ છે, પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે મરણ અંગેની નોંધણી મોજે કીડીયાનગર, તા.રાપર-કચ્છના વર્ષ ૧૯૯૭ના મરણ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહુ મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી મરણ નોંધણી અરજી રજીસ્ટર નં. ૮૩/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર મરણ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહીં થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.
તા.૦૯/૦૬/૨૦૨૬ (કોર્ટનો સિક્કો) (એચ.બી.વાઘેલા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપર-કચ્છ

ઓછી આંચે રસોઈ રાંધો-ગેસની મોટી બચત સાંધો
રસોઈ રાંધવામાં પ્રેસર કુકરનો કરો ઉપયોગ

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ગાંધીધામ
તા.૧૫-૦૭-૨૦૨૬

**સિરક્રીક સરહદે પાકિસ્તાન પર બાજ નજર**

# સેના અને નૌસેના માટે હાઇ-સ્પીડ એમ્ફિબિયસ કોમ્બેટ બોટ ખરીદાશે

**સમુદ્ર, કાદવ અને જમીન પર એકસમાન ઝડપે દોડતી આધુનિક બોટ ટૂંક સમયમાં ભારતીય સંરક્ષણ દળનો હિસ્સો બનશે : સિરક્રીક અને આંદામાન-નિકોબારમાં સુરક્ષા અભેદ્ય કરાશે : કચ્છના ક્રીક વિસ્તારમાં આ બોટનું સંચાલન આર્મીની કોર્પ્સ ઓફ એન્જિનિયર્સની સૈન્ય ટુકડીઓ દ્વારા થશે**

ભુજ - કચ્છઉદય : પાકિસ્તાન સરહદ અને પૂર્વ હિંદ મહાસાગરમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત કરવાના હેતુથી ભારતીય સેના અને નૌસેનાએ હાઇ-સ્પીડ એમ્ફિબિયસ કોમ્બેટ બોટ ખરીદવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. આ ખાસ પ્રકારની બોટ સમુદ્રના પાણી, દળદળ અને જમીન પર કોઈ પણ પ્રકારના અવરોધ વિના એકસમાન ગતિથી આગળ વધવાની અદભુત ક્ષમતા ધરાવે છે. આ આધુનિક બોટના આગમનથી વિવાદિત સિરક્રીક વિસ્તારમાં ભારતીય સૈન્યની ગતિશીલતામાં મોટો વધારો થશે અને સાથે જ આંદામાન અને નિકોબાર કમાન્ડની સૈન્ય તાકાત પણ વધુ મજબૂત બનશે. સંરક્ષણ મંત્રાલય દ્વારા અંદાજે એક ડઝન જેટલી આવી રિજિડ હલ એમ્ફિબિયસ બોટ ખરીદવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. આ ખરીદી સંપૂર્ણપણે 'બાય ઈન્ડિયન' શ્રેણી અંતર્ગત કરવામાં આવશે, જેમાં ઓછામાં ઓછી ૬૦ ટકા સ્વદેશી સામગ્રીનો ઉપયોગ થયેલો હોવો અનિવાર્ય છે. આ બોટ પૈકી સાત બોટ સેનાને ગુજરાતના કચ્છ ક્ષેત્ર માટે અને ચાર બોટ નૌસેનાને મુંબઈ તેમજ પોર્ટ બ્લેયર માટે ફાળવવામાં આવશે. આગામી ત્રણ મહિનામાં આ માટેની બિડ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે અને કરાર થયાના ૨૪ મહિનાની અંદર તમામ બોટની ડિલિવરી મેળવી લેવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

કચ્છના ક્રીક વિસ્તારમાં આ બોટનું સંચાલન આર્મીની કોર્પ્સ ઓફ એન્જિનિયર્સની સૈન્ય ટુકડીઓ દ્વારા કરવામાં આવશે. આ ખાસ એકમો લાંબા સમયથી એવા પ્રતિકૂળ વિસ્તારોમાં કામ કરવા માટે પ્રશિક્ષિત છે જ્યાં ભૂપ્રદેશ ન તો પૂરેપૂરો જમીન ભાગ છે કે ન તો પૂરેપૂરો પાણી. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, પરંપરાગત બોટ ઓટના સમયે ક્રીક વિસ્તારમાં ફસાઈ જાય છે, જ્યારે વ્હીલ વાહનો ત્યાંના કાદવ-કીચડમાં ખૂંપી જાય છે. આ નવી એમ્ફિબિયસ બોટ સૈનિકોને કોઈપણ અડચણ વિના કાદવવાળા વિસ્તારો અને છીછરા પાણીના માર્ગો પર સતત પેટ્રોલિંગ કરવા અને નાની સૈન્ય ટુકડીઓને તૈનાત કરવામાં મદદરૂપ સાબિત થશે. સંરક્ષણ ક્ષમતાની દ્રષ્ટિએ આ બોટ અત્યંત આધુનિક છે, જેમાં આગળ અને પાછળના ભાગે હથિયારો ગોઠવવાની સુવિધા તેમજ બેલેસ્ટિક પ્રોટેક્શન ઉપલબ્ધ છે. આ બોટ ૧૫૦૦ કિલોગ્રામથી વધુ વજનના સૈન્ય સાધનો સાથે ૧૨ સજ્જ જવાનોને લઈને સમુદ્રમાં ૪૦ નોટ્સથી વધુની ઝડપે ઘૂસણખોરી વિરોધી પેટ્રોલિંગ કરી શકે છે. જમીન પર ચાલવા માટે આ બોટમાં હાઈડ્રોલિક સંચાલિત વ્હીલ્સ આપવામાં આવ્યા છે, જેનાથી તે ઓલ-વ્હીલ ડ્રાઈવ મોડ પર ૧૦ થી ૧૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ચાલી શકે છે અને ૧૫-ડિગ્રી સુધીના ઢોળાવ પણ સરળતાથી ચઢી શકે છે. આ બોટને ભારે ટેક્ર ટ્રાન્સપોર્ટર દ્વારા રોડ માર્ગે અને આઈએલ-૭૬ તેમજ સી-૧૭ વિમાનો દ્વારા હવાઈ માર્ગે એક જગ્યાએથી બીજી જગ્યાએ ઝડપથી લઈ જઈ શકાય છે.

કચ્છ અને પાકિસ્તાનના સિંધ પ્રાંત વચ્ચે અરબી સમુદ્રમાં ખૂલતી ૯૬ કિલોમીટર લાંબી સિરક્રીક સરહદ દાયકાઓથી વિવાદિત રહી છે. પાકિસ્તાન આ સમગ્ર ક્રીક પર પોતાનો દાવો કરે છે, જ્યારે ભારતની સ્પષ્ટ નીતિ છે કે સરહદ મધ્ય ચેનલ પરથી પસાર થાય છે. આ સરહદી વિવાદના કારણે જ દરિયાઈ સીમાનું સીમાંકન અટકેલું છે. આ વણઉકેલાયેલા કાદવવાળા વિસ્તારો અને તેની બાજુમાં આવેલા હરામી નાળાનો ઉપયોગ ભૂતકાળમાં સ્મગલરો, ડ્રગ માફિયાઓ અને પાકિસ્તાની માછીમારો દ્વારા થતો રહ્યો છે. વર્ષ ૨૦૦૮ના ૨૬/૧૧ મુંબઈ હુમલાના આતંકવાદીઓ પણ ભારતીય માછીમારી બોટનું અપહરણ કરીને આ જ દરિયાઈ માર્ગે આવ્યા હતા.

આ સિવાય, ગત વર્ષના ઈન્ટેલિજન્સ રિપોર્ટમાં પણ સામે આવ્યું હતું કે પાકિસ્તાને 'ઓપરેશન સિંદૂર' પછી આ સેક્ટરમાં નવી ફોરવર્ડ પોસ્ટ્સ અને કિલ્લેબંધીવાળા બંકરો ઊભા કર્યા છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે પણ ઓક્ટોબર મહિનામાં ભુજની મુલાકાત દરમિયાન પાકિસ્તાનને કડક શબ્દોમાં ચેતવણી આપી હતી કે સિરક્રીકમાં કોઈપણ પ્રકારની નાપાક હરકતનો એવો જવાબ આપવામાં આવશે જે ઈતિહાસ અને ભૂગોળ બંને બદલી નાખશે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે કરાચી જવાનો એક રસ્તો આ ક્રીકમાંથી જ પસાર થાય છે, જે અહીંથી માત્ર ૨૦૦ કિલોમીટર દૂર છે.


હાલમાં આ ક્રીક સેક્ટરમાં સુરક્ષા વ્યવસ્થા બીએસએફ દ્વારા સંભાળવામાં આવે છે, જેમાં ફ્લોટિંગ બોર્ડર આઉટપોસ્ટ્સ, ફાસ્ટ પેટ્રોલ બોટ્સ અને ઓલ-ટેરેન વ્હીકલ્સનો ઉપયોગ થાય છે.

આ ઉપરાંત બીએસએફના ખાસ કમાન્ડો પણ હરામી નાળા વિસ્તારમાં પગપાળા અને બોટ દ્વારા પેટ્રોલિંગ કરે છે. જો કે, અત્યાર સુધીના આ સાધનો કાં તો માત્ર પાણીમાં ચાલી શકે તેવી બોટ છે અથવા જમીન પર ચાલી શકે તેવા વાહનો છે. પાણી અને જમીન બંને પર એકસાથે ઓપરેટ થઈ શકે તેવી કોઈ વ્યવસ્થા નહોતી, જે ખામી આ નવી એમ્ફિબિયસ બોટ આવવાથી દૂર થઈ જશે. બીજી તરફ નૌસેના માટે આ બોટ આંદામાન અને નિકોબાર કમાન્ડના ટાપુઓ પર સૈન્ય ક્ષમતા વધારવામાં મદદ કરશે. હિંદ મહાસાગર ક્ષેત્રમાં ચીનની વધતી જતી સૈન્ય પ્રવૃત્તિઓ અને દખલગીરીનો જડબાતોડ જવાબ આપવા માટે આંદામાન-નિકોબારને ભારતીય સેનાના મુખ્ય વ્યૂહાત્મક કેન્દ્ર તરીકે ઝડપથી મજબૂત કરવામાં આવી રહ્યું છે.

**રાજ્ય કેબિનેટનો નિર્ણય**

# કચ્છમાં અછત અને ઘાસચારાની તંગી ન સર્જાય તે માટે કલેક્ટરને સુચના અપાઈ : હર્ષ સંઘવી

**વહીવટી પ્રક્રિયાના સરળીકરણ અને પશુધનની સુખાકારી માટે મુખ્યમંત્રીશ્રીનો મહત્વપૂર્ણ નિર્ણય : જિલ્લાની સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને રાખીને કલેક્ટર કક્ષાએ જ સત્તાઓનું વિકેન્દ્રીકરણ કરાયું**



**કેબિનેટ બેઠક બાદ હર્ષ સંઘવીએ પત્રકાર પરિષદ યોજી લીધેલા નિર્ણયોની આપી માહિતી : પાંજરાપોળ અને ઘાસચારાની અછત નિવારવા કલેક્ટરને જ જરૂરી તમામ નિર્ણયો લેવા અપાઈ સૂચના : સુરતના પૂરગ્રસ્તો અને વેપારીઓ માટે પણ સરકાર દ્વારા સહાય પેકેજની કરાઈ જાહેરાત**

## પશુધનની સુરક્ષા સરકારની પ્રેરણા

કેબિનેટ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી કે, ભૌગોલિક પરિસ્થિતિ મુજબ દરેક જિલ્લાની જરૂરિયાતો અલગ-અલગ હોય છે. આ નિર્ણયથી વહીવટી લાલફીતાશાહી દૂર થશે અને પશુપાલકો તેમજ અબોલ જીવો સુધી સરકારી સહાય ખૂબ જ ઝડપથી પહોંચી શકશે. મુશ્કેલ પરિસ્થિતિમાં સ્થાનિક તંત્ર વધુ મજબૂતીથી કામ કરી શકે તે માટે કલેક્ટર કક્ષાએ આ સત્તાઓ સુપ્રત કરવાનો નિર્ણય આજે કેબિનેટમાં સર્વાનુમતે લેવાયો છે.

## વેપારીઓ અને લારી-ગલ્લા ધારકો માટે વિશેષ આર્થિક સહાય

ગૃહમંત્રીએ સ્પષ્ટતા કરી હતી કે સુરતમાં પૂરને કારણે જે વેપારીઓ પાસે વીમો (ઈન્સ્યોરન્સ) નહોતો, તેવા તમામ નાના-મોટા વેપારીઓને સરકાર મદદ કરશે. આ માટે નીચે મુજબની આર્થિક સહાય જાહેર કરવામાં આવી છેઃ ●નાના વેપારીઓ/કેબિન ધારકોઃ રૂ. ૨૫,૦૦૦ ની આર્થિક સહાય ચૂકવાશે. ●મધ્યમ વેપારીઓઃ રૂ. ૫૦,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવશે. ●મોટું નુકસાન પામેલા વેપારીઓઃ જે વેપારીઓને વધુ નુકસાન થયું છે તેમને રૂ. ૧,૦૦,૦૦૦ (એક લાખ) ની સહાય અપાશે.**લોન અને વ્યાજ માફીની સ્કીમઃ** આખી દુકાન ગુમાવનાર કે ભારે નુકસાન વેઠનારા દુકાનદારોને પોતાનો વ્યવસાય ફરી શરૂ કરવા માટે રૂ. ૨૦ લાખ સુધીની લોન આપવામાં આવશે. આ લોન પરનું ૩ વર્ષ સુધીનું વ્યાજ રાજ્ય સરકાર ભોગવશે.હર્ષ સંઘવીએ ઉમેર્યું હતું કે અત્યાર સુધીમાં પૂર પ્રભાવિત વિસ્તારોમાં ૧૯,૦૦૦ થી વધુ લોકોને કેશડોલ (રોકડ સહાય) ની ચૂકવણી કરી દેવામાં આવી છે. આ સાથે જ અસરગ્રસ્ત વિસ્તારોમાં રોગચાળો ન ફેલાય તે માટે સ્વચ્છતા અભિયાન પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે.

ગાંધીનગરઃ"ગાંધીનગર ખાતે યોજાયેલી કેબિનેટ બેઠક બાદ આજે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ એક મહત્વપૂર્ણ પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં તેમણે કચ્છ જિલ્લામાં સંભવિત અછતની પરિસ્થિતિ અને ઘાસચારાની તંગીને પહોંચી વળવા માટે સરકાર દ્વારા લેવાયેલા મોટા નિર્ણયોની જાહેરાત કરી હતી.ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર કચ્છ જિલ્લામાં ઘાસચારાની કોઈ અછત ન સર્જાય તે માટે સ્થાનિક જિલ્લા કલેક્ટરને જ તમામ જરૂરી નિર્ણયો લેવાની સંપૂર્ણ જરૂરી સત્તા સોંપી દેવામાં આવી છે. આ ઉપરાંત, જિલ્લાની પાંજરાપોળોની સ્થિતિ અને ઘાસચારાની તંગીને લગતી બાબતો અંગે પણ વહીવટી તંત્રને સંવેદનશીલતા પૂર્વક પગલાં ભરવા માટે જરૂરી સૂચનાઓ આપી દેવાઈ છે, જેથી પશુધનને કોઈ તકલીફ ન પડે.

ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે એક મહત્વપૂર્ણ કેબિનેટ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યના પશુધન અને ગૌવંશની સુખાકારી માટે એક અત્યંત સંવેદનશીલ અને મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારે વહીવટી પ્રક્રિયાને વધુ વેગવંતી બનાવવા માટે પાંજરાપોળ અને ઘાસચારાની સ્થિતિ અંગેના નિર્ણયો લેવાની સત્તા સીધી જિલ્લા કલેક્ટરશ્રીઓને સોંપવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીશ્રી દ્વારા લેવાયેલા આ નિર્ણય મુજબ, હવેથી જિલ્લાઓમાં પાંજરાપોળની વ્યવસ્થા તેમજ ઘાસચારાની અછત કે ઉપલબ્ધતા અંગે ગાંધીનગર કક્ષાએથી મંજૂરી મેળવવાની રાહ જોવી પડશે નહીં.જિલ્લા કલેક્ટરશ્રીઓને પોતાના જિલ્લાની સ્થાનિક પરિસ્થિતિ અને જરૂરિયાત મુજબ ડાયરેક્ટ (સીધા જ) નિર્ણયો લેવાની સંપૂર્ણ સત્તા આપવામાં આવી છે. ચોમાસાની ઋતુ કે અછત જેવી પરિસ્થિતિઓમાં પાંજરાપોળોને સહાય આપવાની હોય કે ઘાસચારાની તંગી નિવારવાની હોય, કલેક્ટરશ્રીઓ પોતાના સ્તરેથી જ ત્વરિત પગલાં ભરી શકશે. પૂરગ્રસ્ત સુરત માટે સરકાર ખડેપગે, વિશેષ પેકેજ જાહેર"પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મંત્રીશ્રીએ સુરતમાં સર્જાયેલી પૂરની સ્થિતિ અંગે પણ વિગતો આપી હતી. તેમણે જણાવ્યું કે પૂરગ્રસ્તોની વહારે આવવા માટે સરકાર સંપૂર્ણપણે ખડેપગે છે. પૂરના કારણે પ્રભાવિત થયેલા લોકો અને ખાસ કરીને સ્થાનિક વેપારીઓને થયેલા નુકસાનમાંથી બેઠા કરવા માટે સરકાર દ્વારા વિશેષ રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે. વેપારીઓને કયા તબક્કે કેટલી આર્થિક સહાય ચૂકવવામાં આવશે તેની સંપૂર્ણ રૂપરેખા પણ તેમણે રજૂ કરી હતી, જેથી અસરગ્રસ્તોને ઝડપથી અને યોગ્ય મદદ મળી રહે.

# પાક.માં આતંકીઓને એઆઇ, સમુદ્ર માર્ગેથી ઘૂસવાની તાલીમ અપાય છે

નવી દિલ્હીઃ વિશ્વમાં એઆઈ સહિતની ટેક્નોલોજીનો ઉપયોગ વધી રહ્યો છે, એવામાં હવે આતંકવાદીઓ પણ ભારત પર હુમલા માટે નવી ટેક્નોલોજી અપનાવી રહ્યા હોવાનો ઘટસ્ફોટ થયો છે. પાકિસ્તાનના આતંકી સંગઠન લશ્કર-એ-તોયબાએ પોતાના સંગઠનમાં આતંકવાદીઓને એઆઈ સહિતની આધુનિક તાલીમ આપવાનું શરૂ કરી દીધુ છે, સરહદે ભારે કિલ્લેબંધી હોવાથી સમુદ્રી માર્ગેથી ઘૂસણખોરી માટે પણ તાલીમ અપાઈ રહી છે. જે આતંકવાદીઓ તૈયાર થશે તેનો ઉપયોગ ભારત પર હુમલા માટે કરવામાં આવશે તેવા અહેવાલો સામે આવ્યા છે.લશ્કર-એ-તોયબાના આતંકીઓને વિશેષ તાલીમ આપવામાં આવી રહી હોવાના વીડિયો સામે આવ્યા છે. એક વીડિયોમાં આતંકવાદીઓને પાણીમાં લાંબા સમય સુધી ટકી રહેવાની, તરવાની, ડૂબકી લગાવવા સહિતની તાલીમ આપતા જોવા મળ્યા હતા. લશ્કર-એ-તોયબાનો કમાન્ડર રાણા મોહમ્મદ અશફાક એક વીડિયોમાં સ્વિમિંગ પુલમાં ઉતરતો જોવા મળ્યો હતો. સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે તોયબાનો કમાન્ડર અન્ય આતંકવાદીઓને સમુદ્રી માર્ગેથી ભારતમાં ઘૂસણખોરીની તાલીમ આપી રહ્યો છે.આ અહેવાલો ભારત માટે એલર્ટ સમાન માનવામાં આવે છે કેમ કે ૨૬ નવેમ્બર ૨૦૦૮માં થયેલા આતંકી હુમલા માટે આતંકવાદીઓ સમુદ્રી માર્ગેથી જ ભારતમાં ઘૂસ્યા હતા. આ હુમલામાં સામેલ અઝમલ કસાબે જે જગ્યાએ સમુદ્રી તાલિમ લીધી હતી તે માંગલા ડેમમાં હાલ કેટલાક આતંકીઓ તૈયાર કરાઈ રહ્યા છે. જ્યારે અન્ય એક વીડિયો પણ સામે આવ્યો છે કે જેમાં આતંકવાદીઓ જુડો કરાટે વગેરેની તાલિમ લેતા જોવા મળ્યા હતા. એક વીડિયોમાં આતંકવાદી રાણા મોહમ્મદ અશફાક કહેતો જોવા મળ્યો હતો.

## દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાનની આસપાસ સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય : વરસાદની આગાહી

નવીદિલ્હી : દેશના ઘણા ભાગોમાં ચોમાસું હાલ સક્રિય છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ બંગાળની ખાડીમાં સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશન અને મોન્સૂન ટ્રફના પ્રભાવથી આજે ઘણા રાજ્યોમાં વરસાદ થવાની સંભાવના છે. ઉત્તર પ્રદેશ, બિહાર સહિત ઉત્તર-પૂર્વ ભારત અને પૂર્વીય રાજ્યોમાં કેટલીક જગ્યાએ ભારે વરસાદના અણસાર છે.સ્કાયમેટના અનુમાન પ્રમાણે મોન્સૂન ટ્રફ આ સમયે બીકાનેર, ચુરુ, લખનૌ, પટના, બાંકા, ડાયમંડ હાર્બરથી પસાર થઈને બંગાળની ખાડીના પૂર્વ-મધ્ય ભાગ સુધી ફેલાયેલી છે. બીજી તરફ, ઉત્તર બંગાળની ખાડી અને તેની આસપાસના વિસ્તારોમાં એક સાયક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે, જે સમુદ્ર સપાટીથી લગભગ ૫.૮ કિલોમીટરની ઊંચાઈ સુધી સક્રિય છે. આ સિવાય ઉત્તર ગુજરાત અને દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાનની આસપાસ પણ એક સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે.હવામાનની આગાહી મુજબ, ઉત્તર-પૂર્વ ભારત, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઉત્તરી આંદામાન-નિકોબાર દ્વીપસમૂહમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે કેટલીક જગ્યાએ ભારે વરસાદ થઈ શકે છે. આ સિવાય સિક્કિમ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, પૂર્વ ઉત્તર પ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.ગુજરાતમાં દક્ષિણ ગુજરાત અને કચ્છમાં હવામાન વિભાગમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

## શેખ હસીનાની વાપસીની ચર્ચા વચ્ચે નવો વળાંકઃ 'મોતની સજા પર થઈ શકે છે પુનર્વિચાર!

નવી દિલ્હીઃ બાંગ્લાદેશના રાજકારણમાં છેલ્લા કેટલાક સમયથી ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. ઓગસ્ટ ૨૦૨૪માં વ્યાપક જનઆંદોલન અને વિદ્યાર્થીઓના વિરોધ બાદ સત્તા પરથી હટીને ભારત આવેલા પૂર્વ વડાપ્રધાન શેખ હસીના હવે ફરીથી ચર્ચામાં છે. તાજેતરમાં એવા અહેવાલો સામે આવ્યા છે કે ૭૮ વર્ષીય શેખ હસીના આ વર્ષના અંત સુધીમાં પોતાની અવામી લીગ પાર્ટીને ફરી બેઠી કરવા માટે બાંગ્લાદેશ પરત ફરી શકે છે.આ સમાચારે બાંગ્લાદેશના રાજકીય માહોલમાં ગરમાવો લાવી દીધો છે, અને હવે પ્રશ્ન એ ઉભો થયો છે કે શું તેમની વાપસી શાંતિ લાવશે કે પછી ન્યાયિક અને રાજકીય સંઘર્ષનું નવું અધ્યાય શરૂ કરશે?બાંગ્લાદેશ સરકારની પ્રતિક્રિયાઃ 'ન્યાયનો સામનો કરવો પડશે'શેખ હસીનાના વાપસીના પ્લાન પર બાંગ્લાદેશના વર્તમાન વહીવટીતંત્રે આકરી પ્રતિક્રિયા આપી છે.

## જન્મદિવસની શુભકામનાઓ પાઠવી તે બદલ ભુપેન્દ્રભાઈએ વડાપ્રધાનનો આભાર માન્યો

ગાંધીનગરઃ નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવતા ભુપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે સોશિયલ મીડિયા'ટ' પર પોસ્ટ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનતા જણાવ્યું હતું કે આપના દ્રષ્ટિવંત અને પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ 'વિકસિત ભારત જ ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત અગ્રેસર ભૂમિકા ભજવવા માટે કટિબદ્ધ છે. આપે કંડારેલા માર્ગે ચાલીને, સમાજના છેવાડાના અને વંચિત માનવીના કલ્યાણને કેન્દ્રમાં રાખીને રાજ્યના સર્વાંગીણ તેમજ સર્વસમાવેશી વિકાસ માટે હું અને ટીમ ગુજરાત પૂરી નિષ્ઠા, પારદર્શિતા અને સમર્પણ ભાવથી સતત પ્રયાસરત છીએ. આપનો અવિરત સ્નેહ, આશીર્વાદ અને બહુમૂલ્ય માર્ગદર્શન અમારા માટે ઊર્જા અને પ્રેરણાનો અનંત સ્રોત છે.

# ..તો આગામી વર્ષની ચુંટણીમાં ગુજરાત સહિતના રાજયોમાં ૨ વર્ષની વિધાનસભા ટર્મ હશે

**એક દેશ એક ચુંટણી : બ્લુપ્રિન્ટ તૈયાર પણ રાજકીય પરિક્ષા બાકી : સંયુક્ત સંસદીય કમીટીએ ૨૦૨૬થી ૨૦૨૮ના વચ્ચે યોજાનારી રાજયોની ધારાસભા ચુંટણીને ૨૦૨૯ના ટાઈમટેબલ મુજબ લોકસભા કવાયત શરૂ કરી : કેટલાક રાજયોની ધારાસભા ટર્મ ૧ વર્ષ વધી શકે : અનેક રાજયોમાં ૨-૩ વર્ષમાં જ ફરી ૨૦૨૯માં લોકસભા સાથે ધારાસભા ચુંટણી યોજાશે**

નવી દિલ્હીઃ દેશમાં હવે મોદી સરકાર એક દેશ એક ચુંટણી યોજવા તૈયારી કરી રહી છે તથા એક વખત સંસદના ચોમાસુ સત્રમાં નવા સિમાંકન અને ૩૩% મહિલા અનામતનો ખરડો મંજુર થયા બાદ શિયાળુ સત્રમાંજ એક દેશ એક ચુંટણી માટેના જરૂરી બંધારણીય સુધારા સહિતના ત્રણ ખરડા મંજુર કરવા રજુ કરાશે.સરકારે આ બંને ખરડા બંધારણીય સુધારા હોવાથી બે તૃતીયાંશ બહુમતી સાથે મંજુર થાય તે જરૂરી છે અને તેથીજ હાલ રાજયસભામાં તે બહુમતીની નજીક એનડીએ પહોંચી જશે. લોકસભામાં હજુ ૪૦થી૪૪ મતોનું અંતર કાપવાનું છે અને તે માટે ભાજપ એનડીએના ફ્લોર નિષ્ણાંતો વ્યુહ બનાવી રહ્યા છે.

સરકારને ભરોસે છે કે, તેમાં સફળતા મળશે તેથી તે એક દેશ એક ચુંટણીનો ખરડો સંસદમાં મંજુર થઈ જાય પછી દેશના ૫૦% રાજયોની વિધાનસભામાં તે પસાર કરાવવામાં વાંધો આવશે નહી. ૨૨ રાજયોમાં ભાજપ સાથી પક્ષોની સરકાર છે. હવે આ અંગે સંસદીય સમીતીના સંયુક્ત કમીટીના ચેરપર્સન પી. પી.ચૌધરીએ સંકેત આપી દીધો કે ૨૦૨૯ની ચુંટણીની આ નવી વ્યવસ્થા લાગુ કરવાના ઈરાદા સાથે સરકાર આગળ વધી રહી છે અને તેનાથી દેશમાં ચુંટણીની સમગ્ર સાયકલ ફરી જશે જે માટે પણ મુખ્યમંત્રીઓ રાજકીય પક્ષોને સાથે લેવાની તૈયારી છે. તેઓએ દાવો કર્યો કે, સંયુક્ત સંસદીય કમીટીએ આ અંગે દેશભરમાં વિવિધ સંબંધીત વર્ગો સાથે ચર્ચા કરી તેમાં ૯૯% લોકો એક દેશ એક ચુંટણીના સમર્થક છે. તેઓએ દાવો કર્યો કે દેશમાં વારંવાર ચુંટણીની રૂા.૭ લાખ કરોડની નુકશાની જાય છે. તેઓએ સ્વીકાર્યુ કે, રાજયો જેની વિધાનસભા ચુંટણીઓ અલગ અલગ સમયે યોજાય છે તેને આ ચુંટણીના આ નવા શેડયુલમાં સામેલ કરવા માટે સંમત કરવા એ સૌથી મોટી કવાયત છે. જો કે ભાજપ શાસનના રાજયો સંમત થઈ જશે તેમાં ૨૦૨૭થી ૨૦૨૯ સુધીમાં જેની મુદત પુરી થાય છે તે અસર થશે. આથી અનેક રાજયોમાં ૨૦૨૯ના ચુંટણી શેડયુલમાં જોડાવા માટે ખાસ તૈયારી કરવી પડશે. તેઓએ જણાવ્યું કે, ખાસ કરીને કર્ણાટક, રાજસ્થાન, તેલંગાણા, મધ્યપ્રદેશ, છતીસગઢ, મેઘાલય, નાગાલેન્ડ, ત્રિપુરા, મીઝોરામની ચુંટણી ૨૦૨૮માં ડયુ છે તેની મુદત એક જ વર્ષની થાય તેઓની ૧ વર્ષ બાદ વિધાનસભા ભંગ કરી શકે અથવા ૨૦૨૯ સુધી લંબાવી શકાય.આવી જ રીતે ૨૦૨૭માં જયાં સુધી ડયુ છે. તેમાં ઉતરપ્રદેશ, પંજાબ, ગોવા, ઉતરાખંડ, ગુજરાત, મણીપુરમાં તેમની ચુંટણીઓ બાદ વિધાનસભાની ટર્મ ૨ વર્ષ કરીને ૨૦૨૯માં ફરી ચુંટણી યોજી શકાય તો ૨૦૨૬માં જયાં સુધી યોજાઈ તેમાં પ.બંગાળ, તામિલનાડુ, કેરળ, આસામ, પુંડુચેરી તેઓને ત્રણ વર્ષથી જ ટર્મ મળી શકે તો ૨૦૨૫માં અંતે જયાં ચુંટણી યોજાઈ હતી તે બિહાર તથા દિલ્હીમાં ૨૦૨૫માં ચુંટણી યોજાઈ હતી તેની મુદત ૧ વર્ષ ઘટી શકે છે. ૨૦૨૯માં આંધ્રપ્રદેશ, અરુણાચલ, ઓડીસા, સિકકીમ, મહારાષ્ટ્ર, હરીયાણા, ઝારખંડ, જમ્મુ-કાશ્મીરમાં તો ફકત થોડા મહિનાથી જ ટર્મ વધી શકે અથવા ત્યાં રાષ્ટ્રપતિ શાસનથી ૨૦૨૯ના મે માસમાં ચુંટણી યોજાઈ શકે. આમ સમગ્ર કવાયતની બ્લુ પ્રિન્ટ તૈયાર થઈ રહી છે.

# હવે ભારતનો વારોઃ સંયુક્ત રાષ્ટ્રની કામગીરી પર ઉઠ્યા ગંભીર સવાલો

**શુંયુનાઈટેડ નેશન્સ પોતાની પ્રસ્તુતતા ગુમાવી રહ્યું છે? ભારતની આકરી ચેતવણી અને બદલાતી વૈશ્વિક વ્યવસ્થા**

નવીદિલ્હીઃબીજા વિશ્વયુદ્ધની સમાપ્તિ બાદ જ્યારે સંયુક્ત રાષ્ટ્રની સ્થાપના કરવામાં આવી હતી, ત્યારે તેનો મુખ્ય ઉદ્દેશ્ય એક એવી સંસ્થા બનાવવાનો હતો જે વિશ્વમાં શાંતિ જાળવી રાખે અને ત્રીજા વિશ્વયુદ્ધ જેવી વિનાશક ઘટનાઓને અટકાવે. પરંતુ આજે, આઠ દાયકા બાદ, આ જ સંસ્થા પોતાના અસ્તિત્વ અને વિશ્વસનીયતાના સૌથી મોટા સંકટનો સામનો કરી રહી છે.તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ પી. હરીશે એક ગંભીર નિવેદન આપીને આંતરરાષ્ટ્રીય મંચ પર હલચલ મચાવી દીધી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, જો સુરક્ષા પરિષદમાં તાત્કાલિક સુધારા નહીં થાય, તો લોકોનો સંયુક્ત રાષ્ટ્ર પરથી ભરોસો સંપૂર્ણપણે ઉઠી જશે.સુરક્ષા પરિષદની નિષ્ફળતાઃ કેમ ઘટી રહ્યો છે ભરોસો?આજે વિશ્વના ખૂણે-ખૂણે સંઘર્ષો ચાલી રહ્યા છે. યુક્રેન-રશિયા યુદ્ધ હોય, મધ્ય-પૂર્વમાં ઈઝરાયેલ-પેલેસ્ટાઈન સંઘર્ષ હોય કે અન્ય નાના-મોટા આંતરિક ગૃહયુદ્ધો - સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ દરેક મોરચે લાચાર દેખાઈ રહી છે. પી. હરીશે આ મુદ્દે આકરા પ્રહારો કરતા જણાવ્યું કે, સુરક્ષા પરિષદ યુદ્ધોને અટકાવવામાં અને સામાન્ય નાગરિકોની માનવીય પીડાને ઘટાડવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે.જ્યારે કોઈ વૈશ્વિક સંસ્થા શાંતિ સ્થાપવા માટે બનાવવામાં આવી હોય અને તે જ સંસ્થા હિંસા રોકવામાં બેઅસર સાબિત થાય, ત્યારે તેની નૈતિક સત્તા સામે પ્રશ્નો ઉભા થવા સ્વાભાવિક છે. સુરક્ષા પરિષદનું કામ માત્ર ચર્ચાઓ કરવાનું નથી, પરંતુ નક્કર પગલાં લેવાનું છે.

## રાજકોટ - સુરેન્દ્રનગરમાં ચાંદીપુરા શંકાસ્પદ કેસ નોંધાતા હડકંપ

ગાંધીનગરઃ ગુજરાતમાં વર્ષ ૨૦૨૪માં ૮૨ બાળકોને ભરખી જનારો ચાંદીપુરા વાયરસ આ વખતે ફરી બેકાબૂ બન્યો છે અને અત્યાર સુધીમાં ૩ માસૂમ બાળકોનો ભોગ લઈ ચૂક્યો છે.

ઉત્તર અને મધ્ય ગુજરાતમાં કહેર મચાવ્યા બાદ હવે આ ઘાતક વાયરસે સૌરાષ્ટ્રમાં દસ્તક દેતા રાજકોટ સહિત સમગ્ર પંથકમાં આરોગ્ય તંત્ર અને વાલીઓની ચિંતામાં વધારો થયો છે.રાજકોટ તાલુકાના એક બાળક અને સુરેન્દ્રનગરના એક બાળકમાં ચાંદીપુરા વાયરસ જેવા લક્ષણો જોવા મળતા બંને બાળકોના સેમ્પલ તાત્કાલિક અસરથી તપાસ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. હાલ આ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે, પરંતુ પરિસ્થિતિની ગંભીરતાને જોતા સમગ્ર રાજયમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.વર્ષ ૨૦૨૫ની ટૂંકી શાંતિ બાદ ચાલુ વર્ષે ચાંદીપુરા વાયરસનું સંક્રમણ ફરી વધ્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૨૭ શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી ૩ માસૂમ બાળકોના મોત નિપજતાં દોડધામ મચી ગઈ છે. આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ્લ પાનશેરિયાના વડપણ હેઠળ યોજાયેલી ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક બાદ અધિકારીઓએ જણાવ્યું હતું કે, લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવેલા કુલ ૧૯ સેમ્પલોમાંથી ૭ સેમ્પલના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે, જ્યારે ૧૨ સેમ્પલ નેગેટિવ આવતા થોડી રાહત મળી છે. હાલમાં ૪ અન્ય બાળકો વેન્ટિલેટર સપોર્ટ પર જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છેમુખ્યત્વે ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને નિશાન બનાવતો આ વાયરસ સેન્ડફ્લાય (રેતી માખી) દ્વારા ફેલાય છે.

## પહેલા પાનાથી...

**ભારત - બ્રિટન**

લગભગ ૪૦ હજાર ઉચ્ચ મૂલ્યવાળા ટેન્ડરમાં ભાગ લેવાની તક મળશે. પરિવહન, ગ્રીન ઉર્જા અને પાયાગત માળખાના ક્ષેત્રોમાં કામકાજની ગુણવત્તામાં સુધારો થશે.

**રાજ્યમાં અતિવૃષ્ટિના**

એ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને જરૂરિયાત ઊભી થાય તે સમયે પૂરતા પ્રમાણમાં પીવાના પાણી અને સિંચાઈના પાણી ઉપલબ્ધ કરાવવા માટેનું આગોતરૂ આયોજન ઘડી કાઢવા માટે સંબંધિત વિભાગોને સૂચનાઓ આપવામાં આવશે. આ ઉપરાંત રાજ્યમાં ઝડપથી વિકાસ કામો હાથ ધરવા તેમજ રાજ્યમાં જ્યાં પણ વરસાદના કારણે ગ્રામ્ય તેમજ જિલ્લાના માર્ગો ક્ષતિગ્રસ્ત થયેલા છે તે માર્ગોનું ઝડપથી સમારકામ હાથ ધરીને વાહન વ્યવહાર યોગ્ય બનાવવા માટેની પણ વિભાગને સૂચના આપવામાં આવશે. સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિભાગો દ્વારા અત્યાર સુધીમાં ચાલુ વર્ષના બજેટમાં અમલમાં મૂકવામાં આવેલી નવી યોજનાઓના અમલીકરણ કામગીરી અંગેની સમીક્ષા કરીને અત્યાર સુધીમાં કઈ કઈ યોજનાઓ અંતર્ગત વિભાગો દ્વારા કેટલા લાભાર્થીઓને કેટલી સહાયનું વિતરણ કરવામાં આવ્યું તેમજ યોજનાનો લાભ આપવામાં આવ્યો તે અંગેની પણ સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવામાં મળે છે.

**૨૦૨૭ વિધાનસભા**

પ્રકારના સંગઠનાત્મક કાર્યક્રમ હાથ ધરવા રાજ્ય સરકાર દ્વારા કયા કયા પ્રકારના કયા વિકાસકામો હાથ ધરવા તે અંગે માર્ગદર્શન આપીને આગામી ૨૦૨૭ વિધાનસભા ચૂંટણી માટે ની રૂપરેખા ઘડી કાઢવામાં આવશે અને ચૂંટણીલક્ષી કાર્યક્રમો અત્યારથી જ શરૂ કરી દેવા માટે રોડ મેપ તૈયાર કરી દેવામાં આવશે.

**હે દાદા રાજયનું**

અને સમગ્ર રાજયના સમગ્રતયા અવિરત વિકાસ માટે પ્રાર્થના કરી હતી.મુખ્યમંત્રી એ મંદિર પરિસરમાં દર્શનાર્થીઓનું ઉષ્માપૂર્ણ અભિવાદન પણ ઝીલ્યું હતું.

**સુરતમાં આતંકી**

છે. આ પ્રકારના કેમિકલ કેસના ઉલ્લેખને પગલે સુરક્ષા એજન્સીઓએ મામલાને અત્યંત ગંભીરતાથી લીધો છે અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી ગયા છે. ધમકીનો મેલ મળતાની સાથે જ સુરત પોલીસ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDS), અને ડોગ સ્ક્વોડની સંયુક્ત ટુકડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સાવચેતીના ભાગરૂપે કચેરીઓમાં હાજર તમામ કર્મચારીઓ અને મુલાકાતીઓને તાત્કાલિક બહાર કાઢી આખી બિલ્ડિંગો ખાલી કરાવવામાં આવી હતી. હાલ બોમ્બ સ્ક્વોડ દ્વારા મેટલ ડિટેક્ટર અને આધુનિક સાધનો વડે ખૂણે-ખૂણાની સઘન તપાસ (સર્ચ ઓપરેશન) હાથ ધરવામાં આવી રહી છે. બીજી તરફ, સાયબર ક્રાઈમ બ્રાન્ચ પણ એક્ટિવ થઈ ગઈ છે અને આ ધમકીભર્યો ઈ-મેલ ક્યાંથી, કયા આઈપી એડ્રેસ પરથી અને કોણે મોકલ્યો છે તેની ટેકનિકલ તપાસ શરૂ કરી દેવામાં આવી છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ કોઈની નિત્યક્રમ ખોરવવાની શરારત છે કે કોઈ મોટું ષડયંત્ર, તે તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

**૧૦૦% પેટ્રોલ**

એક તરફ સરકાર ૧૦૦% ઈથોનોલ આધારિત ઈંધણ પોલીસી પર આગળ વધી રહી છે. તે વચ્ચે ગડકરીનું આ વિધાન મહત્વનું છે.ખાસ કરીને મોંઘી લકઝરી કાર માટે ૧૦૦% જે હાઈસ્પીડ-પેટ્રોલ હાલ ઉપલબ્ધ છે તે યથાવત રહી શકે છે. શ્રી ગડકરીએ કહ્યું કે તેઓ હંમેશા વૈકલ્પિક ઈંધણને તરફેણમાં રહ્યા છે અને ફકત ઈથેનોલ જ નહી પણ હાઈડ્રોજન, ઈલેકટ્રીક વાહનોને પણ મહત્વ આપે છે.

## ૨૦૨૬-૨૭-માં અત્યાર સુધીમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૬ ટકા વધી રૂ.૬.૫૧ લાખ કરોડ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હીઃ ચાલુ નાણાકીય વર્ષમાં કોર્પોરેટ ટેક્સ ક્લેકશનમાં વૃદ્ધિને કારણે ૧૩ જુલાઈ સુધી નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૬.૪૦ ટકા વધીને ૬.૫૧ લાખ કરોડ રૂપિયાથી વધુ થઇ ગયું છે તેમ સરકાર દ્વારા જારી આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે. નેટ કોર્પોરેટ ટેક્સ કલેક્શન ૨૨ ટકા વધીને ૨.૪૦ લાખ કરોડ રૂપિયા થઇ ગયું છે. જ્યારે નેટ નોન કોર્પોરેટ ટેક્સ (એનસીટી) કલેક્શન ૧૩ જુલાઈ સુધી ૧૨ ટકા વધીને ૩.૮૪ લાખ કરોડ રૂપિયા થઇ ગયું છે. એનસીટીમાં વ્યકિતઓ, એચયુએફ અને ફર્મ દ્વારા ચુકવવામાં આવેલ ટેક્સ સામેલ છે. આ દરમિયાન ૧.૨૨ લાખ કરોડ રૂપિયાનું રિફંડ જારી કરવામાં આવ્યું છે. જે ગયા વર્ષનાં સમાન સમયગાળાની સરખામણીમાં ૧૪.૫૭ ટકા વધારે છે. ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૬.૧૧ ટકા વધીને ૭.૭૩ લાખ કરોડ રૂપિયાથી વધુ થઇ ગયું છે. જેમાં ૩.૩૫ લાખ કરોડ રૂપિયાથી વધુનું કોર્પોરેટ ટેક્સ કલેક્શન અને ૪.૧૨ લાખ કરોડ રૂપિયાનું એનસીટી કલેક્શન સામેલ છે. સરકારે વર્તમાન નાણાકીય વર્ષમાં ડાયરેક્ટ ટેક્સથી ૨૬.૮૭ લાખ કરોડ રૂપિયા એકત્ર કરવાનું બજેટ રાખ્યું છે. જે ગત નાણાકીય વર્ષમાં એકત્ર કરવામાં આવેલા ૨૩.૪૦ લાખ કરોડ રૂપિયાની સરખામણીમાં ૧૫ ટકા વધારે છે.

## ૨૩ વર્ષ બાદ ઇરાકમાંથી સંપૂર્ણપણે બહાર નીકળશે અમેરિકન સેના, ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) ના રાજકારણમાં એક બહુ મોટો અને ઐતિહાસિક બદલાવ આવી રહ્યો છે. વર્ષ ૨૦૦૩માં સદ્દામ હુસૈનના શાસનનો અંત લાવવા માટે ઈરાકમાં પ્રવેશેલી અમેરિકન સેના હવે આગામી સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં ત્યાંથી સંપૂર્ણપણે બહાર નીકળી જશે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાકના વડાપ્રધાન અલી અલ-ઝૈદી વચ્ચે વ્હાઈટ હાઉસમાં મળેલી બેઠક બાદ આ ઐતિહાસિક સૈન્ય વાપસીની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.વ્હાઈટ હાઉસમાં યોજાયેલી સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં તમામ અમેરિકન સૈનિકો ઈરાકમાંથી સ્વદેશ પરત ફરી જશે. ટ્રમ્પે જણાવ્યું કે હવે ત્યાં અમેરિકન સેના રાખવાની કોઈ જરૂર નથી અને આગામી સમયમાં બંને દેશો વચ્ચેના સંબંધો સૈન્ય આધારિત નહીં, પરંતુ આર્થિક અને વ્યાપારી ક્ષેત્રના રહેશે. ઈરાકના પીએમ અલી અલ-ઝૈદીએ પણ આ નિર્ણયને આવકાર્યો છે.આ નિર્ણયને રણનીતિક વિશ્લેષકો ઈરાન (તેહરાન) ની એક મોટી વૈશ્વિક સફળતા તરીકે જોઈ રહ્યા છે. ઈરાન લાંબા સમયથી અમેરિકાને ઈરાક સહિત સમગ્ર મિડલ ઈસ્ટમાંથી પોતાનું સૈન્ય હટાવવા દબાણ કરી રહ્યું હતું.

# રાજ્ય કક્ષાની શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભુજના ખેલાડીઓ ઝળક્યા

**સેજલબા જાડેજા અને વાહીદ સમેજાએ મેળવ્યા ચંદ્રકો : અમદાવાદ ખાતે યોજાયેલી સ્પર્ધામાં યશદેવ સ્પોર્ટસ એન્ડ શૂટિંગ એસોસીએશનના ચાર શૂટર્સે પ્રિ-નેશનલ માટે ક્વોલિફાય કરીને કચ્છનું ગૌરવ વધાર્યું**



ભુજ - કચ્છઉદય : અમદાવાદના આંગણે યોજાયેલી ૬૨મી ગુજરાત રાજ્ય શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભુજના શૂટર્સે પોતાની અદ્ભુત રમતનું પ્રદર્શન કરીને જ્વલંત સફળતા હાંસલ કરી છે. આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં યશદેવ સ્પોર્ટસ એન્ડ શૂટિંગ એસોસીએશન તરફથી ભાગ લેનારા છ ખેલાડીઓમાંથી ચાર હોનહાર શૂટર્સે આગામી પ્રિ-નેશનલ ચેમ્પિયનશિપમાં પોતાની જગ્યા પાકી કરી લીધી છે. ખેલાડીઓની આ શ્રેષ્ઠ સિદ્ધિને પગલે સ્થાનિક રમતજગતમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ સ્પર્ધાના પરિણામો પર નજર કરીએ તો, ભુજના મહિલા શૂટર સેજલબા સિદ્ધરાજસિંહ જાડેજાએ ૨૫ મીટર સ્પોર્ટસ પિસ્તોલની વ્યક્તિગત કેટેગરીમાં અદભુત નિશાનબાજી કરીને રજત ચંદ્રક પોતાના નામે કર્યો હતો. બીજી તરફ, યુવા શૂટર વાહીદ મજીદ સમેજાએ ૫૦ મીટર રાઈફલ પ્રોન ઈવેન્ટમાં પોતાની કુશળતાનો પરિચય આપતા જુનિયર, યૂથ અને સબ યૂથ એમ ત્રણ અલગ-અલગ કેટેગરીમાં કુલ ત્રણ મેડલ મેળવ્યા હતા, જેમાં એક સુવર્ણ અને બે રજત ચંદ્રકનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એસોસિએશનના અન્ય બે ખેલાડીઓ દીપ થાનકી અને પુનિતસિંહ પરમારે પણ સારો દેખાવ કરીને જરૂરી મિનિમમ ક્વોલિફિકેશન સ્કોર પ્રાપ્ત કર્યો છે અને પ્રિ-નેશનલ ચેમ્પિયનશિપની ટિકિટ મેળવી લીધી છે. કચ્છના આ શૂટર્સની શાનદાર સફળતા પાછળ તેમના કોચ સિદ્ધરાજસિંહ જાડેજા દ્વારા આપવામાં આવેલી સખત તાલીમ અને સચોટ માર્ગદર્શન મુખ્ય આધાર સ્તંભ રહ્યા છે. રાજ્ય સ્તરે ભુજ અને સંસ્થાનું નામ રોશન કરનારા આ તમામ વિજેતા અને ક્વોલિફાય થયેલા ખેલાડીઓ પર યશદેવ સ્પોર્ટસ એન્ડ શૂટિંગ એસોસીએશન પરિવાર તરફથી અભિનંદન અને શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

# ભુજમાં મોન્સૂન હસ્તકલા હાટ પ્રદર્શન-સહ-વેચાણ મેળાનો પ્રારંભ

**ગુજરાત સરકારના કુટીર અને ગ્રામ ઉદ્યોગ વિભાગ હસ્તકના ઈન્ડેક્સ્ટ-સી દ્વારા ભુજ હાટ ખાતે પરંપરાગત કારીગરીને પ્રોત્સાહન આપવા અનોખું આયોજન : ૨૭ જુલાઈ સુધી કારીગરો પાસેથી સીધી ખરીદીની સુવર્ણ તક**





ભુજ - કચ્છઉદય : સ્થાનિક કલા-કસબ અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વોકલ ફોર લોકલ' અને આત્મનિર્ભર ભારત અભિયાનને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે ભુજ ખાતે 'મોન્સૂન હસ્તકલા હાટ' પ્રદર્શન-સહ-વેચાણ મેળાનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારના કુટીર અને ગ્રામ ઉદ્યોગ વિભાગ હેઠળની કમિશનર કચેરી તેમજ ઈન્ડસ્ટ્રીયલ એક્સ્ટેન્શન કોટેજ એટલે કે ઈન્ડેક્સ્ટ-સી, ગાંધીનગર દ્વારા આયોજિત આ મેળાનું મંગળવારે સાંજે સાડા છ વાગ્યે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના લોકકલ્યાણકારી વિઝન અંતર્ગત 'હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી'ના નારાને સાર્થક કરવા માટે આ પ્રદર્શન ખુલ્લું મુકાયું છે. આ કાર્યક્રમનો મુખ્ય સંકલ્પ હસ્તકલાના અદ્ભુત વારસાને સાચવતા આપણા સ્થાનિક કારીગરોની સમૃદ્ધિ અને તેમનું આર્થિક સશક્તિકરણ કરવાનો છે.

ભુજમાં મુંદ્રા રોડ પર રિલાયન્સ મોલની સામે આવેલા ભુજ હાટ ખાતે શરૂ થયેલો આ મેળો આગામી ૨૭ જુલાઈ સુધી સતત ચાલુ રહેશે, જેનો સમય દરરોજ બપોરે ૧ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. આ ભવ્ય પ્રદર્શનમાં મુલાકાતીઓ માટે પ્રવેશ અને પાર્કિંગની સુવિધા સંપૂર્ણપણે વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મોન્સૂન હસ્તકલા હાટમાં રાજ્યના ખૂણે-ખૂણેથી આવેલા કુશળ કારીગરોના હાથે બનેલી વિવિધ કલાત્મક ચીજવસ્તુઓ જેવી કે હાથસાળ, હસ્તકલા, પરંપરાગત ભરતકામ, મોતીકામ, ચર્મકામ, માટીકામ, આકર્ષક જ્વેલરી, વાંસકામ તેમજ ગૃહ સુશોભનની અનેક ચીજવસ્તુઓ પ્રદર્શન અને વેચાણ માટે મૂકવામાં આવી છે. આ મેળો કલારસિકો અને સામાન્ય જનતા માટે વચેટીયાઓ વગર સીધા જ કારીગરો પાસેથી વાજબી ભાવે ખરીદી કરવાની અને દેશની પરંપરાગત સંસ્કૃતિને આર્થિક ટેકો પૂરો પાડવાની એક ઉત્તમ સુવર્ણ તક પૂરી પાડે છે.

આ પ્રસંગે જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ પારૂલબેન કારા, માનવ જ્યોત સંસ્થાના પ્રબોધ મુનવર, નયનાબેન ગોસ્વામી વગેરે હાજર રહ્યા હતા. વ્યવસ્થા ભુજ હાટના ઈન્ચાર્જ નજીરભાઈ રાયમાએ સંભાળી હતી.

# ભુજમાં સેવાકીય કાર્યોના પ્રણેતા સ્વ.તારાચંદભાઈ છેડાની ૭૫મી જન્મજયંતિ નિમિત્તે સેવા યજ્ઞ

**નિઃશુલ્ક આયુર્વેદ નિદાન કેમ્પ, સ્કેટિંગ અને ચેસ ક્લાસ તેમજ રાહત દરે જૈન સાઉથ ઈન્ડિયન ફૂડ કોર્નરનો પ્રારંભ કરાયો**



ભુજ - કચ્છઉદય : સેવા હી સાધનાના મંત્રને જીવનમંત્ર બનાવનાર અને અનશનવ્રતધારી જૈન સમાજરત્ન સ્વ. તારાચંદભાઈ છેડાની ૭૫મી જન્મજયંતિની ભુજ મધ્યે વિવિધ લોકઉપયોગી સેવાકીય પ્રવૃત્તિઓ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કચ્છી વીશા ઓસવાળ જૈન મહાજન ભુજના પ્રમુખ જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ અમરસન્સ ભવન ખાતે સંચાલિત રતનશી ટોકરશી વોરા મેડીકલ ચેકઅપ સેન્ટર ખાતે નિઃશુલ્ક આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. આ કેમ્પનો શુભારંભ સંસ્થાના ટ્રસ્ટી ગીરીશભાઈ છેડા, હંસાબેન તારાચંદભાઈ છેડા, સખીવૃંદના પ્રમુખ પ્રીતિબેન છેડા, વૈદ્ય ડૉ. પ્રતીકભાઈ પંડ્યા અને વિશ્વ હિન્દુ પરિષદના કૃષ્ણકાંતભાઈ પંડ્યા સહિતના મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ટ્રસ્ટી ગીરીશભાઈ છેડાએ જણાવ્યું હતું કે, વડીલ મુરબ્બી તારાચંદભાઈ છેડાએ શરૂ કરેલી સેવાકીય સરવાણીને અવિરત આગળ ધપાવી છેવાડાના માનવી સુધી ઉત્તમ અને મફત આરોગ્ય સેવા પહોંચાડવા સંસ્થા કટિબદ્ધ છે. આવા આયોજનો થકી સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણમાં ખભેખભા મિલાવી યોગદાન આપવામાં આવશે. આ તકે ઉપસ્થિત રહેલા કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદે સ્વ. તારાચંદભાઈ છેડાને શ્રદ્ધાસુમન અર્પણ કરી જીગર છેડાના નેતૃત્વમાં થઈ રહેલી જનકલ્યાણની પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને આનંદ વ્યક્ત કર્યો હતો. કેમ્પમાં સેવા આપનાર સુપ્રસિદ્ધ આયુર્વેદાચાર્ય વૈદ્ય ડૉ. પ્રતીકભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી વૈશ્વિક સ્તરે આયુર્વેદ પ્રત્યે લોકોનો ભરોસો વધ્યો છે. આડઅસર રહિત આયુર્વેદ, યોગ અને કુદરતી ઉપચાર પદ્ધતિ દ્વારા જટિલ અને અસાધ્ય રોગોને જડમૂળથી નાબૂદ કરી શકાય છે. આવા કેમ્પથી સામાન્ય વર્ગને મોંઘીદાટ એલોપેથિક દવાઓ અને તેની આડઅસરથી મુક્તિ મળે છે. આ કેમ્પમાં પધારેલા તમામ દર્દીઓને નિઃશુલ્ક તપાસ સાથે જરૂરી આયુર્વેદિક દવાઓ વિનામૂલ્યે આપવામાં આવી હતી. સખીવૃંદના પ્રમુખ પ્રીતિબેન છેડાએ ઉમેર્યું હતું કે, ડૉ. પ્રતીકભાઈ પંડ્યા દર સોમવાર અને મંગળવારે સવારે ૧૦:૩૦ થી ૧ અને સાંજે ૪ થી ૭ દરમિયાન ક.વી.ઓ. સંકુલના અમરસન્સ ભવન મધ્યે કાયમી સેવા આપે છે, જેનો દર્દીઓને લાભ લેવા અનુરોધ છે.

આ સાથે, ભુજના લોકોને શુદ્ધ અને સાત્વિક ભોજન મળી રહે તે માટે છેલ્લા ૨૭ વર્ષથી ચાલતા નવનીત ભોજનાલય અંતર્ગત સમયની માંગને અનુરૂપ જૈન સાઉથ ઈન્ડિયન ફૂડ કોર્નરનો શુભારંભ કરાયો હતો. પરમ પૂજ્ય ગુરુદેવ માતા સ્વરૂપા ભારતીજી, હંસાબેન છેડા, ગીરીશભાઈ છેડા અને પ્રીતિબેન છેડા સહિતના આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિમાં આ ફૂડ કોર્નર ખુલ્લું મુકાયું હતું, જ્યાં દરરોજ સાંજે ૬ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી જાહેર જનતા માટે રાહત દરે સાઉથ ઈન્ડિયન વાનગીઓ પીરસવામાં આવશે અને અહીં પાર્સલ તેમજ શુભ પ્રસંગોના ઓર્ડર પણ સ્વીકારવામાં આવશે.

બાળકોના સર્વાંગી વિકાસ માટે સંસ્થાના પટાંગણમાં સ્કેટિંગ અને ચેસના રાહત દરના ક્લાસ શરૂ કરાયા છે. દર મંગળવાર, ગુરુવાર અને શનિવારે સાંજે ૬ થી ૭:૩૦ વાગ્યા સુધી દર્શનભાઈ વાઘેલા દ્વારા સ્કેટિંગ ક્લાસ ચલાવાશે, જેનો લાભ લેવા ખજાનચી હરેશભાઈ ગોગરીએ અનુરોધ કર્યો છે. તેમજ સખીવૃંદ સંચાલિત ચેસ એકેડમી ખાતે માસ્ટર સંજયભાઈ દાવડા દ્વારા મંગળવાર, ગુરુવાર અને શનિવારે સાંજે ૬:૩૦ થી ૮:૩૦ દરમિયાન ચેસના વર્ગો ચાલશે. પ્રીતિબેન છેડાએ જણાવ્યું હતું કે, ચેસ માત્ર રમત નથી પણ વિચાર, ધીરજ અને વિજય મેળવવાની અદભુત કલા છે.

આ સમગ્ર આયોજનમાં વિશ્વ હિન્દુ પરિષદના કીર્તિભાઈ જાટીયા, ચંદુભાઈ રૈયાણી, મહાદેવભાઈ વીરા, નાજાભાઈ ભરવાડ તેમજ કિસાન આગેવાન વિનોદભાઈ રામજીયાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત લખનઉના આયુર્વેદ નિષ્ણાત ડૉ. અરુણ યાદવ, ડૉ. દીક્ષાબેન પ્રજાપતિ, વિશાલ પંડ્યા અને સુનિલ મહેશ્વરીએ દર્દીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જનરલ મેનેજર અંકિત ગાલા, હરનીશભાઈ મહેતા અને કર્મયોગીઓ કેયુર તેમજ ભાવિકે જહેમત ઉઠાવી હતી.

# જિંદાલ કંપનીના દ્વારા મોટા કપાયા કુમાર શાળામાં યુનિફોર્મ વિતરણ



મુંદરા - કચ્છઉદય : મોટા કપાયા કુમારશાળા ખાતે જિંદાલ કંપની, સમાઘોઘાના સૌજન્યથી શાળા પરિસરમાં વિદ્યાર્થીઓને બાલવાટિકાથી ધોરણ આઠ સુધીના વિદ્યાર્થીઓને નિશુલ્ક યુનિફોર્મ વિતરણ કાર્યક્રમ પ્રિન્સિપાલ દેવાંગીબેન ભારવાડીયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે રિષભભાઈ ખન્ના (એડમિન હેડ), નવનીતભાઈ આહીર, પરાક્રમસિંહ સરવૈયા તથા નિલેશભાઈ મહેશ્વરી, કુમાર શાળા એસએમસીના અધ્યક્ષ દિપ્તીબા જાડેજા તથા સમિતિના સભ્યો વાલીગણ તેમજ શાળાનો સ્ટાફ, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીઓએ સમૂહ પ્રાર્થનાથી કરી હતી ત્યારબાદ શાળાના પ્રિન્સિપાલ દેવાંગીબેન ભારવાડીયા દ્વારા વર્ષ દરમિયાન શાળામાં કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ આપી મંચસ્થ મહેમાનોનું પુષ્પગુચ્છ સાલ દ્વારા જાહેર અભિવાદન કરવામાં આવ્યું હતું. ભારતીબેન જેઠવા દ્વારા પ્રમાણપત્રકનું વાચન કરવામાં આવ્યું હતું .

આ પ્રસંગે જિંદાલ કંપની દ્વારા મંચસ્થ મહેમાનોના હસ્તે શાળાના વિદ્યાર્થીઓને નિશુલ્ક યુનિફોર્મ આપવામાં આવ્યા હતા. ઉપરાંત લીલાભાઈ રબારીના સહયોગથી બાલવાટિકાના ૧૭ બાળકોને બે જોડી અલગથી યુનિફોર્મ આપવામાં આવ્યા હતા. શાળા પરિવાર દ્વારા જિંદાલ કંપની સમાઘોઘાના કર્મચારી ગણ લીલાભાઈ રબારી તેમજ મંચસ્થ મહાનુભવો દ્વારા આ શાળાના બાળકોની યુનિફોર્મ વિતરણ માટે પસંદગી કરવા બદલ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે દિનેશભાઈ કુકડીયા સહિત શાળાના તમામ શિક્ષકગણ અને સ્ટાફે જહેમત ઉઠાવી હતી. સંચાલન ભારતીબેન મહેશ્વરીએ તેમજ આભારવિધિ હેમાલીબેન સોલંકીએ કરી હતી.

# ભુજમાં ઓનલાઈન ક્રિકેટ સટ્ટાનું રેકેટ ઝડપાયું

**ઈન્ડિયા-ઈંગ્લેન્ડ વનડે મેચ પર મોબાઈલથી સટ્ટો રમાડતા બે શખ્સ ઝડપાયા; રૂ.૧ લાખના મોબાઈલ જપ્ત, બે આરોપી વોન્ટેડ**

ભુજ - કચ્છઉદય : પશ્ચિમ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચે ભુજના એરપોર્ટ રોડ વિસ્તારમાં ઓનલાઈન ક્રિકેટ સટ્ટા સામે કાર્યવાહી કરતાં બે શખ્સોની ધરપકડ કરી છે. ઈન્ડિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ૫૦ ઓવરની વનડે મેચ પર મોબાઈલ ફોન મારફતે સટ્ટો રમાડતા બંને આરોપીઓ પાસેથી રૂ.૧ લાખના બે મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે. ઉપરાંત સમગ્ર કૌભાંડમાં સંડોવાયેલા અન્ય બે શખ્સોને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે.પોલીસને ખાનગી બાતમી મળી હતી કે સતલુજ હોટલ નજીક પાન પાર્લરની બહાર બે યુવાનો ઓનલાઈન ક્રિકેટ સટ્ટો સંચાલિત કરી રહ્યા છે. જેના આધારે ૧૪ જુલાઈએ સાંજે એલસીબીની ટીમે પંચોની હાજરીમાં દરોડો પાડી સીમંધર સીટી ભક્તિપાર્કમાં રહેતા હેત નયનભાઈ ડુડીયા (ઉં.વ.૨૦) અને નરનારાયણ નગરમાં રહેતા મીહીર મહેન્દ્રભાઈ મજેઠીયા (ઉં.વ.૨૭)ને ઝડપી પાડ્યા હતા. તપાસ દરમિયાન આરોપીઓના મોબાઈલમાં 'ક્રિકેટ ગુરૂ' એપ્લિકેશન મારફતે લાઈવ સ્કોર જોઈ સટ્ટો રમાડવામાં આવતો હોવાનું બહાર આવ્યું હતું. ઉપરાંત 'વેગાસ બુક - ૯ ડોટ કોમ'ના માસ્ટર આઈડી અને પાસવર્ડ પણ મળી આવ્યા હતા, જેમાં અંદાજે રૂ.૪.૯૭ લાખનું બેલેન્સ હોવાનું સામે આવ્યું છે. આરોપીઓ આ માસ્ટર આઈડીમાંથી અન્ય લોકોને અલગ-અલગ આઈડી આપી ક્રિકેટ મેચ પર હારજીતનો જુગાર રમાડતા હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. કાર્યવાહી દરમિયાન રૂ.૫૦ હજાર કિંમતનો સેમસંગ ફોલ્ડ-૭ અને રૂ.૫૦ હજાર કિંમતનો એપલ આઈફોન ૧૬ પ્રો મેક્સ સહિત કુલ રૂ.૧ લાખનો મુદ્દામાલ તેમજ સટ્ટાના સ્ક્રીનશોટ કબજે લેવામાં આવ્યા હતા.આ કેસમાં માધાપરના મીત પ્રેમજીભાઈ ભટ્ટી અને ભુજના લાભશુભ સોસાયટીના પુર્વદીપસિંહ જાડેજાને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. સમગ્ર મામલે ભુજ શહેર એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુજરાત જુગાર અધિનિયમની કલમ ૧૨(એ) હેઠળ એ ડીવીઝનમાં ગુનો નોંધાયો છે.

# ભુજમાં કચ્છ કાર્નિવલ મહોત્સવને પગલે વૈકલ્પિક માર્ગો જાહેર કરાયા

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના ભુજ શહેરમાં આવતીકાલે કચ્છ કાર્નિવલ મહોત્સવનું હમીરસર તળાવ પાસે આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ દરમિયાન કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફિકની સ્થિતિ જળવાઈ રહે તે માટે ભુજના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ પાર્થ કોટડીયા દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ હેઠળ એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામા અનુસાર મહોત્સવના દિવસે રાત્રિના ૯ કલાકથી ૧૨ કલાક સુધી હમીરસર તળાવ તરફ આવતા અને તેની આસપાસના નિયત કરાયેલા વિવિધ માર્ગો પર સામાન્ય વાહનોની અવરજવર માટે સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને વાહનચાલકો માટે વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા કરવામાં આવી છે. જાહેરનામાની વિગત અનુસાર, રઘુવંશીનગર તથા મંગલમ ચાર રસ્તા તરફથી ખેંગાર પાર્ક ત્રણ રસ્તા તરફ આવતા વાહનોને ગાયત્રી મંદિર સામે વ્યાયામ શાળા ત્રણ રસ્તાથી બંધ કરવામાં આવશે તેમજ સંજોગનગર તથા કોડકી ત્રણ રસ્તા તરફથી ખેંગાર પાર્ક ત્રણ રસ્તા તરફ આવતા વાહનોને પાટવાડી નાકા ચાર રસ્તાથી રોકવામાં આવશે. આ ઉપરાંત, મંગલમ ચાર રસ્તાથી ઉમેદનગર થઈ લેકવ્યુ હોટેલ ચાર રસ્તા (હમીરસર) તરફ આવતા માર્ગને ઉમેદનગર પુલીયા પાસેથી અને ટાઉન હોલ તરફથી હમીરસર તળાવ તરફ આવતા માર્ગને એ-ડિવિઝન પોલીસ સ્ટેશનની સામેના ભાગેથી બંધ રાખવામાં આવશે. ઘનશ્યામનગર તરફથી હમીરસર તળાવ તરફ આવતા માર્ગને સોમનાથ મંદિર પાછળના ત્રણ રસ્તા પાસેથી જ્યારે બસ સ્ટેશન તરફથી હમીરસર તળાવ તરફ આવતા માર્ગને ઓલ્ફ્રેડ સ્કૂલના મેઈન ગેટ સામેથી બંધ કરવામાં આવશે. આશાપુરા માતાજીના મંદિર તરફથી ઉપલીપાળ થઈ હમીરસર તળાવ તરફ આવતા માર્ગને પણ આશાપુરા મંદિર પાસે આવેલ ત્રણ રસ્તાથી બંધ રાખવાનો આદેશ કરાયો છે. આ પ્રતિબંધિત સમયગાળા દરમિયાન વાહનચાલકોની સુવિધા માટે વૈકલ્પિક માર્ગો જાહેર કરવામાં આવ્યા છે. જે મુજબ પાટવાડી નાકાથી મંગલમ ચાર રસ્તા તથા રઘુવંશીનગર ચાર રસ્તા તરફ જવા-આવવા માટે રાવલવાડી થઈ કોડકી રોડનો ઉપયોગ કરી શકાશે. મંગલમ ચાર રસ્તાથી ઉમેદનગર થઈ લેકવ્યુ હોટેલ ચાર રસ્તા તરફ આવતા વાહનો કોલેજ રોડ તરફથી જઈ શકશે. ટાઉન હોલ તરફથી હમીરસર તળાવ તરફ જતા વાહનો જુબિલી સર્કલ તરફથી વી.ડી. હાઈસ્કૂલ થઈને પસાર થઈ શકશે અને ઘનશ્યામનગર તરફથી હમીરસર તળાવ તરફ આવતા વાહનો વી.ડી. હાઈસ્કૂલ થઈ જુબિલી સર્કલ તથા બસ સ્ટેશન તરફ જઈ શકશે. આ સાથે બસ સ્ટેશન તરફથી હમીરસર તરફ આવતા વાહનો છઠ્ઠી બારી રીંગ રોડથી આશાપુરા રીંગ રોડ થઈ અથવા ઓપન એર થિયેટર થઈ વી.ડી. હાઈસ્કૂલ માર્ગ થઈ જ્યુબીલી સર્કલ જઈ શકશે, જ્યારે આશાપુરા રીંગ રોડ તરફથી બસ સ્ટેશન તરફ આવતા વાહનો આશાપુરા રીંગ રોડ થઈ છઠ્ઠી બારી રીંગ રોડ થઈને બસ સ્ટેશન તરફ જઈ શકશે. જોકે, આ જાહેરનામાના પ્રતિબંધોમાંથી સરકારી વાહનો, સરકારી કામમાં રોકાયેલા વાહનો, પશ્ચિમ કચ્છ-ભુજના પોલીસ અધિક્ષક દ્વારા અધિકૃત કરાયેલા વાહનો, એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડના વાહનોને મુક્તિ આપવામાં આવી છે.

# અદાણી ગ્રુપનો નવો રેકોર્ડ : ૩ વર્ષમાં ટોપ-૧૦માં આવનારી સૌથી ઝડપી કંપની

**અદાણી ગ્રુપ માત્ર ત્રણ વર્ષમાં "બ્રાન્ડ ફાઈનાન્સ ઈન્ડિયા ૧૦૦ રિપોર્ટ ૨૦૨૬"માં ૮મા ક્રમે, ભારતના ટોપ-૧૦ સૌથી મૂલ્યવાન બ્રાન્ડ્સમાં સામેલ થયું**

ગાંધીધામ - કચ્છઉદય : વિશ્વની અગ્રણી સ્વતંત્ર બ્રાન્ડ વેલ્યુએશન કન્સલ્ટન્સી 'બ્રાન્ડ ફાઈનાન્સ' દ્વારા જાહેર કરાયેલા "બ્રાન્ડ ફાઈનાન્સ ઈન્ડિયા ૧૦૦ રિપોર્ટ ૨૦૨૬"માં અદાણી ગ્રુપે પ્રથમ વખત ભારતના ટોપ-૧૦ સૌથી મૂલ્યવાન બ્રાન્ડ્સમાં સ્થાન મેળવ્યું છે. આ સાથે અદાણી પાવરને દેશની નં. ૧ એનર્જી બ્રાન્ડ જાહેર કરવામાં આવી છે. અદાણી ગ્રુપ ગયા વર્ષના ૧૩મા ક્રમેથી છલાંગ લગાવીને ૮મા ક્રમે પહોંચ્યું છે, અને માત્ર ત્રણ વર્ષમાં ભારતના ટોપ-૧૦ માં પ્રવેશનારી સૌથી ઝડપી કંપની બની છે. બ્રાન્ડ ફાઈનાન્સના મૂલ્યાંકન અનુસાર, અદાણી ગ્રુપની બ્રાન્ડ વેલ્યુ ગત વર્ષના ૬.૪૬ અબજથી વધીને ૮.૪૮ અબજ (અદાણી વિલ્મર અને સંકળાયેલી કન્ઝ્યુમર બ્રાન્ડ્સના આશરે ૫૦૦ મિલિયન બાદ કરતાં) થઈ છે. આ ૩૧.૩ ટકાનો ઉછાળો ભારતના ટોપ-૨૦ બ્રાન્ડ્સમાં સૌથી વધુ છે, જે અદાણી ગ્રુપને દેશનું ત્રીજું સૌથી મોટું મૂલ્યવાન કન્ગ્લોમરેટ બનાવે છે. ગ્રુપે ભારતના ટોપ-૨૫ સૌથી મૂલ્યવાન બ્રાન્ડ્સમાં ત્રણ વર્ષમાં સૌથી મોટો ગ્રોથ નોંધાવ્યો છે અને ૧૫ સ્થાનની પ્રગતિ કરી છે. માત્ર છેલ્લા એક વર્ષમાં જ ગ્રુપે તેની બ્રાન્ડ વેલ્યુમાં ૨.૦૨ અબજનો ઉમેરો કર્યો છે, જે વર્ષ ૨૦૨૨માં તેની કુલ વેલ્યુએશન કરતાં પણ વધુ છે. અદાણી પાવર ભારતની સૌથી મૂલ્યવાન એનર્જી બ્રાન્ડ તરીકે ઉભરી આવી છે, જેની બ્રાન્ડ વેલ્યુ ૧૫૨ ટકાના તોતિંગ ઉછાળા સાથે ૧.૮ અબજ થઈ છે. આ સેક્ટરમાં ગ્રુપના નેતૃત્વને વધુ મજબૂત કરતા, અદાણી ગ્રીન એનર્જી અને અદાણી એનર્જી સોલ્યુશન્સ પણ ભારતના ટોપ-૫ એનર્જી બ્રાન્ડ્સમાં સ્થાન પામ્યા છે, જ્યારે અદાણી ટોટલ ગેસ રેંકિંગમાં ગ્રુપની હાજરીને વધુ મજબૂત બનાવે છે.

બ્રાન્ડ ફાઈનાન્સના એશિયા પેસિફિકના મેનેજિંગ ડિરેક્ટર એલેક્સ હેગે જણાવ્યું હતું કે, ભારતની ટોપ-૧૦ સૌથી મૂલ્યવાન બ્રાન્ડ્સમાં અદાણી ગ્રુપનો પ્રવેશએ વ્યવસાયની મજબૂતી દર્શાવે છે, જે ભારતની વિકાસગાથા સાથે જોડાયેલ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લોજિસ્ટિક્સ અને એનર્જી ક્ષેત્રે તેની વિસ્તરતી હાજરી દ્વારા, ગ્રુપે દેશની સૌથી મહત્વપૂર્ણ આર્થિક પ્રાથમિકતાઓને ટેકો આપતી બ્રાન્ડ્સનો એક શક્તિશાળી પોર્ટફોલિયો બનાવ્યો છે. અદાણી ગ્રુપના વધતા બ્રાન્ડ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ પર રિપોર્ટમાં પ્રકાશ પાડવામાં આવ્યો છે. તેનો સ્કોર ૩.૬ પોઈન્ટ વધીને ૮૪ થયો છે, જે ગ્રુપને આઠ સ્થાનના ફાયદા સાથે ૧૮મા ક્રમે લાવે છે. ભારતના ટોપ-૨૦ કંપનીઓમાં, ગ્રુપે બ્રાન્ડ સ્ટ્રેન્થમાં સૌથી ઝડપી અગ્રતા નોંધાવી છે, જે આ વૈવિધ્યસભર કન્ગ્લોમરેટને ભારતના સૌથી સ્થાપિત કન્ઝ્યુમર અને રિટેલ બ્રાન્ડ્સની હરોળમાં મૂકે છે. આ ગ્રોથ ગ્રાહકો અને હિસ્સેદારોમાં વધતી ઓળખ, વિશ્વાસ અને આત્મવિશ્વાસનું પ્રતિબિંબ છે. રેંકિંગ બ્રાન્ડ ફાઈનાન્સની વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત પદ્ધતિ પર આધારિત છે, જે લાંબા ગાળાના બ્રાન્ડ મૂલ્યનું મૂલ્યાંકન કરવા માટે ગ્રાહકોની ધારણા, બ્રાન્ડ પ્રભાવ અને અંદાજિત આવકને જોડે છે.




આવતીકાલે ભુજમાં યોજાનારા કાર્નિવલને લઈને પોલીસ દ્વારા રિહર્સલ કરવામાં આવ્યું હતું. એ ડિવિઝન પીઆઈ એમ.આર. નકુમની આગેવાનીમાં પોલીસ દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. પેન્સર્નસ ઓટલાથી ખેંગારબાગ સુધી પબ્લિક માટે બેસવાની વ્યવસ્થા તેમજ અલગ અલગ સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. લોકોને અગવડતા ન પડે તે માટે આખા રૂટ પર રિહર્સલ કરવામાં આવ્યું હતું. આજે રાત્રીથી રસ્તાઓ બંધ થશે.

## કાળી તલાવડીમાં કરંટ લાગતા યુવાનનું મોત

ભુજ - કચ્છઉદય : તાલુકાના કાળી તલાવડી ગામે વાઘેશ્વરી કંપનીમાં કરંટ લાગતા યુવાનનું મોત થયું હતું. આ બાબતે જી.કે. જનરલ હોસ્પિટલ ચોકીમાંથી જાણવા મળતી વિગતો મુજબ ૧૮ વર્ષિય અમનકુમાર વિરેન્દ્રરાય કંપનીમાં હતા ત્યારે મશીનનું કામ કરતી વખતે કરંટ લાગતા સારવાર માટે જી.કે. જનરલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન મોત થતાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી.

## બોલેરો પલટી મારી ગઈ



નખત્રાણા જુનાવાસમાં બોલેરો કાર પલટી ગઈ હતી. સદનસીબે કોઈને જાનહાનિ થઈ નથી પરંતુ દુકાનના પગથિયા તથા ગાડીને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. ડ્રાઈવરને સામાન્ય ઈજા થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. રહેણાંક વિસ્તારમાં આવી રીતે બે ફામ ચાલતી ગાડીઓ કોક દી મોટું નુકસાન કરી શકે છે એવું સ્થાનિકોએ જણાવ્યું હતું. સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવતા બોલેરો ગાડી પલટી ગઈ હોવાનું જાણવા મળ્યું હતું.

# અબડાસા તા. તલાટી મંડળ દ્વારા મહેસુલી કામગીરી બંધ કરવા બાબતે આવેદનપત્ર




નલિયા - કચ્છઉદય : અબડાસા તાલુકા તલાટી મંડળ દ્વારા ગ્રામ્ય કક્ષાએ તલાટી કમ મંત્રી દ્વારા પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ ઉપરાંત મહેસુલી વિભાગોની કામગીરી તલાટી કમ મંત્રી દ્વારા કરવામાં આવે છે. તે બાબતે ગુજરાત રાજ્ય તલાટી મંડળ અને કચ્છ જિલ્લા તલાટી મંડળના આદેશ મુજબ તેમજ સ્પષ્ટ અને સુવ્યસ્તિત જોબ ચાર્ટ ન હોવાથી તેમના પર અસંગત તથા કામગીરીનો બોજ સતત વધી રહ્યો છે જેના પરિણામે પંચાયત અને ગ્રામ વિકાસની મૂળ કામગીરી ઉપર પ્રતિકૂળ અસર થઈ રહી છે. એ બાબતે અબડાસા પ્રાંત અધિકારી ચેતન પ્રજાપતિ, અબડાસા મામલતદાર એ.આર. નિનામા અને અબડાસા ઈન્ચાર્જ ટેડીઓ જીગ્નેશ પરમારને મહેસુલ વિભાગની કામગીરી અબડાસા તલાટી મંડળ પણ બંધ કરશે.

આવેદનપત્ર મુજબ કાયમી ખરડો, ફોરેસ્ટ રજીસ્ટર, ગામતળના રસ્તા, જમીન મહેસુલ નિયમ ૮૧, સિવાયની જમીન, ઈનામી જમીન ,હકપત્રક, ઠરાવ બંધ પત્રક, આવક જાવક રજીસ્ટર અને રેશનકાર્ડ અંતર્ગત તેમજ લેન્ડ ગ્રેબિંગ હેઠળની તપાસ, આધારકાર્ડ વેરીફિકેશન સહિતની કુલ, બાવન, મહેસુલી કામગીરીઓ અબડાસા તલાટી મંડળ પણ બંધ કરશે તેવી રજૂઆત કરવામાં આવી હતી. આવેદનપત્ર પાઠવવામાં અબડાસા તલાટી મંડળ પ્રમુખ સંજય પરમાર, ઉપપ્રમુખ શ્રદ્ધાબેન ખેર, મહામંત્રી નરેશ બાદરપુરીયા, સહમંત્રી હાર્દિક પરમાર, જિલ્લા પ્રતિનિધિ હર્ષ શાહ, ગોવિંદ મહેશ્વરી, સંજય રાજપૂત અને મહિલા પ્રતિનિધિ ડાભી રિદ્ધિબેન અને ઓડિટર કલ્પ ઠાકર સહિતના તલાટીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## દરશડી અને લક્ષ્મીપર તરામાં યુવાનનો આપઘાત

ભુજ - કચ્છઉદય : માંડવી તાલુકાના દરશડી ગામે યુવાને આપઘાત કર્યો હતો. આ બાબતે ગઢશીશા પોલીસમાંથી મળતી વિગતો મુજબ દરશડીથી કોજાચોરા જતા રોડ પર પિતૃકૃપા મીનરલ્સ મીલમાં આ બનાવ બન્યો હતો. દરશડી ગામના ૩૦ વર્ષિય ભીખુભા નારાણજી જાડેજાએ કોઈ અગમ્ય કારણોસર મીલમાં આવેલ શેડમાં લોખંડના પીલ્લરમાં રસ્સા વડે ફાંસો ખાઈ મોતને વ્હાલું કરી લીધું હતું. જ્યારે નખત્રાણા પોલીસ મથકેથી મળતી વિગતો મુજબ લક્ષ્મીપર તરા ગામે રહેતા ૨૭ વર્ષિય ધીરજ જુમા કોલીએ ગત ૪ તારીખે કોઈ અગમ્ય કારણોસર દવા પીધી હતી, તેને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવતા સારવાર દરમ્યાન ગત રોજ મોત થયું હતું. નખત્રાણા પોલીસે અકસ્માત મોતની નોંધ દાખલ કરી છે. બન્ને બનાવોથી પરિવારમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી.

## અભિનંદન





**અબ્દુલકરીમ આમદ નોડે** (પ્રમુખ)

**ઈકબાલ જુસબ નોડે** (ઉપપ્રમુખ)

ભુજ તાલુકા સંધિ મુસ્લિમ નોડે સમાજ મેડિકલ હેલ્થ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના નવા હોદેદારો તરીકે વરણી થતાં આપ બંનેને ખૂબ ખૂબ શુભેચ્છાઓ. સમાજહિતના કાર્યો કરી સમાજની એકતા અને સંગઠન મજબૂત કરો તેવી શુભકામનાઓ.

**ટ્રસ્ટી મંડળ**


અકબર ગુલામ નોડે-મહામંત્રી
કેશર તમાચી નોડે-મહામંત્રી
હારૂન તુગાજી નોડે-મંત્રી
રાયબ હાશમ નોડે-મંત્રી
હુશેન મીરા નોડે-સહમંત્રી
કચુમ સુલેમાન નોડે-ખજાનચી
સલીમ ઉંમર નોડે-સહખજાનચી

**કારોબારી સભ્યો**

તારમામદ જુસબ નોડે (મોટી દઘ્ઘર)
અભન સમા નોડે (મિરજાપર)
હાફિઝ ઈસ્માઈલ નોડે (લાખારા)
જુમા સુમાર નોડે (મિસરીચાડો)
જુસબભાઈ નોડે (સોયલા)
મુસા હાજી અમીન નોડે (નારણપર)
મુસા જુસબ નોડે (મિંઢીયારા)
રઉફ દીનમામદ નોડે (લુડીયા)
સિકંદર બિલાલ નોડે (અકલી)
મુકીમ જાકબ નોડે (ખારીવાવ)

NEWS PAPER

# ગાંધીધામ મનપાના મેયર દિવ્યાબેન નાથાણી દ્વારા સેનિટેશન વિભાગની તાત્કાલિક સમીક્ષા બેઠક યોજાઈ





ગાંધીધામ :ગાંધીધામ મનપાના મેયર શ્રીમતી દિવ્યાબેન નાથાણીના અધ્યક્ષસ્થાને સેનિટેશન વિભાગની તાત્કાલિક સમીક્ષા બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં સેનિટેશન કમિટીના ચેરમેન ગેલાભાઈ ભરવાડ, સેનિટરી ઈન્સ્પેક્ટર કરણભાઈ દુવા, સંજયભાઈ આહિર તેમજ તમામ વોર્ડના સુપરવાઈઝરો અને એચએસઆઈ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન મેયરશ્રીએ શહેરમાં જાહેર સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા તમામ વોર્ડમાં ખુલ્લા ચેમ્બરો પર તાત્કાલિક ઢાંકણાં મૂકવાની કડક સૂચના આપી હતી, જેથી કોઈ આબોલ પશુ કે નાગરિક અકસ્માતનો ભોગ ન બને તેમજ વરસાદી મોસમ દરમિયાન જાનહાનિ કે અન્ય કોઈ અનિચ્છનીય ઘટના ન સર્જાય.

મેયરશ્રીએ તમામ વોર્ડમાં ચેમ્બરોની સફાઈનું વિશેષ અભિયાન હાથ ધરવા પણ સૂચના આપી હતી. દરેક વોર્ડની દૈનિક સમીક્ષા કરીને કેટલા ચેમ્બરોની સફાઈ પૂર્ણ થઈ છે અને કેટલાં બાકી છે તેનું વિશ્લેષણ કરવા તેમજ આગામી ત્રણ દિવસની અંદર શહેરના તમામ ચેમ્બરોની સફાઈ પૂર્ણ કરવા કડક નિર્દેશ આપ્યો હતો.

આ ઉપરાંત, શહેરમાં જ્યાં જ્યાં ચેમ્બરો ક્ષતિગ્રસ્ત અથવા તૂટી ગયેલા હોય ત્યાં તેમની તાત્કાલિક મરામત કરવાની પણ સૂચના આપવામાં આવી હતી, જેથી વરસાદી પાણીના નિકાલમાં કોઈ અવરોધ ન આવે અને નાગરિકોને કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો ન કરવો પડે.ગાંધીધામ મહાનગર પાલિકા શહેરની સ્વચ્છતા, સુરક્ષા અને વરસાદી મોસમની પૂર્વ તૈયારીને વધુ અસરકારક બનાવવા માટે સતત કાર્યરત છે અને નાગરિકોના હિતમાં જરૂરી તમામ પગલાં ઝડપી ગતિએ લેવામાં આવશે.

# મારવાડી યુવા મંચ ગાંધીધામ અને MYM જાગૃતિ શાખા દ્વારા ડ્રોઇંગ સ્પર્ધા યોજાઈ





ગાંધીધામ : મારવાડી યુવા મંચ ગાંધીધામ અને સ્ફુરુ જાગૃતિ શાખા ગાંધીધામના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, કલાત્મક અભિવ્યક્તિ અને આત્મવિશ્વાસનો વિકાસ થાય તે હેતુથી ભવ્ય ડ્રોઇંગ સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ સ્પર્ધામાં ગાંધીધામની ૧૦ શાળાઓના આશરે ૧૫૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની કલ્પનાશક્તિ અને ચિત્રકલાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહભર્યા અને આનંદમય વાતાવરણમાં સંપન્ન થયો હતો.કાર્યક્રમમાં મારવાડી યુવા મંચ ગાંધીધામના અધ્યક્ષ પવન ગોયલ, સંસ્થાપક નંદલાલ ગોયલ, ઓમપ્રકાશ સારિયાલા, પ્રવીણ ચૌધરી, સુમિત ગોયલ, પારસ જોયા, પ્રિતેશ પારેખ, અનિલ સેલેચા, શૈલેન્દ્ર જૈન તથા સંદીપ બાગરેચા ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે MYM જાગૃતિ શાખાના અધ્યક્ષા નિધિ પારેખ, સચિવ પ્રિયંકા જૈન, સુમન ભાટી, ભાવુકતા, મોનિકા ગોયલ તથા શીતલબેને કાર્યક્રમના સફળ આયોજનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

સ્પર્ધાના તમામ સહભાગી વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે પોસ્ટર કલર્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ગાંધીધામ સ્તરે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા બનેલા વિદ્યાર્થીઓને પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા તેમજ બે વિદ્યાર્થીઓને સાંત્વના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તમામ વિદ્યાર્થીઓ માટે આઈસક્રીમ, ઈડલી-સાંભાર સહિતના નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.સ્પર્ધાના નિર્ણાયક તરીકે બાબુ ડોંગા અને મીનુ ગોયલે નિષ્પક્ષ મૂલ્યાંકન કરી વિજેતાઓની પસંદગી કરી હતી. તેમના મૂલ્યવાન સહયોગ બદલ મંચ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.કાર્યક્રમના અંતે મારવાડી યુવા મંચ ગાંધીધામ અને સ્ફુરુ જાગૃતિ શાખા દ્વારા તમામ સહયોગીઓ, નિર્ણાયકો, શાળાઓના સંચાલકો, શિક્ષકો, વાલીઓ તથા ઉત્સાહપૂર્વક ભાગ લેનાર વિદ્યાર્થીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આયોજકોએ જણાવ્યું હતું કે ભવિષ્યમાં પણ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે આવા રચનાત્મક અને પ્રેરણાદાયી કાર્યક્રમોનું આયોજન સતત કરવામાં આવશે.જો ફોટોગ્રાફ સાથે અખબારમાં મોકલવાની હોય તો હું હેડલાઈન, સબહેડિંગ અને ફોટો કેપ્શન સાથે સંપૂર્ણ અખબારી ફોર્મેટમાં પણ તૈયાર કરી શકું.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | | 8 | | 6 | | | 9 |
| | 6 | | | 4 | | | 1 | |
| | | 2 | | | | 5 | | |
| 8 | 7 | | 9 | | 1 | | 3 | 2 |
| | 9 | | | | | | 8 | |
| 1 | 2 | | 6 | | 7 | | 4 | 5 |
| | | 6 | | | | 4 | | |
| | 4 | | | 9 | | | 7 | |
| 5 | | | 3 | | 4 | | | 8 |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | 4 | 7 | 1 | 8 | 9 | 3 | 6 |
| 7 | 9 | 3 | 6 | 4 | 2 | 1 | 5 | 8 |
| 6 | 1 | 8 | 5 | 9 | 3 | 4 | 7 | 2 |
| 4 | 6 | 2 | 1 | 8 | 7 | 3 | 9 | 5 |
| 3 | 7 | 5 | 4 | 2 | 9 | 6 | 8 | 1 |
| 9 | 8 | 1 | 3 | 5 | 6 | 7 | 2 | 4 |
| 1 | 4 | 9 | 2 | 7 | 5 | 8 | 6 | 3 |
| 8 | 2 | 6 | 9 | 3 | 4 | 5 | 1 | 7 |
| 5 | 3 | 7 | 8 | 6 | 1 | 2 | 4 | 9 |

# ગાંધીધામ મહાનગરપાલિકામાં 'નમસ્તે ડે'ની ઉજવણી, સફાઈ કર્મચારીઓનું કરાયું સન્માન

## સીવર અને ડ્રેનેજ કર્મચારીઓને સન્માનપત્ર તથા PPE કિટનું વિતરણ, મશીન આધારિત સુરક્ષિત સફાઈ અંગે અપાઈ માહિતી









ગાંધીધામઃ ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા તા. ૧૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ મુખ્ય કચેરી ખાતે 'નમસ્તે ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મેયર શ્રીમતી દિવ્યાબેન નાથાણી, મ્યુનિસિપલ કમિશનર બી.ડી. ડાવેરા, ડેપ્યુટી મેયર નવીનભાઈ જરૂ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તેજશભાઈ શેઠ, સેનીટેશન સમિતિના ચેરમેન ઘેલાભાઈ ભરવાડ, નાયબ મ્યુનિસિપલ કમિશનર સંજયકુમાર રામાનુજ સહિત પદાધિકારીઓ, કોર્પોરેટરો અને સેનીટેશન વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન સીવર, સેપ્ટિક ટેક્ક અને ડ્રેનેજ સફાઈ કામગીરીમાં શ્રેષ્ઠ કામગીરી કરનારા કર્મચારીઓને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત કર્મચારીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપતાં તેમને ઈ કિટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડ્રેનેજ સફાઈ દરમિયાન અપનાવવામાં આવતી સલામતીની પદ્ધતિઓ, આધુનિક મશીનરીના ઉપયોગ અને મશીન આધારિત સફાઈ વ્યવસ્થા અંગે વીડિયો પ્રેઝન્ટેશન દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મહાનગરપાલિકાએ જણાવ્યું હતું કે આવા કાર્યક્રમો દ્વારા સફાઈ કર્મચારીઓના યોગદાનને બિરદાવવાની સાથે તેમની સુરક્ષા અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ વધારવાનો પણ હેતુ છે.જ

# જેડીએમ યુવા ગ્રુપ દ્વારા અખિલ કચ્છ મહેશ્વરી મેઘવાળ ચારવાડા સમાજ સુપર-૮ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-૨ યોજાઈ



જેડીએમ યુવા ગ્રુપ દ્વારા આયોજિત અખિલ કચ્છ મહેશ્વરી મેઘવાળ ચારવાડા સમાજ સુપર-૮ ક્રિકેટ ટુર્નામેન્ટ – સિઝન ૨ તા. ૧૨/૦૭/૨૦૨૬ના રોજ મુન્દ્રા તાલુકાના રામાણીયા સ્થિત લિક્ષ્જત પાપડ ગ્રાઉન્ડ ખાતે સફળતાપૂર્વક યોજાઈ હતી. ટુર્નામેન્ટમાં સમગ્ર કચ્છમાંથી કુલ ૧૨ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ટુર્નામેન્ટની પ્રથમ મેચનો શુભારંભ દાતાશ્રી સ્વરૂપસિંહ જાડેજા દ્વારા ટોસ ઉછાળી કરવામાં આવ્યો હતો.ફાઈનલ મેચના ટોસનો શુભારંભ ગુજરાત પ્રદેશ મહેશ્વરી સમાજ યુવા સંગઠનના પ્રમુખ કિશોરભાઈ ધુવાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ચંદ્રકાંત ગોરડિયા, સંજય કમલેશભાઈ ધેડા તથા ગાંધીધામ કોમ્પ્લેક્સ મહેશ્વરી સમાજના પૂર્વ પ્રમુખ સામતભાઈ ધુવા ઉપસ્થિત રહ્યા હતા.

ટુર્નામેન્ટને સફળ બનાવવા દાતાશ્રી સ્વરૂપસિંહ જાડેજા દ્વારા તમામ ટ્રોફીઓ તથા તમામ મેન ઑફ ધ મેચ માટેની ટી-શર્ટના દાતા શ્રી કિશોરભાઈ ધુવા રહ્યા હતાં, જ્યારે જયંતિગર ગોસ્વામી રોકડના સ્વરૂપે સહયોગ આપ્યું હતું.ફાઈનલ મેચ બાદ યોજાયેલા ઈનામ વિતરણ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે કિશોરભાઈ ધુવા (પ્રમુખ, ગુજરાત પ્રદેશ મહેશ્વરી સમાજ યુવા સંગઠન), રામાણીયા ગામના સરપંચ બળવંતસિંહ ગોહિલ, ચંદ્રકાંત ગોરડિયા તથા સંજય કમલેશભાઈ ધેડા (ઉપપ્રમુખ, ગુજરાત પ્રદેશ મહેશ્વરી સમાજ યુવા સંગઠન) ઉપસ્થિત રહ્યા હતા.

ટુર્નામેન્ટમાં વિજેતા બનેલી જેડીએમ રામાણીયા ટીમને ઉપસ્થિત મહેમાનોના હસ્તે વિજેતા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી, જ્યારે રનર-અપ જેડીએમ ગાંધીધામ ટીમને ટ્રોફી કિશોરભાઈ ધુવાના હસ્તે અર્પણ કરવામાં આવી હતી. મેન ઑફ ધ સિરીઝનો એવોર્ડ બળવંતસિંહ ગોહિલના હસ્તે, જ્યારે બેસ્ટ બેટ્સમેન અને બેસ્ટ બોલરના એવોર્ડ અનુક્રમે ચંદ્રકાંત ગોરડિયા અને સંજય કમલેશભાઈ ધેડાના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.આ સમગ્ર ટુર્નામેન્ટનું સુંદર અને સુવ્યવસ્થિત આયોજન નારાણભાઈ ધુવા, નીતિનભાઈ દનીચા અને મહેશભાઈ દનીચા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહેમાનો અને સમાજના આગેવાનોએ આયોજક મંડળના આયોજન, વ્યવસ્થા અને સફળતા બદલ હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.

# અંજારમાં વીજતંત્રની બેદરકારીનો ભોગ બન્યા ખેડૂતો, ચાર દિવસથી ખેતીવાડીના ફીડરો બંધ

## ૭૦થી ૮૦ ટકા એજી ફીડરો ઠપ્પ હોવાનો આક્ષેપ; સિંચાઈ અટકતાં ઉભા પાક પર સંકટ, કિસાન સંઘે ઉગ્ર લડતની ચેતવણી આપી

અંજાર-કચ્છ ઉદયઃ અંજાર પંથકમાં સામાન્ય વરસાદ અને પવન બાદ ખેતીવાડી માટેના મોટાભાગના એજી ફીડરો બંધ થઈ જતાં ખેડૂતોની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. છેલ્લા ચાર દિવસથી અનેક ગામોમાં ખેતીવાડીનો વીજ પુરવઠો ખોરવાયેલો હોવાથી સિંચાઈની કામગીરી ઠપ્પ બની છે. વરસાદ ખેંચાતા ખેડૂતો પહેલેથી જ ચિંતામાં છે, ત્યારે વીજતંત્રની બેદરકારીના કારણે ઉભા પાક પર સંકટના વાદળો ઘેરાયા હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ પંથકના અંદાજે ૭૦થી ૮૦ ટકા એજી ફીડરો બંધ હાલતમાં છે. સરકાર દ્વારા ખેડૂતોને દસ કલાક વીજ પુરવઠો આપવાની જાહેરાત કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિક સ્થિતિમાં ઘણા વિસ્તારોમાં ચાર-ચાર દિવસ સુધી વીજળી જ ઉપલબ્ધ નથી. પરિણામે કૂવા અને બોરવેલ મારફતે પાણી ખેંચી શકાતું નથી અને પાકને જરૂરી સિંચાઈ મળી રહી નથી. જો સ્થિતિ વધુ દિવસો સુધી યથાવત રહેશે તો ખેડૂતોને મોટું આર્થિક નુકસાન સહન કરવું પડી શકે છે.

વીજતંત્ર દર વર્ષે ચોમાસા પૂર્વે પ્રિ-મોન્સૂન કામગીરી પૂર્ણ કર્યાના દાવા કરે છે, પરંતુ સામાન્ય વરસાદ પડતાં જ મોટા પ્રમાણમાં ફીડરો બંધ થઈ જતાં આ કામગીરી માત્ર કાગળ પર જ મર્યાદિત રહી હોવાનું ખેડૂતોમાં ચર્ચાઈ રહ્યું છે. ખેડૂતોનો આક્ષેપ છે કે જો સમયસર જાળવણી અને સમારકામ કરવામાં આવ્યું હોત તો આવી સ્થિતિ સર્જાઈ ન હોત.

આ ગંભીર પ્રશ્નને લઈને ભારતીય કિસાન સંઘના પ્રતિનિધિમંડળે વીજતંત્રને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે હાલ ખેતી માટેનો સમય અત્યંત મહત્વનો છે અને ચાર દિવસ સુધી વીજ પુરવઠો બંધ રહેતાં અનેક ખેતરોમાં પાક સુકાવાની સ્થિતિ સર્જાઈ રહી છે. ખેડૂતોને પૂરતા વોલ્ટેજ સાથે સતત વીજ પુરવઠો મળવો જોઈએ, પરંતુ તેના બદલે વારંવાર વિક્ષેપ અને લાંબા સમય સુધી વીજ કાપનો સામનો કરવો પડી રહ્યો છે.

કિસાન સંઘે તમામ ખામીગ્રસ્ત ફીડરોને તાત્કાલિક કાર્યરત કરવા, અસરગ્રસ્ત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે મરામત કામગીરી હાથ ધરવા અને ખેડૂતોને નિયમિત દસ કલાક વીજ પુરવઠો સુનિશ્ચિત કરવાની માંગ કરી છે. સાથે જ ચેતવણી આપવામાં આવી છે કે જો તંત્ર દ્વારા તાત્કાલિક ઉકેલ નહીં લાવવામાં આવે તો ખેડૂતોને સાથે રાખી ઉગ્ર આંદોલન કરવામાં આવશે. હાલ અંજાર પંથકના ખેડૂતોની નજર વીજતંત્રની કામગીરી પર છે અને તેઓ પાક બચાવવા તાત્કાલિક વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની માંગ ઉઠાવી રહ્યા છે.

# ગાંધીધામમા સોના મશુરી ચોખાની ખરીદીમાં રૂ. ૪૭.૬૬ લાખની છેતરપિંડી

ગાંધીધામઃ ગાંધીધામ એ ડીવિઝન પોલીસ મથકે વેપારી સાથે લાખો રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. ઓસ્લો સર્કલ નજીક પ્લોટ નં. ૩૨૫ પાસે આવેલી 'agriex' કંપની પાસેથી આરોપી મુજીબુ રહીમાન અબ્દુલ (રહે. કાસારગોડ) એ પોતાની કંપની 'સ્ટરલિંગ ઈન્ટરનેશનલ ટ્રેડિંગ ડબલ્યુ.એલ.એલ.' ના નામે રૂ. ૪૭,૯૬,૬૧૦/- ની કિંમતનો ૧૦૪.૪ મેટ્રિક ટન સોના મશુરી ચોખાનો જથ્થો ખરીદ્યો હતો. "આરોપીએ એક મહિનામાં પૈસા ચૂકવી દેવાનો વિશ્વાસ આપ્યો હતો, પરંતુ નિયત સમયમાં નાણાં ન ચૂકવી વિશ્વાસઘાત કર્યો હતો. પોલીસે વેપારી નિકીત નારાયણ રામદાસાનીની ફરિયાદના આધારે આરોપી વિરુદ્ધ BNS કલમ ૩૧૬(૨) અને ૩૧૮(૪) મુજબ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# અવસાન નોંધ

**સિનુગ્રા (તા. અંજાર)** : હિંમતભાઈ નરસિંહ વાઢેર (ઉ.વ. ૬૪) તે સ્વ. કાશીમા તથા સ્વ. નરસિંહ વાઢેરના પુત્ર, ગીતાબેનના પતિ, મહેશ, મિતેષ, પાયલના પિતા, રાધિકાબેન, અંશિકાબેન, દિનેશભાઈના સસરા, ધ્રુવ, વેદિકાના દાદા, હેમાંગી, ભવ્યના નાના તા. ૧૨-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૫-૭-૨૦૨૬ના બુધવારે સાંજે ૫થી ૬ શ્રીકૃષ્ણ પ્રણામી મંદિર, બજાર ચોક, સિનુગ્રા ખાતે.

**ભુજ :** આરબ હબીબાબેન કાસમ (મુંબઈવાળા) (ઉ.વ. ૭૯) તે નૌશાદ, મહંમદહુશેન, અસલમ, ઈસ્માઈલ, હસીના, નસીમા, શમીમ, રૂકસાનાના માતા તા. ૧૪-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૧૬-૭-૨૦૨૬ના સવારે ૧૦થી ૧૧ અલ-હુદા મસ્જિદ, સંજોગનગર ખાતે.


કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય

**કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.**

**અવસાન નોંધ** માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.

**સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ**


**ભુજ** : મૂળ બાલાચોડ મોટી (તા. અબડાસા)ના પરમાર ખુશાંતસિંહ રમેશભા (રાજપૂત) (ઉ.વ. ૨૧) તે પૂનમબેન, સ્વ. રમેશભા શામજીના પુત્ર, નવીનભાઈ, સ્વ. દિલીપભાઈ, જેન્તીલાલ, શાંતાબેન, ગંગાબેન, પાર્વતીબેનના નાના ભાઈના પુત્ર, સ્વ. મુકેશ, પુનિત, હાર્દિક, પ્રિત, પ્રીતિ, ચાંદની, આરતીના કાકાઈ ભાઈ તા. ૧૨-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૪-૭-૨૦૨૬ના સાંજે ૪થી ૫ રાજપૂત સમાજવાડી, રઘુવંશી ચોકડી, નવી રાવલવાડી, ભુજ ખાતે તથા નાનાણા પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૧૬-૭-૨૦૨૬ના સવારે ૮થી ૫ સુધી ભવાનજી રામજી સોલંકી, મામા જયેશ ભવાનજી સોલંકી, શ્યામ ભવાનજી સોલંકીના નિવાસસ્થાન દરશડી ખાતે.

**માંડવી** : ખીમઈબાઈ કટુઆ (ઉ.વ. ૭૩) તે સ્વ. મીઠુભાઈના પત્ની, સ્વ. પ્રેમજી કટુઆ, દિનેશ કટુઆ, પ્રેમલા (બારઈ)ના માતા, આશાબેન, રાણુબેન, ચાંપશી વિંઝોડા (બારઈ)ના સાસુ, રાહુલ કટુઆ, દીપેશ કટુઆ, હિરેન કટુઆ, નેન્સીબેન, લક્ષ્મીબેન, ધૃપ્તિબેનના દાદી, કૌશિક નોરિયા (તલવાણા)ના દાદીસાસુ, નારાણ મારાજ, લાલજી મારાજ (દુર્ગાપુર)ના બહેન તા. ૧૩-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે.

**માંડવી** : ધનવંતીબેન વિશ્રામ રાઠોડ (ખારવા) (ઉ.વ. ૮૫) તે સ્વ. વિશ્રામ ઠાકરશી રાઠોડના પત્ની, સ્વ. લીલીબેન કરસન જેઠવાના પુત્રી, સ્વ. કનુભાઈ રાઠોડ, સ્વ. ગાવિંદભાઈ રાઠોડ (વડવારા)ના ભાભી, સ્વ. રામજી કરસન જેઠવાના બહેન, અરાવિંદભાઈ, ક્રિષ્નાબેન, હંસાબેનના માતા, વિજયભાઈ કષ્ટાના સાસુ, કોમલ, ખુશ્બૂ, મીતના દાદી, દીપ, આરતીના નાની, પુનિત મોતીવરસ, ભાવિન મોતીવરસના દાદીસાસુ તા. ૧૩-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા ભાઈઓ-બહેનોની તા. ૧૫-૭-૨૦૨૬ના સાંજે ૫થી ૬ લોહાણા મહાજનવાડી, માંડવી ખાતે.

# રત્નકણિકા

**દુઃખથી ગભરાવ નહીં, પરિશ્રમ કરો.- અજ્ઞાત**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. સ્પેન્દાર્મદ-૧૩૯૫, મુ. મોહરમ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૩, અષાઢ સુદ-૧ કચ્છી અને હાલારી સં. ૨૦૮૩ પ્રારંભ, ચંદ્રદર્શન તા.૧૫ જુલાઈ ૨૦૨૬, બુધવાર, પારસી તા.૫, મુસ્લિમ તા.૨૯, પુષ્ય નક્ષત્ર, હર્ષણ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૧૫, સૂ.અ.૭:૩૯

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

# આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** – વ્યર્થ દોડા-દોડી રહે. આવકમાં મંદીનો અનુભવ થાય.

**વૃષભ** – આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. મુસાફરીથી લાભ થાય.

**મિથુન** – વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. નવા કાર્યમાં સફળતા મળે.

**કર્ક** – નવિન શુભ સમાચાર મળે. આવક-જાવક સરભર રહે.

**સિંહ** – સરકારી કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.

**કન્યા** – માન-સન્માનમાં વધારો થાય. આવકમાં વૃધ્ધિ થાય.

**તુલા** – અટકેલા કાર્યોમાં પ્રગતી થાય. સ્વભાવ તેજ રહે.

**વૃશ્ચિક** – કાર્યબોજ વિશેષ રહે. જીવનસાથી દ્વારા લાભ થાય.

**ધન** – માંગલિક કાર્યમાં સફળતા મળે. આવકનો નવો માર્ગ ખૂલે.

**મકર** – શેર-સટ્ટાથી દૂર રહેવું. વાણીસંયમ જાળવવો હિતાવહ.

**કુંભ** – અટકી-અટકીને કાર્યો સફળ બને. નાણાંભીડ દૂર થાય.

**મીન** – કાર્યબોજ વિશેષ રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.

હમેશાં વાસણ ઢાંકીને રસોઈ બનાવો : તો પણ ૨૦ ટકા જેટલા ગેસની થશે બચત

**પતરી વિલંબથી ઝીલતા ઉચાટ ફેલાયો**

# ભડલી પતરીપ્રસાદમાં ઝીલાયો પાછોતરા વરસાદનો સાદ






**ગરીબનાથના લોક મેળામાં ભાવિકો ઉમટ્યા : રામાપીરનું આખ્યાન, આરાધીવાણીના કાર્યક્રમો યોજાયા : સંતો, મહંતો, દાતાઓ ઉપસ્થિત રહ્યા : મેળો રંગેચંગે સંપન્ન**

નખત્રાણા - કચ્છ ઉદય : તાલુકાના ભડલી ગામે તપોભૂમિ સિદ્ધ યોગી શ્રી ગરીબનાથજી દાદાનો વાર્ષિક ઉત્સવ, મેળો રંગે-ચંગે સંપન્ન થયો હતો. બે દિવસ લોક મેળામાં હજારો ભાવીકો ઉમટી પડ્યા હતા. સોમવારે આરતી બાદ રામાપીરનું આખ્યાન (જીવન ચરિત્ર) ચંદિયાના કલાકારોએ રજૂ કર્યું હતું. જેમાં હજારો ભાવિકો જોડાયા હતા. બીજા દિવસે સવારે હોમ-હવન, મહાપ્રસાદ, સાંજે મંદિર પરિસરમાં સાધુ-સંતો, મહંતો, સેવકો, ભોપાશ્રીની ઉપસ્થિતિમાં આરતી યોજાઈ હતી. ત્યારબાદ વરસાદના વર્તારાની પતરી સુકન લેવાયો હતો. પતરી પ્રસાદ વિલંબથી ઝિલાતા ઉપસ્થિત ભાવિકોમાં ઉચાટ ફેલાયો હતો અને પાછોતરો વરસાદ સારા થવાના એંધાણ વર્તાતા લોકો હાંશકારો અનુભવ્યો હતો. રાત્રે આરાધીવાણી યોજાઈ હતી.

આ ધાર્મિક કાર્યક્રમમાં સંતો-મહંતો, દાતાના સન્માન થયા હતા. ગરીબનાથજી વિકાસ સમિતિના પ્રમુખ કાનજીદાદા કાપડીએ આ તપોભૂમિના સર્વાંગી વિકાસ માટે સરકાર, દાતાનો સહયોગ મળી રહે છે અને ધારાસભ્ય પી.એમ. જાડેજા દ્વારા પાંચ લાખની વિકાસલક્ષી ગ્રાંટ ફાળવાઈ છે અને સાત ગામોના સેવકો આ સ્થાનકે શીશ નમાવી પાટોત્સવમાં જોડાય છે. રામા મંડળના પ્રથમ આરતીનો ચડાવો સ્વ. રાજેન્દ્રસિંહ સોઢા પરિવારે લીધો હતો. બીજી આરતીનો ચડાવો દાનાભાઈ નારાણભાઈ (કોટડા)એ લીધો હતો. પાટણનો ચડાવો પરેશભાઈ કાનાભાઈ શાંખલાએ લીધો હતો. વિકાસ માટે જયાબેન ચોપડા અને નયનાબેન પટેલ દ્વારા ગ્રાંટો ફાળવાઈ હતી. જિ.પં.ના સદસ્ય રાજેશભાઈ મમુભાઈ આહિર દ્વારા તન, મન, ધનથી સહયોગ આપવાની નેમ વ્યક્ત કરી હતી. તા.પં.ના સદસ્ય શારદાબેન રમેશ આહિર, ઈશ્વરભાઈ પટેલ (ઈન્દોર), રમેશભાઈ પટેલ (રાંચી), વસંતભાઈ પટેલ (બેંગ્લોર), રમેશદાન ગઢવી, બટુકસિંહ જાડેજા, રમેશ માતા, ઓમ આહિર, જયંતીભાઈ પટેલ, સરપંચ હરીભાઈ પટેલ, વિરજુબેન રબારી, કેશવજીભાઈ, હમીરભાઈ આહિર, લખધીરદાન ગઢવી, બાબુભાઈ શાંખલા, દાના નથુ આહિર, રણછોડ આહિર, રણછોડભાઈ પટેલ, બેચરભાઈ પટેલ, જીનાભાઈ, લાખાભાઈ, વખતસિંહ જાડેજા, નરપતસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. સંતો પીરશ્રી સોમનાથદાદા, મહેશનાથદાદા, હરીસંગજીડાડા, મોજનાથબાપુ, નારણગિરિ ગોસ્વામી, ગરીબનાથ દાદાના મહંત ગણેશનાથજી દાદા, સંતોષનાથજી, ભુવાશ્રી, ભોપાશ્રી વગેરે આશીર્વચન આપ્યા હતા. મહાપ્રસાદ ભંડારાના દાના બાબુભાઈ કરમસી ભગત, સુરેન્દ્રકુમાર પરસોત્તમ ભગત હસ્તે રવજીભાઈ છાભૈયા, રહ્યા હતા. પૂજારી સંતોષનાથજી હોમ-હવનના દાતા રહ્યા હતા. પના ભુવાજી (ઉલટ), ભજુ ભુવાજી ઉપસ્થિત રહ્યા હતા. પાટીદાર યુવક મંડળ તથા સાત ગામોના સેવકો, મેળા સમિતિ વ્યવસ્થા જાળવી હતી. મેળામાં રમકડા, ખાણી-પીણી, મનોરંજનના સ્ટોલો ગોઠવાયા હતા. સિદ્ધ યોગી ગરીબનાથજીના મંદિરે ભાવિકોની દર્શનાર્થે લાઈન લાગી હતી. આસપાસના ગામોના લોકો પાંખી પાડી ઉત્સવમાં ભાગ લીધો હતો. મેળો રંગેચંગે સંપન્ન થયો હતો. આદેશના જયઘોષથી સીમાડો ગાજી ઉઠ્યો હતો.

# ઘાસચારાના વધતા ભાવ અને અડધા થયેલા દૂધ ઉત્પાદન વચ્ચે પશુધનને બચાવવા માલધારીઓ ચિંતિત

**બન્નીના માલધારીઓની આર્થિક કમર ભાંગી : નમક ઉદ્યોગો અને મરીન કેમિકલ કંપનીઓના સીએસઆર ફંડનો ઉપયોગ પશુઓના ઘાસ-પાણી માટે કરવા સ્થાનિક અગ્રણીઓની તંત્રને રજૂઆત**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ચાલુ વર્ષે ચોમાસાનો વરસાદ ખેંચાઈ જતાં સમગ્ર સરહદી પંથકમાં ભારે ચિંતાનો માહોલ વ્યાપી ગયો છે. જિલ્લાના અન્ય વિસ્તારોની સરખામણીએ બન્ની પંથકની પરિસ્થિતિ અત્યંત કફોડી અને દયનીય બની ગઈ છે. બન્ની એ માત્ર એક ભૌગોલિક વિસ્તાર નથી, પરંતુ પશુધન પર શ્વાસ લેતો અને ધબકતો પ્રદેશ છે. આ વિસ્તારની આશરે ૪૦ હજાર જેટલી માનવ વસતી સામે દોઢ લાખથી પણ વધુ અમૂલ્ય પશુધન વસી રહ્યું છે. અહીંના માલધારીઓ માટે પશુ એ માત્ર આવકનું સાધન કે સંપત્તિ નથી, પરંતુ તેમના પરિવારના સભ્યો સમાન છે. માલધારીઓ પોતાના સંતાનોની જેમ, અને ઘણી વખત તો તેનાથી પણ વધુ સ્નેહ પોતાના અબોલ પશુઓ પ્રત્યે રાખતા હોય છે, જેના કારણે પશુઓની વ્યાકુલતા જોઈને પશુપાલકો પણ ભારે વ્યથિત બન્યા છે.

એક સમય હતો જ્યારે બન્નીના માર્ગો પર સવાર પડતાં જ દૂધથી ભરેલા વાહનોની લાંબી કતારો ભુજ તરફ દોડતી જોવા મળતી હતી, પરંતુ આજે એ જ ગૌરવવંતા બન્ની પ્રદેશમાં દુષ્કાળના ડાકલા વાગી રહ્યા છે. જ્યાં ક્યારેક પાંચ લાખ રૂપિયાથી પણ વધુ કિંમતની સિંધી નસલની ભેંસો અને વિંધિયારી નસલની ગાયો માલધારીઓના વૈભવનું પ્રતિક ગણાતી હતી, ત્યાં આજે આ મૂલ્યવાન પશુધન માટે એક મુઠ્ઠી ઘાસ મેળવવો પણ લોઢાના ચણા ચાવવા સમાન બની ગયો છે.

માલધારીનું હૃદય એટલું સંવેદનશીલ હોય છે કે જો તેનું પશુ ઘાસ કે દાણો ન ખાય, તો માલધારી પોતે પણ અન્નનો દાણો ગળે ઉતારી શકતો નથી. વર્તમાન સમયમાં સ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે પશુપાલકો પાસે પૈસા હોવા છતાં બજારમાં પૂરતો ઘાસચારો ઉપલબ્ધ નથી. બીજી તરફ વરસાદની ખેંચ વચ્ચે અસહ્ય ગરમી અને સુસવાટા મારતા પવનોને કારણે મુશ્કેલીઓ બમણી થઈ ગઈ છે. ચારાની તંગી તો છે જ, પરંતુ તેની સાથે હવાડા અને પરંપરાગત પાણીના સ્ત્રોતો પણ સંપૂર્ણપણે સુકાઈ ગયા છે.

ભૌગોલિક દ્રષ્ટિએ બન્ની સંપૂર્ણપણે 'નો-સોર્સ' વિસ્તાર છે, જ્યાં જમીનની અંદર પીવાલાયક પાણી ઉપલબ્ધ નથી અને સમગ્ર પ્રદેશ માત્ર ગુજરાત પાણી પુરવઠા વિભાગની લાઈનો પર નિર્ભર છે.

સપાટ મેદાન હોવાને કારણે અહીં નદીઓ કે મોટા ડેમની કોઈ વ્યવસ્થા નથી. માત્ર ગામના નાના તળાવો અને સીમ તળાવો જ પાણીનો મુખ્ય આધાર છે, જે શિયાળો પૂરો થતાં જ સુકાઈ જાય છે. આવા કપરા સમયમાં બન્નીનો માલધારી એક તરફ આકાશ તરફ મીટ માંડીને બેઠો છે, તો બીજી તરફ સંવેદનશીલ સરકાર સામે આશાભરી નજરે જોઈ રહ્યો છે. સતત વધતી ગરમી અને ઘાસચારાની અછતની સીધી અસર પશુઓના સ્વાસ્થ્ય પર પડી રહી છે, જેને કારણે બન્ની વિસ્તારનું દૂધ ઉત્પાદન અંદાજે ૫૦ ટકા જેટલું ઘટી ગયું છે. દૂધનું ઉત્પાદન અડધું થઈ જતાં માલધારીઓની રોજિંદી આવક તળિયે બેસી ગઈ છે અને તેમની આર્થિક સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે.

હાલ બજારમાં ઘાસચારાના ભાવ આસમાને પહોંચી ગયા છે. લીલા કે સૂકા ઘાસના પૂળાનો ભાવ પ્રતિ કિલોના ૨૦ થી ૨૨ રૂપિયા સુધી બોલાઈ રહ્યો છે, જ્યારે પશુઓ માટેના ભૂસાની એક ગુણીનો ભાવ આશરે ૧,૩૦૦ રૂપિયા અને ખોળની એક ગુણીનો ભાવ ૨,૨૦૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે. આટલા મોંઘા દાટ ભાવ ચૂકવવા છતાં પશુપાલકોને પૂરતી માત્રામાં ચારો મળતો નથી, જેના કારણે પશુધનને જીવતું રાખવું એ એક મોટો પડકાર બની ગયો છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હાજીપીરથી ઉમેશભાઈ આચાર્ય અને ગોરા ગામના અગ્રણી જી. કે. મુતવા દ્વારા સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર સમક્ષ લાગણીભરી અપીલ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું છે કે ગુજરાત સરકાર જીવદયામાં માનનારી સરકાર છે, તેથી બન્ની સહિતના તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે સરકારી ઘાસના ડેપો શરૂ કરવામાં આવે, રાહતદરે ઘાસચારો ઉપલબ્ધ કરાવવામાં આવે, પશુપાલકોને ચારા પર વિશેષ સબસિડી આપવામાં આવે અને દૂધ ઉત્પાદનમાં થયેલા ઘટાડાને પગલે આર્થિક સહાયનું વિશેષ પેકેજ જાહેર કરવામાં આવે તેવી ઉગ્ર માંગ છે. આ સાથે તેમણે એક મહત્વપૂર્ણ સૂચન કરતાં જણાવ્યું છે કે બન્ની વિસ્તારની સરહદે આવેલા મોટા રણ પંથકના ધોરડો, ખાવડા અને હાજીપીર સહિતના વિસ્તારોમાં અનેક નમક ઉદ્યોગો અને મરીન કેમિકલ કંપનીઓ મોટા પાયે કાર્યરત છે. આ કંપનીઓ દર વર્ષે સીએસઆર (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) અંતર્ગત મોટું ભંડોળ ફાળવતી હોય છે. વહીવટી તંત્રે આ તમામ કંપનીઓના સીએસઆર ફંડની વિગતો મેળવીને, વર્તમાન કટોકટીના સમયે તે ફંડનો એક યોગ્ય હિસ્સો બન્નીના પશુઓ માટે ઘાસચારો અને પીવાના પાણીની વ્યવસ્થા ઊભી કરવા માટે ડાયવર્ટ કરવો જોઈએ. આ પગલાથી ઉદ્યોગો પણ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવીને માનવતા અને જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી શકશે. જો સરકાર અને તંત્ર દ્વારા સમયસર સંવેદનશીલ નિર્ણય લેવામાં આવશે, તો હજારો માલધારી પરિવારોને મોટું પીઠબળ મળશે અને લાખો નિર્દોષ અબોલ પશુઓના જીવ બચાવી શકાશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# સંભવિત અછતની પરિસ્થિતિને લઈને આગોતરા આયોજન અંગે કલેક્ટરના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

**કચ્છમાં સંભવિત અછતની પરિસ્થિતિને લઈને ઘાસની ઉપલબ્ધતા અને વિતરણ વ્યવસ્થાના આયોજન અંગે સમીક્ષા કરતાં કચ્છ કલેક્ટર અનિલ રાણાવસિયા**



ભુજ - કચ્છઉદય : ચાલુ વર્ષ દરમિયાન કચ્છમાં હજુ સુધી નોંધપાત્ર વરસાદ વરસેલો ન હોઈ, આગામી સમયગાળામાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ઘાસચારાની અછત સર્જાવાની સંભાવના રહેલી છે. આ સંદર્ભે પરિસ્થિતિની સમીક્ષા કરી સંભવિત ઘાસની અછતની સ્થિતિને પહોંચી વળવા માટે પૂર્વ તૈયારીના ભાગરૂપે વિવિધ વિભાગો વચ્ચે સંકલન તેમજ જરૂરી આયોજન અંગે ચર્ચા - વિચારણા કરવા કલેક્ટર અનિલ રાણાવસિયાના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જો અછતની પરિસ્થિતિ સર્જાઈ તો પશુપાલકોને કચ્છમાં જ ઘાસચારો મળી રહે અને તેમને પશુઓ સાથે અન્ય જિલ્લાઓમાં સ્થળાંતર ન કરવું પડે તે હેતુથી, ગામડાઓના ક્લસ્ટર દીઠ ઘાસ ઉપલબ્ધ કરાવવા સહિતની બાબતો પર બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.


અનિલ રાણાવસિયાએ સમગ્ર જિલ્લાના તમામ ઘાસ ગોડાઉનોમાં ઉપલબ્ધ ઘાસના જથ્થાની વિગતો મેળવી હતી. આ ઉપરાંત અગાઉના વર્ષોમાં સર્જાયેલી અછતની પરિસ્થિતિ વખતે કરવામાં આવેલા ઘાસ વિતરણના આયોજન અંગે પણ તેમણે જાણકારી મેળવી હતી. અધિકારીઓને માર્ગદર્શન આપતા કલેક્ટરે જણાવ્યું હતું કે, જો અછતની પરિસ્થિતિનું નિર્માણ થાય તો તમામ પશુપાલકોને રાહતદરે ઘાસ મળી રહે તેનું આયોજન જરૂરી છે. તેમણે વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને ઘાસચારાની ઉપલબ્ધતા, વિતરણ વ્યવસ્થા તેમજ મામલતદાર કક્ષાએથી પશુપાલકોને નિયમાનુસાર બનાવી આપવામાં આવતા 'ઘાસકાર્ડ' જોગવાઈઓ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. વધુમાં, કલેક્ટરે જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારો અને મહત્તમ પશુપાલકો ધરાવતા વિસ્તારોની ઓળખ કરવા સૂચના આપી હતી.

સમીક્ષા બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, નિવાસી અધિક કલેક્ટર પાર્થ કોટડીયા, ભુજ આર.ટી.ઓ. અનિલ ગોસ્વામી, પશ્ચિમ કચ્છના નાયબ વન સંરક્ષક હર્ષ ઠક્કર, બન્નીના નાયબ વન સંરક્ષક નેવીલ ચૌધરી, જિલ્લા પશુપાલન અધિકારી આર.ડી.પટેલ, પુરવઠા અધિકારી ચિરાગ નિમાવત, જિલ્લા ખેતીવાડી અધિકારી કિરણસિંહ વાઘેલા, નાયબ પોલીસ અધિક્ષક વિશ્વા શાહ સહિત પીજીવીસીએલ, મહેસૂલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નમો ભારત ટ્રેનમાં યાંત્રિક ખામી સર્જાતા કુકમા સ્ટેશને અટવાઈ

ભુજ - કચ્છઉદય : અમદાવાદથી ભુજ તરફ આવી રહેલી આધુનિક નમો ભારત રેપિડ ટ્રેનમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાવાના કારણે મંગળવારે રાત્રે મુસાફરોને ભારે મુશ્કેલીનો સામેનો કરવો પડ્યો હતો. નિર્ધારિત સમયપત્રક અનુસાર આ ટ્રેન રાત્રે આશરે ૧૧:૩૦ કલાકે ભુજ રેલવે સ્ટેશને પહોંચવાની હતી. જોકે, કુકમા સ્ટેશન નજીક પહોંચતા જ ટ્રેનમાં અચાનક કોઈ યાંત્રિક ગરબડ ઊભી થઈ હતી, જેના લીધે ટ્રેનને ત્યાં જ થંભાવી દેવાની ફરજ પડી હતી. મધ્યરાત્રિના ૧૨ વાગ્યા પછી પણ ટ્રેન કુકમા ખાતે જ ઊભી રહી હતી, જેના કારણે તેમાં સવાર સેંકડો પ્રવાસીઓ લાંબા સમય સુધી અધવચ્ચે અટવાઈ પડ્યા હતા. આ અણધારી આકસ્મિક ઘટનાના કારણે રેલવેના અન્ય વાહનવ્યવહાર પર પણ તેની સીધી અસર જોવા મળી હતી. નમો ભારત ટ્રેન વિલંબમાં પડતાં, બીજી તરફ ભુજથી મુંબઈ તરફ રવાના થતી સયાજીનગરી એક્સપ્રેસ ટ્રેન પણ તેના નિયત સમય કરતાં એક કલાકથી વધુ મોડી ઊપડી હતી. એકબાજુ મોડી રાત્રિનો સમય અને બીજી તરફ સમગ્ર પંથકમાં સર્જાયેલા વરસાદી માહોલ વચ્ચે ટ્રેન મોડી થતાં મુસાફરો તેમજ સ્ટેશન પર તેમને લેવા માટે આવેલા પરિવારજનો અને સ્નેહીજનો ભારે ચિંતા અને હાલાકીમાં મુકાયા હતા. સ્થાનિક સૂત્રો અને મુસાફરોના જણાવ્યા અનુસાર, ટ્રેનમાં પ્રાથમિક દ્રષ્ટિએ કોઈ ઈલેક્ટ્રિકલ કે ટેકનિકલ ખામી સર્જાઈ હોવાનું માલૂમ પડ્યું હતું. ખામીના કારણે ટ્રેનના દરવાજા લૉક થઈ જતાં પ્રવાસીઓ લાંબા સમય સુધી અંદર જ કેદ રહ્યા હતા. ત્યારબાદ દરવાજા ખોલવામાં આવતા જ હાશકારો અનુભવીને પ્રવાસીઓ બહાર પ્લેટફોર્મ પર આવી ગયા હતા અને ટ્રેન ક્યારે શરૂ થાય તેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. રેલવે પ્રશાસન દ્વારા તાત્કાલિક ધોરણે ટેકનિકલ સ્ટાફને કામે લગાડીને આ ક્ષતિ નિવારવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# કચ્છમાં સર્જાયેલી ઘાસચારાની કટોકટી ઉકેલવા સરકાર સજ્જ



**ધારાસભ્ય કેશુભાઈ પટેલની રજૂઆત રંગ લાવી : અષાઢી બીજના પાવન પર્વે ઘાસચારાના રાહત દરના વિતરણ અંગેની વિધિવત જાહેરાત થવાની પ્રબળ શક્યતા : પશુપાલકોમાં રાહતની લાગણી**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ચાલુ વર્ષે ચોમાસાના પ્રારંભિક તબક્કામાં જ વરસાદ ખેંચાવાના કારણે સમગ્ર પંથકમાં પાણી અને ખાસ કરીને ઘાસચારાની વિકટ તંગી ઊભી થઈ છે. સરહદી જિલ્લાના પશુપાલકો પોતાના પશુધનને બચાવવા માટે ચિંતાતુર બન્યા છે ત્યારે પશુપાલકોની આ ગંભીર સમસ્યાને વાચા આપવા માટે ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે રાજ્ય સરકારમાં વ્યાપક રજૂઆત કરી હતી. પશુપાલકોના હિતમાં કરવામાં આવેલી આ રજૂઆતનો રાજ્ય સરકાર દ્વારા ખૂબ જ સાનુકૂળ અને હકારાત્મક પ્રતિસાદ આપવામાં આવ્યો છે, જેનાથી સમગ્ર કચ્છના માલધારી સમુદાયમાં આશાનું કિરણ પ્રગટ્યું છે.ધારાસભ્ય કેશુભાઈ પટેલ દ્વારા મુખ્યમંત્રી અને સંબંધિત વિભાગો સમક્ષ કચ્છની વર્તમાન પરિસ્થિતિનો ચિતાર રજૂ કરીને તાકીદે રાહત પગલાં ભરવાની માંગ કરવામાં આવી હતી. આ રજૂઆતના પગલે વહીવટી તંત્ર અને વન વિભાગ હરકતમાં આવ્યું છે. સરકારે પશુપાલકોને આ કપરા સમયમાં મદદરૂપ થવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જે અંતર્ગત વનતંત્રના ઘાસ ડેપોમાંથી રાહત દરે ઘાસચારાનું વિતરણ મંજૂર કરવામાં આવ્યું છે. આ નિર્ણયને પગલે સરહદી વિસ્તારના હજારો પશુઓને સમયસર ચારો મળી રહેશે અને માલધારીઓએ હિજરત કરવી નહીં પડે.

કચ્છના પશુપાલકો માટે વધુ એક આનંદના સમાચાર એ છે કે આ રાહત દરના ઘાસ વિતરણ અંગેની વિધિવત અને સત્તાવાર ઘોષણા આગામી ગુરુવારે અષાઢી બીજ એટલે કે કચ્છી નૂતન વર્ષના મંગલમય અવસરે સરકાર દ્વારા કરવામાં આવે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે. કચ્છી માડુઓ માટે ઉત્સવ સમાન આ દિવસે સરકાર તરફથી મળનારી આ ભેટથી પશુપાલકોમાં ભારે રાહત અને ખુશીની લાગણી વ્યાપી જશે. ધારાસભ્યના સક્રિય પ્રયાસો અને સરકારની ત્વરિત કામગીરીને કારણે પશુધનને બચાવવાની આ મથામણમાં પશુપાલકોને મોટો ટેકો મળી રહેશે તેમ જણાઈ રહ્યું છે.

## શીણાપરમાં માઈન્સમાંથી ૧૦૦ લીટર ડીઝલ ચોરાયું

ભુજ - કચ્છઉદય : લખપત તાલુકાના શીણાપર ગામની સીમમાં આવેલી માઈન્સ કંપનીની ઓરડીમાંથી ડીઝલ ચોરાયું હતું. ફરીયાદી મુળ બનાસકાંઠાના હાલે વર્માનગરમાં રહેતા દિપકકુમાર શંકરભાઈ પટેલના જણાવ્યા પ્રમાણે બે બેરલમાંથી ૧૦૦ લીટર ડીઝલ કિંમત રૂા. ૯૮૦૦ નું ઈંધણ ચોરાઈ જતા દયાપર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## જાહેર નોટિસ

માધાપર નવાવાસ ગ્રામ પંચાયત વિસ્તારના તમામ દુકાનદારો, વેપારીઓ, મકાનમાલિકો તથા પ્લોટધારકોને આથી જાણ કરવામાં આવે છે કે તેઓ પોતાની દુકાન, વાણિજ્યક સંકુલ, રહેણાંક મકાન તેમજ માલિકીના પ્લોટની નિયમિત સફાઈ રાખે.

દરેક મિલકતની અંદર તથા બહાર કચરો, ઝાંખરા, ઘાસ-ઝાડ, ગંદકી, વરસાદી પાણીનો ભરાવો અથવા મચ્છરજન્ય રોગોને પ્રોત્સાહન મળે તેવી કોઈપણ પરિસ્થિતિ ઉભી ન થાય તેની તકેદારી રાખવી.

આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી 7 (સાત) દિવસની અંદર પોતાની મિલકતની સફાઈ પૂર્ણ કરવાની રહેશે.

જો નિર્ધારિત સમયમર્યાદામાં સફાઈ કરવામાં નહીં આવે. તો ગુજરાત પંચાયત અધિનિયમ તથા અન્ય લાગુ નિયમો મુજબ ગ્રામ પંચાયત દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત મિલકતધારકની રહેશે.

ગ્રામ પંચાયત સ્વચ્છતા અભિયાનમાં સહકાર આપવા તમામ નાગરિકોને વિનંતી કરે છે.

**વાલજીભાઈ કાનજીભાઈ ડંગર** — સરપંચ : માધાપર નવાવાસ ગ્રામ પંચાયત

**લખધીરસિંહ એચ. જાડેજા** — તલાટી કમ મંત્રી, માધાપર નવાવાસ ગ્રામ પંચાયત

(નામાનિ/કચ્છ/૪૨૯/૨૦૨૬-૨૭)

## ભુજ નગરપાલિકા

### ઓનલાઈન ટેન્ડર નિવિદા

આથી ભુજ નગરપાલિકા દ્વારા Day to Day Cleaning, Sweeping and Garbage Spot Lifting in areas of Bhuj Municipality ના કામ અંગે ઓનલાઈન ટેન્ડર http://www.tender.nprocure.com. ઉપર પબ્લીશ કરવામાં આવેલ છે. ઓનલાઈન ટેન્ડર ભરવાની તા. ૧૫/૦૭/૨૦૨૬ થી ૦૩/૦૮/૨૦૨૬ ના સાંજે ૧૮:૦૦ કલાક સુધી રહેશે. તથા ફિઝીકલ ડોક્યુમેન્ટ RPAD/SPEEDPOST થી ભુજ નગરપાલિકામાં રજૂ કરવાની અંતિમ તારીખ ૦૭/૦૮/૨૦૨૬ ના સાંજે ૧૮:૦૦ કલાક સુધી રહેશે. ઓનલાઈન ડોક્યુમેન્ટ રજૂ કરનાર ઈજારદાર જ પાત્રતાના આધીન રહેશે. રસ ધરાવતી પાર્ટીઓએ ઉક્ત વેબસાઈટ પર બાકીની માહિતી મેળવી ટેન્ડર ભરવા.

ભુનપા/SBM/૨૦૨૬
તા.૧૫/૦૭/૨૦૨૬

મુખ્ય અધિકારી
ભુજ નગરપાલિકા

(નામાનિ/કચ્છ/૪૨૫/૨૦૨૬-૨૭)


ખૂબ ખૂબ અભિનંદન




મા. શ્રી અનીરૂધ્ધભાઈ દવે — ધારાસભ્યશ્રી, માંડવી-મુંદરા, મહામંત્રીશ્રી, ગુજરાત પ્રદેશ ભાજપ
મા. શ્રી વનરાજસિંહ મહીપતસિંહ જાડેજા — નવનિયુક્ત ઉપપ્રમુખ, મુંદરા તાલુકા ભાજપ
મા. શ્રી મહાવીરસિંહ જુવાનસિંહ જાડેજા — ઉપપ્રમુખશ્રી, કચ્છ જિલ્લા પંચાયત
મા. શ્રી દેવજીભાઈ વરચંદ — પ્રમુખશ્રી, કચ્છ જિલ્લા ભાજપ

શ્રી વનરાજસિંહ મહીપતસિંહ જાડેજા ગામ : દેશલપર-કંઠી, આપશ્રીની મુંદરા તાલુકા ભાજપના ઉપપ્રમુખ પદે સંગઠનમાં વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. આપશ્રી રાજકીય ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ હાંસલ કરો એ જ શુભકામના

શુભેચ્છક
મહીપતસિંહ રામસંગજી જાડેજા — ટ્રસ્ટીશ્રી, મુંદરા તાલુકા રાજપુત ક્ષત્રિય સમાજ, પૂર્વ સરપંચશ્રી, દેશલપર-કંઠી ગ્રામ પંચાયત
લધુભા ખોડુભા જાડેજા - ગામ : રામાણીયા
હેતુભા મહીપતસિંહ જાડેજા
જેઠુભા રામસંગજી જાડેજા — પૂર્વસરપંચશ્રી, દેશલપર-કંઠી ગ્રામ પંચાયત
રણજીતસિંહ વાઘેલા - ગામ બાબીયા
ભરતસિંહ જેઠુભા જાડેજા
રામસંગજી વાઘુભા જાડેજા સમસ્ત ટીલાટ પરિવાર
આશીષ પેટ્રોલિયમ ગ્રુપ - દેશલપર-કંઠી, તા. મુંદરા-કચ્છ.



Sterling® HOSPITALS



અમદાવાદના નિષ્ણાત
લિવર ટ્રાન્સપ્લાન્ટ તેમજ લિવર, સ્વાદુપિંડ અને પિત્તનળી ને લગતા રોગોનાં સર્જન
હવે ગાંધીધામ અને ભૂજમાં
16 જુલાઈ 2026 (ગુરૂવારે) — દર મહિનાનાં ત્રીજા ગુરૂવારે
નારાયણ ગેસ્ટ્રો કેર, શાંતિનગર, ભુજ-માંડવી હાઈવે, ભુજ, સવારે 10:00 થી બપોરે 1:00 સુધી
સ્ટર્લિંગ રામ કૃષ્ણ સ્પેશ્યાલીટી હોસ્પિટલ, ગાંધીધામ, બપોરે 03:00 થી 05:00 સુધી



ડૉ. ઉત્કર્ષ શાહ
MS, DrNB (Surgical Gastroenterology),
Fellowship in Liver Transplantation & Complex HPB Surgery
કન્સલ્ટન્ટ લિવર ટ્રાન્સપ્લાન્ટ, HPB તેમજ GI સર્જન
6+ વર્ષનો, 700+ લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરીઓનો અનુભવ

સીધી ડોક્ટર સાથે વાત કરો...
- લિવર રિપોર્ટ્સ ખરાબ આવતાં ડરી ગયા છો?
- જોન્ડિસ (પીળિયો) વારંવાર પાછો આવે તેથી પરેશાન છો?
- આંખ પીળી, પેટ ફૂલવું, ભૂખ ન લાગવી, શરીરમાં નબળાઈ?
- લિવર સમસ્યાઓ સાથે સમાધાન કરતા થાકી ગયા છો?
- લિવર ટ્રાન્સપ્લાન્ટ ક્યારે જરૂરી બને છે?
- લિવર સર્જરી માટે સાચા સર્જનની પસંદગી કેટલી મહત્વપૂર્ણ છે?
- લિવર ટ્રાન્સપ્લાન્ટ વિશે તમે ભય અનુભવો છો?
- સાચા સમયે સારવાર લેવાથી ટ્રાન્સપ્લાન્ટ ટાળી શકાય છે?

એપોઇન્ટમેન્ટ બુક કરવા હમણાં જ call કરો.
+91 94264 10791



CELEBRATING 5 Years of Excellence
KUTCH LIFE CARE — A MULTI SPECIALITY HOSPITAL & TRAUMA CENTER
KLC Kutch Life Care — A Multi-Speciality Hospital & Trauma Centre
सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामया।
અમે હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ
ડૉ. ચિંતન શેઠ
ભુજ કચ્છનાં એકમાત્ર ફૂલ ટાઈમ ઓર્થોસ્કોપી સર્જન
1500+ મોટી ટ્રોમાં સર્જરીઓ કરવા બદલ
કચ્છ લાઈફ કેર મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલમાં છેલ્લા 5 વર્ષમાં



ડૉ. ચિંતન શેઠ
MS ORTHO ARTHROSCOPIC SURGEON
તમારી નિષ્ઠા, કુશળતા અને કરૂણા ભર્યા સેવાથી અસંખ્ય દર્દીઓનું જીવન બદલાયું છે અને અમારા સમાજનો વિશ્વાસ વધુ મજબૂત થયો છે.
1. ટોટલની રિપ્લેસમેન્ટ 3. ની ACL રીકન્સ્ટ્રક્શન
2. પાર્ટિયલની રિપ્લેસમેન્ટ 4. મેજર માઈનર ટ્રોમા
5. ખભાના તાણીયા રૂટ/HTO & AC જોઈન્ટ
નામ લખાવવા માટેઃ 95375 22108
સ્થળ : કચ્છ લાઈફ કેર હોસ્પિટલ, સનરાઈસ ટાવર, યસ બેન્કની બાજુમાં, ભુજ-કચ્છ

# ઓલ ઇન્ડિયા નૌસૈનિક કેમ્પમાં કચ્છના એનસીસી કેડેટ્સનું ઉત્કૃષ્ટ પ્રદર્શન





**ગાંધીધામના અનિતા દાસ અને ભુજના ઉર્વાશ મારૂને ગોલ્ડ મેડલ મળ્યો : જામનગર એનસીસી ગ્રુપ હેડક્વાર્ટરના અંતર્ગત નેવલ એનસીસી યુનિટ્સના કેડેટ્સ ડ્રિલ સહિતની સ્પર્ધાઓમાં ગોલ્ડ મેડલ્સ વિજેતા**

ભુજ - કચ્છઉદય : દર વર્ષે આઈએનએસ શિવાજી, લોનાવાલા (મહારાષ્ટ્ર) માં ઓલ ઇન્ડિયા નૌસૈનિક કેમ્પનું વાર્ષિક આયોજન કરવામાં આવે છે. તેમાં સમગ્ર ભારતમાંથી એનસીસીના વિવિધ રાજ્યોના ૧૭ ડાયરેક્ટરેટ ભાગ લે છે. આ વર્ષે આ રાષ્ટ્રીય નૌસેના કેમ્પમાં ગુજરાત, દમણ-દીવ અને દાદરા નગર હવેલી ડાયરેક્ટરેટના વિવિધ ગ્રુપ હેડક્વાર્ટર્સ સામેલ થયા હતા અને ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું, જેમાં ગાંધીધામના અનિતા દાસ અને ભુજના ઉર્વાશ મારૂને ગોલ્ડ મેડલ મળ્યો હતો. જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટરના નેવલ યુનિટ્સે પણ ડ્રિલ સહિતની અન્ય સ્પર્ધાઓમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને સમગ્ર ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે. ગુજરાત એનસીસી ડાયરેક્ટરેટમાંથી કુલ નવ નેવલ યુનિટના ૨૪ યુવાનો અને ૧૨ યુવતીઓ, આમ કુલ ૩૬ નેવલ કેડેટ્સે રાષ્ટ્રીય કેમ્પમાં ભાગ લીધો હતો.

રાષ્ટ્રીય કેમ્પમાં ભાગ લેતા પહેલા રાજ્ય સ્તરના નેવલ કેડેટ્સની પસંદગી કેમ્પ જામનગરમાં શ્રી સત્ય સાંઈ વિદ્યાલય ખાતે યોજાયો હતો. ત્યારબાદ પ્રી-નૌસૈનિક કેમ્પ ગાંધીધામમાં અને લોન્ચ કેમ્પ આઈએનએસવાલસુરામાં યોજાયો હતો. આ ત્રણેય કેમ્પોમાં વિવિધ વિષયોની સખત તાલીમ બાદ તમામ કેડેટ્સ ૩૦ જૂનથી ૧૨ જુલાઈ સુધી કુલ ૧૨ દિવસ માટે શિવાજી ખાતે ભાગ લેવા ગયા હતા. કેમ્પમાં ભારતના વિવિધ રાજ્યોના ૧૭ ડાયરેક્ટરેટ્સમાંથી સિનિયર વિંગ/ડિવિઝનના નેવલ કેડેટ્સ ભાગ લે છે. તેમાં ડ્રિલ, બોટ પુલિંગ, ફાયરિંગ, રિગિંગ (વિવિધ ગાંઠ બાંધવાની સ્પર્ધા), નેવીના વિશેષ વિષયો, સીમેનશિપ વગેરે ભારતીય નૌસેનાને લગતા વિષયોની સ્પર્ધાઓ યોજવામાં આવે છે.

વિવિધ વિભાગોની સ્પર્ધાઓમાં આ વર્ષે જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટરે કુલ દસ મેડલ મેળવ્યા છે. જેમાં ૮ ગુજરાત નેવલ યુનિટ જામનગરે ત્રણ ગોલ્ડ, એક સિલ્વર તથા એક બ્રોન્ઝ મેડલ, ૬ ગુજરાત નેવલ યુનિટ ગાંધીધામે એક ગોલ્ડ મેડલ, ૫ ગુજરાત નેવલ યુનિટ ભુજે એક ગોલ્ડ તથા ૪ ગુજરાત નેવલ યુનિટ પોરબંદરે એક ગોલ્ડ, એક સિલ્વર તથા એક બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ ઉપરાંત, ૩ ગુજરાત નેવલ યુનિટ એનસીસી ભાવનગરના કેડેટ રાજવીરસિંહ સોઢાને ઓવરઓલ ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે ‘કેડેટ કેપ્ટન ઓફ ધ કેમ્પ’ તરીકે ગોલ્ડ મેડલ અને ૧ ગુજરાત નેવલ યુનિટ એનસીસી અમદાવાદની કેડેટ ફેમિના કોન્ટ્રાક્ટરને સીમેનશિપમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયો છે.

ગુજરાત એનસીસી ડાયરેક્ટરેટના કેડેટ્સે આ કેમ્પમાં કુલ ૨૪ મેડલ્સ (૧૭ ગોલ્ડ, ૩ સિલ્વર, ૪ બ્રોન્ઝ મેડલ્સ) જીત્યા છે. તેમની આ શાનદાર સફળતા અને સખત પરિશ્રમ માટે જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટરના ગ્રુપ કમાન્ડર પી. શશિ દ્વારા તમામ કેડેટ્સને જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટર ખાતે આમંત્રિત કરી અભિનંદન આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાથે જ ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસી દ્વારા ગુજરાતના તમામ છત્રીસ કેડેટ્સને સખત તાલીમ આપવા બદલ ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસીના કમાન્ડિંગ ઓફિસર કમાન્ડર સ્નેહા રાય, ૭ ગુજરાત નેવલ યુનિટ વેરાવળના કમાન્ડિંગ ઓફિસર કમાન્ડર દિવ્યાંશુ જોશી, ૧ ગુજરાત નેવલ યુનિટ અમદાવાદના કમાન્ડિંગ ઓફિસર લેફ્ટનન્ટ કમાન્ડર એન. કરિશ્મા, ૨ ગુજરાત નેવલ એનસીસીના કમાન્ડિંગ ઓફિસર કમાન્ડર સિદ્ધાર્થ રાવત, ૬ ગુજરાત નેવલ યુનિટ ગાંધીધામના લેફ્ટનન્ટ કમાન્ડર ભૂમિત ગઢવીના માર્ગદર્શન તથા સ્ટાફની મહેનતની પણ પ્રશંસા કરી તેમને અભિનંદન આપવામાં આવ્યા હતા.

# સણવા ગામે પ્રાકૃતિક કૃષિ દ્વારા ખરીફ પાક વ્યવસ્થાપન અંગે ખેડૂતોને વૈજ્ઞાનિકો દ્વારા અપાયું માર્ગદર્શન



રાપર - કચ્છઉદય : સરદાર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી સંચાલિત વિભાગીય સંશોધન કેન્દ્ર, ભચાઉ દ્વારા સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ યોજના અંતર્ગત રાપર તાલુકાના સણવા ગામે પ્રાકૃતિક કૃષિ દ્વારા ખરીફ પાકનું વ્યવસ્થાપન વિષય પર એક દિવસીય ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં આશરે ૮૦થી વધુ ખેડૂતો ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને ખરીફ પાકોમાં પ્રાકૃતિક ખેતી, જમીન આરોગ્ય, સિંચાઈ વ્યવસ્થાપન તેમજ રોગ-જીવાત નિયંત્રણ અંગે નિષ્ણાતો પાસેથી વૈજ્ઞાનિક માર્ગદર્શન મેળવ્યું હતું.

શિબિરના પ્રારંભે મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. યોગેશ રાઠવા દ્વારા પ્રાકૃતિક કૃષિના મૂળભૂત સિદ્ધાંતો અને તેના વિવિધ આયામોની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. તેમણે પ્રાકૃતિક ખેતીને ટકાઉ અને ખર્ચ બચત આધારિત ખેતી પદ્ધતિ તરીકે ઓળખાવી જીવામૃત, બીજામૃત, આચ્છાદન (મલ્ચિંગ), વાપસા, તેમજ આંતરખેડ, આંતરપાક અને મિશ્ર પાક પદ્ધતિ અપનાવવાથી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહેવા ઉપરાંત ઉત્પાદન ખર્ચમાં ઘટાડો અને પર્યાવરણનું સંરક્ષણ થાય છે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ રાજ પરવાડીયા, સિનિયર રિસર્ચ ફેલો દ્વારા સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન અંગે માહિતી આપવામાં આવી હતી. તેમણે પાણીના કાર્યક્ષમ ઉપયોગ, પાણીની બચત, ખેડૂતોની સહભાગિતાથી સિંચાઈ વ્યવસ્થાપનને વધુ અસરકારક બનાવવાની રીતો તેમજ ઉપલબ્ધ જળસંપત્તિનો મહત્તમ ઉપયોગ કરી વધુ ઉત્પાદન મેળવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

સહ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. નરેન્દ્રસિંહ બુંબડીયા દ્વારા ખરીફ પાકોમાં જમીન વ્યવસ્થાપન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે જમીનના નમૂના વૈજ્ઞાનિક પદ્ધતિથી લેવાની રીત, જમીન પરીક્ષણના આધારે સંતુલિત ખાતર વ્યવસ્થાપન, સૂક્ષ્મ પોષક તત્ત્વોનું મહત્વ તથા જમીનની તંદુરસ્તી જાળવી ઉત્પાદન વધારવા અંગે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. શિબિરના અંતિમ વ્યાખ્યાયનમાં મદદનીશ પ્રાધ્યાપક ડૉ. ભવ્યરાજસિંહ વાઘેલા દ્વારા ખરીફ પાકોમાં રોગ અને જીવાતના પ્રાકૃતિક નિયંત્રણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિનો મુખ્ય આધાર કુદરત સાથે સુમેળ સાધીને ખેતી કરવાનો છે. તેમણે નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર અને દશપર્ણી અર્ક જેવા પ્રાકૃતિક અસ્ત્રોના ઉપયોગ દ્વારા રોગ-જીવાતનું અસરકારક નિયંત્રણ કરી રાસાયણિક દવાઓ પરની નિર્ભરતા ઘટાડવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો.

શિબિર દરમિયાન ખેડૂતો સાથે પ્રશ્નોત્તરી સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વૈજ્ઞાનિકોએ ખેડૂતો દ્વારા પૂછાયેલા વિવિધ પ્રશ્નોના સંતોષકારક અને વ્યવહારુ ઉકેલો રજૂ કર્યા હતા. ખાસ કરીને પ્રાકૃતિક કૃષિ, જમીન આરોગ્યનું સંરક્ષણ તથા પાણીના કાર્યક્ષમ ઉપયોગ જેવા વિષયો પ્રત્યે ખેડૂતોમાં વિશેષ રસ અને જિજ્ઞાસા જોવા મળી હતી. કાર્યક્રમના અંતે ખેતી મદદનીશ જશપાલસિંહ ડાભીએ ઉપસ્થિત તમામ ખેડૂતો, વૈજ્ઞાનિકો તથા મહેમાનોનો આભાર વ્યક્ત કરી શિબિરની સમાપનવિધિ કરી હતી. આ ખેડૂત તાલીમ શિબિરનું આયોજન સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. આર. એસ. ચંદેલના માર્ગદર્શન, વિસ્તરણ શિક્ષણ નિયામકના સૂચન તેમજ વિભાગીય સંશોધન કેન્દ્ર, ભચાઉના વડા ડૉ. આર. એમ. જાડેજાના આયોજન અને માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# હાઈકોર્ટની કચ્છ સહિત રાજ્યની બે સગીર દુષ્કર્મ પીડિતાને ગર્ભપાતની મંજૂરી

**સાબરકાંઠાની ૧૬ વર્ષની સગીરાને ૨૬ સપ્તાહનો અને કચ્છની ૧૭ વર્ષીયને ૧૬ સપ્તાહનો ગર્ભ : કચ્છની સગીરા એનિમિયાથી પીડિત**


અમદાવાદ : ગુજરાત હાઈકોર્ટે એક સંવેદનશીલ ચુકાદો આપતાં કચ્છ અને સાબરકાંઠાની બે દુષ્કર્મ પીડિત સગીરાઓને ગર્ભપાતની મંજૂરી આપી દીધી છે. કોર્ટે સુપ્રીમ કોર્ટના અગાઉના ચુકાદાઓ અને પીડિત સગીરાઓના શારીરિક તથા માનસિક હિતને ધ્યાનમાં રાખીને આ મહત્વનો આદેશ કર્યો છે. આ પ્રક્રિયા માટે નિષ્ણાત ડૉક્ટરોની વિશેષ પેનલની રચના કરવામાં આવશે અને કાનૂની તપાસના ભાગરૂપે ગર્ભના ડીએનએ સેમ્પલ પણ સાચવવામાં આવશે.

એનિમિયાથી પીડિત કચ્છની સગીરાને મંજૂરીના કેસમાં કચ્છની ૧૭ વર્ષની સગીરા સામેલ છે, જેને ૧૬ સપ્તાહનો ગર્ભ છે અને આ અંગે ગાંધીધામના એ ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધાયેલો છે. આ સગીરા એનિમિયા (લોહીની ઉણપ)ની બીમારીથી પીડિત હોવા છતાં, કોર્ટે તમામ તબીબી પાસાં ચકાસીને ગાંધીધામ જનરલ હોસ્પિટલમાં ગર્ભપાતની મંજૂરી આપી છે. સાબરકાંઠાની સગીરાના કેસમાં સાબરકાંઠાના હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે ૧૬ વર્ષની સગીર પીડિતાના ગર્ભપાત માટે કોર્ટમાં દાદ માંગવામાં આવી હતી. મેડિકલ રિપોર્ટ અનુસાર, સગીરાને ૨૬ અઠવાડિયા અને ૩ દિવસનો ગર્ભ હતો. કોર્ટે પીડિતાની માનસિક સ્થિતિને ધ્યાને રાખી હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં સિનિયર ડૉક્ટરોની દેખરેખ હેઠળ ગર્ભપાતની પ્રક્રિયા પૂર્ણ કરવા આદેશ આપ્યો છે. જોકે, બંને કેસમાં પીડિતા અને તેમના પરિવારે પોતાના જોખમે સર્જરી કરાવવા માટે યોગ્ય બાંહેધરી પત્ર આપવાનું રહેશે.

બાળક જીવિત જન્મે તો સરકાર જવાબદારી સંભાળશે હાઈકોર્ટે ચુકાદામાં સ્પષ્ટતા કરી છે કે, જો ગર્ભપાતની પ્રક્રિયા દરમિયાન બાળક જીવિત જન્મે, તો હોસ્પિટલે તેને તમામ શ્રેષ્ઠ તબીબી સારવાર આપવાની રહેશે. જો પીડિતા કે તેનો પરિવાર આ બાળકની જવાબદારી લેવા તૈયાર ન થાય, તો રાજ્ય સરકાર અને તેની સંબંધિત એજન્સીઓએ જુવેનાઇલ જસ્ટિસ એક્ટ હેઠળ બાળકની સંપૂર્ણ જવાબદારી સંભાળવી પડશે. આ ઉપરાંત ભવિષ્યની કાનૂની તપાસ અને પુરાવા માટે ડૉક્ટરોએ ગર્ભમાંથી વૈજ્ઞાનિક પદ્ધતિથી ડીએનએ ટિશ્યુ સેમ્પલ મેળવીને તપાસ અધિકારીને સોંપવાના રહેશે.

# ડીઆરએમ શ્રી વેદ પ્રકાશ એ હોન્ડા મોટરસાઇકલ એન્ડ સ્કૂટર ઇન્ડિયાના વિઠ્ઠલપુર પ્લાન્ટની મુલાકાત લીધી



**રેલવે માર્ગ દ્વારા દ્વિચક્રી વાહનોના પરિવહનની દિશામાં મહત્વપૂર્ણ પહેલ : રેલવે અધિકારીઓ અને હોન્ડા મેનેજમેન્ટ વચ્ચે ઉચ્ચ સ્તરની બેઠક યોજાઇ**

અમદાવાદ - કચ્છઉદય : પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના મંડળ રેલવે મેનેજર વેદ પ્રકાશએ ૧૪ જુલાઈના વિઠ્ઠલપુર ખાતે આવેલ હોન્ડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયાના પ્લાન્ટની મુલાકાત લીધી. આ પ્રસંગે રેલવે અધિકારીઓ અને હોન્ડા મેનેજમેન્ટ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી, જેમાં હોન્ડાના સ્કૂટર અને અન્ય દ્વિચક્રી વાહનોનું રેલવે માર્ગ દ્વારા પરિવહન શરૂ કરવાની શક્યતાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન જણાવવામાં આવ્યું કે વિઠ્ઠલપુર ખાતે આવેલ હોન્ડા પ્લાન્ટમાં દરરોજ ૭,૫૦૦થી વધુ સ્કૂટરોનું ઉત્પાદન થાય છે, જેમને હાલમાં ટ્રકો મારફતે દેશના વિવિધ રાજ્યોમાં મોકલવામાં આવે છે. હવે ભારતીય રેલવેના મારફતે આ દ્વિચક્રી વાહનોનું પરિવહન શરૂ કરવાની દિશામાં બંને પક્ષો વચ્ચે સકારાત્મક ચર્ચા-વિચારણા થઈ હતી. ચર્ચા દરમિયાન રેલવે પરિવહન માટે જરૂરી ઓપરેશનલ વ્યવસ્થા, લોડિંગ અને અનલોડિંગ સુવિધાઓ, લોજિસ્ટિક્સ, રેકની ઉપલબ્ધતા તેમજ વિવિધ સમન્વયાત્મક પાસાઓ પર વિગતવાર વિચારણા કરવામાં આવી. રેલવે આધારિત પરિવહન શરૂ થવાથી રોડ પરિવહન પરની નિર્ભરતા ઘટશે, પરિવહન ખર્ચમાં ઘટાડો થશે, સમયસર અને સુરક્ષિત પુરવઠો સુનિશ્ચિત થશે તેમજ કાર્બન ઉત્સર્જનમાં ઘટાડા મારફતે પર્યાવરણ સંરક્ષણને પણ પ્રોત્સાહન મળશે.

ડીઆરએમ વેદ પ્રકાશ એ જણાવ્યું હતું કે ભારતીય રેલવે ઉદ્યોગોની જરૂરિયાતોને અનુરૂપ આધુનિક અને વિશ્વસનીય માલ પરિવહન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ પહેલ રેલવે અને ઓટોમોબાઈલ ઉદ્યોગ વચ્ચેના સહયોગને નવી દિશા આપશે અને રેલવે આધારિત લોજિસ્ટિક્સને પ્રોત્સાહન આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે. પ્રસ્તાવિત વ્યવસ્થા લાગુ થયા પછી અમદાવાદ મંડળની માલ પરિવહન આવકમાં પણ નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે. સાથે જ, આ પહેલ ભારતીય રેલવેના “ગ્રીન લોજિસ્ટિક્સ“ અને “મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ” ને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશને પણ મજબૂત કરશે. અમદાવાદ મંડળ પોતાના વિસ્તારના ઉદ્યોગોને રેલવે નેટવર્ક સાથે જોડવા, માલસામાનની હેરફેરને વધુ સુરક્ષિત, કિફાયતી અને પર્યાવરણ - અનુકૂળ બનાવવા તેમજ ઉદ્યોગો માટે વધુ સારા લોજિસ્ટિક ઉકેલો ઉપલબ્ધ કરાવવાની દિશામાં સતત કામ કરી રહ્યું છે.

# ૨૫ શિક્ષણ સહાયકોને પૂરા પગારના અપાયા આદેશ



**જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના પારદર્શક વહીવટની તમામ સંઘોએ કરી પ્રશંસા**

ભુજ - કચ્છઉદય : કચ્છની અનુદાનિત શાળાઓના ઉચ્ચતર માધ્યમિક વિભાગના ૨૫ શિક્ષણ સહાયકોને પૂરા પગારમાં સમાવવાના આદેશ આપવામાં આવ્યા હતા, પાંચ વર્ષ પૂર્ણ થવાના દિવસે જ પૂરા પગારના આદેશ મળતાં શિક્ષકોએ અત્યંત રાજીપો વ્યક્ત કર્યો હતો.

આ અગાઉ સરકારી માધ્યમિક વિભાગના ૮૪ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના ૪૮ તેમજ અનુદાનિત શાળાઓના ૧૧ એમ કુલ ૧૪૩ શિક્ષકોને પુરા પગારમાં સમાવવાના આદેશ આપવામાં આવ્યા હતા. પૂરા પગારના આદેશ મેળવનારા શિક્ષકોએ કચ્છી નવાં દિવસની આગોતરી ભેટ ગણાવી જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમાર અને સમગ્ર ટીમનો આભાર માન્યો હતો, વધુમાં તમામ ૨૫ શિક્ષકોએ એકી સૂરમાં જણાવ્યું હતું કે, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી કચ્છ એ ઉત્તમ અને પારદર્શક વહીવટનું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આદેશ વિતરણમાં આચાર્ય સંઘના અધ્યક્ષ ચેતનભાઈ બારમેડા, પ્રમુખ રણજીતસિંહ જાડેજા, ઉચ્ચતર માધ્યમિક સંઘના પંકજભાઈ દહીંસરીયા, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના નયનભાઈ વાંઝા, અલ્પેશભાઈ જાની, માધ્યમિક સંઘના મનીષભાઈ પટેલ, ભાવેશભાઈ ઉપાધ્યાય, બ્રિજેશભાઈ ઠક્કર, અજીતભાઈ ભાનુશાલી, બિનસરકારી સંઘના બલવીરસિંહ રાણા, ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ નિરીક્ષક પૃથ્વીરાજસિંહ ઝાલા, મહેશદાન ગઢવી, સિનિયર ક્લાર્ક બિપીનભાઈ નાગુ અને ટીમે વ્યવસ્થા સંભાળી હતી.

# ભચાઉ ખાતે સરપંચો અને પદાધિકારીઓ માટે જનચેતના આરોગ્ય માર્ગદર્શન વર્કશોપ યોજાયો




ભચાઉ - કચ્છઉદય : ભચાઉ તાલુકા હેલ્થ ઓફિસ, ભચાઉ દ્વારા તાલુકા પંચાયત હોલ ખાતે ભચાઉ તાલુકાના તાલુકા પંચાયતના સદસ્યો, સરપંચો તથા અન્ય પદાધિકારીઓ માટે વિવિધ રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમોની જાણકારી અને જનજાગૃતિના હેતુથી જનચેતના - કોમ્યુનિટી લીડર્સ સેન્સિટાઈઝેશન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ તાલુકા પંચાયત પ્રમુખ રાજીબેન કરશનભાઈ પટેલ, કારોબારી ચેરમેન ઉપેન્દ્રસિંહ જાડેજા, નગરપાલિકા પ્રમુખ પેથાભાઈ રાઠોડ, તાલુકા સરપંચ સંગઠનના પ્રમુખ દેવશીભાઈ રબારી, ગોપાલક વિકાસ નિગમના પૂર્વ ચેરમેન અરજણભાઈ રબારી, ભાડા બોર્ડના પૂર્વ ચેરમેન વિકાસભાઈ રાજગોર, તાલુકા પંચાયતના દંડક લક્ષ્મણભાઈ રબારી, સામખિયારીના સરપંચ જગદીશભાઈ મઢવી, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. નારાયણસિંહ તથા એટીડીઓ ગઢવીભાઈના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો.

વર્કશોપ દરમિયાન ડૉ. નારાયણસિંહ તથા ડૉ. ભૂમિકા ગજેરા દ્વારા ટીબી મુક્ત ભારત અભિયાન, માતા અને બાળ આરોગ્ય યોજનાઓ, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન, જનની સુરક્ષા યોજના, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ, આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, એનસીડી કાર્યક્રમ, કિશોર સ્વાસ્થ્ય, ડાયાલિસિસ કાર્યક્રમ, મિશન ઈન્દ્રધનુષ, નિયમિત રસીકરણ તેમજ મચ્છરજન્ય અને અન્ય ચેપી રોગોથી બચવાના ઉપાયો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગામડાઓમાં આરોગ્ય સેવાઓ વધુ અસરકારક રીતે પહોંચે અને સરકારની આરોગ્ય યોજનાઓનો લાભ દરેક લાભાર્થી સુધી પહોંચે તે માટે સરપંચો અને સ્થાનિક આગેવાનોને આરોગ્ય વિભાગ સાથે સંકલન સાધી જનજાગૃતિ વધારવા અનુરોધ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં તાલુકા પંચાયતના સદસ્યો, સરપંચો તથા અન્ય પદાધિકારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા આરોગ્ય વિભાગના સૂર્યકાંત પરીખ, મંજુબેન ગરોડા, દીપકભાઈ દરજી, ઈશ્વર પ્રજાપતિ, દિશાબેન સુથાર, કૌશિક સુતરીયા, વિમલબેન વણકર, ઉમંગભાઈ ઉંડવિયા, જયરામ રબારી તથા અયુબ હાલાએ જહેમત ઉઠાવી હતી.

# વિભાગીય સંશોધન કેન્દ્ર, ભચાઉ દ્વારા વિવિધ યોજનાઓ અંતર્ગત ખેડૂતોને નિદર્શન કીટોનું વિતરણ કરાયું

ભચાઉ - કચ્છઉદય : ખેડૂતો સુધી આધુનિક કૃષિ ટેક્નોલોજી પહોંચાડવા, ભલામણ કરાયેલ સુધારેલ જાતોના પ્રચાર-પ્રસારને વેગ આપવા તેમજ વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓના વ્યાપક અમલીકરણના હેતુથી વિભાગીય સંશોધન કેન્દ્ર, ભચાઉ દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન વિવિધ યોજનાઓ હેઠળ પસંદગી પામેલા ખેડૂતોને નિદર્શન કીટોનું વિતરણ કરવામાં આવ્યું હતું.



ટ્રાન્સફર ઓફ ટેક્નોલોજી યોજના અંતર્ગત કુલ ૫ ખેડૂતોને પ્રતિ ખેડૂત ૪કિલોગ્રામ મુજબ કુલ ૨૦ કિલોગ્રામ દિવેલાની જીસીએચ-૮ જાતના બીજ તેમજ તુવેરની જીટી-૧૦૭ જાતના બીજનું નિદર્શન આપવામાં આવ્યું હતું. આ નિદર્શનનો હેતુ ખેડૂતોને ભલામણ કરાયેલ સુધારેલ જાતોના ઉત્પાદન અને તેમની કાર્યક્ષમતાનો ખેતર સ્તરે પ્રત્યક્ષ અનુભવ કરાવવાનો હતો.

હોલીસ્ટિક એગ્રીકલ્ચર ડેવલપમેન્ટ યોજના હેઠળ વિભાગીય સંશોધન કેન્દ્ર દ્વારા દત્તક લેવામાં આવેલા કુંભારડી અને ગુણાતીતપુર ગામોમાં વિવિધ પાકોના નિદર્શન માટે કુલ ૧૦ ખેડૂતોને ૪૦ કિલોગ્રામ દિવેલાની જીસીએચ-૮ જાત, ૧૦ ખેડૂતોને ૬૦ કિલોગ્રામ મગની જીએમ-૪ જાત તથા ૨૦ ખેડૂતોને ૮૦.૦૦ કિલોગ્રામ તુવેરની જીટી-૧૦૭ જાતના બીજનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત બંને ગામોની કુલ ૩૦ મહિલા લાભાર્થીઓને પોષણયુક્ત આહાર અને ઘરઆંગણે શાકભાજી ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે કિચન ગાર્ડનિંગ કીટ પણ આપવામાં આવી હતી. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ અંતર્ગત કમાન્ડ વિસ્તારના ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ અંતર્ગત ચાર અલગ-અલગ નિદર્શન કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા છે. દરેક નિદર્શન માટે ૧૫ ખેડૂતોની પસંદગી કરવામાં આવતા કુલ ૬૦ખેડૂતોને લાભાન્વિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ હેઠળ કેસર જાતના કુલ ૭૨૦ આંબાના રોપા, મગની એમજી-૯ જાતના ૯૬ કિલોગ્રામ, દિવેલાની જીસીએચ-૮ જાતના ૧૩૦ કિલોગ્રામ, શણના ૨૪૦ કિલોગ્રામ, તુવેરની જીટી-૧૦૭ જાતના ૮૦ કિલોગ્રામ તથા કારીંગડાના ૧૬ કિલોગ્રામ બિયારણનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત સંકલિત ખેતી પદ્ધતિના નિદર્શન અંતર્ગત રજકો, બાજરી, અડદ, પપૈયા, ચીકુ, જામફળ, સીતાફળ, ડ્રેગન ફ્રૂટ, લીંબુ, ફાલ્સા, સરગવો તેમજ કિચન ગાર્ડન કીટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન ડૉ. યોગેશ રાઠવા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકએ જણાવ્યું હતું કે, આ નિદર્શન કાર્યક્રમો માત્ર બીજ વિતરણ પૂરતા મર્યાદિત નથી. નિદર્શન માટે પસંદગી પામેલા ખેડૂતોને સમગ્ર પાક અવધિ દરમિયાન વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ, સમયાંતરે તકનીકી માર્ગદર્શન, ખેતર મુલાકાત, જીવાત અને રોગ નિયંત્રણ તેમજ પાક વ્યવસ્થાપન અંગે સતત માર્ગદર્શન આપવામાં આવશે, જેથી નિદર્શનના સકારાત્મક પરિણામો વધુમાં વધુ ખેડૂતો સુધી પહોંચે અને નવી ટેક્નોલોજીનો વ્યાપ વધે. કેન્દ્ર વડા અને સહ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. આર. એમ. જાડેજાએ ખેડૂતોને અપીલ કરતાં જણાવ્યું હતું કે, નિદર્શન હેઠળ આપવામાં આવેલી સુધારેલ જાતો અને બાગાયતી પાકોનું વૈજ્ઞાનિક અભિગમ સાથે વાવેતર કરી ઉત્તમ પરિણામો પ્રાપ્ત કરે તેમજ પોતાના ગામ અને આસપાસના વિસ્તારમાં અન્ય ખેડૂતોને પણ આ ટેક્નોલોજી અપનાવવા પ્રેરિત કરે. આ ઉપરાંત સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એસ. ડી. સોલંકીના હસ્તે ખેડૂતોને નિદર્શન કીટોનું વિતરણ કરવામાં આવ્યું હતું તથા તેમણે ખેડૂતોને આધુનિક, ટકાઉ અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ અપનાવવા માર્ગદર્શન આપ્યું હતું. ખેડૂતોની પસંદગી, લાભાર્થીઓ સાથે સંકલન તેમજ નિદર્શન કીટોના આયોજનબદ્ધ વિતરણમાં મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. યોગેશ રાઠવા, રાજ પરવાડીયા, સિનિયર રિસર્ચ ફેલો તેમજ ખેતી મદદનીશ, જશપાલસિંહ ડાભીએ મહત્વપૂર્ણ કામગીરી બજાવી હતી.

# અષાઢી બીજ : પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અવસર

## કચ્છી નૂતન વર્ષ એટલે શૌર્યગાથા, સંસ્કૃતિ અને પરંપરાનો ત્રિવેણી સંગમ

ભુજ - કચ્છઉદય : મેઘરાજાના આગમનની આશા, માટીની ભીની સુગંધ અને હૃદયમાં નવચેતનાનો સંચાર એટલે કચ્છીઓનું નવું વર્ષ અષાઢી બીજ. ભૌગોલિક રીતે વિષમ છતાં દિલથી અતિ વૈભવશાળી એવા કચ્છ પ્રદેશ માટે આ માત્ર એક તિથિ નથી, પરંતુ ઉત્સાહ, ઉમંગ અને પોતીકી ઓળખનું પ્રતીક છે. સમગ્ર વિશ્વમાં વસતા કચ્છી માડુઓ આ દિવસને કચ્છી નૂતન વર્ષ તરીકે પરંપરાગત શ્રદ્ધા અને ઉલ્લાસભેર ઉજવે છે.

કચ્છી નૂતન વર્ષના આરંભ પાછળ એક જાજરમાન ઈતિહાસ છુપાયેલો છે. વિક્રમ સંવત ૧૩૦૦ની આસપાસ કચ્છમાં જામ લાખા ફુલાણીનું શાસન હતું. ઈતિહાસકારોના મતે, પરાક્રમી અને પ્રજાહિતૈષી રાજા જામ લાખા ફુલાણીએ અષાઢી બીજના દિવસે એક ભવ્ય વિજય મેળવ્યો હતો અથવા આ દિવસે તેમનો રાજ્યાભિષેક થયો હતો. બીજી એક લોકવાયકા મુજબ, જામ લાખા ફુલાણીના શાસનકાળ દરમિયાન કચ્છમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો અને પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી હતી. રાજાએ રાત-દિવસ એક કરીને પ્રજાની સેવા કરી અને પ્રભુને પ્રાર્થના કરી હતી. આખરે અષાઢી બીજના પવિત્ર દિવસે કચ્છની સુકીભઠ્ઠ ધરતી પર મેઘરાજા મન મૂકીને વરસ્યા, ધરતી લીલીછમ બની ગઈ અને પ્રજાના દુ:ખનો અંત આવ્યો. આ ખુશાલીમાં જામ લાખા ફુલાણીએ આ દિવસથી એક નવું પંચાંગ એટલે કે કચ્છી સંવત શરૂ કર્યું અને ત્યારથી કચ્છી માડુઓ માટે અષાઢી બીજ એ નવા વર્ષનો મંગલ પ્રારંભ બની ગયો.

ગુજરાતના અન્ય ભાગોમાં કારતક સુદ એકમને નવું વર્ષ ગણવામાં આવે છે, પરંતુ રણપ્રદેશ એવા કચ્છમાં ચોમાસાનું એટલે કે પ્રકૃતિના નવસર્જનનું વિશેષ મહત્વ છે. અષાઢી બીજ એ ચોમાસાના આગમનનો સંદેશ લઈને આવે છે અને કચ્છીઓ માટે વરસાદ એ માત્ર પાણી નથી, પણ જીવદોરી છે. આ દિવસે કચ્છના ખેડૂતો પોતાના હળ અને બળદની પૂજા કરે છે તથા વાવણીના શુકન કરવામાં આવે છે. ધરતીપુત્રો આશાભરી નજરે આકાશ તરફ જુએ છે અને મેઘરાજાને આહ્વાન કરે છે.

અષાઢી બીજના દિવસે કચ્છના ધાર્મિક સ્થાનોમાં ભક્તિનો માહોલ જોવા મળે છે. આ પાવન અવસરે રાપરના રવેચી માતાના મંદિર પરિસરમાં ભવ્ય મેળો ભરાય છે, જેને કચ્છનો કુંભમેળો પણ કહેવામાં આવે છે, જ્યાં કચ્છી સંસ્કૃતિના સાચા દર્શન થાય છે. આ દિવસે કચ્છી પરિવારોમાં કુળદેવીની પૂજા અર્ચના થાય છે અને ઘરોમાં ખાસ કરીને લાપસી કે કંસારનું નૈવેદ્ય બનાવવામાં આવે છે. દેશ-વિદેશમાં વસતા કચ્છીઓ આ દિવસે એકબીજાને "કચ્છી નયે વરસે જી વધાયું" એટલે કે કચ્છી નવા વર્ષની અબજો વધામણી કહીને શુભેચ્છાઓ પાઠવે છે.

કચ્છની ધરતી સંઘર્ષ અને બેજોડ ખુમારીની ધરતી છે. ભૂકંપ જેવી મોટી કુદરતી આપત્તિઓ સામે પણ બેઠા થઈને વૈશ્વિક ફલક પર ચમકનારા કચ્છીઓ પોતાની પરંપરાઓને ક્યારેય ભૂલ્યા નથી. અષાઢી બીજ એ કચ્છી સંસ્કૃતિ, સહિષ્ણુતા અને ભાઈચારાનું અમર પ્રતીક છે. આ નૂતન વર્ષ માત્ર કેલેન્ડર બદલવાનો દિવસ નથી, પરંતુ પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અને પોતાની ભવ્ય વિરાસતને ગૌરવભેર જીવંત રાખવાનો પવિત્ર અવસર છે.

### આવી અષાઢી બીજ

મોરલા ટહુકે, વાદળ ગરજે,  
કાળી ભમરાળી ચમકે વીજ.  
કચ્છના રહેવાસી હરખ કરો,  
આવી ગઈ છે અષાઢી બીજ..  
ટપટપ ટપટપ વરસાદ ટપકે,  
કચ્છવાસીઓના દલડાં હરખે.  
ખેડૂતોના મુખડે આનંદ મલકે,  
આવી ગઈ છે અષાઢી બીજ..  
ધરતી લીલીછમ ચાદર ઓઢે,  
ભીની માટીમાંથી સુગંધ મહેકે.  
ચોકોર આહલાદક ઠંડક પ્રસરે,  
આવી ગઈ છે અષાઢી બીજ..  
આભે ઈન્દ્રધનુષી રંગો રેલાય,  
આસમાને મોહક દ્રશ્ય સર્જાય.  
પ્રકૃતિનું અમાપ સૌંદર્ય ખીલે,  
આવી ગઈ છે અષાઢી બીજ..  
ગામોગામ ઉજવાય છે બીજ,  
જગન્નાથની રથયાત્રા નીકળે.  
'નિશુ'કે ઉજવે કચ્છ નવ વર્ષ,  
આવી ગઈ છે અષાઢી બીજ..

-નિશા ભરતભાઈ ઠાકર 'નિશુ'

# છારીઢંઢના મેદાનમાં પ્લાસ્ટિકનો યોગ્ય નિકાલ કરવા માંગ





ભુજ - કચ્છઉદય : છારીઢંઢના મેદાનમાં એનટીપીસી દ્વારા ખુલ્લેઆમ પ્લાસ્ટિકની થેલીઓ અને અન્ય પ્લાસ્ટિક કચરો ફેંકવામાં આવી રહ્યો છે. આ પર્યાવરણ માટે હાનિકારક છે અને પશુઓના સ્વાસ્થ્ય માટે પણ જોખમરૂપ છે. તંત્ર દ્વારા તાત્કાલિક તપાસ કરીને પ્લાસ્ટિક કચરાનો યોગ્ય નિકાલ કરાવવામાં આવે તેવી માંગ કરવા સાથે ફરી પ્લાસ્ટિકના થેલીઓ ન આવે તેવી ધ્યાન રાખવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# જૂની પેન્શન યોજનાને લઈને સરકાર સક્રિય

## પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરીએ તમામ વિભાગો પાસેથી માહિતી મંગાવી

ગાંધીનગર - કચ્છઉદય : રાજ્ય સરકારના કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના અને નવી પેન્શન યોજનાને લઈને મહત્વપૂર્ણ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામક કચેરીએ તમામ વિભાગોના વડાઓને પત્ર મોકલી એનપીએસહેઠળ સેવા આપતા અને ઓપીએસમાં જોડાવા માટે પાત્ર કર્મચારીઓની વિગતો તાત્કાલિક મોકલવા સૂચના આપી છે.

પત્ર અનુસાર, કેન્દ્રસરકારના નિયમોને આધારે એનપીએસ હેઠળ આવરી લેવાયેલા અને નિર્ધારિત શરતો પૂર્ણ કરતા કર્મચારીઓને ઓપીએસનો વિકલ્પ આપવામાં આવ્યો છે. આ માટે તમામ વિભાગોએ સંબંધિત કર્મચારીઓની વિગતો નિર્ધારિત ફોર્મેટમાં તૈયાર કરી મોકલવા સૂચના આપી છે. પેન્શન નિયામક કચેરીએ વિભાગોને કર્મચારીઓના પીરાન/ પીપાન નંબર, જીપીએફ ખાતાની વિગતો, નિવૃત્તિની માહિતી તેમજ અન્ય જરૂરી દસ્તાવેજોની ચોકસાઈથી ચકાસણી કરવાની પણ સૂચના આપી છે. ખોટી અથવા અધૂરી માહિતી મોકલવામાં આવે તો અરજી પ્રક્રિયામાં વિલંબ થઈ શકે છે. પત્રમાં ખાસ કરીને જણાવ્યું છે કે તમામ માહિતી "અર્જન્ટ" કેટેગરીમાં મોકલવાની રહેશે જેથી પાત્ર કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ સમયસર મળી શકે. રાજ્ય સરકારના આ પગલાને કારણે લાંબા સમયથી ઓપીએસની માંગ ઉઠાવતા કર્મચારીઓમાં આશા જાગી છે. હવે વિવિધ વિભાગો દ્વારા માહિતી એકત્રિત કરવાની પ્રક્રિયા તેજ બનશે અને પાત્ર કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજનાનો માર્ગ વધુ સ્પષ્ટ બનશે.

# અષાઢી બીજ નિમિતે માધાપરમાં ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા નીકળશે

## સ્વામિનારાયણ મંદિર દ્વારા કરાયું વિશેષ આયોજન : શણગારેલા રથમાં બિરાજી નગરચર્યાએ નીકળશે પ્રભુજી

ભુજ - કચ્છઉદય : આવતીકાલે કચ્છી નવા વર્ષ એટલે કે આષાઢી બીજના પાવન અવસરે કચ્છના માધાપર ગામે ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ભુજ તાલુકાના માધાપર નવાવાસ ખાતે આવેલા સ્વામિનારાયણ મંદિરેથી બપોરે ૪-૩૦ કલાકે આ ધાર્મિક યાત્રાનો પ્રારંભ થશે. ભુજ નરનારાયણ દેવ તાબા હેઠળના જૂનાવાસ પ્રસાદી મંદિર તેમજ નવાવાસ ભાઈઓ અને બહેનોના સ્વામિનારાયણ મંદિરના સંયુક્ત ઉપક્રમે આ મહોત્સવ ઉજવાશે.

મંદિરના સંતો-મહંતો દ્વારા લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવ્યા બાદ આ રથયાત્રા ગ્રામજનોના દર્શનાર્થે ગામના વિવિધ મુખ્ય માર્ગો પર ભ્રમણ કરશે. નગરચર્યા બાદ આ યાત્રા પુનઃ નવાવાસ મંદિરે પરત ફરશે, જ્યાં ભગવાન જગન્નાથજી અને ઠાકોરજીની મહાઆરતી, પૂજન તથા સંતોના આશીર્વચન યોજાશે. ત્યારબાદ ભાવિકોને પ્રસાદ વિતરણ સાથે રથયાત્રા સંપન્ન થશે. આ શોભાયાત્રામાં આકર્ષણ જમાવવા માટે સ્વામિનારાયણ મંદિર યુવક મંડળ સંચાલિત સ્પેશિયલ બેન્ડપાર્ટી અને ભજન મંડળીઓ સુરાવલીઓ રેલાવશે. જૂનાવાસ મંદિરના પ્રમુખ જાદવજીભાઈ વરસાણી, મંત્રી સંજય ભુડિયા તથા નવાવાસ મંદિરના પ્રમુખ જાદવજી ભુડિયા સહિત યુવક મંડળ અને સમગ્ર હરિભક્ત સમુદાય આયોજન સંભાળી રહ્યા છે.

અગાઉ ભુજમાં નૂતન સ્વામિનારાયણ મંદિર દ્વારા હમીરસર તળાવના કિનારે આ રથયાત્રા યોજાતી હતી, પરંતુ ભુજમાં કાર્નિવલ પ્રારંભ થવાને કારણે બંને કાર્યક્રમો એક જ સમયે થતા હોવાથી છેલ્લા બે વર્ષથી આ ઉત્સવ માધાપરમાં યોજવામાં આવે છે. આ રથયાત્રાના મુખ્ય આકર્ષણ સમાન રથને સુશોભિત કરવાની કામગીરી ગામના પૂર્વ સરપંચ અરજણભાઈ ભુડિયાનો પરિવાર છેલ્લા સાત દિવસથી રાત-દિવસ એક કરીને કરી રહ્યો છે. અરજણભાઈના જણાવ્યા અનુસાર, પ્રભુના રથને મખમલનું કાપડ, આભલા-ભરતકામ, તુઈ, જરદોશી અને આકર્ષક એમ્બ્રોઈડરી જેવી કલાત્મક વસ્તુઓથી સજાવવામાં આવી રહ્યો છે.

આ ભવ્ય મહોત્સવને સફળ બનાવવા માટે પૂજ્ય મહંત ધર્મનંદનદાસજી, ઉપમહંત સ્વામી ભગવદજીવનદાસજી, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત, પુરાણી સ્વામી બાળકૃષ્ણદાસજી તથા પુરાણી સ્વામી કેશવજીવનદાસજીના માર્ગદર્શન હેઠળ મંદિરના અન્ય સંતો, સાંખ્યયોગી બહેનો, ફઈબા અને મોટી સંખ્યામાં હરિભક્તો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# કચ્છની ધરા પર મેઘકૃપા માટે વહેલી સવારે 'મેઘ મલ્હાર'ના સુરો રેલાયા



## વોક વે ગ્રુપ દ્વારા મેઘરાજાને આરાધના

ભુજ - કચ્છઉદય : આ વર્ષે અષાઢના આગમન છતાં મેઘરાજાએ મન મૂકીને હેત ન વરસાવતા સરહદી કચ્છ પંથકમાં ચિંતાના વાદળો ઘેરાયા છે. કચ્છીઓનું પાવન પર્વ 'અષાઢી બીજ' અને કચ્છી નવું વર્ષ તદ્દન નજીક છે, ત્યારે કચ્છની તરસતી ધરાને તૃપ્ત કરવા માટે ભુજના જાણીતા સામાજિક અગ્રણી મિતેષભાઈ હીરાલાલ શાહના પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ 'વોક વે ગ્રુપ' ના સભ્યો દ્વારા એક અનોખી સૂર- આરાધનાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વહેલી સવારના મનોહર વાતાવરણમાં ગ્રુપના મિત્રોએ એકત્રિત થઈને પરમકૃપાળુ પરમાત્માનું સ્મરણ કર્યું હતું અને મેઘરાજા પાસે કાલાવાલા કર્યા હતા કે, "હે ભોળાનાથ, હે મેઘરાજા! હવે પ્રકોપ છોડો અને કચ્છની આ પવિત્ર ભૂમિ પર અમૃતધારા વરસાવીને ધરાને લીલીછમ અને તરબોળ કરી દો. ભક્તિમય અને ભાવસભર પ્રસંગે ગ્રુપના સુપ્રસિદ્ધ ગાયક હર્ષદભાઈ દોશીએ પોતાના મધુર અને બુલંદ અવાજમાં શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતા 'મેઘ મલ્હાર' રાગ પર આધારિત ગીતો રજૂ કર્યા હતા. તેમના કંઠે ગવાયેલા વર્ષા ગીતોથી સમગ્ર વાતાવરણ આહલાદક બની ગયું હતું અને ઉપસ્થિત સૌ કોઈ ભક્તિભાવમાં લીન થઈ ગયા હતા.

ભુજના જાણીતા એડવોકેટ અને નોટરી તેમજ યુવા અગ્રણી બી.એસ. મહેશ્વરી દ્વારા મિતેષભાઈ હીરાલાલ શાહની નિ:સ્વાર્થ સામાજિક પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈને માનવ સેવાના કાર્યો અવિરત ચાલતા રહે તે હેતુથી નવ હજાર રૂપિયાનું દાન અર્પણ કર્યું હતું.

# પૂર્વ સાંસદ શક્તિસિંહ ગોહિલે કચ્છી નવા વર્ષની પાઠવી શુભેચ્છા



ગાંધીનગર - કચ્છઉદય : કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા, પૂર્વ સાંસદ રાજ્યસભા તેમજ અબડાસા વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય શક્તિસિંહ ગોહિલે પવિત્ર અષાઢી બીજ અને કચ્છીમાડુઓના નવા વર્ષ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

કચ્છની ધરતી અને મેઘરાજા વચ્ચેના સબંધો એ મહામુલ્ય છે. શ્રી ગોહિલે જણાવ્યું હતું કે, ઈશ્વરને પ્રાર્થના કરીએ કે અષાઢી બીજના પવિત્ર દિવસે કચ્છની ધરતી પર મેઘરાજાના અમી છાંટણા થાય. આગામી વર્ષ ખેડૂતો અને પશુપાલકો તેમજ કચ્છીમાડુઓ માટે સુખ, શાંતિ અને સમૃધ્ધિથી ભરપૂર બની રહે. અષાઢી બીજનું મહત્વ કચ્છી કહેવત "અષાઢી બીજ વંડર કા વીજ" પરથી જ સમજી શકાય છે. અષાઢ મહિનામાં મેઘરાજાના આગમનથી કચ્છની ધરતી સ્વર્ગ સમાન બની જતી હોય છે. આ વર્ષે પણ ભરપૂર વરસાદ કચ્છની ધરતી પર આવે અને કચ્છની ધરતી હરિયાળી બને તેવી પ્રભુને પ્રાર્થના કરી છે.

# છારીઢંઢ પાસે પ્રસ્તાવિત સોલાર પ્રોજેક્ટ બન્નીની હદમાં નથી

ભુજ - કચ્છઉદય : તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા બન્ની ઘાસ મેદાનમાં ગાંડા બાવળે ૬ ટકા વિસ્તાર રોકી લેતા દેશી ઘાસ નાસ પામ્યું એ મથાળા હેઠળના સમાચાર અંગે ભુજના બન્ની ગ્રાસલેન્ડ વિભાગના નાયબ વન સંરક્ષક દ્વારા સત્તાવાર વિગતો જાહેર કરીને હકીકતો સ્પષ્ટ કરવામાં આવી છે. વન વિભાગના જણાવ્યા અનુસાર બન્ની વિસ્તારને ૧૯૫૫ના નોટિફિકેશનથી રક્ષિત વન જાહેર કરાયેલ છે, જેમાં ૧૯ જૂથ ગ્રામપંચાયત અને ૪૮ ગામોનો સમાવેશ થાય છે અને હાલ તેના સેટલમેન્ટની કામગીરી બાકી છે. નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના હુકમ મુજબ થયેલ ફેર માપણીમાં બન્ની પ્રોટેક્ટેડ ફોરેસ્ટનો કુલ વિસ્તાર ૨૪૬૫૦૭.૧૪૨૮ હેક્ટર નક્કી થયો છે, જેનો કબજો હાલ કચ્છ પશ્ચિમ વન વિભાગ હસ્તક છે અને તેમાં ૨૨૭૦૦ હેક્ટર વિસ્તાર છારીઢંઢ કન્ઝર્વેશન રીઝર્વનો પણ સમાવેશ થાય છે.

વન વિભાગ દ્વારા ઘાસ સુધારણા યોજના હેઠળ વૈજ્ઞાનિક ઢબે વ્યવસ્થાપન કરીને છેલ્લા પાંચ વર્ષમાં ૧૦,૨૦૦ હેક્ટર વિસ્તારમાંથી ગાંડા બાવળ દૂર કરી ઘાસિયા મેદાનોના પુનઃ સ્થાપન માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન ૪૦.૩૪ લાખ કિલોગ્રામ ઘાસ એકત્ર કરી ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવ્યું છે અને તેમાંથી ૮૩.૨૨ લાખ કિલોગ્રામ ઘાસ સ્થાનિક લોકોને વિતરણ પણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પ્રોટેક્ટેડ ફોરેસ્ટ વિસ્તારમાં કોલસા બનાવવાની પ્રવૃત્તિ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. ચોમાસા દરમિયાન થતા ખેતી વિષયક દબાણો અટકાવવા માટે વન વિભાગ સતત ચાંપતી નજર રાખે છે અને એન.જી.ટી. ના હુકમ અનુસંધાને અત્યાર સુધીમાં કુલ ૧૨૫૮૯ હેક્ટર જેટલા વિસ્તારમાંથી ખેતી વિષયક દબાણો દૂર કરવામાં આવ્યા છે. વધુમાં વન વિભાગે સ્પષ્ટતા કરી છે કે છારીઢંઢ પાસે પ્રસ્તાવિત સોલાર પ્રોજેક્ટ બન્નીની હદમાં આવતો નથી તેમજ અત્રેથી તેની કોઈ પરવાનગી પણ આપવામાં આવી નથી.





માંડવી તાલુકાના મદનપુરા ગામે "નંદ ઘર"નું ઉદ્ઘાટન પ્રદેશ ભાજપના મહામંત્રી અને માંડવીના ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું. સાથે સ્થાનિક ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો.

# ભુજ બહુમાળી ભવન ખાતે 'પર્યાવરણ જતન અભિયાન' અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ભુજ - કચ્છઉદય : સરકારના 'સ્વચ્છ ભારત અભિયાન'ને વેગ આપવા અને સરકારી કચેરીઓમાં સ્વચ્છતાની સાથે સુંદર, હરિયાળું વાતાવરણ નિર્માણ પામે તેવા ઉમદા હેતુ સાથે ભુજ સ્થિત બહુમાળી ભવન ખાતે એક સરાહનીય અને પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી છે.



બહુમાળી ભવન ખાતે કાર્યરત બહુમાળી ભવન ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીની વિનંતીને માન આપી કચ્છ જિલ્લા સામાજિક વનીકરણ વન વિભાગના નાયબ વન સંરક્ષક જયન પટેલના વિશેષ સહયોગ તેમજ મંડળીના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત વૃક્ષોના જતન અને સુરક્ષા માટે ૩૦ જેટલા વૃક્ષના છોડ તેમજ તેની ફરતે રાખવા માટે લોખંડની જાળીવાળા સુરક્ષા પાંજરા (ટ્રી-ગાર્ડ) ફાળવવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મુખ્ય અધિકારી જયન પટેલના હસ્તે શાસ્ત્રોક્ત અને ઉત્સાહભર્યા વાતાવરણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધિરાણ મંડળીના પ્રમુખ શૈલેષ મારુ, મંત્રી ભરત માંગલીયા તેમજ સહકારી મંડળીના પ્રમુખ બાબુલાલ આહીર અને મંત્રી એમ.આઇ. બાયડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પેન્શનર મંડળીના અનિરૂદ્ધસિંહ ગોહીલ, હમીરભાઈ ખાખલા, સામાજિક વનીકરણ વન વિભાગના કચેરી અધિક્ષક શંકરભાઈ ભરવાડ, મંડળીના કારોબારી સભ્યો તેમજ અન્ય કર્મચારીઓ-અધિકારીઓ સહિત બહુમાળી ભવન સ્થિત વિવિધ સરકારી વિભાગોના કર્મચારીઓ ખૂબ મોટી સંખ્યામાં હાજર રહીને આ ભગીરથ કાર્યમાં સહભાગી બન્યા હતા.

બહુમાળી ભવનની મંડળીઓના હોદ્દેદારો અને ઉપસ્થિત અધિકારીઓએ સામાજિક વનીકરણ વન વિભાગના અધિકારી જયન પટેલની સામાજિક જવાબદારી અને પર્યાવરણ પ્રત્યેની ઉદાર નીતિની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. સરકારી પરિસરમાં પર્યાવરણ અને સ્વચ્છતા પ્રત્યે પ્રશંસનીય જાગૃતિ લાવવા બદલ તમામ સભ્યો દ્વારા વન વિભાગનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



માંડવી વિધાનસભા મતવિસ્તારના મોટા આસંબીયા ગામે જૈન દેરાસરથી જાહેર ચોક સુધીના સીસી રોડનું ખાતમુહૂર્ત પ્રદેશ ભાજપના મહામંત્રી અને માંડવીના ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવેના હસ્તે કરવામાં આવ્યું હતું. આ વેળાએ હાજર સ્થાનિક ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો.

# સ્પેન ૧૬ વર્ષ પછી ફૂટબોલ વર્લ્ડકપ ફાઇનલમાં

## ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને ટીમને પ્રોત્સાહન આપવા માટે એક ખાસ સંદેશ લખ્યો

(એજન્સી દ્વારા) ન્યુયોર્ક : ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ માં ફ્રેન્ચ ટીમના ઉત્તમ પ્રદર્શનથી તેઓ ફાઇનલમાં પહોંચશે તેવી અપેક્ષા હતી. જોકે, ફ્રાન્સ સ્પેનના જાદુને તોડવામાં નિષ્ફળ ગયું. ફિફા ૨૦૨૬ ની પ્રથમ સેમિફાઇનલમાં, સ્પેને ફ્રાન્સને ૨-૦ થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો. આ હાર સાથે, ફ્રાન્સનું ત્રીજી વખત વિશ્વ ચેમ્પિયન બનવાનું સ્વપ્ન ચકનાચૂર થઈ ગયું. મેચ પછી, ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ટીમને પ્રોત્સાહન આપવા માટે એક ખાસ સંદેશ લખ્યો. તેમના સંદેશમાં, મેક્રોને લખ્યું, “ફાઇનલમાં પહોંચવા બદલ સ્પેનને અભિનંદન. આદર અને સમર્પણ સાથે આપણા રાષ્ટ્રીય ધ્વજનું પ્રતિનિધિત્વ કરવા બદલ ફ્રેન્ચ ટીમનો આભાર. આજની હાર દુઃખદ છે, પરંતુ અમારી ટીમ યુવાન છે અને તેનું ભવિષ્ય ઉજ્જવળ છે.” મેક્રોન દ્વારા તેમની ટીમ અને ખેલાડીઓને આપેલ આશ્વાસન સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ ગયું. તેમના હાવભાવની પ્રશંસા થઈ રહી છે અને તેને ખૂબ જ ભાવનાત્મક માનવામાં આવી રહી છે.

## ફ્રાન્સને ૨-૦થી હરાવ્યું; ઓયારઝાબાલે પેનલ્ટી પર ગોલ કર્યો, પોરોએ લીડ બમણી કરી




## વર્લ્ડ કપમાંથી બહાર થયા છતાં, ફ્રાન્સના કેપ્ટન એમબાપ્પે ગોલ્ડન બૂટની રેસમાં

(એજન્સી દ્વારા) ન્યુયોર્ક : ફ્રાન્સના સ્ટાર સ્ટ્રાઈકર કાયલિયન એમબાપ્પેનું સતત ત્રીજા વર્લ્ડ કપ ફાઇનલમાં રમવાનું સ્વપ્ન ચકનાચૂર થઈ ગયું; જોકે, ચાર વર્ષ પહેલાં ગોલ્ડન બૂટ જીત્યા પછી, તે આર્જેન્ટિનાના દિગ્ગજ લિયોનેલ મેસ્સી સાથે ટુર્નામેન્ટના સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીઓની યાદીમાં ટોચ પર છે. જોકે ફ્રાન્સના સ્ટાર સ્ટ્રાઈકર કાયલિયન એમબાપ્પેનું સતત ત્રીજા વર્લ્ડ કપ ફાઇનલમાં રમવાનું સ્વપ્ન સમાપ્ત થઈ ગયું છે, તે ગોલ્ડન બૂટની રેસમાં સૌથી આગળ છે. સેમિફાઇનલમાં સ્પેન સામે ૦-૨થી હાર બાદ ફ્રાન્સની ટાઇટલ બિડ સમાપ્ત થઈ, છતાં ચાર વર્ષ પહેલાં ગોલ્ડન બૂટ જીતનાર એમબાપ્પે - આર્જેન્ટિનાના દિગ્ગજ લિયોનેલ મેસ્સી સાથે ટુર્નામેન્ટના ટોચના સ્કોરર્સની યાદીમાં આગળ છે. વર્લ્ડ કપ સેમિફાઇનલમાં સ્પેન સામે ૦-૨થી થયેલા પરાજય દરમિયાન, Mbappe તેની ટીમ માટે ઘણી તકો બનાવી શક્યા ન હતા. તે અને મેસ્સી બંનેએ અત્યાર સુધી આઠ ગોલ કર્યા છે. મેસ્સી અને ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિના બુધવારે બીજા સેમિફાઇનલમાં ઈંગ્લેન્ડ સામે મેદાનમાં ઉતરશે. આ મેચનો વિજેતા ફાઇનલમાં સ્પેન સામે ટકરાશે.

(એજન્સી દ્વારા)

ન્યુયોર્ક : સ્પેન ૧૬ વર્ષ પછી ફૂટબોલ વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચી ગયું છે. ટીમે પ્રથમ સેમિફાઇનલમાં ફ્રાન્સને ૨-૦ થી હરાવીને બીજી વખત ફાઇનલમાં સ્થાન બનાવ્યું. ડલાસ સ્ટેડિયમમાં મિકેલ ઓયારઝાબાલે ૨૨મી મિનિટે પેનલ્ટી પર પહેલો ગોલ કર્યો. ત્યારબાદ ૫૮મી મિનિટે પેડ્રો પોરોએ ગોલ કરીને સ્પેનની જીત પાકી કરી દીધી. સ્પેન ૨૦૧૦ પછી ફાઇનલ રમશે. ત્યારે ટીમે ફાઇનલમાં નેધરલેન્ડને ૧-૦ થી હરાવીને પોતાનો એકમાત્ર વર્લ્ડ કપ જીત્યો હતો. જ્યારે, ફ્રાન્સ ૨૦૧૮ અને ૨૦૨૨ પછી સતત ત્રીજી વખત વર્લ્ડ કપ ફાઇનલમાં પહોંચવાથી રહી ગયું.

સ્પેનને ૨૨મી મિનિટે પેનલ્ટી મળી. ફ્રાન્સના ડિફેન્ડર લુકાસ ડિગ્નેએ બોક્સની અંદર લામિન યામલ પર ફાઉલ કર્યો. આ પછી રેફરીએ પેનલ્ટી આપી. મિકેલ ઓયારઝાબાલે બોલને ગોલપોસ્ટના જમણા ખૂણામાં મોકલ્યો. આ સાથે સ્પેને ૧-૦ની લીડ મેળવી લીધી. આ ઓયારઝાબાલનો ટુર્નામેન્ટમાં પાંચમો ગોલ હતો.

બીજા હાફમાં ફ્રાન્સે બરાબરી કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ ૫૮મી મિનિટે પેડ્રો પોરોએ દાની ઓલ્મોના શાનદાર પાસ પર ગોલ કરીને સ્પેનની લીડ ૨-૦ કરી દીધી. આ પછી સ્પેને બોલ પર નિયંત્રણ જાળવી રાખ્યું અને ફ્રાન્સને કોઈ મોટી તક આપી નહીં.

આખી ટુર્નામેન્ટમાં શાનદાર ફોર્મમાં રહેલા કિલિયન એમ્બાપ્પે આ મેચમાં સ્પેનની મજબૂત ડિફેન્સ સામે અસર છોડી શક્યા નહીં. તેમને ઘણી વખત ઓફસાઇડ મળ્યો અને બીજા હાફમાં યલો કાર્ડ પણ મળ્યું. ફ્રાન્સ ૨૦૧૮ અને ૨૦૨૨ પછી સતત ત્રીજી વખત વર્લ્ડ કપ ફાઇનલ રમવાની તક ગુમાવી બેઠું.

## ઈંગ્લેન્ડ અને આર્જેન્ટિના વચ્ચેની સેમિફાઇનલમાં બે પ્રીમિયર લીગ “સુપરમેન” સામસામે, સ્ટ્રાઇકર્સ મુશ્કેલીમાં

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી: આર્જેન્ટિના અને ઈંગ્લેન્ડ વચ્ચેની ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ ની સેમિફાઇનલ મેચનું એક રોમાંચક પાસું બંને ટીમોના ગોલકીપર છે. એમિલિયાનો માર્ટિનેઝ આર્જેન્ટિના માટે ગોલકીપર રહેશે, જ્યારે જોર્ડન પિકફોર્ડ ઈંગ્લેન્ડ માટે ગોલકીપર રહેશે. બંને ઈંગ્લિશ પ્રીમિયર લીગના સ્ટાર ગોલકીપર છે અને તેમના દેશો માટે સૌથી વધુ ફિફા વર્લ્ડ કપમાં હાજરી આપવાનો ગોલકીપિંગ રેકોર્ડ ધરાવે છે.

જ્યારે આ બે સુપરમેન પોસ્ટર પર ઉભા હોય છે, ત્યારે વિશ્વના સૌથી ખતરનાક સ્ટ્રાઈકર્સ માટે પણ ગોલ કરવાનું સરળ નહીં હોય. બંને ગોલકીપરોએ વર્તમાન ફ્રૈૈછ વર્લ્ડ કપમાં પોતપોતાની ટીમો માટે છ મેચ રમી છે. આશ્ચર્યજનક રીતે, તેમના આંકડા સમાન છે. જ્યારે નિયમિત ૯૦ કે ૧૨૦ મિનિટની રમતની વાત આવે છે, ત્યારે ઈંગ્લેન્ડનો જોર્ડન પિકફોર્ડ તેના શાનદાર પ્રતિક્રિયાઓ અને રમત નિયંત્રણ માટે જાણીતો છે. આર્જેન્ટિનાનો મજબૂત બચાવ માર્ટિનેઝની દિવાલ તોડવાનું વધુ મુશ્કેલ બનાવે છે. નિયમિત રમતમાં, બંને ટીમો સમાન રીતે મેચ કરતી દેખાય છે (૫૦-૫૦). વાસ્તવિક વળાંક ત્યારે આવે છે જ્યારે મેચ પેનલ્ટી શૂટઆઉટ તરફ જાય છે. જો તે પેનલ્ટી શૂટઆઉટમાં જાય છે, તો આર્જેન્ટિના અને માર્ટિનેઝનો હાથ ઉપર રહેશે. માર્ટિનેઝને વિશ્વનો સૌથી ખતરનાક પેનલ્ટી નિષ્ણાત માનવામાં આવે છે. આર્જેન્ટિનાએ ૨૦૨૨ ફિફા વર્લ્ડ કપ પેનલ્ટી શૂટઆઉટમાં જીત્યો હતો.




## શુભમન ગિલે ડંકો વગાડ્યો, બન્યો વન-ડેમાં આવું પરાક્રમ કરનાર વિશ્વનો પ્રથમ બેટ્સમેન

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : બર્મિંગહામના એજબેસ્ટનમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી પ્રથમ વનડે મેચમાં ભારતીય કેપ્ટન શુભમન ગિલએ ૨૫૯ રનના ટાર્ગેટનો પીછો કરતા ફિફ્ટી મારી છે. . આ સાથે તેણે વનડે ક્રિકેટમાં એક અનોખો વર્લ્ડ રેકોર્ડ પણ બનાવ્યો છે. જેમાં શુભમન ગિલ વિશ્વનો પ્રથમ બેટ્સમેન બન્યો છે જેનો ક્રિકેટમાં સ્ટ્રાઈક રેટ ૧૦૦થી વધુ અને એવરેજ ૬૦થી વધુ છે. આ આંકડો ઓછામાં ઓછી ૫૦ ઈનિંગ્સ રમી ચૂકેલા બેટ્સમેનોનો છે.



એબી ડિવિલિયર્સ જેવા કેટલાક મહાન બેટ્સમેનોએ ૧૦૦થી વધુ સ્ટ્રાઇક રેટથી બેટિંગ કરી છે પરંતુ તેમની સરેરાશ ક્યારેય ૬૦ સુધી પહોંચી નથી. વિરાટ કોહલી અને સચિન તેંડુલકર પણ આ સિદ્ધિ હાંસલ કરી શક્યા નથી. આમ શુભમન ગિલે આ ઐતિહાસિક સિદ્ધી મેળવી છે. .આ મેચ પહેલાં ગિલની ક્રિકેટમાં એવરેજ ૫૯ હતી. ફિફ્ટી બાદ તેમની એવરેજ ૬૦ને પાર કરી ગઈ છે.

## ભારત આવીને ડ્રગ્સની તસ્કરી કરતા હતા ‘પાકિસ્તાની ક્રિકેટરો’, પૂર્વ અધિકારીએ ખોલી ‘આખી પોલ’

(એજન્સી દ્વારા)


નવીદિલ્હી : કેન્દ્રીય ગૃહ મંત્રાલયના એક પૂર્વ અધિકારી આરવીએસ મણિએ દાવો કર્યો છે કે, પાકિસ્તાની ક્રિકેટરો ભારત પ્રવાસ દરમિયાન ડ્રગ્સની તસ્કરી કરતા હતા. તેમણે શોએબ અખ્તર અને મોહમ્મદ આસિફના નામ પણ લીધા, જેમને આ આરોપમાં પકડવામાં આવ્યા હતા. તે દરમિયાન PCB એ અખ્તર પર ૨ વર્ષ અને આસિફ પર ૧ વર્ષનો પ્રતિબંધ લગાવ્યો હતો. અધિકારીનું કહેવું છે કે, તેઓ પોતાના સેવન માટે નહીં પરંતુ તસ્કરી માટે પોતાની સાથે ડ્રગ્સ લાવતા હતા. તેમણે પાકિસ્તાની ક્રિકેટરો સહિત અધિકારીઓ પર પણ ડ્રગ્સ તસ્કરીનો આરોપ લગાવ્યો. આરવીએસ મણિએ એએનઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં દાવો કર્યો કે, મુંબઈ હુમલાના નેરેટિવને હિન્દુ આતંકવાદ તરીકે રજૂ કરવાની યોજના હતી.



## કોહલી અને ગંભીર વચ્ચે વાતચીત બંધ ! ટીમ ઈન્ડિયાના પ્રેક્ટિસ સેશનથી ઉભો થયો નવો વિવાદ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની વનડે સિરીઝ આજે ૧૪ જુલાઈથી શરૂ થઈ ગઈ છે. આ મહત્વની સિરીઝ માટે ટીમ ઈન્ડિયાએ મેદાન પર જોરદાર પ્રેક્ટિસ શરૂ કરી હતી, પરંતુ, આ પ્રેક્ટિસ સેશન દરમિયાન એક એવો ચોંકાવનારો સીન જોવા મળ્યો છે જેનાથી ક્રિકેટ જગતમાં નવો વિવાદ ઊભો થયો છે. એક રિપોર્ટ અનુસાર, પ્રેક્ટિસ દરમિયાન હેડ કોચ ગૌતમ ગંભીર અને સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી વચ્ચે બિલકુલ વાતચીત થઈ નથી, જેના કારણે સવાલ ઉઠી રહ્યા છે કે શું ટીમ ઈન્ડિયામાં બધું બરાબર નથી ચાલી રહ્યું?






## બુમરાહ ૯૬૮ દિવસ બાદ વન-ડે રમવા ઉતર્યો અને એકસાથે ‘૨ મોટા રેકોર્ડ’ તોડી નાખ્યા

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ફાઇનલ મેચ બાદ જસપ્રિત બુમરાહ વન-ડે ક્રિકેટ રમવા માટે મેદાન પર ઊતર્યો છે. લાંબા સમય પછી મેદાન પર ઉતરેલા બુમરાહે પોતાની પહેલી જ વન-ડે મેચમાં મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે. તેણે હેરી બ્રુકની વિકેટ લઈને રવિન્દ્ર જાડેજાના રેકોર્ડને તોડી નાખ્યો છે. સાથે જ વન-ડે કરિયરમાં એક ખાસ મુકામ મેળવ્યો છે. બર્મિંગહામમાં ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રુકે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો છે. બુમરાહ અને પ્રસિદ્ધ કૃષ્ણાની જોડીએ ઈંગ્લિશ બેટ્સમેનોને ખૂબ પરેશાન કર્યા. ખાસ કરીને બુમરાહે જેકબ બેથલ-બેન ડકેટને પોતાની સ્વિંગ અને સ્પીડથી બાંધી રાખ્યા. બંનેને આક્રમક શોટ રમવાની એક પણ તક ન આપી. બુમરાહે પોતાની સ્પેલની પહેલી ચાર ઓવરમાં માત્ર ૮ રન આપ્ય હતા. બીજા છેડેથી ગુરનૂરે આ દબાણનો ફાયદો ઉઠાવ્યો અને જેકબ બેથલ તથા બેન ડકેટને આઉટ કર્યા. ત્યારબાદ શુભમન ગિલે જસપ્રિત બુમરાહને બીજી સ્પેલ માટે બોલાવ્યો. બુમરાહે પોતાની બીજી સ્પેલની પહેલી ઓવરના પહેલા જ બોલ પર સફળતા મેળવી. ૧૪મી ઓવરના પહેલા બોલ પર બુમરાહે હેરી બ્રુકને સ્લિપમાં રોહિત શર્માના હાથે કેચ આઉટ કરાવ્યો.

## ઈંગ્લેન્ડ સામે ‘બાપુ’ અક્ષર પટેલનું ઓલરાઉન્ડર પ્રદર્શન




(એજન્સી દ્વારા) નવીદિલ્હી : અંતે ટીમ ઈન્ડિયાની હારની સિલસિલો પૂર્ણ થયો છે. આયરલેન્ડ સામે ૨ ટી૨૦ સીરિઝ અને ઈંગ્લેન્ડ સામે ૪ ટી૨૦ સીરિઝની હાર બાદ ટીમ ઈન્ડિયાની પહેલી જીત થઈ છે. ભારતીય ટીમે એજબેસ્ટનમાં રમાયેલી પહેલી વનડેમાં ઈંગ્લેન્ડને હરાવ્યું છે. પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડે ૨૫૮ રન બનાવ્યા હતા અને તેના જવાબમાં ટીમ ઈન્ડિયાએ માત્ર ચાર વિકેટ ગુમાવીને આ લક્ષ્ય હાંસલ કર્યું હતું. કેપ્ટન શુભમન ગિલ અને ઓલરાઉન્ડર અક્ષર પટેલ જીતના હીરો રહ્યા હતા. ગિલે શાનદાર ૮૦ રન બનાવ્યા હતા અને અક્ષર પટેલે અડધી સદી ફટકારી હતી અને ચાર વિકેટ ઝડપી હતી. વોશિંગ્ટન સુંદરે પણ અણનમ અડધી સદી ફટકારી હતી. ઈંગ્લેન્ડની ટીમ બર્મિઘમના એજબેસ્ટન મેદાન પર કમાલનો રેકોર્ડ છે. આ ટીમ આ મેદાન પર ૧૨ વર્ષથી એક પણ વનડે મેચ હારી ન હતી. વર્ષ ૨૦૧૪માં અંતે છેલ્લી વખત ભારતે ઈંગ્લેન્ડને હરાવ્યું હતુ. હવે ૨૦૨૬માં ફરી એક વખત ટીમ ઈન્ડિયાએ અંગ્રેજોનું ઘમંડ તોડ્યું છે. ઈંગ્લેન્ડની ટીમ આ મેદાન પર સતત ૭ વનડેમાં જીત્યા બાદ હારી છે.અક્ષર પટેલે માત્ર ૧૨ બોલમાં ૪ વિકેટ ઝડપી હતી, જેના પરિણામે ઈંગ્લેન્ડ ૨૫૮ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. જવાબમાં ભારતની શરુઆત ખરાબ રહી હતી. રોહિત શર્મા ૧૧ અને વિરાટ કોહલી માત્ર ૫ રન બનાવી આઉટ થઈ હતી પરંતુ કેપ્ટન શુભમન ગિલે જોફ્રા આર્ચર, જોશ ટંગ,સૈમ કરનનો સામનો કર્યો હતો. તેમણે શ્રેયસ અય્યરની સાથે મળી અડધી સદી ફટકારી હતી.

## દિવ્યા ખોસલાની વેકેશન તસવીરોમાં દેખાયો બોલ્ડ એન્ડ બ્યૂટીફૂલ લૂક

(એજન્સી દ્વારા)

મુંબઈ: ગ્લેમરસ એક્ટ્રેસ દિવ્યા ખોસલા કુમાર સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. તાજેતરમાં તેણે પોતાના વેકેશનની મસ્ત તસવીર શૅર કરી હતી. જેમાં તેનો એક બોલ્ડ અને બ્યૂટીફૂલ અંદાજ જોવા મળ્યો છે. ગ્લેમરસ દેખાતી દિવ્યાનો સ્પોર્ટી લૂક જોઈને ફેન્સ દિવાના થયા હતા. આ દરેક ફોટો પર ફેન્સે દિલ ખોલીને કોમેન્ટ કરી છે. ફેન્સ તેની તસવીર જોરશોરથી શૅર કરી રહ્યા છે. આ દરેક ફોટોમાં તે રીલેક્સ મૂડમાં દેખાઈ રહી છે. યોટ પર મસ્ત એન્જોય કરીને તે સનબાથ લઈ રહી છે. વિટામીન ડી એવું કેપ્શન આપીને તેમે મસ્ત ફોટો પોસ્ટ કર્યા છે. આ ફોટોમાં તેની દમદાર ફીગર અને સ્લીમ-ટ્રીમ ફીગર જોરદાર લાગી રહ્યું છે. જીમવેરમાં દેખાતી દિવ્યાનું ટોન્ડ બોડી અને મસલ્સ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. સનગ્લાસ, હાઈબન અને મેકઅપ વગરના લૂકમાં તેનો અલગ અંદાજ જોવા મળ્યો છે. સ્ટનિંગ લૂક સાથે તેણે આ તસવીરમાં કોઈ મેકઅપ કર્યો નથી. એથલીટ સ્ટાઈલમાં ફેન્સે દિલ ખોલીને કોમેન્ટ કરી છે.




## દેવદાસ ફિલ્મના ૨૪ વર્ષઃ એક ગીત માટે ૨૫ કરોડનો સેટ કેવી રીતે બનાવ્યો મેકર્સે?

(એજન્સી દ્વારા)

મુંબઈ: ફિલ્મનિર્માતા સંજય લીલા ભણસાલીની ફિલ્મ હોય અને સેટની વાત ન થાય એવું તે કેમ બને? સ્ટોરની સાથે સેટમાં એકથી એક ચડિયાતા માહોલની માસ્ટરી ધરાવતા સંજય લીલા ભણસાલીની દરેક ફિલ્મ એના સેટથી અલગ પડે છે. સંજયલીલા ભણસાલીની ફિલ્મ ‘દેવદાસ‘ને ૨૪ વર્ષ પૂરા થયા છે. આજે પણ એક વર્ગની આ ફેવરીટ ફિલ્મ બની છે. બોક્સઓફિસ પર સુપરહિટ સાબિત થયેલી ફિલ્મ ફેન્સને ખૂબ જ પસંદ આવી હતી.

રિલીઝ થયાના ૨૪ વર્ષ પછી પણ ‘દેવદાસ‘ આજે પણ ભારતીય સિનેમાની ઉત્તમ ફિલ્મ માનવામાં આવે છે. બેસ્ટ સ્ટોરી, શાનદાર સંગીત અને ભવ્ય સેટના વખાણ આજે પણ થઈ રહ્યા છે. ખાસ કરીને અભિનયના દમ પર લોકોના દિલ જીતનારી બે જોરદાર એક્ટ્રેસ માધુરી દીક્ષિત અને ઐશ્વર્યા રાયે આ ફિલ્મ થકી પોતાની કરિયરમાં એક માઈલસ્ટોન ઊભો કરી દીધો છે. આ ફિલ્મમાં શાહરૂખ ખાને પણ એક અલગ લેવલનો અભિનય કર્યો છે. સંજયલીલા ભણસાલીએ આ ફિલ્મ માટે સૌથી વધારે મહેનત કરી છે. ફિલ્મ સ્ક્રિન પર જ નહીં પણ ફિલ્મની સ્ક્રિનની પાછળ પણ એને બનાવવા માટેનું ઝનૂન જોવા મળ્યું છે. એ સમયે આ ફિલ્મનું બજેટ ૫૦ કરોડ હતું.

એ સમયે ફિલ્મ માટે આટલો ખર્ચો કરવો એક મોટી વાત મનાતી હતી.એક રિસ્ક માનવામાં આવતું હતું. ફિલ્મના સેટ નિતિન ચંદ્રકાંત દેસાઈએ તૈયાર કર્યા હતા. આ સેટ માટે જ અલગથી ૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ચંદ્રમુખીનો કોઠો જે રીતે તૈયાર કરવામાં આવ્યો છે.



## રામાયણને ચીનમાં મોટા પાયે રિલીઝ કરવાનો પ્લાન



(એજન્સી દ્વારા) મુંબઈ : રણબીર કપૂરની ‘રામાયણ’નો સમાવેશ આ વર્ષની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાં ટોચ પર છે. આ ફિલ્મને લઈને અવારનવાર નવા અપડેટ્સ સામે આવી રહ્યા છે. હવે રિપોર્ટ છે કે રણબીર, યશ અને સાઈ પલ્લવી અભિનીત આ મેગા-બજેટ ફિલ્મને માત્ર ભારત જ નહીં, સમગ્ર વિશ્વના દર્શકો સુધી પહોંચાડવાની તૈયારી ચાલી રહી છે તેમ જ નિર્માતાઓની નજર ચીનની બૉક્સ-ઑફિસ પર પણ છે જ્યાં આમિર ખાનની ‘દંગલ’એ કમાણીના નવા ઇતિહાસ રચ્યા હતા. હવે ‘રામાયણ’ને પણ ‘દંગલ’ના માર્ગે આગળ વધારવા માટે નિર્માતાઓએ ખાસ આયોજન તૈયાર કર્યું છે.

## ‘ભૂલભુલૈયા ૪’ની સ્ટોરીમાં શું હશે નવો ટ્વિસ્ટ? મેકર્સે શરૂ કરી દીધી વધુ એક સિક્વલની તૈયારીઓ

(એજન્સી દ્વારા)

મુંબઈ: ફિલ્મ ‘ભૂલભૂલૈયા’ આવ્યા બાદ એનો બીજો અને ત્રીજોભાગ આવ્યો હતો. હવે ચોથા ભાગને લઈને એક મોટી અપડેટ સામે આવી છે. કાર્તિક આર્યન ફરી એકવાર ‘રૂહબાબા’ના રોલમાં જોવા મળશે. આ માટે કાર્તિકે મેકર્સ સાથે હાલ મિલાવી લીધા છે. હવે આ ફિલ્મ ક્યારે ઓન ફ્લોર થાય એના પર સૌની નજર છે. બોલિવૂડની સૌથી પોપ્યુલર અને કોમેડી ફિલ્મ ‘ભૂલભૂલૈયા’ને લઈ ફેન્સમાં એક પ્રકારો ક્રેઝ જોવા મળ્યો હતો. આ ક્રેઝ ફરીવાર જોવા મળવાનો છે.


ચોથો ભાગ આવશે કે નહીં એની હિન્ટ ફિલ્મમાંથી જ મળી જતી હતી. આ ફિલ્મ જોયા બાદ ઘણા ફેન્સ એવું માની રહ્યા હતા કે,ચોથો ભાગ આવશે. હવે ફાઈનલી ચોથો ભાગ આવે એવા એંધાણ વર્તાય રહ્યા છે.વર્ષ ૨૦૨૪માં ત્રીજોભાગ આવ્યો હતો. આવનારી નવી ફિલ્મમાં કાર્તિક આર્યન હશે એ ફાઈનલ થઈ ગયું છે.



## સોશ્યલ મીડિયામાં માધુરી દીક્ષિતનો છલકાયો પતિપ્રેમ

(એજન્સી દ્વારા)


મુંબઈ : માધુરી દીક્ષિતે પોતાના પતિ ડૉ. શ્રીરામ નેને સાથેની કેટલીક સુંદર તસવીરો સોશ્યલ મીડિયા પર શૅર કરીને ચાહકોનું દિલ જીતી લીધું છે. આ તસવીરો સાથે તેણે પોતાના પતિ માટે પ્રેમભર્યો સંદેશ લખતાં કહ્યું છે, ‘કેટલીક ક્ષણો જેની સાથે ગાળવામાં આવે છે એ વ્યક્તિને કારણે ખાસ બની જાય છે.’ માધુરીએ આ તસવીરો બોની કપૂરની પુત્રી અંશુલા કપૂરના વેડિંગ-રિસેપ્શન દરમ્યાન ક્લિક કરાવી હતી જેને હવે તેણે સોશ્યલ મીડિયામાં શૅર કરી છે. આ તસવીરોમાં માધુરી સુંદર ગુલાબી રંગની સાડીમાં ખૂબ જ આકર્ષક લાગી રહી છે, જ્યારે ડૉ. શ્રીરામ નેને બ્લૅક સૂટમાં હેન્ડસમ દેખાઈ રહ્યા છે.




## નવાઝુદ્દીન-આલિયા એક જ ફિલ્મમાં! ‘તુંબાડ ૨’એ સસ્પેન્સ વધારતા ટીઝરની ઇંતઝારી

(એજન્સી દ્વારા)

મુંબઈ: આલિયા ભટ્ટની ફિલ્મ ‘આલ્ફા’ બોક્સઓફિસ પર ધીમી ધારે કમાણી કરી રહી છે. ફિલ્મના એક્શનસિન પર ફેન્સ ફિદા છે તો આલિયાના અલગ અંદાજથી લોકો થોડા હવે ઈમ્પ્રેસ થયા છે. આ ફિલ્મ માટે આલિયા મસમોટી ફી લીધી હતી. આ પછી હવે આલિયાના પોર્ટફોલિયોમાં નવી વધુ એક ફિલ્મ એડ થઈ ચૂકી છે. સોહમ શાહની ફિલ્મ ‘તુંબાડ’ના બીજાભાગમાં લીડ એક્ટ્રેસ તરીકે આલિયા જોવા મળે તો નવાઈ નહીં. સોહમે તાજેતરમાં જ આલિયા સાથેનો એક ફોટો શૅર કરીને ફિલ્મની ટીમમાં એનું સ્વાગત કર્યું હતું. હોરર થ્રિલર ફિલ્મમાં હવે આલિયાની એન્ટ્રી ફાયનલ માનવામાં આવે છે. આલિયાના કરિયરની પહેલી હોરર થ્રિલર ફિલ્મ છે. એ પણ એક ફ્રેન્ચાઈઝી તરીકે આવી રહી છે. સોહમ શાહે આલિયા સાથેનો ફોટો શૅર કરીને એક મોટી જાહેરાત કરી દીધી છે. સોહમે ફોટોમાં લખ્યું હતું કે, એક નવા ચેપ્ટરની શરૂઆત, ‘તુંબાડ-૨’માં સ્વાગત છે આલિયા ભટ્ટ. ૩ ડિસેમ્બર ૨૦૨૭ના રોજ હવે પ્રલય આવશે. આ પોસ્ટ પર ફેન્સ દિલ ખોલીને રીએક્શન આપી રહ્યા છે. આલિયા ફિલ્મ સાથે જોડાતા મિશ્રપ્રતિસાદ મળી રહ્યા છે. એક યુઝર્સે તો એવું લખ્યું કે, ‘તુંબાડ’ સાથે આલિયા જોડાયા હવે તુંબાડ યુનિવર્સ અપગ્રેડ થઈ ગઈ. કંઈ તો શાનદાર થઈ રહ્યું છે. એક યુઝરે એવું લખ્યું કે, આલિયા હંમેશા કંઈક ચેલેન્જિંગ કરવામાં માને છે.



# સાદગી અને મક્કમતાના પર્યાય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આજે ૬૪મો જન્મદિવસ



## વડાપ્રધાન મોદી સહિતના નેતાઓ દ્વારા સીએમને અપાઈ નિરોગી દીર્ઘાયુની શુભેચ્છા

ભુજ - કચ્છઉદય : ગુજરાતના સીએમ અને જનતાના હૃદયમાં 'દાદા' તરીકે આદરણીય સ્થાન ધરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે તેમનો ૬૪મો જન્મદિવસ ઉજવી રહ્યા છે ત્યારે સમગ્ર રાજ્યમાં ઉત્સાહનો માહોલ છે. ૧૫ જુલાઈ ૧૯૬૨ના રોજ અમદાવાદના એક મધ્યમવર્ગીય કડવા પાટીદાર પરિવારમાં જન્મેલા ભૂપેન્દ્રભાઈએ પોતાના જીવનમાં સાદગી, સંયમ અને સેવાનો ત્રિવેણી સંગમ સાધ્યો છે. એક સામાન્ય કાર્યકર તરીકે જાહેર જીવનની શરૂઆત કરીને રાજ્યના સર્વોચ્ચ વહીવટી પદ સુધી પહોંચવાની તેમની આ સફર લોકશાહીની સાચી સુંદરતા અને કાર્યકર્તા આધારિત પક્ષ વ્યવસ્થાની મજબૂતીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. તેમના શૈક્ષણિક અને પ્રારંભિક જીવન તરફ નજર કરીએ તો તેમણે અમદાવાદની સરકારી પોલિટેકનિકમાંથી સિવિલ એન્જિનિયરિંગનો ડિપ્લોમા મેળવ્યો હતો. વ્યવસાયે બિલ્ડર હોવા છતાં તેમનો જીવ હંમેશાં જનસેવામાં જ પરોવાયેલો રહ્યો. રાજકીય કારકિર્દીની શરૂઆત તેમણે વર્ષ ૧૯૯૫-૯૬માં મેમનગર નગરપાલિકાના સભ્ય તરીકે કરી હતી, જ્યાં તેમની લોકપ્રિયતાને કારણે તેઓ પાછળથી પ્રમુખ પણ બન્યા. સ્થાનિક સ્તરે લોકોના પ્રશ્નો ઉકેલવાની તેમની આ કુશળતા તેમને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સુધી દોરી ગઈ. ત્યાં તેમણે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જેવી મહત્વની જવાબદારી સંભાળીને અમદાવાદના વિકાસ કાર્યોને વેગ આપ્યો. ત્યારબાદ અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી અર્થાત્ ઔડાના ચેરમેન તરીકે તેમણે કરેલી વહીવટી કામગીરીએ સાબિત કરી દીધું કે તેમની પાસે દૂરંદેશી નેતૃત્વની ક્ષમતા છે. ભૂપેન્દ્રભાઈ પટેલના જીવનનો સૌથી મોટો વળાંક વર્ષ ૨૦૧૭માં આવ્યો જ્યારે તેમણે ઘાટલોડિયા વિધાનસભા બેઠક પરથી પ્રથમ વખત ચૂંટણી લડી અને એક લાખથી વધુ મતોની ઐતિહાસિક બહુમતી સાથે વિજેતા બન્યા.

સપ્ટેમ્બર ૨૦૨૧માં જ્યારે ભાજપ હાઈકમાન્ડે અણધારી રીતે તેમને ગુજરાતના ૧૭મા મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કર્યા, ત્યારે રાજકીય વિશ્લેષકો પણ ચોંકી ગયા હતા. જોકે, તેમણે પોતાના મૃદુ સ્વભાવ અને મક્કમ નિર્ણયોથી ટૂંક સમયમાં જ વહીવટીતંત્ર પર મજબૂત પકડ મેળવી લીધી. વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં તેમણે ફરીથી ઘાટલોડિયા બેઠક પરથી પોતાના જ જૂના રેકોર્ડને તોડીને પ્રચંડ વિજય મેળવ્યો અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિશ્વાસુ તરીકે બીજી વખત ગુજરાતની કમાન સંભાળી. તેમની કાર્યશૈલી 'મૃદુ અને મક્કમ' તરીકે ઓળખાય છે, જેનો પરિચય તેમણે પેપર લીક વિરોધી કાયદો લાવવા જેવા કડક નિર્ણયો તેમજ આપત્તિ વ્યવસ્થાપન દરમિયાન ગ્રાઉન્ડ ઝીરો પર રહીને આપ્યો છે. આધ્યાત્મિક રીતે તેઓ અક્રમ વિજ્ઞાન મૂવમેન્ટ અને દાદા ભગવાનના પરમ અનુયાયી છે, આજે તેમના જન્મદિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સોશિયલ મીડિયા પર હાર્દિક શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું છે કે ભૂપેન્દ્રભાઈના સક્ષમ નેતૃત્વ હેઠળ ગુજરાત વિકાસના નવા સીમાચિહ્નો સર કરી રહ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સહિત દેશ-વિદેશના અગ્રણીઓએ પણ તેમના દીર્ઘાયુ અને ઉત્તમ સ્વાસ્થ્યની કામના કરી છે. મુખ્યમંત્રીના જન્મદિવસને ભપકાદાર ઉજવણીના બદલે રાજ્યભરમાં રક્તદાન કેમ્પ, વૃક્ષારોપણ, અને વંચિતોને ભોજન વિતરણ જેવા સેવાકીય કાર્યોના માધ્યમથી મનાવવામાં આવી રહ્યો છે, જે તેમની સાદગીભરી વિચારધારાને સાર્થક કરે છે.

# વીજળીના ધાંધિયાથી રેલડીના ૩૫૦૦ હેક્ટર ખેતી વિસ્તારમાં ચિંતા

### પિયત અટકતાં ખેડૂતોમાં રોષ, નિયમિત વીજ પુરવઠાની માંગ ઉગ્ર

ભુજ -કચ્છ ઉદય : વરસાદની અનિશ્ચિતતા વચ્ચે ભુજ તાલુકાના રેલડી અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા એક સપ્તાહથી વીજ પુરવઠો ખોરવાતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ભારે પવનના કારણે વારંવાર વીજ વિક્ષેપ સર્જાતાં આશરે ૩૫૦૦ હેક્ટર ખેતીવાડી વિસ્તાર અસરગ્રસ્ત બન્યો છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ વિસ્તારમાં ખેતી ઉપરાંત અનેક ઔદ્યોગિક એકમો પણ આવેલા છે. વીજળી ન મળતાં બોરવેલ અને મોટરો બંધ રહે છે, જેના કારણે પાકને સમયસર પિયત આપી શકાતું નથી. વરસાદ ખેંચાતા હાલ પાક બચાવવા માટે સિંચાઈ જરૂરી બની છે, પરંતુ વીજળીના અભાવે સ્થિતિ વધુ ગંભીર બની રહી છે.

પદ્ધરના પૂર્વ સરપંચ યોગેશ આહીર સહિત કાસુભાઈ કકલ, દેવજીભાઈ કન્નર, પ્રવીણસિંહ સોઢા, શાંતિલાલ પટેલ અને અર્પિત ઠક્કરે જણાવ્યું હતું કે અગાઉથી લો-વોલ્ટેજની સમસ્યા હતી, જ્યારે હવે તો નિયમિત વીજ પુરવઠો પણ મળતો નથી. જેના કારણે ખારેકના બગીચાઓ અને અન્ય પાકોને નુકસાની થવાની ભીતિ ઊભી થઈ છે.

ખેડૂતોએ પીજીવીસીએલ સમક્ષ અનેક રજૂઆતો કરવા છતાં પવનના કારણે લાઈન ફોલ્ટ હોવાનું કારણ અપાતું હોવાનું જણાવ્યું હતું. ખેડૂતો દ્વારા તાત્કાલિક વીજ પુરવઠો નિયમિત કરી ખેતીને નુકસાનથી બચાવવા માંગ કરવામાં આવી છે.

# અનશન વ્રતધારી સ્વ. તારાચંદભાઈ છેડાની જન્મજયંતિની મુન્દ્રામાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે કરાઈ ઉજવણી

### મુન્દ્રા - બારોઈ નગર પાલિકાની ટીમ અને રાજકીય - સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા : જનસેવા સંસ્થા દ્વારા કરાયું આયોજન



મુન્દ્રા - કચ્છઉદય: સમાજરત્ન, સેવાના ભેખધારી અને પૂર્વ રાજ્યમંત્રી અનશનવ્રતધારી સ્વ. તારાચંદભાઈ છેડાની ૭૫મી જન્મજયંતિની મુન્દ્રાની જન સેવા દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિઓ સાથે ઉજવણી કરાઈ હતી. ગરીબ વસાહતમાં બાળકોને અલ્પાહાર, બિસ્કિટ - ચોકલેટ સહિતની વિવિધ વસ્તુઓ તેમજ શહેરના જરૂરતમંદ પરિવારાને રાશનકીટોનું વિતરણ કરાયું હતું.

આ પ્રસંગે મુન્દ્રા - બારોઈ નગરપાલિકાના પ્રમુખ ભોજરાજ ગઢવીએ જણાવ્યું હતું કે, અનશનવ્રતધારી સ્વ. તારાચંદભાઈ અમારા આદર્શ હતા અને સેવાના ભેખધારી હતા. કચ્છમાં ભૂતકાળમાં દુષ્કાળ સમયે ગાયો માટે તેમની સેવા હજુ પણ લોકોના માનસપ ટમાં છે. જનસેવાના રાજ સંઘવીએ જણાવ્યું કે, અનશન વ્રતધારી સ્વ. તારાચંદભાઈ છેડા જનસેવાના માર્ગદર્શક અને પ્રેરક હતા. તેમની પ્રેરણા અને સહયોગથી જન સેવાની વિવિધ સેવાકીય પ્રવૃતિઓ ને વેગ મળ્યો હતો. આ પ્રસંગે સુધરાઈના કારોબારી ચેરમેન ધમભા ઝાલા, શાસક પક્ષના નેતા દિલીપ ગોર, ધ્રુવરાજસિંહ ચુડાસમા, કરણ મહેતા તેમજ શહેરના અગ્રણી વેપારીઓ વસંતભાઈ ગડા અને રમેશભાઈ પિત્રોડા હાજર રહ્યા હતા . જન સેવાના રાજ સંઘવીએ ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું.

# નખત્રાણા તાલુકાના વહીવટી તંત્રને માત્ર કોંગ્રેસના વિસ્તારનાના દબાણ નજરે ચડે છે !

રવાપર - કચ્છ ઉદય : નખત્રાણા તાલુકાના વહીવટી તંત્ર, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, નાયબ કાર્યપાલક ઈજનેર, રાજ્ય સહિત પોલીસ તંત્રને તાલુકામાં કોંગ્રેસ પક્ષની સાત તાલુકા પંચાયતમાંથી પાંચ તાલુકા પંચાયત સામે કાર્યવાહી કરી તંત્ર શું સાબિત કરવા માંગે છે તે એક પ્રશ્ન છે. બિબ્બર, કોટડા (જ), દેશલપર ખાતે કાર્યવાહી હાથ ધરાઈ છે. તો રવાપર, નેત્રા પણ લડત કરી રહ્યા છે ત્યારે પ્રાંત અધિકારીને તા.કો. પ્રમુખ રાજેશ આયર, તા.પં. સભ્ય અશ્વિન રૂપારેલ દ્વારા પત્ર આપી ભેદભાવની નીતિ બંધ કરવાની રજૂઆત છતાય તંત્ર દ્વારા દેશલપર, મુરૂ તા. પં. સીટ પર કાર્યવાહી કરી છે ત્યારે હવે જો તંત્ર દ્વારા કોંગ્રેસના ગામોને ટાર્ગેટ કરાશે તો લોકોને સાથે રાખી જિ.પં. બન્ને સભ્યોના નેજા હેઠળ ધરણા સહિત લડતનો પ્રારંભ કરાશે.

આ બાબતે તા.પં. સભ્ય અશ્વિન રૂપારેલ દ્વારા આ ભેદભાવ બંધ કરી કોંગ્રેસનો વિસ્તાર દબાણ દેખાય છે તો તાલુકામાં હજારો એકર ગૌચર દબાણ કોણ ભાજપના વિસ્તારમાંથી દૂર કરશે. હવે જરૂર પડે લડતના પ્રારંભની ફરજ લેખાવી તંત્ર ભેદભાવ બંધ કરે તેવી માંગ કરી હતી.

# વરસાદી વિરામથી પશુપાલકો મુશ્કેલીમાં, ઘાસચારો રાહતદરે આપવા માંગ

### અછત જેવી સ્થિતિ વચ્ચે માલધારીઓને સહાયરૂપ બનવા તંત્રને રજૂઆત : પશુધનના જતન માટે તાત્કાલિક આયોજન જરૂરી

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ચોમાસું ખેંચાતા પશુપાલન આધારિત વિસ્તારોમાં ઘાસચારા અને પીવાના પાણીની સમસ્યા ગંભીર બનતી જઈ રહી છે. ખાસ કરીને ભુજ વિભાગના વિવિધ તાલુકાઓમાં માલધારીઓ અને ખેડૂતો માટે પશુઓનું નિભાવ કરવું મુશ્કેલ બનતાં રાહતદરે ઘાસચારો ઉપલબ્ધ કરાવવાની માંગ ઉઠી છે. આ મુદ્દે ભુજ વિભાગના ધારાસભ્ય કેશુભાઈ પટેલે તંત્ર સમક્ષ રજૂઆત કરી જરૂરી પગલાં લેવા અનુરોધ કર્યો છે.

રજૂઆતમાં જણાવાયું છે કે અબડાસા, લખપત, નખત્રાણા, ભુજ સહિત જિલ્લાના નવ તાલુકાઓમાં પશુપાલન મુખ્ય જીવનનિર્વાહનું સાધન છે. જોકે ચાલુ વર્ષે વરસાદના અભાવે ચરિયાણ વિસ્તારોમાં લીલો ચારો ઉપલબ્ધ નથી અને પશુઓ માટે ઘાસની અછત સર્જાવા લાગી છે. અનેક માલધારીઓને ઊંચા ભાવે ઘાસ ખરીદવાની ફરજ પડી રહી હોવાથી તેમની આર્થિક સ્થિતિ પર પણ અસર પડી રહી છે.

ધારાસભ્યે સૂચન કર્યું છે કે વરસાદની સ્થિતિ સુધરે ત્યાં સુધી વન વિભાગના ગોડાઉનોમાં ઉપલબ્ધ ઘાસચારો રાહતદરે વિતરણ કરવામાં આવે. સરકાર અને તંત્ર દ્વારા સમયસર આયોજન કરવામાં આવે તો પશુપાલકોને મોટી રાહત મળી શકે છે તેમજ જિલ્લાના કિંમતી પશુધનનું સંરક્ષણ પણ શક્ય બની શકે છે.

માલધારી સમાજમાં વરસાદની અનિશ્ચિતતા વચ્ચે ચિંતા વ્યાપી રહી છે. આવી સ્થિતિમાં ઘાસચારા અને પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા તાત્કાલિક પગલાં ભરવાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી છે. અછત જેવી પરિસ્થિતિ વધુ ગંભીર બને તે પહેલાં યોગ્ય આયોજન કરવામાં આવે તેવી માંગ પશુપાલકો અને ખેડૂતો દ્વારા પણ ઉઠાવવામાં આવી રહી છે. વધુમાં, જિલ્લામાં સંગ્રહિત ઘાસચારો અને ચરિયાણ વ્યવસ્થાના મુદ્દે વહેલી તકે નિર્ણય લેવાશે તો પશુપાલન ક્ષેત્રને મોટી રાહત મળી શકે છે.

# રણ પછી હવે દરિયાકાંઠાના પ્રવાસન વિકાસ પર ભાર

### કચ્છના બીચોને વિશ્વસ્તરીય સુવિધાઓથી સજ્જ કરવા ભુજ ચેમ્બરની રજૂઆત : ખાનગી રોકાણ માટે સરકારી જમીન ઉપલબ્ધ કરાવવાની માંગ

ભુજ - કચ્છઉદય : કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રવાસન વિકાસને નવી દિશા આપવા માટે ભુજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશન દ્વારા ગુજરાતના નાયબ મુખ્યમંત્રી તથા પર્યટન મંત્રી હર્ષ સંઘવીને વિવિધ સૂચનો સાથે રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં કચ્છના બીચોને વિશ્વસ્તરીય પર્યટન કેન્દ્ર તરીકે વિકસાવવા ખાનગી રોકાણને પ્રોત્સાહન આપવા તેમજ સરકાર દ્વારા જાહેર કરાયેલી વિકાસ યોજનાઓનો ઝડપથી અમલ કરવાની માંગ કરવામાં આવી છે.

ચેમ્બરના પ્રમુખ અનિલ ગોરે જણાવ્યું હતું કે કચ્છનું સફેદ રણ આજે આંતરરાષ્ટ્રીય પ્રવાસન ક્ષેત્રે આગવી ઓળખ ધરાવે છે. હવે કચ્છના પર્યટન વિકાસના આગામી તબક્કામાં દરિયાકાંઠાના વિસ્તારોને કેન્દ્રમાં રાખવાની જરૂર છે. માંડવી, રાવળપીર, પિંગલેશ્વર, કોટેશ્વર અને લખપત જેવા દરિયાકાંઠાના વિસ્તારો કુદરતી સૌંદર્ય, ધાર્મિક મહત્વ અને વિશાળ સમુદ્ર કિનારાને કારણે પ્રવાસન માટે અત્યંત અનુકૂળ છે.

રજૂઆતમાં જણાવાયું છે કે હાલમાં દરિયાકાંઠાના મોટાભાગના વિસ્તારોની જમીન સરકાર હસ્તક હોવાથી ખાનગી રોકાણકારો માટે મોટા પ્રોજેક્ટ ઉભા કરવાનું મુશ્કેલ બની રહ્યું છે. જો સરકાર યોગ્ય નીતિ હેઠળ જમીન ઉપલબ્ધ કરાવે તો દેશ-વિદેશની અગ્રણી હોટેલ ચેઈન, રિસોર્ટ ડેવલપર્સ અને પ્રવાસન ક્ષેત્રની કંપનીઓ કચ્છમાં રોકાણ કરવા આગળ આવી શકે છે.

ખાનગી રોકાણના પરિણામે વિશ્વસ્તરીય હોટલો, લક્ઝરી રિસોર્ટ, ઈકો-ટૂરિઝમ પ્રોજેક્ટ, વોટર સ્પોર્ટ્સ, બીચ ક્લબ, ફૂડ કોર્ટ, મનોરંજન કેન્દ્રો અને વિવિધ એડવેન્ચર પ્રવૃત્તિઓનો વિકાસ શક્ય બનશે. આ ઉપરાંત સ્થાનિક યુવાનો માટે રોજગારીની નવી તકો ઊભી થશે અને આસપાસના વિસ્તારોના વેપાર-ધંધાને પણ વેગ મળશે. ભુજ ચેમ્બરે માંડવી-રાવળપીર બીચ વિકાસ માટે જાહેર કરાયેલા અંદાજે રૂ. ૭૦ કરોડના પ્રોજેક્ટને ઝડપી પૂર્ણ કરવાની માંગ કરી છે. સાથે જ પિંગલેશ્વર બીચ વિકાસ યોજના માટે ફાળવાયેલા રૂ. ૫ કરોડના કાર્યોને પણ વહેલી તકે અમલમાં મૂકવા અનુરોધ કર્યો છે.

વોક-વે, પાર્કિંગ, ટૂરિસ્ટ ફેસિલિટેશન સેન્ટર, મોટર બોટિંગ, વોટર સ્પોર્ટ્સ, જાહેર સુવિધા કેન્દ્રો અને ફૂડ કોર્ટ જેવી સુવિધાઓ તાત્કાલિક શરૂ કરવાની પણ રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં લખપત-કોટેશ્વર વિસ્તાર સહિતના દરિયાકાંઠે 'સમુદ્રી સીમા દર્શન' યોજના અમલમાં મૂકવાની માંગ પણ કરવામાં આવી છે. આ યોજના અમલમાં આવે તો સરહદી વિસ્તારના પ્રવાસનને નવી ઓળખ મળશે અને દેશ-વિદેશના પ્રવાસીઓ માટે કચ્છ વધુ આકર્ષક બનશે. ચેમ્બરે જણાવ્યું છે કે કચ્છ પાસે રણ અને દરિયો બંને કુદરતી સંપત્તિરૂપે ઉપલબ્ધ છે. રણોત્સવની સફળતા બાદ હવે બીચ ટૂરિઝમના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો કચ્છ રાજ્યના પર્યટન નકશામાં વધુ મજબૂત સ્થાન પ્રાપ્ત કરી શકે છે અને સમગ્ર પ્રદેશના આર્થિક વિકાસને નવી ગતિ મળી શકે છે.

# બુઢારમોરામાં પશુધન પર મંડરાતા સંકટ સામે તંત્રની ત્વરિત કાર્યવાહી

અંજાર-કચ્છ ઉદય : અંજાર તાલુકાના બુઢારમોરા ગામમાં હડકવાના રોગની આશંકાને પગલે પશુધન પર ઉભા થયેલા સંકટને ટાળવા સરહદ ડેરી અને જિલ્લા પંચાયતના પશુપાલન વિભાગે સંયુક્ત રીતે વિશેષ એન્ટિરેબિસ રસીકરણ અભિયાન હાથ ધર્યું હતું. અભિયાન દરમિયાન ૭૦૦થી વધુ પશુઓને રસી આપવામાં આવી હતી. સમયસર હાથ ધરાયેલી આ કામગીરીના કારણે રોગચાળો વધુ ફેલાતો અટક્યો હોવાનું જાણવા મળ્યું છે.

ગામના ફતેહપુર વિસ્તારમાં એક હડકાયેલા પશુના સંપર્કમાં આવેલા દુધાળા પશુઓમાં હડકવાના રોગના લક્ષણો જોવા મળ્યા હતા. ઘટનાના અનુસંધાને સાતથી આઠ પશુઓના મૃત્યુ થતાં પશુપાલકોમાં ચિંતા વ્યાપી હતી. પશુધન આધારિત પરિવારો માટે આ સ્થિતિ ગંભીર બની હતી, કારણ કે દુધાળા પશુઓ તેમની આજીવિકાનો મુખ્ય આધાર છે.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બુઢારમોરા દુધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રમુખ ખીમજીભાઈ સથવારાએ સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલને જાણ કરી હતી. રજૂઆત મળતાં જ સરહદ ડેરી દ્વારા તાત્કાલિક વેટનરી ટીમને ગામમાં મોકલવામાં આવી હતી. ડો. ધ્રુવભાઈ, પશુધન નિરીક્ષક ભરતભાઈ ડાભી સહિતના અધિકારીઓએ સ્થળ પર પહોંચી અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી હતી અને પશુઓની આરોગ્ય તપાસ હાથ ધરી હતી. જિલ્લા પંચાયતના પશુચિકિત્સા વિભાગની ટીમ પણ સમગ્ર કામગીરીમાં જોડાઈ હતી. બંને સંસ્થાઓના સંકલનથી પ્રિવેન્ટિવ એન્ટિરેબિસ વેક્સિનેશન અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. ટૂંકા ગાળામાં જ ૭૦૦થી વધુ ગાય, ભેંસ અને અન્ય પશુઓને રસી આપવામાં આવી હતી. સાથે જ પશુપાલકોને રોગના લક્ષણો, સાવચેતીના પગલાં અને પશુ આરોગ્ય સંભાળ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પશુચિકિત્સા નિષ્ણાતોના જણાવ્યા મુજબ હડકવાનો રોગ પશુઓ માટે જીવલેણ સાબિત થઈ શકે છે. આવા સમયે ઝડપી રસીકરણ અને સતત દેખરેખ અત્યંત જરૂરી બને છે. બુઢારમોરામાં હાથ ધરાયેલા આ અભિયાનથી પશુધનની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં મદદ મળી છે તેમજ સંભવિત મોટા આર્થિક નુકસાનને પણ અટકાવવામાં સફળતા મળી છે.

ગામના પશુપાલકોએ સરહદ ડેરી અને જિલ્લા પંચાયતની ઝડપી કામગીરીને આવકારી હતી. બુઢારમોરા દુધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રમુખ ખીમજીભાઈ સથવારાએ ચેરમેન વલમજીભાઈ હુંબલ, ડો. ધ્રુવભાઈ, ભરતભાઈ ડાભી તથા સમગ્ર પશુચિકિત્સા ટીમનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે સમયસર મળેલા સહયોગથી પશુપાલકોને મોટી રાહત મળી છે અને ગામમાં ફરી વિશ્વાસનું વાતાવરણ સર્જાયું છે.

# વાલરામજી મહારાજની નિર્વાણતિથિએ સમાજસેવા અને આધ્યાત્મિક જાગૃતિનો સંદેશ ગુંજ્યો

### નખત્રાણામાં સંતવાણી, ગૌસેવા, દિવ્યાંગ બાળકોને સહાય અને સેવાકીય કાર્યક્રમો યોજાયા

નખત્રાણા - કચ્છઉદય : વાંઢાય હરિહર સંત પરંપરાના બ્રહ્મલીન વાલરામજી ગુરુ ઓધવરામજી મહારાજની ૩૩મી નિર્વાણતિથિ નિમિત્તે નખત્રાણામાં ધાર્મિક શ્રદ્ધા અને સેવાભાવ સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતોના આશીર્વચન, સંધ્યાપાઠ, ભજન - સત્સંગ, ગૌસેવા, જીવદયા તેમજ જરૂરિયાતમંદોને સહાયરૂપ પ્રવૃત્તિઓ દ્વારા મહારાજના જીવનમૂલ્યોને યાદ કરવામાં આવ્યા હતા.

સાંઈ જલારામ મંદિરે નખત્રાણા તાલુકા રઘુવંશી સોશિયલ ગ્રુપ અને યુવા મહિલા સંગઠનના ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત રહ્યા હતા. વાંઢાયના જીતુ ભગતે બ્રહ્મલીન વાલરામજી મહારાજના જીવન અને કાર્ય પર પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે સંતોનું જીવન માત્ર ઉપદેશ પૂરતું સીમિત નથી રહેતું, પરંતુ તે સમાજને સેવા, સદાચાર અને માનવતાના માર્ગે દોરી જતું જીવંત પ્રેરણાસ્રોત બને છે. પ્રસંગે સંત સુરેશબાપુ અને મુકુલદાસજી દાદાએ પોતાના આશીર્વચનમાં જણાવ્યું હતું કે સંતો, શાસ્ત્રો અને સત્યનો માર્ગ માનવજીવનને ઉન્નતિ તરફ દોરી જાય છે. આધુનિક જીવનશૈલીમાં પણ આધ્યાત્મિક મૂલ્યોનું જતન જરૂરી છે. બ્રહ્મલીન વાલરામજી મહારાજે સમગ્ર જીવન દરમિયાન સમાજમાં સંસ્કાર, સેવા અને સમરસતાનું સિંચન કર્યું હતું, જેના કારણે તેઓ આજે પણ હજારો લોકો માટે પ્રેરણારૂપ બની રહ્યા છે.

કાર્યક્રમ દરમિયાન અંધજન મંડળના દિવ્યાંગ બાળકોને નોટબુક અને નાસ્તા કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે ગૌસેવા અને જીવદયાની પ્રવૃત્તિઓ યોજી સર્વજીવ કલ્યાણની ભાવનાને પ્રગટ કરવામાં આવી હતી. સંધ્યાપાઠ અને ભજન-સત્સંગમાં વર્ષાબેન પંડિતપૌત્રા, હેતલબેન ઠક્કર સહિત અનેક બહેનોએ ભાગ લઈ ભક્તિમય માહોલ સર્જ્યો હતો.

અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપના નવનિયુક્ત જિલ્લા પ્રમુખ રાજેશ પલણે જણાવ્યું હતું કે બ્રહ્મલીન વાલરામજી મહારાજની નિર્વાણતિથિને સેવાસપ્તાહ તરીકે ઉજવવામાં આવી રહી છે. જિલ્લામાં વિવિધ સ્થળોએ સંધ્યાપાઠ, સત્સંગ-પ્રવચન, ગૌસેવા, જીવદયા, આરોગ્ય કેમ્પ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય જેવી અનેક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજમાં સેવા અને સંસ્કારના મૂલ્યોને વધુ મજબૂત બનાવવાનો આ પ્રયાસ છે.

આ અવસરે રઘુવંશી સોશિયલ ગ્રુપ મહિલા પાંખની વિવિધ સમિતિઓની રચના કરી જવાબદારીઓ સોંપવામાં આવી હતી. મહિલા શક્તિને સંગઠનના કાર્યોમાં વધુ સક્રિય બનાવવા માટે પણ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન નખત્રાણા તાલુકા સંગઠનના પ્રમુખ વિજ્ઞેશ પંકજભાઈ દૈયા, મહામંત્રી અશ્વિન આઈયા, ખજાનચી રિતેશ આઈયા, અગ્રણીઓ મેહુલ દાવડા સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપના નવનિયુક્ત જિલ્લા પ્રમુખ રાજેશ પલણનું સન્માન કરવામાં આવ્યું હતું.

જાગૃતિબેન પણલ, સંગીતાબેન ઠક્કર અને આનંદીબેન પલણે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું, જ્યારે ગૌસેવાની જવાબદારી નીતિન રાજદેએ નિભાવી હતી. અંતે નીતિનભાઈ ઠક્કરે આભારવિધિ વ્યક્ત કરી હતી. બ્રહ્મલીન વાલરામજી મહારાજની નિર્વાણતિથિના અવસરે યોજાયેલા આ કાર્યક્રમોએ સમાજમાં સેવા, સંસ્કાર, સહકાર અને આધ્યાત્મિક જાગૃતિનો સશક્ત સંદેશ પ્રસરાવ્યો હતો.

# રોહા-સુમરીની વક્ફ પ્રોપર્ટી સંદર્ભે મામલતદારને આવેદનપત્ર પાઠવતા ગ્રામજનો





નખત્રાણા - કચ્છઉદય : નખત્રાણા તાલુકાના રોહા-સુમરી ગામે આવેલ આશાબાપીરની દરગાહ શરીફની વક્ફ મિલકત સંદર્ભે મામલતદાર કચેરી દ્વારા પાઠવવામાં આવેલી નોટિસના જવાબમાં સ્થાનિક મુતવલ્લી સૈયદ મામદશા સાકરશા દ્વારા કાયદાકીય જોગવાઈઓ ટાંકીને લેખિત ખુલાસો રજૂ કરાયો છે. આ બાબતે રોહા સુમરી ગામના ઈન્દ્રસિંહ વાઢેર, શંકરગીરી મહંત, સાકરશા બાવા, હીરાસિંહ જાડેજા, મેહુલ ગોસ્વામી, નીતિનગીરી ગોસ્વામી તેમજ વેલજી મહેશ્વરી સહિત વેસલપર, દનણા, જેસરવાડ અને કોટડા રોહા વગેરે ગામોના અગ્રણીઓ અને ગ્રામજનોએ એકત્રિત થઈને નાયબ મામલતદારને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી. વક્ફ અધિનિયમ ૧૯૯૫ની કલમ-૮૫ હેઠળ સિવિલ કોર્ટ કે મહેસૂલી કોર્ટને વક્ફ મિલકતો બાબતે કોઈ દાવો ચલાવવાની સત્તા ન હોવાનું જણાવી, આ મિલકત વર્ષ ૧૯૬૫થી ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડમાં નોંધાયેલી હોવાના પુરાવા સાથે નોટિસ પરત ખેંચવા અથવા કાયદેસરની યોગ્ય કાર્યવાહી કરવા રજૂઆત કરાઈ છે.

# "સેવ નેચર" અભિયાન અંતર્ગત ભુજમાં વૃક્ષારોપણ કરાયું





### ગરિબ નવાઝ રિલીફ ફાઉન્ડેશન દ્વારા કરાયું આયોજન

ભુજ - કચ્છ ઉદય : ગરિબ નવાઝ રિલીફ ફાઉન્ડેશન (જીએનઆરએફ) દ્વારા સમગ્ર કચ્છ જિલ્લામાં "સેવ નેચર" અભિયાન અંતર્ગત પર્યાવરણ સંરક્ષણ અને વૃક્ષારોપણ માટે વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. અભિયાન હેઠળ કચ્છના વિવિધ શહેરો અને વિસ્તારોમાં વૃક્ષારોપણ તથા પર્યાવરણ જાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

ભુજના ભારતનગર વિસ્તારમાં વિદ્યાર્થીઓ વચ્ચે પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્વ, કુદરતનું સંરક્ષણ અને પર્યાવરણને સ્વચ્છ તથા હરિયાળું બનાવવાની જવાબદારી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને દરેક વિદ્યાર્થી દ્વારા ઓછામાં ઓછા ૧૫ છોડ વાવવાનો અને તેની જાળવણી કરવાનો સંકલ્પ અપાવવામાં આવ્યો હતો.


જીએનઆરએફ દ્વારા વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું કે માત્ર છોડ વાવવો જ નહીં પરંતુ તેને ઉછેરીને એક મોટું વૃક્ષ બનાવવું એ સાચી પર્યાવરણ સેવા છે. "પૌધો લગાના હૈ, દરખ્ત બનાના હૈ" એટલે કે છોડ વાવવાના છે અને તેને મોટા વૃક્ષોમાં પરિવર્તિત કરવાના છે. આ સંકલ્પ સાથે આગામી સમયમાં સમગ્ર કચ્છને વધુ હરિયાળું અને સ્વચ્છ બનાવવાના ઉદ્દેશ્ય સાથે મોટા પાયે વૃક્ષારોપણઅભિયાનચલાવવામાં આવશે. જીએનઆરએફના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, વૃક્ષો માનવ જીવન માટે અમૂલ્ય સંપત્તિ છે. વધુમાં વધુ વૃક્ષારોપણ કરીને જ આવનારી પેઢી માટે સ્વચ્છ હવા, સારું પર્યાવરણ અને સુંદર કુદરતનું નિર્માણ કરી શકાય છે.

ગરિબ નવાઝ રિલીફ ફાઉન્ડેશન દ્વારા આગામી દિવસોમાં પણ કચ્છના વિવિધ શહેરો, ગામો અને શૈક્ષણિક સંસ્થાઓમાં "સેવ નેચર" અભિયાનને વધુ વેગ આપવામાં આવશે અને કચ્છને હરિયાળું બનાવવાના સંકલ્પ સાથે સતત કાર્ય કરવામાં આવશે.

## જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે સેવાયજ્ઞ

# ભુજમાં રોટરી ક્લબ અને માતાના મઢ જાગીરી ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો

### કચ્છ જિલ્લા શિક્ષણ અધિકારી સંજયભાઈ પરમારે બંને સંસ્થાઓની અવિરત સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી : ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અર્પણ કરાઈ









ભુજ - કચ્છઉદય : ભુજ મધ્યે આવેલ રોટરી હોલ ખાતે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રોત્સાહન આપવાના હેતુથી પ્રેરણાદાયી નોટબુક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાયજ્ઞ રોટરી ક્લબ ભુજ અને સુપ્રસિદ્ધ માતાના મઢ જાગીરી ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો, જેમાં ભુજ શહેર તેમજ તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી પસંદ કરાયેલા અંદાજે ૫૦૦ જેટલા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક ક્ષેત્રે બાળકો પાછળ ન રહી જાય અને ઉત્સાહભેર પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકે તે માટે આ સુંદર આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા કચ્છના જિલ્લા શિક્ષણ અધિકારી સંજયભાઈ પરમારે આ ઉમદા પ્રવૃત્તિને હૃદયપૂર્વક બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે માતાના મઢ જાગીરી ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી ખેંગારજીભાઈ જાડેજા, વિનોદભાઈ સોલંકી અને તેમની સમગ્ર ટીમ દ્વારા દર વર્ષે સમગ્ર કચ્છ જિલ્લામાં અંદાજે ૫૫,૦૦૦ થી ૬૦,૦૦૦ જેટલી નોટબુકોનું વિતરણ અવિરતપણે કરવામાં આવે છે. આ વર્ષે પ્રથમ વખત રોટરી ક્લબ ભુજ અને તેમના પ્રેરક દાતાઓના સહયોગથી ભુજ શહેર તેમજ તાલુકા સ્તરે પણ આ વિતરણ વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે, જે ખૂબ જ પ્રશંસનીય પગલું છે. શિક્ષણ વિભાગ આ બંને સંસ્થાઓની આ સુંદર અને દીર્ઘદ્રષ્ટિપૂર્ણ કામગીરીને અત્યંત ગર્વ સાથે બિરદાવે છે અને અભિનંદન પાઠવે છે.

રોટરી ક્લબના શિક્ષણ અભિયાન અંગે માહિતી આપતા સંસ્થાના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે રોટરી વૈશ્વિક સ્તરે 'ટીચ' મિશન હેઠળ શૈક્ષણિક ક્ષેત્રે અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવે છે. આ મિશનના ભાગરૂપે દર વર્ષે ગરીબ અને વંચિત વિદ્યાર્થીઓ સુધી શૈક્ષણિક સામગ્રી પહોંચાડવામાં આવે છે. આ વર્ષે પણ ભુજની વિવિધ શાળાઓનો સંપર્ક સાધી, વહીવટી સ્તરે સર્વે હાથ ધરીને ખરેખર જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓની પારદર્શક પસંદગી કરવામાં આવી હતી. આ સમગ્ર ભગીરથ કાર્યમાં માતાના મઢ જાગીરી ટ્રસ્ટના અગ્રણીઓનો આર્થિક અને નૈતિક સહયોગ સાંપડતા આ કાર્યક્રમ અત્યંત સફળ રહ્યો છે. નોંધનીય છે કે ભૂતકાળમાં વૈશ્વિક મહામારી કોરોના કાળ દરમિયાન પણ આ બંને સેવાભાવી સંસ્થાઓ દ્વારા સમગ્ર કચ્છ જિલ્લાના અસરગ્રસ્ત પરિવારોને હજારોની સંખ્યામાં ફૂડ પેકેટ પહોંચાડી માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું, અને આજે શિક્ષણ ક્ષેત્રે પણ આ સંસ્થાઓ પ્રેરણારૂપ કામગીરી કરી રહી છે.

આ ભગીરથ કાર્યને સફળ બનાવવામાં રોટરી ક્લબ ભુજના પ્રમુખ અશરફભાઈ મેમણ, સેક્રેટરી ડોક્ટર ઉર્મિલ હાથી તેમજ સમગ્ર રોટરી પરિવારના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ ઉપરાંત મહિલા પાંખ એવી ઈનરવ્હીલ ક્લબ, યુવા પાંખ રોટરેક્ટ ક્લબ અને બાળકોની ઈન્ટરેક્ટ ક્લબના સભ્યોએ પણ આ આયોજનમાં યોગદાન આપ્યું હતું.

# ભુજ નગરપાલિકાની ઘોર બેદરકારી : પ્રિ-મોન્સૂન સફાઈના નામે નાલા ખુલ્લા છોડી દેવાતા અકસ્માતનો ભય





### નગરપાલિકા કચેરીની નજીકમાં જ ઘનશ્યામ નગર પાસે ખુલ્લા છોડી દેવાયેલા નાના ના કારણે લોકોમાં આક્રોશ : વરસાદ દરમિયાન ખુલ્લા નાલાના કારણે કોઈ મોટી અને ગંભીર હોનારત સર્જાય તેવી ભીતિ

ભુજ - કચ્છઉદય : ભુજ શહેરના ઘનશ્યામનગર વિસ્તારમાં આવેલી પીપીસી ક્લબ નજીક નગરપાલિકાના તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. ચોમાસા પૂર્વેની પ્રિ-મોન્સૂન કામગીરીના ભાગરૂપે તંત્ર દ્વારા અહીંના મુખ્ય માર્ગ પર આવેલા વરસાદી નાલાઓને સાફ કરવાના બહાને ખોલવામાં તો આવ્યા, પરંતુ કોઈપણ જાતની સફાઈ કે સમારકામ કર્યા વિના જ તેમને જોખમી રીતે ખુલ્લા રઝળતા મૂકી દેવાયા છે.

ચોમાસાની ઋતુ વિધિવત રીતે શરૂ થઈ ચૂકી છે ત્યારે ધોધમાર વરસાદ દરમિયાન આ ખુલ્લા નાલા કોઈ મોટી અને ગંભીર હોનારત સર્જી શકે છે. ભરચક ટ્રાફિક ધરાવતા આ જાહેર માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ માટે આ નાલા મોતના કૂવા સમાન સાબિત થઈ રહ્યા છે. સ્થાનિક જાગૃત નાગરિકોમાં પાલિકાની આ અણઘડ કામગીરી સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. કોઈ નિર્દોષ માનવી કે અબોલ પશુ આ ખુલ્લા નાલામાં ખાબકે અને પોતાનો જીવ ગુમાવે, તે પહેલાં કુંભકર્ણની નિદ્રામાં પોઢેલું પાલિકા પ્રશાસન તાકીદે જાગે અને આ વરસાદી નાલાની યોગ્ય સફાઈ કરાવી તેને ત્વરિત બંધ કરે તેવી લોક માંગ પ્રબળ બની છે. ભુજ નગરપાલિકા કચેરીની તદ્દન નજીકના જ વિસ્તારમાં આ પરિસ્થિતિ છે તો શહેરના અન્ય વિસ્તારોમાં શું હાલત હશે તેવો સવાલ ભુજના જાગૃત નાગરિકો આક્રોશભેર ઉઠાવી રહ્યા છે.

# ભુજની માતૃછાયા શાળાની છાત્રાઓને બેન્કિંગ વહિવટ અંગે સમજ અપાઈ



ભુજ - કચ્છઉદય : શહેરની માતૃછાયા કન્યા વિદ્યાલય ખાતે બેન્ક રાષ્ટ્રીયકરણ દિવસના ઉપક્રમે ઉચ્ચતર માધ્યમિક વિભાગની ધોરણ ૧૧ની ૩૨ જેટલી વિદ્યાર્થિનીઓ દ્વારા બેન્કના પ્રાથમિક વ્યવહારોના પ્રાયોગિક જ્ઞાન શીખવાડતું બેન્કનું મોડેલ ઉભું કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ વ્યવહારુ જ્ઞાન સાથે બાળકોને શાળા જીવનથી જ બેંકિંગ અંગે માહિતગાર કરવાનો રહ્યો હતો.

શાળાના શિક્ષકો સ્વાતિબેન ત્રિવેદી, મનોજભાઈ મહેશ્વરી અને મિત્તલબેન તન્નાના માર્ગદર્શન હેઠળ દિકરીઓ દ્વારા એટીએમ ખાતાના પ્રકારો, ખાતું ખોલવવાના ફોર્મ, ચેક સ્લીપ ભરતા શીખવવું , કેશિયરની કામગીરી, લૉકર તથા અન્ય બેંકિંગ સુવિધાઓ અને ઓનલાઈન બેન્કિંગ અંગેની પ્રાયોગિક જાણકારી બેન્કનું મોડેલ ઉભું કરી આપવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓએ દ્વારા બનાવવામાં આવેલ આ "માતૃછાયા બેન્ક"નું ઉદઘાટન શાળાના ટ્રસ્ટી રજનીભાઈ પટવા અને બેન્ક ઓફ બરોડાના બ્રાન્ચ મેનેજર સુનિલભાઈ સોલંકીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સાથે બેન્ક ઓફ બરોડાના કર્મચારી રાજેન્દ્રભાઈ માળી ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે માતૃછાયા કન્યા વિદ્યાલયની ભુતપૂર્વ વિદ્યાર્થિનીઓ જે હાલે રાષ્ટ્રીયકૃત બેંકમાં ફરજ બજાવી રહી છે. તેમના દ્વારા વિદ્યાર્થિનીઓને આઈબીપીએસ પરીક્ષાની તૈયારી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દરેક પ્રવૃતિઓમાં વિદ્યાર્થીઓએ હોંશભેર જોડાયા તેમજ તેમના આત્મવિશ્વાસમાં વધારો જોવા મળ્યો હતો. આ કાર્યક્રમોની પ્રેરણા શાળાના આચાર્યા સુહાસબહેન તન્ના ગોસ્વામીએ આપી હતી. આ આયોજન બદ્દ સમગ્ર ટ્રસ્ટી મંડળે અભિનંદન પાઠવ્યા હતા.

# નાસાએ ભારતીય-અમેરિકન અનિલ મેનનને સોયુઝ એમએસ-૨૯ દ્વારા આઈએસએસ માટે રવાના કર્યા

વાશિંગ્ટન (એજન્સી દ્વારા) : નાસાના ભારતીય - અમેરિકન અંતરિક્ષયાત્રી ડો. અનિલ મેનન ૧૪ જુલાઈના રોજ પોતાની પહેલી અવકાશ યાત્રા પર રવાના થયા. રશિયાના રોસકોસમોસના સોયુઝ સ્જી-૨૯ અવકાશયાનને કઝાકિસ્તાનના બૈકોનુર કોસ્મોડ્રોમથી અમેરિકાના પૂર્વીય સમય મુજબ સવારે ૧૦ વાગ્યે ૪૭ મિનિટે લોન્ચ કરવામાં આવ્યું. આ યાનમાં અનિલ મેનન સાથે રશિયન કોસ્મોનોટ પ્યોત્ર ડુબ્રોવ અને અન્ના કિકીના પણ સવાર હતા. લોન્ચ બાદ લગભગ ત્રણ કલાકમાં યાન આંતરાષ્ટ્રીય અવકાશ મથક સાથે જોડાયું અને સાંજે હેચ ખુલ્યા બાદ ત્રણેય અંતરિક્ષયાત્રીઓએ સ્ટેશનમાં પ્રવેશ કર્યો. નાસાએ આ સમગ્ર પ્રક્રિયાનું જીવંત પ્રસારણ પર કર્યું હતું.

અનિલ મેનન ૪૯ વર્ષના છે અને તેમનો જન્મ મિનેસોટાના મિનિયાપોલિસમાં થયો હતો. તેમના પિતા ભારતીય અને માતા યુક્રેનિયન છે. તેમણે હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી ન્યુરોબાયોલોજી, સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગ અને મેડિસિનનો અભ્યાસ કર્યો છે. તેઓ ઇમરજન્સી મેડિસિનના ડોક્ટર હોવાની સાથે [illegible] માં કર્નલ પણ છે. નાસામાં જોડાતા પહેલા તેઓ [illegible]ના પહેલા ફ્લાઈટ સર્જન હતા અને ડેમો-૨ મિશનમાં ક્રૂની તબીબી ટીમનું નેતૃત્વ કર્યું હતું. ૨૦૨૧માં નાસાના અંતરિક્ષયાત્રી વર્ગમાં પસંદગી બાદ તેમણે ૨૦૨૪માં તાલીમ પૂર્ણ કરી અને હવે તેમને [illegible] ૭૫ના ફ્લાઈટ એન્જિનિયર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમની પત્ની અન્ના મેનન પણ નાસાના અંતરિક્ષયાત્રી છે અને તેમણે ગયા વર્ષે [illegible] મિશનમાં અવકાશની યાત્રા કરી હતી. આઠ મહિનાના રોકાણ દરમિયાન અનિલ મેનન મુખ્યત્વે ભવિષ્યના ચંદ્ર અને મંગળ મિશન માટે જરૂરી સંશોધનો કરશે. તેમાં માઈક્રોગ્રેવિટીમાં માનવ શરીરમાં લોહીના પ્રવાહ અને નસોના ફેરફારોનો અભ્યાસ, અવકાશમાં ફ્લુઈડ બનાવવાની ટેકનિક અને સેમિકન્ડક્ટર ક્રિસ્ટલનું ઉત્પાદન સામેલ છે. ઉપરાંત તેઓ અલ્ટ્રાસાઉન્ડ કરીને પૃથ્વી પરના ડોક્ટરો પરની નિર્ભરતા ઘટાડવાના પ્રયોગો પણ કરશે. આ મિશન એપ્રિલ ૨૦૨૭માં પૂર્ણ થયા બાદ ક્રૂ પૃથ્વી પર પરત ફરશે.અનિલ મેનનની આ સિદ્ધિને ભારત અને વિદેશમાં વસતા ભારતીયોએ ખૂબ જ ગર્વ અને ઉત્સાહ સાથે વધાવી છે.

# પાણી, ડૂબકી અને ઉડાન ભરી શકે તેવું પહેલું પક્ષી રોબોટ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : સંશોધકોએ પહેલું એવું રોબોટ બનાવ્યું છે જે ખરેખર પક્ષીની જેમ કામ કરે છે. તે પાણીમાં ગેન્નેટ પક્ષીની જેમ ડૂબકી મારી શકે છે, તરી શકે છે અને પછી પાણીમાંથી સીધું ઉછળીને હવામાં ઉડી પણ શકે છે. અત્યાર સુધીના મોટાભાગના રોબોટ પાણીમાંથી બહાર આવવા માટે રનવે અથવા મદદ લેતા હતા, પણ આ રોબોટ બધું જાતે જ કરી લે છે.

આ કામ કરવું સહેલું નથી કારણ કે પાણી હવાની સરખામણીમાં લગભગ ૧૦૦૦ ગણું ઘટ્ટ હોય છે. ઉડવા માટે જે પાંખો ૨૨૦ થી ૩૦૦ હર્ટ્ઝે ફફડે છે તે જ પાંખો પાણીમાં તરવા માટે ૯ થી ૧૩ હર્ટ્ઝે જ ચલાવવી પડે છે નહીંતર તે તૂટી જાય. નાના રોબોટ માટે પાણીની સપાટી પણ ઈંટની દિવાલ જેવી હોય છે કારણ કે સપાટીનો તણાવ રોબોટના વજન કરતા ૧૦ ગણો વધારે હોય છે. સંશોધકોએ આ સમસ્યા ડૂબકી મારતા પક્ષીઓ પાસેથી પ્રેરણા લઈને ઉકેલી. રોબોટમાં ઊર્જા સંગ્રહ કરીને જોરથી ઉછળવાની સિસ્ટમ છે જે ફ્લાઈંગ ફિશની જેમ પાણીમાંથી બહાર નીકળવામાં મદદ કરે છે. તેમાં ફોલ્ડ થઈ શકે તેવી પાંખો પણ છે જે હવામાં આવતા જ ખુલી જાય છે અને ગ્લાઈડ કરવામાં મદદ કરે છે. મોડેલિંગની મદદથી પાંખનું સાઈઝ અને ફફડવાનો દર એવો ગોઠવવામાં આવ્યો છે કે તે પાણી અને હવા બંનેમાં કામ કરી શકે. આ ટેકનોલોજીનો ઉપયોગ પાણીની ગુણવત્તા તપાસવા, પ્રદૂષણ મોનિટર કરવા અને ક્લાઈમેટ ડેટા એકત્ર કરવા માટે થઈ શકે છે. હોડી મોકલવાને બદલે આ રોબોટ એક જગ્યાએ ઉડીને જઈ શકે, પાણીમાં ડૂબકી મારીને સેમ્પલ લઈ શકે અને પછી પાછો ઉડીને આવી શકે. આનાથી કામ ઝડપી, સસ્તું અને ખતરનાક જગ્યાએ પણ શક્ય બનશે.

# ભુજ-જામનગર લક્ઝરી બસના સ્થાને ઓડીનરી બસ દોડાવાતા મુસાફરોમાં રોષ

ભુજ - કચ્છ ઉદય : ભુજ ડેપો દ્વારા સંચાલિત ભુજ—જામનગર રૂટની બપોરે ૨:૩૦ કલાકે ઉપડતી ૨ બાય ૨ લક્ઝરી બસ છેલ્લા અંદાજે એક અઠવાડિયાથી સતત ઓડનરી બસથી સંચાલિત કરવામાં આવી રહી હોવાના કારણે મુસાફરોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

મુસાફરોના જણાવ્યા મુજબ ઓનલાઈન બુકિંગ સિસ્ટમમાં આજે પણ આ સેવા ૨ બાય ૨ લક્ઝરી બસ તરીકે જ દર્શાવવામાં આવે છે, જેના આધારે મુસાફરો લક્ઝરી બસ સમજીને આરક્ષણ કરાવે છે. પરંતુ મુસાફરી સમયે ઓડીનરી બસ ઉપલબ્ધ કરાવવામાં આવતાં મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

મુસાફરોનો આક્ષેપ છે કે લક્ઝરી અને ઓડીનરી બસના ભાડામાં તફાવત હોવા છતાં તે રકમ આપોઆપ પરત કરવામાં આવતી નથી. ઉપરાંત ઓડીનરી બસની બેઠક વ્યવસ્થા અલગ હોવાથી ઓનલાઈન બુક કરાવેલી વિન્ડો સીટ અથવા પસંદગીની બેઠક પણ મળતી નથી, જેના કારણે સમગ્ર સેટિંગ એરેજમેન્ટ ખોરવાઈ જાય છે. મુસાફરોને અગાઉથી કોઈ સૂચના પણ આપવામાં આવતી નથી, જેના કારણે તેઓ પોતાને છેતરાયેલા હોવાની લાગણી વ્યક્ત કરી રહ્યા છે. મુસાફરોનું કહેવું છે કે જો કોઈ અચાનક ટેકનિકલ ખામી સર્જાય તો એકાદ-બે દિવસ માટે વૈકલ્પિક વ્યવસ્થા સમજી શકાય, પરંતુ સતત ઘણા દિવસોથી ઓડીનરી બસ ચલાવવામાં આવવી યોગ્ય નથી અને તે વહીવટી આયોજન અંગે પ્રશ્નો ઉભા કરે છે. મુસાફરો દ્વારા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (જીએસઆરટીસી)ના મેનેજિંગ ડિરેક્ટર સમક્ષ રજૂઆત કરીને માંગ કરવામાં આવી છે કે સમગ્ર મામલે તાત્કાલિક તપાસ કરવામાં આવે, ઓનલાઈન બુકિંગમાં વાસ્તવિક બસનો પ્રકાર દર્શાવવામાં આવે, લક્ઝરીના બદલે ઓડીનરી બસ ચલાવવામાં આવે ત્યારે ભાડાનો તફાવત મુસાફરોને આપોઆપ પરત કરવામાં આવે તથા ભવિષ્યમાં આવી સ્થિતિનું પુનરાવર્તન ન થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે. મુસાફરોનું માનવું છે કે પારદર્શક અને વિશ્વસનીય સેવા જાળવવી જીએસઆરટીસીની જવાબદારી છે અને મુસાફરોને બુકિંગ સમયે દર્શાવેલી સુવિધા મુજબની સેવા મળવી જોઈએ.

# ભારતમાં ગૌછાણમાંથી કાર અને નાના ટ્રક ચલાવવાનો પ્રયોગ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ભારતમાં હવે ગૌ છાણને સીધું એન્જિનમાં નહીં પરંતુ તેને આથો આપીને કમ્પ્રેસ્ડ બાયોગેસ એટલે કે સીબીજી અથવા બાયોમિથેનમાં ફેરવીને સીએનજીની જેમ કાર અને નાના ટ્રકમાં વપરાય છે. ઉત્તર પ્રદેશમાં પહેલી વાર મોટા પાયે ગૌ છાણમાંથી મિથેન બનાવવામાં આવી રહ્યું છે. નિષ્ણાતોના મતે એક ગાયના છાણમાંથી દર વર્ષે લગભગ ૨૨૫ લિટર પેટ્રોલ જેટલો મિથેન મળી શકે છે. શુદ્ધિકરણ પછી આ ઝમ્ય લગભગ ૫૫૦૦ કિલોમીટર સુધી કાર ચલાવી શકે છે. ઉત્તર પ્રદેશમાં રખડતા પશુઓ પાસેથી દરરોજ લગભગ ૫૪ લાખ કિલો છાણ મળે છે જેને સીબીજી પ્લાન્ટમાં પ્રોસેસ કરીને વાહનોના બળતણ, ગ્રામીણ રસોઈ ગેસ, નાના ઉદ્યોગો માટે હીટિંગ અને ઓર્ગેનિક ખેતીમાં વાપરી શકાય છે. ગુજરાતમાં સુઝુકીએ બનાસકાંઠામાં પ્લાન્ટ શરૂ કર્યો છે. ત્યાં દરરોજ ૧૦૦ ટન ગૌ છાણમાંથી ૧.૫ થી ૧.૮ ટન બાયોગેસ બને છે. આટલા ગેસથી લગભગ ૮૫૦ સીએનજી વાહનો ૬૦ કિલોમીટર સુધી દોડી શકે છે. કંપની ખેડૂતો પાસેથી કિલોના એક રૂપિયાના ભાવે છાણ ખરીદે છે અને બીઆઈઓ - સીએનજી કિલોના ૭૫ રૂપિયામાં વેચે છે જે સામાન્ય નેચરલ ગેસ કરતા સસ્તું છે. આનાથી ખેડૂતોને વર્ષે સરેરાશ ૭૨,૦૦૦ રૂપિયાની વધારાની કમાણી થાય છે.

ભારત પાસે લગભગ ૩૦ કરોડ પશુઓ છે અને છાણમાંથી નીકળતો મિથેન ગેસ મોટો ઉત્સર્જન સ્ત્રોત છે. તેને પકડીને બળતણ અને ઓર્ગેનિક ખાતરમાં ફેરવવાથી ઉર્જા સુરક્ષા, ગ્રામીણ રોજગારી અને પર્યાવરણ બંનેને ફાયદો થાય છે. સરકારે ૨૦૨૫ સુધીમાં વાહનો અને ઘરેલુ ગેસમાં બાયોગેસનો હિસ્સો ૧ ટકા અને ૨૦૨૮ સુધીમાં ૫ ટકા કરવાનો લક્ષ્ય રાખ્યો છે.

# આરોગ્ય જોખમને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે પેરાક્વાટ ડાયક્લોરાઇડ હર્બિસાઇડ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો ડ્રાફ્ટ બહાર પાડ્યો

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : કેન્દ્ર સરકારે માનવ આરોગ્યને ગંભીર જોખમના કારણે પેરાક્વાટ ડાયક્લોરાઈડ નામના અત્યંત ઝેરી હર્બિસાઈડ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા માટે ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડ્યું છે. કીટનાશક અધિનિયમ ૧૯૬૮ ની કલમ ૨૭ હેઠળ આ રસાયણની આયાત, ઉત્પાદન, વેચાણ, પરિવહન, વિતરણ અને ઉપયોગ પર પ્રતિબંધ લગાવવામાં આવશે. આદેશને અંતિમ સ્વરૂપ આપતા પહેલા હિતધારકોને ૩૦ દિવસની અંદર વાંધા અને સૂચનો રજૂ કરવાની તક આપવામાં આવી છે.

પેરાક્વાટને વિશ્વના સૌથી ખતરનાક રસાયણોમાંનું એક માનવામાં આવે છે કારણ કે તેનો કોઈ ચોક્કસ ઈલાજ નથી. જો તે શરીરમાં જાય, શ્વાસ દ્વારા અંદર જાય અથવા ઘા વાળી ત્વચાના સંપર્કમાં આવે તો ફેફસામાં કાયમી ફાઈબ્રોસિસ થાય છે, કિડની અને લીવર નિષ્ફળ જાય છે અને મૃત્યુ પણ થઈ શકે છે. ફેબ્રુઆરી ૨૦૨૬ માં નેશનલ મેડિકલ જર્નલ ઓફ ઈન્ડિયામાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં ડોક્ટરોએ જણાવ્યું છે કે ભારતમાં આકસ્મિક અને આત્મહત્યાના કેસોમાં પેરાક્વાટ ઝેરથી મૃત્યુનું પ્રમાણ ખૂબ ઊંચું છે. આ કારણોસર તેલંગાણા અને ઓડિશા જેવા રાજ્યોએ પહેલેથી જ ૬૦ દિવસ માટે વેચાણ અને ઉપયોગ પર કામચલાઉ પ્રતિબંધ લગાવ્યો હતો અને કેન્દ્ર પાસે કાયમી પ્રતિબંધની માંગ કરી હતી. યુકે, જર્મની, યુરોપિયન યુનિયન, ચીન અને બ્રાઝિલ સહિત ૭૦ થી વધુ દેશોમાં આ રસાયણ પર પહેલેથી પ્રતિબંધ છે.

ખેતીની દ્રષ્ટિએ પેરાક્વાટનો ઉપયોગ ચા, રબર, કોફી, કપાસ, ડાંગર, ઘઉં, મકાઈ, બટાકા, દ્રાક્ષ અને સફરજનના પાકોમાં તેમજ નહેરો અને તળાવોમાં નીંદણ સાફ કરવા માટે વ્યાપકપણે થાય છે. તેની ઓછી કિંમત અને ઝડપી અસરને કારણે ખેડૂતો તેને પસંદ કરે છે. ૨૦૧૯-૨૦ માં ૮૫૯૮ ટન હતી તે આયાત ૨૦૨૨-૨૩ માં વધીને ૨૦૭૮૬ ટન થઈ હતી અને સ્થાનિક વેચાણ પણ ૨૦૨૩-૨૪ માં ૧.૦૫ લાખ ટન સુધી પહોંચ્યું હતું. પ્રતિબંધ પછી ખેડૂતોને નીંદણ વ્યવસ્થાપન માટે નવી પદ્ધતિઓ અપનાવવી પડશે જેના કારણે શરૂઆતમાં ખેતીનો ખર્ચ વધી શકે છે. ઉદ્યોગ સંગઠનોએ સલામત ઉપયોગ માટે તાલીમ, વેચાણ પર કડક દેખરેખ અને પરવડે તેવા વૈકલ્પિક હર્બિસાઈડ્સ ઉપલબ્ધ કરાવવાની માંગ કરી છે. કૃષિ નિષ્ણાતોનું માનવું છે કે યાંત્રિક નીંદણ, જૈવિક નિયંત્રણ અને ઓછા ઝેરી રસાયણોનો ઉપયોગ વધારીને આ પડકારનો સામનો કરી શકાય છે.

# સચિવાલયમાં અધિકારીઓની સંખ્યામાં વધારાતા સરકારી કામકાજ અને ફાઇલોના નિકાલમાં આવશે વધુ ઝડપ

### રાજ્ય સરકારે સેક્શન ઓફિસરના ૨૮ નવા પદોને મંજૂરી આપી : મુખ્યમંત્રી કાર્યાલય સહિત ૨૬ વિભાગો અને ૧૯ કચેરીઓને મળશે વધારાનું કાર્યબળ

ગાંધીનગર - કચ્છઉદય : રાજ્ય સરકારે વહીવટી કામગીરીને વધુ ઝડપી અને કાર્યક્ષમ બનાવવા સચિવાલય સંવર્ગમાં સેક્શન ઑફિસર (વર્ગ-૨)ના પદોની સંખ્યામાં વધારો કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સામાન્ય વહીવટ વિભાગ (જીએડી)ના ઠરાવ મુજબ સેક્શન ઑફિસરના મંજૂર પદો ૬૦૬થી વધારીને ૬૩૪ કરવામાં આવ્યા છે. આ નિર્ણયથી સરકારી ફાઈલોના નિકાલની ગતિ વધશે, નીતિગત નિર્ણયોનું અમલીકરણ ઝડપી બનશે અને સામાન્ય નાગરિકોના કામો ઓછા સમયમાં પૂર્ણ થઈ શકશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ લેવાયેલા આ નિર્ણય અનુસાર નવી કેડર રચનામાં મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ) સહિત રાજ્યના ૨૬ વિભાગો અને ૧૯ કચેરીઓમાં વધારાનું કાર્યબળ મળશે. આ ઉપરાંત; મુખ્યમંત્રી કાર્યાલય, ગુજરાત તકેદારી પંચ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ સહિતની કેટલીક મહત્વની કચેરીઓ માટે હંગામી પદો તથા ડેપ્યુટેશન રિઝર્વની પણ જોગવાઈ કરવામાં આવી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં વધતી વહીવટી જવાબદારીઓ અને ફાઈલોના ભારને ધ્યાનમાં રાખીને કેડર સ્ટ્રેન્થની સમીક્ષા કરવામાં આવી રહી હતી. તેના આધારે પદોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે, જેથી વિભાગો વચ્ચે નિર્ણય પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત અને સમયબદ્ધ બની શકે. નોંધનીય છે કે રાજ્ય સરકારે ચાલુ વર્ષ દરમિયાન સચિવાલય સંવર્ગના ૮૬ નાયબ સેક્શન અધિકારીઓ (વર્ગ-૩)ને બઢતી આપી સેક્શન ઑફિસર (વર્ગ-૨) તરીકે નિયુક્ત કર્યા છે. નવા પદો અને બઢતીના કારણે સચિવાલયમાં અધિકારીઓની ઉપલબ્ધતા વધશે, જેના પરિણામે ફાઈલોના નિકાલની પ્રક્રિયામાં ગતિ આવશે અને સરકારી સેવાઓ વધુ કાર્યક્ષમ બનશે. વધતા વિકાસલક્ષી પ્રોજેક્ટ, નવી યોજનાઓ અને વિભાગીય કામગીરીના વધતા વ્યાપને ધ્યાનમાં રાખીને લેવાયેલો આ નિર્ણય રાજ્યના વહીવટી તંત્રને વધુ મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

# ઓરેગોનનું "હસતું જંગલ" કચ્છ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ પણ આવો પ્રયોગ કરી શકે

નવી દિલ્હી - (એજન્સી દ્વારા) : દર પાનખરમાં અમેરિકાના ઓરેગોન રાજ્યના પોલ્ક કાઉન્ટીની એક સામાન્ય ટેકરી અચાનક અદ્ભુત દેખાવા લાગે છે. હાઈવે ૧૮ પર વિલામિના અને ગ્રાન્ડ રોન્ડ વચ્ચે આવેલી આ ટેકરી પર ઉપરથી જોતાં એક વિશાળ હસતો ચહેરો દેખાય છે. આ કોઈ કુદરતી અજાયબી કે ફોટોશોપ નથી, પરંતુ ૨૦૧૧માં વનરક્ષકો દ્વારા કરાયેલા આયોજિત વનીકરણનો પરિણામ છે.

હેમ્પટન લમ્બર કંપનીએ લાકડા કાપ્યા બાદ ફરીથી વૃક્ષો વાવતી વખતે સામાન્ય પેટર્નને બદલે એક ખાસ ડિઝાઈન બનાવી. આંખો અને મોં માટે સદાબહાર ડગ્લાસ ફિરના વૃક્ષો વાવવામાં આવ્યા જે આખું વર્ષ લીલા રહે છે. અને ચહેરાના બાકીના ભાગ માટે વેસ્ટર્ન લાર્ચના વૃક્ષો વાવવામાં આવ્યા. વેસ્ટર્ન લાર્ચ ઉત્તર અમેરિકાના થોડા પાનખર શંકુદ્રુમ વૃક્ષોમાંનું એક છે. પાનખર ઋતુમાં તેની સોય તેજસ્વી સોનેરી પીળી થઈ જાય છે અને પછી ખરી પડે છે. આ કારણે ફક્ત થોડા અઠવાડિયા માટે જ લીલા ડગ્લાસ ફિરની વચ્ચે પીળા લાર્ચનો વિશાળ સ્માઈલી ચહેરો સ્પષ્ટ દેખાય છે. આ ચહેરો લગભગ ૩૦૦ ફૂટ પહોળો છે અને હાઈવે પરથી પણ દેખાય છે. કંપનીના સહ-માલિક ડેવિડ હેમ્પટન અને તત્કાલીન વન વ્યવસ્થાપક ડેનિસ ક્રીલને ૨૦૧૧માં ઈમોજીનો ટ્રેન્ડ જોઈને આ વિચાર આવ્યો હતો. આ કોઈ ટુરિસ્ટ આકર્ષણ માટે નહોતું, પરંતુ કાર્યરત જંગલમાં એક રમતિયાળ ઉમેરો હતો. આ વૃક્ષો લાકડા માટે જ વાવવામાં આવ્યા છે, તેથી આગામી ૩૦ થી ૫૦ વર્ષ સુધી જ આ ચહેરો જોવા મળશે.

કચ્છ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ પણ આવા જ પ્રયોગથી વનીકરણને વધુ રસપ્રદ બનાવી શકે. કચ્છમાં ખીજડો, બાવળ અને પ્રોસોપિસ જેવા સદાબહાર વૃક્ષોની સાથે મોસમી રંગ બદલતા વૃક્ષો જેમ કે ગુલમહોર, કરંજ અથવા સાગના છોડને ચોક્કસ પેટર્નમાં વાવવામાં આવે તો ચોમાસા બાદ અથવા શિયાળામાં જમીન પરથી અથવા ડ્રોનથી જોતાં "કચ્છનું સ્મિત" જેવી ઓળખ બની શકે. આનાથી માત્ર પર્યાવરણ જ નહીં પરંતુ ઈકો-ટુરિઝમ અને લોકોમાં વૃક્ષારોપણ પ્રત્યે જાગૃતિ પણ વધશે. ઓરેગોનની જેમ કચ્છનું કાર્યરત જંગલ પણ કામ સાથે કલા બની શકે છે. આ સમાચાર દર્શાવે છે કે વનીકરણ માત્ર કામગીરી નથી, થોડી સર્જનાત્મકતા સાથે તે લોકો માટે આનંદ અને પ્રેરણાનું કારણ પણ બની શકે છે.

# ભુજના તૂટેલા બાંકડાઓ પાછળ નગરપાલિકાની બેદરકારી પણ જનતા પર દોષારોપણ

**તંત્રની નબળી કામગીરી અને જવાબદારીમાંથી છટકવાની નીતિ : બાંકડા તૂટવા પાછળ નાગરિકો જ દોષિત? : સરકારી ગ્રાન્ટનો ધુમાડો અને જાળવણીના નામે પાલિકાની ઘોર ઉદાસીનતા :સીસીટીવી અને પેટ્રોલિંગના અભાવે અસામાજિક તત્વો બેફામ છતાં તંત્ર માવજતની જવાબદારી નાગરિકો પર ઢોળીને ભીનું સંકેલવામાં વ્યસ્ત : સરકારી નાણાંનો ધુમાડો કરી સુવિધા આપ્યા પછી જાળવણીના નામે સત્તાધીશોએ કર્યા હાથ ઊંચા : લેકવ્યુ પાસે ભંગાર બનેલા બાંકડાઓ પાલિકાની નાકામીની પૂરે છે સાક્ષી**





ભુજ - કચ્છઉદય : ભુજ શહેરમાં સાર્વજનિક સ્થળો અને સોસાયટીઓમાં લોકોની સુવિધા માટે રાખવામાં આવેલા બાંકડાઓની અત્યંત જર્જરિત અને દયનીય હાલત તંત્રની ઘોર બેદરકારીની ચાડી ખાય છે. નગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાની સરકારી ગ્રાન્ટ અને ધારાસભ્યની ગ્રાન્ટમાંથી સગવડના નામે બાંકડા ગોઠવી તો દેવાય છે, પરંતુ તેના મેન્ટેનન્સ કે સુરક્ષા બાબતે તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ નીવડ્યું છે.

આ સમગ્ર મામલે આશ્ચર્યજનક અને આઘાતજનક બાબત એ છે કે સત્તાધીશો પોતાની નિષ્ફળતા સ્વીકારવાને બદલે સમગ્ર દોષનો ટોપલો જનતાના માથે ઢોળી રહ્યા છે. નગરપાલિકા પોતાની કાયદાકીય અને નૈતિક જવાબદારીઓમાંથી છટકીને બધો જ ભાર સામાન્ય નાગરિકો અને સોસાયટીના રહીશો પર નાખવા માંગે છે.

નગરમાં ઠેર-ઠેર તૂટેલા બાંકડાઓ અંગે જ્યારે સત્તાધીશોને પૂછવામાં આવે છે ત્યારે તેઓ એવો બચાવ કરે છે કે પ્રજા જ તેનો ગેરઉપયોગ કરીને તોડફોડ કરે છે.

આ પ્રકારનું બેજવાબદાર નિવેદન એ વાત સાબિત કરે છે કે વહીવટી તંત્ર પાસે અસામાજિક તત્વો સામે કડક પગલાં લેવાની કે કાયદાકીય કાર્યવાહી કરવાની કોઈ ઈચ્છાશક્તિ જ નથી. જો સિનિયર સિટિઝનો માટે મૂકવામાં આવેલા બાંકડાઓ પર યુવાનો આવીને બેસતા હોય કે કોઈ ગેરપ્રવૃત્તિ થતી હોય, તો તેની સામે કાયદાનો ડર ઊભો કરવો અને પેટ્રોલિંગ વધારવું એ નગરપાલિકા અને પોલીસ તંત્રની સંયુક્ત ફરજ બને છે.

તેને બદલે સામાન્ય સોસાયટીના લોકોને આવી પ્રવૃત્તિઓ રોકવાની અને બાંકડા સાચવવાની સલાહ આપવી એ પાલિકાની સદંતર લાચારી અને નાકામી દર્શાવે છે.

લેકવ્યુ હોટેલ જેવા જાહેર પ્રવાસન સ્થળોની સામે પણ લાંબી લાઈનમાં ગોઠવેલા બાંકડાઓ આજે જર્જરિત અવસ્થામાં ભંગાર બનીને પડ્યા છે, જે શહેરની સુંદરતા પર મોટો ડાઘ છે. આવી ભૌગોલિક અને મહત્વની જગ્યાઓ પર પણ તંત્ર પાસે નવું આયોજન કરવાના નામે માત્ર પોકળ આશ્વાસનો સિવાય કંઈ નથી.

દર વખતે નવી ગ્રાન્ટ આવે ત્યારે માત્ર નવા બાંકડા ખરીદી લાવવા અને જૂનાની કોઈ માવજત ન કરવી એ સરકારી નાણાંનો ખુલ્લેઆમ દુરુપયોગ છે. જ્યાં સુધી તંત્ર પોતાની આ કુંભકર્ણ નિદ્રામાંથી જાગશે નહીં અને જાળવણીની સીધી જવાબદારી પોતાના શિરે નહીં લે, ત્યાં સુધી પ્રજાના ટેક્સના પૈસાથી થતા આવા કામો કાગળ પર જ સીમિત રહેશે અને જનતા સુવિધા વગર વલખાં મારતી રહેશે.

# મુંદરામાં કચ્છ સમેજા થેબા સમાજનું સ્નેહમિલન યોજાયું





મુન્દ્રા - કચ્છ ઉદય : અખિલ કચ્છ સમેજા થેબા સમાજ મુન્દ્રા તાલુકા અને મુન્દ્રા શહેર સમિતિ દ્વારા સમાજમાં એકતા, ભાઈચારો અને પરસ્પર પ્રેમની ભાવના વધુ મજબૂત બને તે હેતુથી ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. શરૂઆત મૌલાના અલીફ નક્સબંધી દ્વારા કુરઆન શરીફની તિલાવતથી કરવામાં આવી હતી.

અખિલ કચ્છ સમેજા થેબા સમાજના જિલ્લા પ્રમુખ સાયેબ અબ્દુલ શાહિદ સમેજાએ સમાજના સર્વાંગી વિકાસ માટે સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ લેવા સમાજબંધુઓને અનુરોધ કર્યો હતો. સમાજની પ્રગતિમાં અવરોધરૂપ બનતી ખૂટતી કડીઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું તેમજ શિક્ષણ, સંગઠન અને સરકારી યોજનાઓનો અસરકારક લાભ લઈ સમાજને આત્મનિર્ભર અને પ્રગતિશીલ બનાવવા સૌને હાકલ કરી હતી. મૌલાના અલીફ નક્સબંધીએ જણાવ્યું હતું કે, સમાજમાં ભાઈચારો, એકતા અને પરસ્પર પ્રેમની ભાવના વધુ મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે દીની અને દુનિયાવી બંને પ્રકારના જ્ઞાન અને શિક્ષણને જીવનમાં સમાન મહત્વનું ગણાવી નવી પેઢીને સારા સંસ્કાર, ઉચ્ચ શિક્ષણ અને નૈતિક મૂલ્યો સાથે આગળ વધવા પ્રેરણા આપી હતી. અબ્દુલ વહાબે જણાવ્યું હતું કે, "શિક્ષણ જ સમાજની પ્રગતિની સાચી ચાવી છે." તેમણે સમાજના દરેક પરિવારને પોતાના સંતાનોને ઉચ્ચ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ અપાવવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે શિક્ષણ જ વ્યક્તિને દુનિયા અને આખીરત બંનેમાં સફળતા, સન્માન અને ઉજ્જવળ ભવિષ્ય અપાવી શકે છે. આગામી સમયમાં શૈક્ષણિક સન્માન સમારોહ, કારકિર્દી માર્ગદર્શન સેમિનાર, બ્લડ ડોનેશન કેમ્પ, આરોગ્ય તપાસ કેમ્પ, રમતગમત સ્પર્ધાઓ, મહિલા સશક્તિકરણ કાર્યક્રમો તેમજ યુવાનોને જોડતા વિવિધ સમાજોપયોગી કાર્યક્રમો યોજવાનો સર્વાનુમતે સંકલ્પ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં અખિલ કચ્છ સમેજા થેબા સમાજના જિલ્લા પ્રમુખ સાયેબ અબ્દુલ શાહિદ સમેજા, અબ્દુલ વહાબ સાહેબ, મૌલાના અલીફ નક્સબંધી સાહેબ, હાજી સલામ સમેજા (ભુજ તાલુકા પ્રમુખ), સલીમ સમેજા (અંજાર તાલુકા પ્રમુખ), લાલાભાઈ સમેજા, ઈબ્રાહીમ સમેજા (ભુજ તાલુકા મહામંત્રી), રફીક થેબા (ભુજ તાલુકા મહામંત્રી), અશરફ સમેજા (સંગઠન મંત્રી), અબ્દુલ કરીમ સમેજા (સહમંત્રી), ઈબ્રાહીમ જાકબ થેબા (ઉપપ્રમુખ), સુલેમાન ઈસ્માઈલભાઈ થેબા (મંત્રી), ઈકબાલભાઈ સમેજા (જિલ્લા સમિતિ સભ્ય), ઝહીર સમેજા (ભુજ શહેર મંત્રી), રહીમભાઈ સમેજા તથા અનવરભાઈ સમેજા, મુન્દ્રા તાલુકા સમિતિના પ્રમુખ હાજી ઈસાકભાઈ સમેજા, ઉપપ્રમુખ હુસેન સુલતાનભાઈ સાડાઉં, ઉપપ્રમુખ અકબરભાઈ સમેજા, મહામંત્રી ઈમરાનભાઈ સમેજા (ભુજપર), મહામંત્રી અબ્દુલભાઈ સમેજા, મહામંત્રી ઈમરાનભાઈ સમેજા (ડેસલપર), સંગઠન મંત્રી અકરમભાઈ સમેજા, મંત્રી ઝાકીરભાઈ થેબા, મંત્રી ફિરોઝ (કેસ)ભાઈ સમેજા, સભ્ય ઈકબાલભાઈ સમેજા, સભ્ય ઈમરાનભાઈ સમેજા, સભ્ય ફરહાનભાઈ સમેજા તથા જનરલ સેક્રેટરી સબાબભાઈ સમેજા, મુન્દ્રા શહેર સમિતિના પ્રમુખ ફારૂકભાઈ સમેજા, ઉપપ્રમુખ સાહિલભાઈ સમેજા, ઉપપ્રમુખ મુસ્તાકભાઈ સમેજા, મહામંત્રી જાવેદભાઈ સમેજા, મહામંત્રી ફારૂકભાઈ સમેજા, મહામંત્રી ફેઝલભાઈ સમેજા, સહમંત્રી તાહિરહુસેન સમેજા, સંગઠન મંત્રી અલીમામદભાઈ સમેજા, મંત્રી અસલમભાઈ સમેજા, મંત્રી સોયેમભાઈ સમેજા, સભ્ય ફારૂકભાઈ સમેજા, સભ્ય ઈબ્રાહીમભાઈ સમેજા તથા સભ્ય અબ્દુલભાઈ સમેજા, મિયાજી ફકીરમામદ સમેજા (સાડાઉં), સુલતાન જુમાભાઈ સમેજા (સાડાઉં), રહીમભાઈ થેબા (સાડાઉં), દુલ્હાભાઈ સમેજા (ભુજપર), ઈબ્રાહીમભાઈ સમેજા (નવીનાળ), કાસમભાઈ સમેજા (નવીનાળ), રમજુભાઈ સમેજા (બારોઈ), સબીરભાઈ સમેજા (સુખપર), આદિલભાઈ સમેજા (સુખપર), જુનેદ ગુલામ સમેજા, અબ્દુલ સમેજા, ઈમરાન સમેજા અને મોહમદ સમેજા સહિત સમાજના મોટી સંખ્યામાં આગેવાનો, વડીલો, યુવાનો અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા હુસેન સુલતાનભાઈ સાડાઉં (ઉપપ્રમુખ, મુન્દ્રા તાલુકા – અખિલ કચ્છ સમેજા થેબા સમાજ) દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ મુન્દ્રા તાલુકા અખિલ કચ્છ સમેજા થેબા સમાજના પ્રમુખ હાજી ઈસાકભાઈ સમેજાએ કરી હતી.

# હિંમતનગર ખાતે ઓપન ગુજરાત ચેસ સ્પર્ધાનું આયોજન કરાયું

**પોલીસ સબ ઇન્સ્પેક્ટર સંજય દાવડા દ્વિતિય ક્રમે વિજેતા બની પોલીસ ડીપાર્ટમેન્ટનું ગૌરવ વધાર્યું**



ભુજ - કચ્છ ઉદય : રોયલ ચેસ એકેડેમી હિંમતનગર ખાતે ઓપન ગુજરાત ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં પોલીસ આસિસ્ટન્ટ પોલીસ સબ ઈન્સ્પેક્ટર સંજય વેલજીભાઈ દાવડા દ્વિતિય ક્રમે વિજેતા બની પોલીસ ડીપાર્ટમેન્ટનું ગૌરવ વધાર્યું હતું. શ્રી દાવડા હાલમાં થોડા સમય પહેલા ઓપન ગુજરાત પોલીસ ડી. જી.પી. કપ ચેસ સ્પર્ધામાં પણ ચેમ્પિયન બન્યા હતા અને આ ઉપરાંત લોહાણા સમાજ દ્વારા આયોજિત ચેસ સ્પર્ધામાં ચેમ્પિયન બન્યા હતા અને પોલીસ ઓલ ઈન્ડિયા ટેબલ ટેનિસ સ્પર્ધા માટે પણ પસંદગી પામવા જેવી અનેક સિદ્ધિઓ સર કરી છે.

તેમની આ સિદ્ધિને બોર્ડર આઈ.જી.પી. ચિરાગ કોરડીયા, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડા, ડી.વાય .એસ. પી. ક્રિશ્રેન, પી.આઈ.રાતડા .બી.ડી.ડી.એસ.પી.એસ.આઈ કાગ સાહેબ અને ગ્રાઉન્ડ સેકન્ડ મેજર દોલત માનશીંગ ભાટ્ટી બિરદાવી હતી.

# ચીનમાં ડિપ્રેશન ઘટાડવા ચાલતો હસાવવાનો ૪૦૦ અબજ ડોલરનો જંગી બિઝનેસ

(એજન્સી દ્વારા)

બેઈજિંગ: ચીનના સોશિયલ મીડિયા આજકાલ ઈનોશ્નલ વેલ્યૂની જાહેરાતોથી ઉભરાઈ રહ્યું છે. એકલતા વધી રહી છે અને યુવા જનરેશનમાં ભવિષ્યની ચિંતાને લઈને ડિપ્રેશનનું પ્રમાણ પણ વધ્યું છે. તેની સામે ઈનોશ્નલ વેલ્યૂ યાને હસાવવાથી લઈને ગિફ્ટ આપીને ખુશ કરવા સુધીનું ખુશહાલીનું માર્કેટ વધી રહ્યું છે. એક અંદાજ પ્રમાણે ચીનમાં આ પ્રકારનો બિઝનેસ ૪૦૦ અબજ ડોલરને પાર પહોંચી ગયો છે.

ચીનની યુવા પેઢીમાં ભવિષ્યને લઈને ચિંતા છે. નવી જનરેશન એક્ઝાઈટીમાં જીવા છે. ભવિષ્યની ચિંતામાં દિવસો કાઢે છે. તેની સામે અમુક યુવાનો ખુશહાલીનો બિઝનેસ કરી રહ્યા છે. લૂ ઝાઓયૂ નામનો એક યુવાન ચીનના વિખ્યાત પહાડ માઉન્ડ તાઈના અવરોહણમાં મદદ કરે છે. તે અન્ય પ્રવાસીઓને આ પહાડ ચડવાનું પેકેજ ઓફર કરે છે, પરંતુ આ માત્ર પહાડ ચડવા પૂરતું પેકેજ નથી. તે રસ્તામાં પ્રવાસીને હસાવે છે. તેને ઈમોશ્નલી સપોર્ટ આપે છે. ગિફ્ટ્સ આપે છે. તેને તાજાં ફળો આપે છે. ગમતી વાતો કરે છે. આ માટે તે ૧૦૦ ડોલર જેટલો ચાર્જ વસૂલે છે અને લોકો આટલો ખર્ચ કરીને હોંશે હોંશે તેની સાથે જાય છે.

૩૦ વર્ષનો એ લાંગ નામનો યુવાન જુદા જુદા કલાકારોનો પોશાક પહેરીને મધ્ય ચીનમાં લોકોને હસાવવાનું કામ કરે છે. તે માત્ર હસાવતો નથી, પરંતુ ફુલ ઈમોશ્નલ એક્સપિરિયન્સ આપે છે. ચીનના સોશિયલ મીડિયામાં આવા યુવાનો પ્રમોશન્સ કરી રહ્યા છે.

# ટ્રમ્પનો નવો ફતવો : હોર્મુઝ અમેરિકાનું, ૨૦ ટકા ટોલ વસૂલીશું

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટનઃ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે હોર્મુઝ પર અમારો અંકુશ છે અને અમે તેના ગાર્ડિયન ઓફ ધ સ્ટ્રેઈટ બનીશું તથા દરેક કાર્ગો શિપ પર ૨૦ ટકા ટોલ લઈશું તેમ જણાવીને આખા વિશ્વમાં સનસનાટી મચાવી દીધી છે. ઈરાને હોર્મુઝ પરના અમેરિકાના દાવાને ફગાવી દીધું છે.ટ્રમ્પનું કહેવું છે કે અમેરિકા હોર્મુઝને સલામત રાખવા માટે જે પ્રયત્નો કરી રહ્યુ છે તે બદલ તેને બીજા દેશોએ ચૂકવણી કરવી જોઈએ.

આમ હોર્મુઝમાંથી જે વસૂલાતની વાત ઈરાન કરતું હતું હવે તે જ વાત ટ્રમ્પ કરી રહ્યા છે. ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને આપેલા ટેલિફોનિક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે અમેરિકા હોર્મુઝના આંતરરાષ્ટ્રીય જળમાર્ગની સુરક્ષા કરશે અને તે આ જળમાર્ગનું સંચાલન પોતાના હાથમાં લઈ લે તે પણ શક્ય છે. અમેરિકા આ ક્ષેત્રનું ગાર્ડિયન બનશે અને તેને ગાર્ડિયન ઓફ ધ સ્ટ્રેઈટ કહી શકાય છે. જો કે હોર્મુઝમાં પસાર થવાની ઈરાનના જહાજોને મંજૂરી નહીં હોય.

ટ્રમ્પે જણાવ્યું હતું કે વિશ્વના ઘણા સમૃદ્ધ દેશો આ જળમાર્ગ પર નિર્ભર છે. તે અમેરિકાના સહયોગી પણ છે. તેથી બધો બોજો એકલું અમેરિકા ન ઉઠાવી શકે. હોર્મુઝની રક્ષાની જવાબદારી બદલ અમેરિકાને પૂરતી ચૂકવણી થવી જોઈએ. હોર્મુઝની ખાડી વિશ્વના સૌથી મહત્ત્વના આંતરાષ્ટ્રીય જળમાર્ગોમાં એક છે. બીજી બાજુ ઈરાન હાલમાં હોર્મુઝ સંપૂર્ણપણે બંધ હોવાનો અને તેના પર સંપૂર્ણપણે તેનો અંકુશ હોવાનો દાવો કરે છે. યુદ્ધ પૂરુ થયા પછી જ હોર્મુઝ ખૂલશે તેમ કહે છે. બંને દેશ વચ્ચે વધેલો આ સંઘર્ષ ફક્ત લશ્કરી સંઘર્ષ જ ન રહેતા તે વૈશ્વિક અર્થતંત્રને મોટો ફટકો મારી શકે છે.આખા વિશ્વને મંદીની ગર્તામાં ધકેલી શકે છે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે બંને દેશ વચ્ચે ૧૧ કલાક લાંબી વાતચીત ચાલી હતી. તેમા લગભગ બધું જ નક્કી થયું હતું. જો કે બેઠક પૂરી થયા પછી ઈરાની પક્ષે ફરીથી સંપર્ક કરીને જણાવ્યું હતું કે આ સમજૂતીમાં કેટલાક ફેરફાર કરવા પડશે. પરંતુ પછી ઈરાન પોતાની વાત પરથી ફરી ગયું. ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાન છેલ્લા ૪૭ વર્ષથી આ જ રીતે લોકોને ટાળતું રહ્યું છે. આ મુદ્દો ઘણા સમય પહેલા ઉકેલાઈ જવાની જરૂર હતી.

ટ્રમ્પના નિવેદનના થોડી જ મિનિટો પછી ઈરાને હોર્મુઝની ખાડી બંધ થઈ હોવાની જાહેરાત કરી. ઈરાનનું કહેવું છે કે અમેરિકન લશ્કરના સતત હુમલાના કારણે આ રસ્તા પરથી પસાર થવું અઘરું છે. સ્થિતિ શાંત થતાં રસ્તો ફરીથી શરૂ કરવા વિચાર કરવામાં આવશે.

ઈરાને ચેતવણી આપી છે કે જો કોઈ દેશે આ મુદ્દે અમેરિકાને સાથ આપ્યો તો તેને ઈરાન સામેનું યુદ્ધ માનવામાં આવશે. વર્તમાન તણાવ જો યુદ્ધમાં બદલાય છે તો તેની અસર આખા પશ્ચિમ એશિયા પર પડશે. આવામાં કોઈપણ સંઘર્ષની વ્યાપક જવાબદારી અમેરિકા અને તેના સહયોગી દેશો પર હશે.

આ દરમિયાન બને દેશ વચ્ચે યુદ્ધ વથુ ભીષણ થયું છે. અમેરિકાએ ઈરાન પર ૧૪૦થી પણ વધુ સ્થળોએ હુમલા કર્યા તો તેના જવાબમાં ઈરાને પણ મધ્ય-પૂર્વમાં કેટલાય અમેરિકન લશ્કરી થાણાને નિશાન બનાવ્યા છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે અમેરિકાએ રવિવારથી ઈરાન સામે નવી એરસ્ટ્રાઈક સીરિઝ શરૂ કરી છે. આ હુમલામાં ઈરાનની મિસાઈલ સિસ્ટમ, એર ડિફેન્સ બેઝ અને આઈઆરજીસીની સ્પીડ બોટ્સને નિશાન બનાવવામાં આવી છે.

અમેરિકાએ સોમવારે પણ ઈરાન પર હુમલા કર્યા હતા. ઈરાનના બંદર અબ્બાસ, કેશમ દ્વીપ, જાસ્ક, સિરીક અને બુશહર શહેરના કેટલાય વિસ્તારોમાં વિસ્ફોટોના અવાજ સંભળાયા હતા. આ બધા હુમલા લશ્કરી ઠેકાણા પર થયા છે. કોઈ નાગરિકાના મોતના સમાચાર નથી.

# કેન્દ્રનો રાજ્ય સરકારોને આદેશ : ઇ-૨૦ પેટ્રોલ સલામતઃ ભેળસેળ કરનારા સામે આકરી કાર્યવાહી કરો

(એજન્સી દ્વારા)

નવી દિલ્હીઃ લોકોમાં ઈ-૨૦ પેટ્રોલની ગુણવત્તા અને એન્જિનની સુરક્ષાને લઈને ઘણી ચિંતા જોવા મળી રહી છે. આ સંદર્ભમાં કેન્દ્રએ રાજ્ય સરકારોને પેટ્રોલમાં ભેળસેળ કરનારાઓ સામે આકરી કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે.

સરકાર ઈ-૨૦ પેટ્રોલના મોરચે કોઈ પાછીપાની કરવા માંગતી નથી. આથી પેટ્રોલમાં બીજું કોઈપણ પ્રકારનું મિશ્રણ કરનારા સામે સરકાર આકરા પગલાં લેવા તૈયાર છે.

આ સંદર્ભમાં પેટ્રોલિયન અને નેચરલ ગેસ મંત્રાલયે બધા રાજ્યોના મુખ્ય સચિવોને જણાવ્યું હતું કે ઈંધણની જાળવણી કે સપ્લાય ચેઈનમાં કોઈપણ પ્રકારની બેદરકારીને જરા પણ સહન કરવામાં નહીં આવે.

સરકારે જણાવ્યું હતું કે પેટ્રોલમાં ભેળસેળ કરનારા દરેક કેસમાં આકરી કાર્યવાહી કરવામાં આવે. ગુણવત્તા સાથે સમાધાન કરનારા સામે ઝીરો ટોલરન્સનો અભિગમ અપનાવવામાં આવે. જો કે મંત્રાલયે તે સ્પષ્ટ કર્યુ નથી કે અત્યાર સુધી ક્યાં મોટાપાયા પર ભેળસેળ પકડાઈ છે.

સરકારના માપદંડ મુજબ ઈ-૨૦ પેટ્રોલ સંપૂર્ણ સલામત છે. હવે જો ગાડીમાં ખરાબી આવે છે તો તે પેટ્રોલની ખરાબ ગુણવત્તા, પેટ્રોલ પંપો પર યોગ્ય જાળવણીનો અભાવ અને ભેળસેળના કારણે હોઈ શકે છે. આ ભેળસેળનો ભોગ સરકારનો ઈ-૨૦ ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનો પ્રોગ્રામ બની રહ્યો છે, તેથી સરકારે આકરા પગલાં લેવા ફરમાન કર્યુ છે. ઈ-૨૦ પેટ્રોલના કારણે અચાનક ગાડી બંધ પડી જવી અને બ્રેકડાઉન થવાના કેસ સામે આવ્યા છે. આમ છતાં સરકારની તપાસ મુજબ અસલી સમસ્યા ઈ-૨૦ પેટ્રોલમાં નથી, પરંતુ ભેળસેળવાળા ઈંધણમાં છે. તેથી જ કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને ભેળસેળિયા સામે આકરાં પગલાં લેવા આદેશ આપ્યો છે.

# નેત્રાના ગુપ્તેશ્વર મહાદેવના સાનિધ્યમાં ભક્તિ, આસ્થા અને આધ્યાત્મિકતાનો અનોખો સંગમ

**નેત્રા નજીક જંગલમાં આવેલા પૌરાણિક શિવધામના વાર્ષિક પાટોત્સવમાં હજારો ભાવિકો ઉમટ્યા : રૂદ્રાભિષેક, મહાઆરતી, મહાપ્રસાદ અને સંતવાણીના કાર્યક્રમો યોજાયા**

નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના નેત્રા ગામથી આશરે બે કિલોમીટર દૂર જંગલની હરિયાળી વચ્ચે ભોંયરામાં આવેલા પૌરાણિક ગુપ્તેશ્વર મહાદેવ મંદિરે વાર્ષિક પાટોત્સવની ભવ્ય અને ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી. વર્ષોથી શ્રદ્ધા અને આસ્થાના કેન્દ્ર તરીકે જાણીતા આ શિવધામ ખાતે વહેલી સવારથી જ ભાવિકોની ભારે અવરજવર જોવા મળી હતી. સમગ્ર દિવસ દરમિયાન ધાર્મિક વિધિઓ, પૂજન-અર્ચન, રૂદ્રાભિષેક, મહાઆરતી, મહાપ્રસાદ અને સંતવાણીના કાર્યક્રમો યોજાતા મંદિર પરિસર ભક્તિભાવથી ઓતપ્રોત બની ગયું હતું.

જંગલના શાંત અને કુદરતી વાતાવરણ વચ્ચે આવેલું ગુપ્તેશ્વર મહાદેવ મંદિર પંથકના લોકો માટે વિશેષ આસ્થાનું સ્થાન ધરાવે છે. ભોંયરામાં બિરાજમાન મહાદેવના દર્શન માટે દર વર્ષે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અહીં પહોંચે છે. પાટોત્સવના દિવસે પણ નેત્રા ઉપરાંત નખત્રાણા, અબડાસા તથા આસપાસના અનેક ગામોમાંથી ભક્તો ઉમટી પડ્યા હતા. મંદિર પરિસરમાં દિવસભર હર હર મહાદેવના ગુંજતા નાદ અને ભક્તિમય વાતાવરણ વચ્ચે શ્રદ્ધાળુઓએ દર્શન-પૂજનનો લાભ લીધો હતો.

ગ્રામજનો અને ગિરનારી યુવક મંડળના સંયુક્ત આયોજન હેઠળ યોજાયેલા પાટોત્સવની શરૂઆત વૈદિક મંત્રોચ્ચાર સાથે કરવામાં આવી હતી. મહાદેવને વિશેષ રૂદ્રાભિષેક, દુગ્ધાભિષેક, જળાભિષેક અને બિલ્વપત્ર અર્પણ કરીને વિશેષ પૂજા કરવામાં આવી હતી. રૂદ્રી પાઠ દરમિયાન સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક ઊર્જાથી ઝળહળી ઉઠ્યું હતું. શ્રદ્ધાળુઓએ પરિવારના સુખ, સમૃદ્ધિ, આરોગ્ય અને લોકકલ્યાણ માટે પ્રાર્થનાઓ અર્પણ કરી હતી.

સાંજના સમયે યોજાયેલી મહાઆરતીમાં ભાવિકોની વિશેષ ભીડ જોવા મળી હતી. દીવડાઓના અજવાળાં અને શિવસ્તુતિના મંત્રોચ્ચાર વચ્ચે યોજાયેલી મહાઆરતીનું દૃશ્ય અદભૂત બન્યું હતું. મહાદેવના જયઘોષ સાથે સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. મહાઆરતી બાદ સર્વ સમાજ માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ પ્રસાદ ગ્રહણ કરી ધર્મલાભ મેળવ્યો હતો.

રાત્રિના સમયે યોજાયેલી સંતવાણી અને ભજન સંધ્યાએ પાટોત્સવને વિશેષ ઊંચાઈ આપી હતી. ભજનિકો દ્વારા રજૂ કરાયેલા શિવભક્તિ, સંતપરંપરા અને આધ્યાત્મિક સંદેશ આપતા ભજનોને ઉપસ્થિત ભાવિકોએ ખૂબ જ ભાવપૂર્વક માણ્યા હતા. ભક્તિરસથી છલકાતા વાતાવરણમાં મોડી રાત સુધી સત્સંગ અને સંતવાણીની રમઝટ જામી રહી હતી.પાટોત્સવ નિમિત્તે સમાજ અને ધાર્મિક ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનાર મહાનુભાવોના સન્માનનો કાર્યક્રમ પણ યોજાયો હતો. અબડાસા તાલુકા પંચાયતના સભ્ય જયેન્દ્રસિંહ જાડેજા (બાંડિયા), નખત્રાણા તાલુકા પંચાયતના સભ્ય અશ્વિન રૂપારેલ, જિલ્લા પંચાયતના સભ્ય નેહાબેન રૂપારેલ, પૂર્વ પૂજારી મહંત લખુભારથી ચતુરભારથી તેમજ ભજનિક વિશાલ આઈયા સહિતના આગેવાનોનું ગિરનારી યુવક મંડળ દ્વારા શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે આવા ધાર્મિક ઉત્સવો માત્ર પૂજા-અર્ચના પૂરતા મર્યાદિત નથી, પરંતુ સમાજમાં એકતા, સંસ્કાર, સેવાભાવ અને ધાર્મિક ચેતનાને મજબૂત બનાવવાનું કાર્ય પણ કરે છે. ગ્રામ્ય વિસ્તારોમાં યોજાતા આવા પાટોત્સવો યુવા પેઢીને પોતાની સંસ્કૃતિ અને પરંપરા સાથે જોડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ગિરનારી યુવક મંડળ, શિવ મિત્ર મંડળ, ગામના આગેવાનો અને સ્વયંસેવકો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. દેવેન્દ્રભાઈ કલરા, સરપંચ બહાદુરસિંહ જાડેજા, પૂજારી પ્રકાશગિરિ સહિતના કાર્યકરોએ આયોજન, વ્યવસ્થા, પ્રસાદ વિતરણ અને ભાવિકોની સુવિધા માટે સતત સેવા આપી હતી.

પ્રકૃતિના ખોળામાં આવેલા ગુપ્તેશ્વર મહાદેવ ધામ ખાતે યોજાયેલો આ વાર્ષિક પાટોત્સવ શ્રદ્ધા, ભક્તિ અને સામૂહિક સહકારનું અનોખું ઉદાહરણ બની રહ્યો હતો. મોટી સંખ્યામાં ભાવિકોની ઉપસ્થિતિ અને ઉત્સાહપૂર્ણ સહભાગિતાએ સમગ્ર કાર્યક્રમને યાદગાર બનાવી દીધો હતો. પંથકના ધાર્મિક જીવનમાં વિશેષ સ્થાન ધરાવતા આ પાટોત્સવે ફરી એકવાર ગુપ્તેશ્વર મહાદેવ પ્રત્યેની અખૂટ આસ્થા અને ભક્તિનો પરિચય કરાવ્યો હતો.

# કચ્છના પેટાળમાં કુદરતી ખજાનો રેર અર્થ મિનરલ્સ શોધવા કેન્દ્ર સરકાર એક્શનમાં, કલકત્તાની એજન્સી દ્વારા ભુજ-નખત્રાણા પંથકમાં મેગા સર્વેનો ધમધમાટ શરૂ

**જમ્મુ-કાશ્મીરમાં લિથિયમના ભંડાર મળ્યા બાદ, હવે ભારત સરકારની નજર કચ્છના રેર અર્થ મિનરલ્સ પર સ્થિર થઈ**

## કચ્છના પેટાળમાં કયા રેર અર્થ મિનરલ્સ મળવાની સંભાવના છે?

ગાંધીધામ : ભૂસ્તરશાસ્ત્રીઓના મતે કચ્છનો ભૂતકાળ દરિયાઈ હલચલ અને જ્વાળામુખી ફાટવાની પ્રક્રિયાઓ સાથે જોડાયેલો હોવાથી તેના પેટાળમાં અતિ-મૂલ્યવાન તત્વો મળવાની ખાતરી છે: **૧. થોરિયમ :** દરિયાઈ રેતી અને કિનારેથી મળી આવતું આ રેડિયોએક્ટિવ તત્વ ભારતના પરમાણુ ઉર્જા કાર્યક્રમ માટે કરોડરજ્જુ સમાન છે. યુરેનિયમની અછત વચ્ચે થોરિયમ દેશને ઊર્જા ક્ષેત્રે સ્વનિર્ભર બનાવી શકે છે. **૨. નિયોડાયમિયમ અને લેન્થેનમ :** ઈલેક્ટ્રિક વ્હીકલ્સ ની મોટર માટે વપરાતા શક્તિશાળી કાયમી ચુંબક બનાવવા આ રેર અર્થ તત્વો અનિવાર્ય છે. **૩. લિથિયમ અને કોબાલ્ટ:** ભવિષ્યની બેટરી ટેકનોલોજી માટે ગેમ-ચેન્જર ગણાતા આ ખનીજોની સંભાવના પણ નકારી શકાતી નથી. **૪. સોના-ચાંદીના સૂક્ષ્મ કણો:** ભૂસ્તરીય પરિવર્તનોને કારણે માટી અને પથ્થરોના સ્તરોમાં સોના-ચાંદીના અતિ સૂક્ષ્મ પાર્ટિકલ્સ દબાયેલા હોવાના સંકેતો છે.

## રેર અર્થ મિનરલ્સ વર્તમાન માર્કેટમાં નવુ સોનું કહેવાય છે.!

ગાંધીધામ : રેર અર્થ મિનરલ્સને આજના યુગનું 'નવું સોનું' કહેવામાં આવે છે, કારણ કે તેના વિના આધુનિક ટેકનોલોજી શક્ય જ નથી: **હાઈ-ટેક ડિફેન્સ ક્ષેત્રે:** ફાઈટર જેટ, મિસાઈલ ગાઈડન્સ સિસ્ટમ, સ્પેસ શટલ અને રડાર સિસ્ટમમાં રેર અર્થ એલિમેન્ટ્સનો વ્યાપક ઉપયોગ થાય છે. **સેમિકન્ડક્ટર અને ચીપ મેકિંગ:** સ્માર્ટફોન, લેપટોપ અને કોમ્પ્યુટર ચિપ્સ બનાવવા માટે આ ખનીજો અનિવાર્ય રો-મટીરિયલ છે. **ગ્રીન એનર્જી ક્રાંતિ:** વિન્ડ ટર્બાઈન અને સોલાર પેનલ્સની ઉત્પાદન ક્ષમતા વધારવા આ ખનિજો ચાવીરૂપ ભૂમિકા ભજવે છે.

## કચ્છ ફરી એકવાર દેશના વિકાસનું સીમાચિહ્ન બનશે

**તો કચ્છ જિલ્લો ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર એશિયાનું સૌથી મોટું 'માઈનિંગ અને ટેકનોલોજી હબ' બનીને ઉભરી આવશે**

ગાંધીધામ : ભૂકંપ બાદ ઉદ્યોગોના ધમધમાટથી વૈશ્વિક સ્તરે ચમકેલું કચ્છ હવે સંરક્ષણ અને આધુનિક વિજ્ઞાન ક્ષેત્રે ભારતનું સુકાન સંભાળવા તૈયાર થઈ રહ્યું છે. ભુજ અને નખત્રાણા પંથકમાં શરૂ થયેલી આ કવાયત જો સફળ રહેશે, તો કચ્છ આગામી સમયમાં માત્ર ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર એશિયાનું સૌથી મોટું 'માઈનિંગ અને ટેકનોલોજી હબ' બનીને ઉભરી આવશે તેમાં કોઈ બેમત નથી. કેન્દ્ર સરકારની સીધી દેખરેખ હેઠળ ચાલી રહેલી આ ગુપ્ત અને મહત્વપૂર્ણ કામગીરી પર હાલ તો સમગ્ર દેશની નજર મંડાયેલી છે.

## દેશવ્યાપી સર્ચ ઓપરેશન: કઈ એજન્સીઓ કેવી રીતે કરી રહી છે કામગીરી?

**ગુજરાતના કચ્છ ઉપરાંત રાજસ્થાનની અરવલ્લી ગિરિમાળાઓ, આંધ્રપ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારો (બીચ સેન્ડ મિનરલ્સ) તેમજ લદ્દાખના પહાડી વિસ્તારોમાં ચાલે છે સર્વેની કાર્યવાહી**

**ચીનની મોનોપોલી (એકહથ્થુ શાસન) તૂટશે: હાલમાં વિશ્વના રેર અર્થ માર્કેટ પર ૭૦% થી વધુ કંટ્રોલ ચીનનો છે. જો કચ્છમાંથી આ ખનીજો પૂરતી માત્રામાં મળી આવશે, તો ભારતની ચીન પરની નિર્ભરતા સંપૂર્ણ નાબૂદ થશે અને ભારત મોટું નિકાસકાર બની શકશે**

ગાંધીધામ : કેન્દ્ર સરકારના ગ્રીન એનર્જી અને સેમિકન્ડક્ટર મિશનને વેગ આપવા માટે ખાણ-ખનિજ મંત્રાલય દ્વારા દેશભરમાં રેર અર્થ મિનરલ્સ શોધવાનું ગુપ્ત અભિયાન શરૂ કરાયું છે. **ક્યાં - ક્યાં ચાલી રહ્યો છે સર્વે?** ગુજરાતના કચ્છ ઉપરાંત રાજસ્થાનની અરવલ્લી ગિરિમાળાઓ, આંધ્રપ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારો (બીચ સેન્ડ મિનરલ્સ) તેમજ લદ્દાખના પહાડી વિસ્તારોમાં અલગ-અલગ એજન્સીઓને કામ સોંપાયું છે. **કઈ રીતે થઈ રહી છે કામગીરી?** કલકત્તાની ગેટવેલ એજન્સી જેવી નિષ્ણાત સંસ્થાઓ અત્યાધુનિક સેટેલાઈટ ઈમેજિંગ, ઈલેક્ટ્રોમેગ્નેટિક સર્વે અને જીઓ-ફિઝિકલ ડેટાના આધારે પોઈન્ટ નક્કી કરી રહી છે. **એજન્સીનો અંતિમ પડાવ:** આ એજન્સી માત્ર સર્વે પૂરતી સીમિત નથી. પ્રાથમિક નકશા તૈયાર થયા બાદ આ વિસ્તારોમાં ઊંડું ડ્રિલિંગ કરવામાં આવશે. ડ્રિલિંગ દ્વારા કાઢવામાં આવેલા સેમ્પલ્સનું લેબોરેટરીમાં સેગ્રેગેશન (અલગીકરણ) કરી કયા ખનીજની માત્રા કેટલી છે તેનો આખરી અહેવાલ તૈયાર કરાશે. આ તમામ ડેટા તબક્કાવાર સીધો કેન્દ્ર સરકાર અને સેન્ટ્રલ માઈનિંગ ડિપાર્ટમેન્ટને સોંપવામાં આવશે.

ગાંધીધામ : કાળઝાળ ગરમી અને રણ સરહદ ધરાવતા કચ્છ જિલ્લાના પેટાળમાં કુદરતનો એવો અનમોલ ખજાનો ધરબાયેલો છે જે દેશની તકદીર બદલી શકે તેમ છે. જમ્મુ-કાશ્મીરમાં લિથિયમના ભંડાર મળ્યા બાદ, હવે કેન્દ્ર સરકારની નજર કચ્છના રેર અર્થ મિનરલ્સ (Rare Earth Minerals) પર સ્થિર થઈ છે. કચ્છના ભૌગોલિક પેટાળ તેમજ દરિયાઈ વિસ્તારોમાં સોના-ચાંદીના કણો, થોરિયમ અને લિથિયમ સહિતના અત્યંત કિંમતી તત્વો હોવાની પ્રબળ સંભાવનાઓને પગલે કેન્દ્રના ખાણ-ખનિજ મંત્રાલયે આંતરિક રીતે એક દેશવ્યાપી મહા-સર્વે હાથ ધર્યો છે, જેમાં કચ્છને મોખરાનું સ્થાન આપવામાં આવ્યું છે."""આ મેગા પ્રોજેક્ટ અંતર્ગત કલકત્તાની પ્રતિષ્ઠિત 'ગેટવેલ એજન્સી' ને કચ્છની જવાબદારી સોંપાઈ છે અને આ એજન્સીએ ભુજ, દેશલપર રોડ તેમજ નખત્રાણા પંથકમાં હાઈટેક સાધનો સાથે સર્વે અને સર્ચની ટેકનિકલ કાર્યવાહી ધમધમતી કરી દીધી હોવાના અહેવાલો સાંપડી રહ્યા છે.

## કીડીયાનગરના ડુંગરાળ વિસ્તારમાં જુગારધામ પર પોલીસનો દરોડો

**3 આરોપી ફરાર : ભચાઉની સર્વોદય સોસાયટીમાં ખુલ્લામાં ચાલતા જુગારધામ પર ત્રાટકી પોલીસ**

ગાંધીધામ : ગાગોદર પોલીસે કીડીયાનગર ગામે દરબારગઢ વિસ્તાર પાસે આવેલ ડુંગરની નીચે બાવળોની ઝાડીમાં ચાલતા મોટા જુગારધામ પર દરોડો પાડ્યો હતો. આ રેઈડ દરમિયાન મનજીભાઈ ગણેશભાઈ દુબરીયા અને નારૂદાન કરણીદાન ગઢવી નામના બે શખ્સો ગંજીપાના વડે જુગાર રમતા પકડાઈ ગયા હતા, જ્યારે કરશન પપ્પુ ભરવાડ, વીરા ખીમા હરિજન અને સુરા માંડણ સોલંકી નામના ત્રણ શખ્સો અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી રોકડા રૂ. ૧૧,૪૫૦/-, ૪ મોટરસાયકલ (કિંમત રૂ. ૫૦,૦૦૦/-) અને ૧ મોબાઈલ (કિંમત રૂ. ૫,૦૦૦/-) મળી કુલ રૂ. ૬૬,૪૫૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તો વળી ભચાઉની જુની મામલતદાર કચેરી રોડ પર આવેલ સર્વોદય સોસાયટીની ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ચાર શખ્સોને પોલીસે બાતમીના આધારે ઝડપી લીધા છે. પોલીસ રેઈડ દરમિયાન દિનેશ નાનજીભાઈ પરમાર સહિતના ઈસમો ગંજીપાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા ઝડપાયા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂ. ૧૧,૮૦૦/- અને ગંજીપાના કબજે કરી જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આદિપુર નજીક ગમખ્વાર અકસ્માત : ૧નું મોત

ગાંધીધામ : એસ.ટી. બસે બાઈકને ટક્કર મારતા ગમખ્વાર અકસ્માતઃ માતાનું મોત, પિતા ઈજાગ્રસ્ત"""આદિપુરઃ આદિપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચારવાળી ચાર રસ્તા પાસે એસ.ટી. બસના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી અકસ્માત સર્જ્યો હોવાની ઘટના સામે આવી છે. રાજકોટ-માંડવી રૂટની એસ.ટી. બસ (નંબર જીજે-૧૮-ઝેડ-૨૮૨૯) ના ચાલકે મોટરસાયકલ (નંબર જીજે-૧૨-ઈએલ-૯૨૪૮) ને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈક પર સવાર ફરિયાદી ભાવેશભાઈ મહેશ્વરીના માતા-પિતા નીચે પટકાયા હતા. "અકસ્માતમાં પિતાને જમણા હાથે અને પગે છોલછાલ થઈ હતી, જ્યારે માતા વાલબાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ બસ ચાલક નાસી છૂટ્યો હતો. પોલીસે બસ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ભુજમાં વિઝાના નામે ૪૫ હજારની ઠગાઈ

ભુજ - કચ્છઉદય : શહેરમાં વિઝા બનાવી આપવાના નામે ઠગાઈ કરવામાં આવી હતી. આ બાબતે એ ડીવીઝન પોલીસમાંથી મળતી વિગતો મુજબ ફરીયાદી જુની રાવલવાડીમાં રહેતા બાબુભાઈ મુરજીભાઈના જણાવ્યા પ્રમાણે આરોપી રાજકોટમાં રહેતા હાર્દિક જીતેન્દ્ર વાંકાણીએ ફરીયાદી અને સાહેદોને વિશ્વાસમાં લઈને વિઝા બનાવી આપવાના નામે ૪૫ હજાર રૂપિયા મેળવ્યા હતા. સાઉથ આફ્રિકાના વિઝા કઢાવી આપવાની ખાતરી આપી ફરીયાદી અને સાહેદો પાસેથી રૂપિયા મેળવી પરત આપ્યા ન હતા. જેથી ઠગાઈ થયાનું જણાઈ આવતા એ ડીવીઝનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## કચ્છના ખનીજ ક્ષેત્રે દેશના અગ્રણી ઉદ્યોગ જૂથ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનું આગમન

**ભચાઉ તાલુકાના આમરડી નજીક ચાઇના ક્લેના ખનન પ્રોજેક્ટ માટે મળી પર્યાવરણીય મંજૂરી : ટ્રાન્સપોર્ટ, લોજિસ્ટિક્સ અને અન્ય સહાયક નાના ઉદ્યોગોને પણ આ પ્રોજેક્ટના કારણે મળશે મોટો વેગ**



ભુજ - કચ્છઉદય : ગુજરાતનો સરહદી અને ઐતિહાસિક રીતે સમૃદ્ધ એવો કચ્છ જિલ્લો હંમેશાં પોતાની આગવી ભૌગોલિક વિશેષતાઓ અને અખૂટ કુદરતી સંસાધનો માટે જાણીતો રહ્યો છે. કચ્છના પેટાળમાં કુદરતે કીમતી અને વિપુલ પ્રમાણમાં ખનીજનો ભંડાર છુપાવ્યો છે, જે સમય જતાં વૈશ્વિક નકશા પર દેશના ઔદ્યોગિક હબ તરીકે ઉભરી રહ્યો છે. આ જ શ્રેણીમાં કચ્છની ધરા માટે એક અત્યંત હકારાત્મક અને ગૌરવપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. ભારતના સૌથી મોટા અને પ્રતિષ્ઠિત ઔદ્યોગિક જૂથોમાં સ્થાન ધરાવતા મેસર્સ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા હવે કચ્છની આ ખનીજ સંપદાના ઉત્ખનન અને પ્રોસેસિંગ ક્ષેત્રે વિધિવત રીતે ડગ માંડવામાં આવ્યા છે, જેનાથી સમગ્ર જિલ્લાના આર્થિક ચિત્રને એક નવી ઊંચાઈ મળશે. પ્રાપ્ત સત્તાવાર વિગતો અનુસાર, રાજ્ય પર્યાવરણ અસર મૂલ્યાંકન સત્તામંડળ, ગુજરાત દ્વારા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડને કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકામાં આવેલા આમરડી ગામ નજીક પ્રસ્તાવિત ગૌણ ખનીજ એટલે કે ચાઈના ક્લે (કાઓલિન)ના ખનન પ્રોજેક્ટ માટે તમામ જરૂરી કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ સત્તાવાર રીતે પર્યાવરણ મંજૂરી (એન્વાયરમેન્ટલ ક્લિયરન્સ) પ્રદાન કરી દેવામાં આવી છે. આ પ્રોજેક્ટ માટે આશરે ૩.૬૭૨૫ હેક્ટર જેટલા વિશાળ ખાણ લીઝ વિસ્તારને આવરી લેવામાં આવ્યો છે. પર્યાવરણ મંત્રાલય દ્વારા તાજેતરમાં જારી કરવામાં આવેલા આ મંજૂરી પત્ર બાદ હવે આ વિસ્તારમાં આધુનિક ટેકનોલોજી સાથે ખનન પ્રવૃત્તિઓ શરૂ કરવાનો માર્ગ મોકળો બન્યો છે, જે સ્થાનિક અર્થતંત્ર માટે બૂસ્ટર ડોઝ સમાન સાબિત થશે. કચ્છ જિલ્લામાં ચાઈના ક્લેનો આ પ્રોજેક્ટ આવવાથી સ્થાનિક સ્તરે અનેક ગણા સકારાત્મક અસરો જોવા મળશે. પ્રથમ તો, રિલાયન્સ જેવા દિગ્ગજ ઉદ્યોગ જૂથના પ્રવેશથી આ ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરની અત્યાધુનિક ટેકનોલોજી અને વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરીને પર્યાવરણની જાળવણી સાથે સુરક્ષિત ખનન કરવામાં આવશે. આ સાથે જ ભચાઉ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોના યુવાનો માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારીની વિપુલ તકોનું સર્જન થશે, જેના લીધે સ્થાનિક લોકોનું જીવનધોરણ વધુ ઊંચું આવશે અને આર્થિક સદ્ધરતા વધશે. ટ્રાન્સપોર્ટ, લોજિસ્ટિક્સ અને અન્ય સહાયક નાના ઉદ્યોગોને પણ આ પ્રોજેક્ટના કારણે મોટો વેગ મળશે. કચ્છ જિલ્લો પહેલેથી જ વિવિધ પ્રકારના સિરામિક, પેપર અને પેઈન્ટ ઉદ્યોગો માટે કાચો માલ પૂરો પાડવામાં અગ્રેસર રહ્યો છે, ત્યારે ગુણવત્તાસભર ચાઈના ક્લેના આ પ્રોજેક્ટના માધ્યમથી સ્થાનિક ઉદ્યોગોને વધુ મજબૂતી મળશે. રાજ્ય સરકાર અને પર્યાવરણ મંત્રાલયના કડક નિયમો અને માર્ગદર્શિકાને આધીન રહીને આ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હોવાથી વિકાસ અને પર્યાવરણ બંને વચ્ચે સંતુલન જળવાઈ રહેશે. વિકાસની નવી ક્ષિતિજો સર કરી રહેલા કચ્છ માટે આ પ્રોજેક્ટ એક સીમાચિહ્નરૂપ સાબિત થશે અને આવનારા દિવસોમાં આ ઔદ્યોગિક રોકાણ કચ્છના સર્વાંગી વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે તે નિશ્ચિત છે.

## કચ્છમાં ચાંદીપુરા વાયરસની આશંકા વચ્ચે તંત્રને મોટી રાહત : ગળપાદરના બાળકના સેમ્પલનો રિપોર્ટ નેગેટિવ આવતા હાસકારો

**ગળપાદરના બાળકનો સેમ્પલ રીપોર્ટ નેગેટીવ આવ્યો છે, કચ્છમાં કયાય ચાંદીપુરા વાયસરના શંકાસ્પદ પણ એક કેસ પણ નથી : શ્રી કેશવકુમાર (જીલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી)**

ગાંધીધામ : રાજ્યમાં ચાંદીપુરા વાયરસના વધતા જતા કેસો અને બાળકોના મોતના સમાચારો વચ્ચે કચ્છ જિલ્લામાં પણ આ વાયરસને લઈને ભારે સતર્કતા જોવા મળી રહી છે. આ દરમિયાન ગાંધીધામના ગળપાદર વિસ્તારમાં એક ૧૦ વર્ષના બાળકમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો દેખાતા જ સમગ્ર આરોગ્ય વિભાગ એક્શન મોડમાં આવી ગયું હતું. બાળકના સેમ્પલ તાત્કાલિક અસરથી વધુ તપાસ માટે ગાંધીનગર સ્થિત લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા હતા. જો કે, હવે તંત્ર અને પરિવાર માટે રાહતના સમાચાર સામે આવ્યા છે.આ બાબતે જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીશ્રી કેશવકુમારની સાથે વાતચીત કરતા તેઓએ જણાવ્યુ હતુ કે, ગળપાદરમાં એક શંકાસ્પદ ચાંદીપુરા કેસ આવ્યો હતો અને તેના સેમ્પલો ગાંધીનગર મુકવામા આવ્યા હતા, જેનો રીપોર્ટ ગઈકાલે સાંજે આવી ગયો છે તે રીપોર્ટ નેગેટીવ આવ્યો છે. હાલમાં કચ્છમાં ચાંદીપુરાનો કોઈ પણ કેસ શંકાસ્પદ પણ ન હોવાનુ શ્રી કેશવકુમારે જણાવ્યુ હતુ. આ ઉપરાંત ગળપાદરમાં જયાથી શંકાસ્પદ કેસ સામે આવ્યો હતો તેની આસપાસના પણ ૧૧૫ ઘરોની અંદર આરોગ્ય વિભાગની ટીમ દ્વારા જરૂરી નિયંત્રણ કરવાની કાર્યવાહી પાવડરના છંટકાવ સહિતની કરી દેવામા આવી હોવાનુ શ્રી કેશવકુમારે જણાવ્યુ હતુ. આ ઉપરાંત વર્તમાન સમયે કચ્છમાં ડેન્ગ્યુ, મલેરીયા કે ટાઈફોઈડ અથવા તો જાડા-ઉલ્ટી સહિતના પણ કોઈ વધુ કેસો નોધાવવા પામ્યા નથી. હાલમાં કચ્છમાં કયાય કોઈ એપેડેમીક સ્થિતી સર્જાયેલી ન હોવાનું શ્રી કેશવકુમારે જણાવ્યુ હતુ.

### ગાંધીનગર લેબનો રિપોર્ટ નેગેટિવ, તંત્રએ લીધો રાહતનો શ્વાસ

ગાંધીધામ : આરોગ્ય વિભાગ તરફથી મળતી સત્તાવાર માહિતી અનુસાર, ગાંધીનગરની પ્રયોગશાળામાં મોકલવામાં આવેલા આ શંકાસ્પદ કેસના સેમ્પલનો રિપોર્ટ આવી ગયો છે અને તે સંપૂર્ણપણે નેગેટિવ જાહેર થયો છે. રિપોર્ટ નેગેટિવ આવતા જ આરોગ્ય વિભાગ અને સ્થાનિક લોકોએ મોટી રાહત અનુભવી છે અને તંત્રનો ફફડાટ દૂર થયો છે. હાલ આ ૧૦ વર્ષના બાળકને ગાંધીધામની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. રોગચાળા નિયંત્રણ અધિકારી કેશવકુમારે જણાવ્યું હતું કે, બાળકની તબિયતમાં સતત રિકવરી (સુધારો) જોવા મળી રહી છે, જેથી હાલ ગભરાવા જેવો કોઈ ચિંતાનો વિષય નથી.

### ભૂતકાળના કડવા અનુભવથી આરોગ્ય વિભાગ એલર્ટ પર

ગાંધીધામ : કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૨૪ દરમિયાન પણ ચાંદીપુરા વાયરસનો પ્રકોપ જોવા મળ્યો હતો, જેમાં કમનસીબે ૩ નિર્દોષ બાળકોના મૃત્યુ નીપજ્યા હતા. આ ભૂતકાળના કડવા અનુભવ અને કડક પાઠને ધ્યાનમાં રાખીને, વર્તમાન સમયમાં રાજ્યભરમાં ફેલાયેલા આ વાયરસ સામે કચ્છનું આરોગ્ય વિભાગ અત્યંત સાવચેતી વર્તી રહ્યું છે.

### સઘન સર્વેલન્સ અને દેખરેખની કામગીરી ચાલુ

ગાંધીધામ : ભલે આ કેસનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હોય, પરંતુ તંત્ર સહેજ પણ ઢીલ મૂકવા તૈયાર નથી. વાયરસના સંભવિત ફેલાવાને અટકાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત અને આસપાસના વિસ્તારોમાં સઘન સર્વેલન્સ, સ્ક્રીનિંગ અને દેખરેખની કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ રાખવામાં આવી છે. અધિકારીઓએ નાગરિકોને બાળકોમાં તાવ, ઉલ્ટી કે બેભાન થવા જેવા લક્ષણો દેખાય તો તુરંત નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવા અપીલ કરી છે.



હાર્દિક અભિનંદન
રશ્મિકાન્ત
હરીશભાઈ ઠકકર
(સાહેબ)
કો-ઓપ્ટ સભ્ય
કચ્છ જીલ્લા પંચાયત
શિક્ષણ સમિતિ

આપશ્રીની ઉપરોકત પદે ગૌરવવંતી વરણી થવા બદલ હર્ષ-ગર્વ અનુભવીએ છીએ. આપની નિમણુંકથી રઘુવંશી સમાજનું ગૌરવ વધ્યું છે. ઉતરોતર પ્રગતિ કરતા રહો તેવી શુભેચ્છા...

ભાવેશ લક્કી સેવા સ્મૃતિ ટ્રસ્ટ - ડુમરા
નમો પદયાત્રી સેવા કેમ્પ - ભુજ